# ભીની ભીની સાંજ

**હરીશ વટાવવાળા**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**Bhini Bhini Shanj (A Novel)**
By. Hareesh Vatavwala
Published by M.M.Sahitya Prakashan
Mahavir Marg, Anand-388 001
© : લેખકશ્રી

**ભીની ભીની સાંજ**

હરીશ વટાવવાળા

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૦

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૧૬૦/-**

**આવરણ**

દિપ્તી ચૌહાણ, બાકરોલ

**સજાવટ**

ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

**મુદ્રક :**
ચરોતર સાહિત્યાલય, નડીયાદ

**પ્રકાશક**
એમ.એમ.સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

# અર્પણ

ગુલાબ અબ્બાસ 'નાશાદ'

અને

યાકુબભાઇ મલેકને

જેમણે મને સતત હુંફ આપીને

મિત્રભાવ અને પ્રેમનું

ભાવન કર્યું છે.

**હરીશ વટાવવાળા**

# ભીની ભીની સાંજ

મારે આ નવલકથા વિશે કશું જ કહેવાનું નથી. જે કહેવાનું છે તે આ કથા.

કથાનું આકર્ષણ માનવચિત્તને પહેલેથી છે, એમાંય આવી કથા કાવ્યાત્મક બાની અને શૈલીમાં કહેવાઇ હોય ત્યારે મનુષ્યહૃદયનાં સૂક્ષ્મતમ્ સંચલનોને અજવાળતી ચાલે છે. કોમળ, છટકણાં અને રેશમી, ભાવફૂલોને યથાર્થ શબ્દધાગે પ્રોઇને નવીનોખી ઢબે મૂકવાનો પ્રયાસ અહીં છે, પાત્રોનાં વ્યક્તિત્ત્વને સર્જકના વ્યક્તિત્ત્વમાં ઓગાળી દઈને કથયિત્વને અત્રે એવી રીતે ઉપસાવ્યું છે કે વાચકની રસવૃત્તિ પોતાનામાં પ્રસુપ્ત ચેતો વિસ્તાર સહેજે અનુભવે. કવિ જ્યારે ગદ્યસર્જન બને ત્યારે તે કવિ રહેવાની સાથોસાથ એક વિશેષ એવું કથાકારનું દાયિત્વ પણ માથે લે છે. એ દાયિત્વને નિભાવવાની મથામણમાંથી કૈં કેટલું સ્થાયી નીપજી આવતું હોય છે. અહીં પણ ફકરે ફકરે અને પદે સહૃદયકો આવી ભાવયાત્રાનાં સહયાત્રી થઈ શકશે.

પ્રગાઢ કાવ્યાનુભૂતિનો સ્પર્શ અહીં માનવસંબંધોની પડછે કેટકેટલી છટાઓમાં વિસ્તર્યો છે!

''કિનખાબી લહેર હિલ્લોળા લેવા લાગી અને એકમેકના હૃદયમાં ઘટનાઓ ઘટતી રહી. કોઈ મઘમઘતાં ફૂલો જેવી કોઈ પતંગિયા જેવી તો કોઈ રાત્રિના અંધકાર જેવી! ઘેરી લે છે એકમેકને આંખથી માંડીને સમગ્ર સુધી, નખશિખ!'' પદ વિન્યાસથી માંડીને ભાવસ્પંદનોની ભીનપ સુધીની કેવી મધુરતા!

આ નવલકથાને ભાવકચાક્ષુષ કરવા માટે એમ.એમ.સાહિત્ય પ્રકાશન, આણંદના સમાહર્તા શ્રી યાકુબભાઈ મલેકે સ્નેહભાવ રાખી પ્રકટ કરી છે. એ મારી ઉફર નિઃશ્વાર્થ પ્રેમનું જ આ પરિણામ છે. એને મારું સદ્ભાગ્ય સમજું છું.

**હરીશ વટાવવાળા**

## હરીશ વટાવવાળાનું લેખન સર્જન

(૧) નવલકથા :-
- ઓગળતી ભીનાશનાં મૃગજળ (૧૯૯૧)
- ડૂમો (૨૦૦૩) અહીં આંસુ ત્યાં દર્પણ (૨૦૦૪)
- આયનામાં એકલતા (૨૦૦૯)
- પછીત (૨૦૧૦)
- ભીની ભીની સાંજ (૨૦૧૦)

(૨) કવિતા :-
- સૂરજ ઊગવાની ક્ષણ (૧૯૮૩)
- દર્પથી દર્પણ (૨૦૦૦)
- મોરપીંછ મંજિરા (૨૦૧૦)

(૩) જીવનલક્ષી :-
- અશક્યને શક્ય બનાવો (૨૦૦૬-૨૦૦૮-૨૦૧૦)
- અંધકારમાં તેજકિરણ (૨૦૦૭)

(૪) બાળસાહિત્ય :-
- વિક્રમ વેતાળની કિશોર કથાઓ (૨૦૦૫-૨૦૦૮-૨૦૧૦)

(૫) વિવેચન :-
- અંગત સંગત (૨૦૦૩)
- અક્ષરનો ઉત્સવ (૨૦૦૪)
- અનાગત (૨૦૦૯)

(૬) સંશોધન :-
- ગઝલઃ પરંપરા, પરિવર્તન અને પ્રયોગ (૨૦૦૫)

(૭) ચિંતન :-
- અંતરના અજવાળાં (૨૦૧૦)
- તત્વનો ટકોરો (૨૦૧૦)
- ચિંતન સૃષ્ટિ (૨૦૧૦)

(૮) સંત ચરિત્ર :-
- પરબ્રહ્મના ચરણમાં (૨૦૦૬)

(૯) સંત સત્સંગ :-
- ઊંચી મેડી સંતની (૨૦૧૦)
- બ્રહ્મતેજના યાત્રીઓ (૨૦૧૦)

→ મધ્યકાલીન સંતો

- પરમપદના પ્રવાસી (૨૦૧૦)
- સંગમતીર્થ સંતો (૨૦૧૦)

→ અર્વાચીનકાળના સંતો

- કૃપાસિંધુ સંતો (૨૦૧૦) — દલિત પીડિત ઉદ્ધારક સંતો

(૧૦) ચરિત્ર :-
- અમીરનગરીનો ફકીર બાદશાહ : ઈન્દુલાલ યાજ્ઞિક (૨૦૧૦)

(૧૧) સંપાદન :-
- વિશ્વકવિતા (૧૯૯૫)
- આંખમીંચું ત્યાં તમે યાદ આવ્યાં (૨૦૦૫)
  (કવિ ડાહ્યાભાઈ પટેલની પ્રતિનિધિ ગઝલોના આસ્વાદ)
- ધ્વનિ પ્રતિધ્વનિ (૨૦૦૮)
  (કવિ ડાહ્યાભાઈ પટેલની પ્રતિનિધિ ગઝલોના આસ્વાદ)
- મોહન પરમાર : વાર્તા આસ્વાદ અને અધ્યયન (૨૦૦૮)
- શિક્ષણ સંવાદ (૨૦૧૦)
  (ડૉ. પ્રતાપ પંડ્યાના શિક્ષણ વિષયક લેખો)

(૧૨) સેલ્ફ ડેવલપમેન્ટ :- કાર્યક્રમનું સંચાલન કેવી રીતે કરશો? (૨૦૦૯-૨૦૦૯-૨૦૧૦-૨૦૧૦)

## પ્રકરણ : ૧

શેઠ સેવંતીલાલના ભવ્ય મકાનના પોર્ટીકો સામે એક વિદેશી કાર ઊભી હતી. સૂરજની લાલી આ ભવ્ય મકાનની રોનકમાં વધારે ભવ્યતા અર્પતી હતી. વૃક્ષોના લંબાતા પડછાયા લીલકાતી લૉન અને મકાનના પ્રવેશદ્વારે પથરાયેલી બોગનવેલના ખીલેલાં પુષ્પો ઉપર પથરાઇ ગયા હતા. તો પારિજાતકનાં પુષ્પોની વૃષ્ટિથી સવાર ખીલતું હતું, મહેકતું હતું. કારની નજીક સફેદ યુનિર્ફોમ પહેરીને ઊભેલો ડ્રાઇવર કોઇની પ્રતીક્ષા કરી રહ્યો હતો! અથવા તો કોઇની જવાના આશામાં ઊભો હતો!

એ સાચું હતું કે શેઠ સેવંતીલાલનો પુત્ર ભાર્ગવ વિશેષ અભ્યાસ કરવા માટે વડોદરા જઇ રહ્યો હતો અને એને ટ્રેઇન પકડવાની હતી.

એ વખતે સેવંતીલાલના વિશાળ ડ્રોઇંગરૂમમાં ચાર જણ બેઠાં હતાં, શેઠ સેવંતીલાલ, એમની પત્ની પ્રભાબહેન, પુત્રો ભાર્ગવ અને મૌલિક, ચારેયના ચહેરાઓ ઉપર શ્રીમંતાઇની છાપ લહેરાતી હતી.

'વડોદરા પહોંચીને ગુણવંતરાયને મળજે' સેવંતીલાલે





પ્રભાબહેનના હાથમાંથી ચ્હાનો પ્યાલો લેતાં લેતાં ભાર્ગવને ઉદ્દેશીને કહ્યું.

ભાર્ગવનો ચહેરો મ્હોરી ઊઠ્યો, 'જરૂરી છે, પિતાજી? હું ત્યાં અભ્યાસ કરવા જઇ રહ્યો છું. સંબંધો વધારવા નહીં!'

'ઓળખાણ કરવા જેવા માણસ છે, તારી વડોદરા હૉસ્ટેલમાં એકલા જ રહેવાનું છે તો એમને મળવું સારું, તને કંઇક સહરો મળે.'

'મારી સમજમાં નથી આવતું પિતાજી, મોટાભાઇને વડોદરા જવાની શી જરૂર હતી? શું દિલ્હીમાં કૉલેજ નથી?!' મૌલિકે તેની મમ્મીના હાથમાંથી ચ્હાનો પ્યાલો લેતાં કહ્યું.

'સમજવા માટેની ઉંમર પણ જોઇએ ને?! તારામાંથી બાળપણ હજુ ક્યાં ગયું છે? છોટું?'

'શું અંતર પડવાનું છે? અભ્યાસ પૂરો થયા બાદ મોટાભાઇને પ્રોફેસર તો બનવું નથી, પિતાજીની મિલનો જ વહીવટ કરવાનો છે.'

'એ વાત જ મૂકને? જ્યારે ભાર્ગવ જઇ જ રહ્યો છે, પછી આપણું કંઇ ચાલવાનું છે?' સેવંતીલાલ ગંભીર સ્વરે બોલ્યા, પછી ભાર્ગવ તરફ જોઇને કહ્યું, 'ઘણાં વર્ષો પહેલાં અમે બંન્ને સાથે હતા, બે દીકરીઓ છે એને, ઘણી જ નાની હતી એ સમયે સુંદર પરી

જેવી, તને યાદ છે ને પ્રભા?'

'હા, યાદ છે. પરંતુ હવે તો એમનાં નામ પણ યાદ રહ્યાં નથી, ત્યારે ભાર્ગવ અને મૌલિક પણ નાના હતા. ભાર્ગવ એમની મોટી દીકરીને બહુ જ હેરાન કરતો હતો. સાથે જ રમતાં હતાં અને ઝઘડતાં હતાં. તને યાદ છે ને ભાર્ગવ?'

'જેવું તેવું યાદ છે ઝાઝી લપ શું? એ છોકરીના નાકમાંથી લીંટ દદડ્યા કરતું હતું, લાગતું હતું કે શરદીની પરમેનન્ટ દર્દી હોય!' ભાર્ગવ હસતાં હસતાં બોલતો હતો.

'ગુણવંતરાય અને હું વર્ષો સુધી સાથે રહ્યા, ભણ્યા ગણ્યા અભ્યાસ પૂરો કર્યા બાદ એક સાથે જ ધંધાની શરૂઆત કરી, એણે કોન્ટ્રાક્ટનો અને મેં કાપડનો. શરૂઆતમાં કાપડની ફેરી કરવાનો અને ત્યારબાદ એક મિલમાં મેનેજર પદે. શેઠ ઘણા જ ભલા હતા. પણ ઉંમરને કારણે તેઓ ધંધામાં ધ્યાન આપી શકતા ન હતા. એટલે એક સવારે મને બોલાવીને એમણે એમની મિલનો બધો જ વહીવટનો ભાર મને સોંપ્યો, પછી તો વારંવાર તેમના ઘરે જવાનું થતું...' સેવંતીલાલે અતીતની આંગળી પકડી સ્મરણોને વાગોળતાં વાગોળતાં કહ્યું.

'પિતાજી એમને સંતાનમાં કોઈ જ ન્હોતું?' મૌલિકે શંકા વ્યક્ત કરતાં કહ્યું.

'બેટા, સંતાનમાં માત્ર એક જ દીકરી હતી અને આમ



વારંવાર જવાના કારણે એમની દીકરી સાથે પરિચય થયો...'

વચ્ચે જ વાત કાપતાં પ્રભાબહેન બોલી ઊઠ્યાં, 'તમેય તે શું છોકરાં સાથે છાસ પીઓ છો?'

'સમજી ગયો મમ્મી, એ શેઠ ઘણા ભલા હતા. એટલે પિતાજીને મિલનો વહીવટ અને છોકરી બંન્ને સોંપી દીધાં એમ જ ને! કેમ મમ્મી બોલતી નથી?' મૌલિકે હસતાં હસતાં કહ્યું.

'બહુ મોઢે ચઢી ગયો છે?' પ્રભાબહેન અમસ્તો જ ગુસ્સાનો ભાવ ચહેરા પર વ્યક્ત કરતાં બોલ્યાં અને હસી પડ્યાં.

'મોટાભાઈ, આપણને પણ આવા શેઠ મળી જાય તો સારું, પછી નોકરી–છોકરીની ચિંતા જ નહીં, કેમ ખરું ને?'

'મૌલિક હવે તારી મૌલિક રજૂઆત કરવાનું બંધ કરશે?' ભાર્ગવે મૌલિકને ધમકાવતાં કહ્યું. ત્યારે સેવંતીલાલ અને પ્રભાબહેનના ચહેરા ઉપર હાસ્યનું વાસંતી મોજું લહેરાતું હતું.

સેવંતીલાલે ભાર્ગવની આંખોમાં દૂર સુધી જોતાં કહ્યું, 'પછી અમે અમારા ધંધામાં એટલા બધા માથાબુડ રહ્યા કે એકબીજીની ખબર લેવાનું પણ ભૂલી ગયા. આજે આપણે કાપડની મિલ અને છેલ્લે ગુણવંતરાય મળ્યા ત્યારે ખબર પડી કે એમને બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરનો મોટો ધંધો છે. હવે ક્યારેક ક્યારેક મળવાની ઈચ્છા થઈ આવે છે, પરંતુ કામમાં એટલું વ્યસ્ત રહેવાય છે કે

સમય મળવો મુશ્કેલ થઈ ગયો છે, પણ તું મળજે. ઘણા જ ભલા અને સારા માણસ છે.'

'તમે જોયું નહીં, મોટાભાઈ, જ્યારે પિતાજી ગુણવંતરાયની વાત કરી રહ્યાં છે ત્યારે મમ્મી વારંવાર મરક્યા કરે છે, કંઈક દાળમાં...જરૂ છે!' મૌલિકે હસતાં હસતાં કહ્યું.

'કહું, તારા પિતાજી ભાર્ગવને ગુણવંતરાયને મળવાનું વારંવાર કેમ કહે છે? જ્યારે ગુણવંતરાય છેલ્લે અમને મળ્યા ત્યારે તારા પિતાજીએ જ કહ્યું હતું કે આપણા બંન્નેનાં છોકરાં મોટા થઈ જાય ત્યારે હું મારા બન્ને છોકરાઓનું લગ્ન તમારી છોકરીઓ સાથે કરીશ.'

'અને ગુણવંતરાય આ વાત પર સહમત થઈ ગયા હશે કેમ ખરું ને?' મૌલિકે હસતાં હસતાં કહ્યું.

'આ જ વાત છે.' પ્રભાબહેન હસતાં હસતાં બોલ્યાં.

'તો મોટાભાઈ, વડોદરા જઈને પ્રથમ એ કામ કરજો કે, ગુણવંતરાયની મોટી દીકરીને મળી લેજો અને હા, નાનીને...'

'તને લગ્નની બહુ ઉતાવળ છે મૌલિક?' પ્રભાબહેન હાથમાંથી ચ્હાનો પ્યાલો ટેબલ પર મૂકતાં મૂકતાં કહ્યું.

'થઈ જાય તો કંઈ વાંધો નથી, તું પણ પૌત્ર પૌત્રીઓને ખોળામાં રમાડવાનું ઈચ્છતી જ હશે.'





'બહુ બકબક ના કર?' સેવંતીલાલે એને ગુસ્સે થઈને કહ્યું.

'એને લગ્નની ઉતાવળ હોય કે ન હોય. મને સ્ટેશન પહોંચવાની ઉતાવળ છે. મારી ગાડીનો સમય થવા આવ્યો છે. તમારે મુશ્કેલી વેઠવાની કોઈ જ જરૂર નથી પિતાજી, મને સ્ટેશન સુધી મૌલિક મૂકવા આવશે.'

'એ તો આમેય આવવાના નથી. મિલમાં એક જરૂરી મિટિંગ છે, પણ હું જરૂર આવીશ, અહીંયાં ઘરમાં બેસીને પણ કંટાળો આવે છે.' પ્રભાબહેન ઊઠતાં ઊઠતાં બોલ્યાં. સેવંતીલાલ અને મૌલિક પણ ઊઠ્યા. મૌલિક બંગલાના અંદરના ભાગમાં ગયો અને ભાર્ગવ તેની મમ્મી અને પિતાજીની સાથે વરંડા તરફ ચાલવા લાગ્યો.

'જઈને તરત જ ફોન કરજે અને ખાવાપીવાનાં ધ્યાન રાખજે. તું આવી બાબતોમાં ઘણી જ નિષ્કાળજી રાખે છે.' આટલું કહેતાં કહેતાં તો પ્રભાબહેનની આંખોમાં આંસુ તગતગી રહ્યાં હતાં.

'તું ખાલી ચિંતા ના કર મમ્મી?' ભાર્ગવે પોતાની મમ્મીના ખભા પર હાથ રાખીને ચાલતાં ચાલતાં કહ્યું.

'જીવનમાં પહેલી જ વાર તું અમારાથી છુટો પડી રહ્યો છે, ભલે થોડા સમય માટે, પણ ચિંતા તો રહ્યા જ કરશે.'

'તારું બ્લડપ્રેશર તો આમેય વધારે છે, ચિંતા કરીશ તો વધારે વધશે. એટલે જ હું નહોતો ઈચ્છતો કે ભાર્ગવ આપણાથી દૂર જાય.' સેવંતીલાલે ગંભીર સ્વરે કહ્યું અને ચહેરેથી પણ ગંભીર રહીને.

'તમે તો નાંખી દેવા જેવી વાત કરો છો, પુત્રની ચિંતાને બ્લડપ્રેશર સાથે સો સંબંધ?' પ્રભાબહેન કંઈક ખીજાયેલા સ્વરે બોલ્યાં.

'ચિંતા કોઈ પણ પ્રકારની હોય, સંબંધ તો હોય છે જ. સ્ટેશનથી વળતાં ડોક્ટરને મળવા જાય ત્યારે એમને પૂછી લેજે.' સેવંતીલાલ ત્યારે પણ ગંભીર હતા.

કારની નજીક પહોંચતા જ ડ્રાઇવરે અદબથી ઝૂકીને કારનો દરવાજો ખોલ્યો. સેવંતીલાલ કારની નજીક જ ઊભા હતા. પ્રભાબહેન ભાર્ગવની સાથે જ પાછળની સીટ ઉપર ગોઠવાઈ ગયાં, ત્યારે વરંડામાંથી મૌલિક અને એની પાછળ નોકર સામાન ઉપાડીને આવી રહ્યો હતો. નોકરે સામાન કારની ડીકીમાં મૂકી દીધો. મૌલિક કારની આગળની સીટમાં ગોઠવાઈ ગયો. ભાર્ગવે તેના પિતાજીની સામે હાથ જોડી નમસ્તે કર્યા. પછી ડ્રાઇવરને કાર ચાલુ કરવા કહ્યું. કાર મંદ ગતિએ દરવાજા તરફ વધી રહી હતી. કાર દરવાજા આગળ પહોંચતાં જ ચોકીદારે હાથથી સલામ કરી પણ તે તરફ કોઈનું ધ્યાન નહોતું. કારના જતા રહ્યા પછી પણ ચોકીદારે સલામ ચાલુ જ રાખી હતી કારણ કે સેવંતીલાલ હજીયે ઊભા રહ્યા હતા. જ્યારે સેવંતીલાલ બંગલાની અંદર ગયા ત્યારે એના હાથ નીચે નમ્યા અને દરવાજો બંધ કરી દીધો.

કાર સડક પર દોડી રહી હતી અને પ્રભાબહેનની નજર વારંવાર ભાર્ગવના ચહેરા ઉપર મંડાતી હતી.



'શું જોઈ રહી છે મમ્મી?' ભાર્ગવે તેની મમ્મીનો પ્રેમથી હાથ પકડતાં કહ્યું.

'તું જઈ રહ્યો છે ને, એટલે સ્ટેશન પહોંચતાં સુધી તને ધરાઈને જોઈ લઉં.' કહેતાં કહેતાં તો પ્રભાબહેનના ચહેરા ઉપર જાણે સાંજ ઊતરી આવી અને આંખોમાં ઝળઝળિયાં તગતગી રહ્યાં.

'તું તો એમ જ કહી રહી છે, જાણે મોટાભાઈ ભણવા નહીં, પણ લડાઈના મેદાનમાં જઈ રહ્યા છે!' મૌલિકે પાછળ જોઈને હસતાં હસતાં કહ્યું.

'તું તો બોલે છે કે બકે છે, કંઈક વિચાર કરીને બોલને?' પ્રભાબહેન ગુસ્સાભર્યા સ્વરે બોલ્યાં.

'વિચારવાનું કામ આખો સંસાર કરવા બેસે તો આખો સંસાર વિદ્વાન થઈ જાય. ધરતી પર થોડા મૂર્ખાઓ પણ રહેવા જોઈએ ને?' મૌલિક ત્યારે પણ હસી રહ્યો હતો.

'એક ચહેરો તો હું મારી સામે જ જોઈ રહ્યો છું.' ભાર્ગવે વ્યંગભર્યું હસતાં હસતાં કહ્યું અને ત્રણે જણા હસવા લાગ્યાં ત્યારે કારની ગતિ ધીમી પડી. મૌલિકે જોયું તો સ્ટેશન આવી ગયું હતું.

'લ્યો, સ્ટેશન આવી ગયું. હવે આપણે લેન્ડીંગ કરીશું.'

'અરે! ગધેડા, એરોપ્લેન ઊતરે તેને લેન્ડીંગ કહેવાય, માણસ ક્યારેય લેન્ડીંગ કરતો નથી.' ભાર્ગવે હસતાં હસતાં કહ્યું.

મૌલિકે તરત જ પાછળ વળીને ભાર્ગવની સામે જોયું ત્યારે ભાર્ગવ હસી રહ્યો હતો. 'કેમ નથી કરતો, હું કહું છું કે દરેક માણસ લેન્ડીંગ કરે છે, આપણે કારમાંથી ઉતરીશું તો જમીન પર પગ મૂકીશું કે નહીં? એને લેન્ડીંગ કહેવાય કે નહીં? ત્યાં સામે જુઓ, રીક્ષામાંથી જે માણસ ઊતરી રહ્યો છે તે પણ લેન્ડીંગ કરી રહ્યો છે અને પેલો ટાંગાગાડીના પગથિયા ઉપર પગ મૂકીને ઊતરી રહ્યો છે તે પણ લેન્ડીંગ કહી રહ્યો છે. ચારે બાજુ જુઓ તો લેન્ડીંગ જ થઈ રહ્યું છે.'

'બકબક ના કર, પાંચ મિનિટમાં તો મગજ ખાઈ ગયો.' ભાર્ગવે મજાક મજાકમાં, ધમકાવતાં કહ્યું.

'પાંચ મિનિટ નહીં. મોટાભાઈ, દસ મિનિટ તો થઈ જ જાય છે. હા પ્રેક્ટિસ કરતાં કરતાં પાંચ મિનિટ સુધી પહોંચી જઈશ. હજુ તો પ્રેક્ટિસ ચાલુ છે.'

'હવે ચૂપ થવાનું શું લઈશ.' પ્રભાબહેને મૌલિકને ધમકાવ્યો.

'લ્યો, ચૂપ થઈ ગયો બસ, આ જ તો મુશીબત છે, ચૂપ થઈ જાઉં છું તો પિતાજી કહે છે કે, આજે કેમ મોં ચઢાવીને બેઠો છે?' મમ્મીનો હાથ સીધો મારા માથા પર જાય છે, ગભરાતાં ગભરાતાં કહે છે, તારી તબિયત તો ઠીક છે ને? અને મોટાભાઈ તમે તો કમાનમાંથી છૂટતા તીરની જેમ તરત જ પૂછી બેસો છો કે, કોલેજમાં આજ કોઈની સાથે ઝઘડો થયો છે કે શું?





'હવે નીચે ઊતર, મારી ગાડીનો સમય થઈ ગયો છે.' ભાર્ગવે પોતાની કાંડા ઘડિયાળ તરફ નજર કરતાં કહ્યું.

'હું તો મોટાભાઈ લેન્ડ જ કરીશ.' કહેતાં મૌલિકે કારનો દરવાજો ખોલ્યો.

ભાર્ગવે મમ્મીને હાથનો સહારો આપીને કારમાંથી ઊતારી, ડ્રાઈવરે કુલીને બોલાવ્યો અને ડીકીમાંથી સામાન બહાર કાઢી તેના માથે મૂક્યો. કુલી પ્રથમ વર્ગના કંપાર્ટમેન્ટમાં સામાન મૂકી પાછો આવ્યો કે તરત જ મૌલિકે પોકેટમાંથી દસની નોટ કુલીના હાથમાં મૂકી દીધી.

'છૂટા નથી સાહેબ, આ તમારી જ બોણી છે.'

'કાંઈ વાંધો નહીં, સો રૂપિયા તારી આજની મજૂરીના છે લઈ જા બસ?'

આખે રસ્તે મૌલિક ચૂપ નહોતો રહ્યો. ચૂપ થયો ત્યારે ગાડીને ઊપડવાનો સમય થઈ ગયો હતો. જ્યારે ગાર્ડની વ્હીસલનો અવાજ કાનમાં અથડાયો ત્યારે ભાર્ગવે મમ્મીનો હાથ પકડીને કહ્યું, 'તારું ધ્યાન રાખજે મમ્મી! ડૉક્ટરને નિયમિત તબિયત બતાવતી રહેજે.'

સાંભળતાં જ પ્રભાબહેનની આંખો જમકીલી થઈ ગઈ. 'વચન આપ કે, તું ખાવાપીવામાં સ્હેજ પણ બેદરકાર નહીં રહે?'

'લે, બસ વચન,' એમ કહીને ભાર્ગવે પ્રભાબહેનનો હાથ પકડી લીધો, હવે જા મમ્મી, ગાડી ઊપડવાની તૈયારીમાં છે.

'આવો મમ્મી.' મૌલિકે ટેકો આપતાં કહ્યું. એ વખતે પ્રભાબહેનનો ચહેરો ગંભીર હતો, જાણે હમણાં જ રડી પડશે.

'મમ્મીનું ધ્યાન રાખજે મૌલિક.' ભાર્ગવની આંખમાં પણ આંસુ તગતગવા લાગ્યાં, આંખો થોડી થોડી જમકીલી પણ થઈ પણ તે રડી શક્યો નહીં. ભાર્ગવ દોડીને ગાડીમાં બેસી ગયો.

'સારું મોટાભાઈ,' મૌલિકે મમ્મીને ટેકો આપી બારણાં તરફ આગળ વધતાં જવાબ આપ્યો ત્યારે ગાડીએ ચાલવાનું શરૂ કર્યું હતું. ત્યારે પ્રભાબહેનની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં અને આંસુને કારણે ભાર્ગવનો ચહેરો પણ ઝાંખો દેખાતો હતો, ત્યારે પણ તે હાથ હલાવી રહ્યાં હતાં અને મૌલિક પણ વિદાયનો હાથ હલાવી રહ્યો હતો.

ગાડી જ્યારે દૂર...દૂર...દૂ...ર...ર...સુધી પહોંચી ત્યારે પ્રભાબહેને પોતાની સાડીના છેડાથી આંસુ લૂછતાં લૂછતાં નજીક ઊભેલા મૌલિકની સામે જોયું. મૌલિક પોતાના ખિસ્સામાંથી રૂમાલ કાઢીને પોતાની આંખો લૂછી રહ્યો હતો.

'તું રડી રહ્યો છે, મૌલિક?!'

'તારો તો દીકરો છે મમ્મી, ભાઈ તો મારો છેને?' કહેતાં કહેતાં મૌલિકની આંખમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં. તે મમ્મીની સાથે ચાલતાં ચાલતાં આંસુ લુછી રહ્યો હતો. બંન્ને સ્ટેશનની ભીડને ચીરતાં કારની નજીક આવી ગયાં.





## પ્રકરણ : ૨

ઐતિહાસિક દિલ્હીના રેલવેસ્ટેશનના પ્લેટફોર્મ ઉપર આદમ અને ઈવનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. ક્યાંક ક્યાંક ગુલાબી કળીઓ મ્હોરી ઊઠી હતી. પ્લેટફોર્મ પર ટ્રેઈન કોઈની પ્રતીક્ષામાં ઊભી હતી. ગુલાબની કળી જેવી સ્નેહાએ પ્રથમ કક્ષાના કંપાર્ટમેન્ટમાં પગ મૂક્યો કે તરત જ ટ્રેઈન પોતાની મોગલસાઈ ચાલમાં ચાલવા લાગી. ત્યારે, ગાર્ડ તેને હરિત પંખા વડે પવન ઝંકોરતો હતો.

હજી તો સ્નેહાએ પોતાની બેગ બાજુ પર મૂકી જ હતી કે તુરત જ ભાર્ગવ હાંફતો હાંફતો કંપાર્ટમેન્ટમાં દાખલ થયો. લીલી બોગનવેલ પથરાયેલી જોઈને એ મ્હોરી ઊઠ્યો. પાણીના રેલા જેવો થાક આંખોમાં આવીને બેસી ગયો. સ્નેહાને જોતાં જ તેને મનમાં થયું કે, પથ વચ્ચોવચ્ચ સપનું થઈને ધરી મોરપીંછ અંગ જેવા ટહુકાયેલા વન વચ્ચોવચ્ચ ઓચિંતુ શું ઊગ્યું? અભિસારની અપૂર્વ ક્ષણ જેવો ભાર્ગવ ત્યાં જ અટકી ગયો. અભિસારિકાને જોઈને તેના હૃદયની સારિકા ટહૂકો કરવા લાગી, 'કહો રિ સાજણ કહો મીં કિં કરું?' કેસર રંજિત ચહેરે તેજે નીતરતા નેહે આવ પ્રિય આવ આ

અક્ષુણ્ણ પ્રવાહ હૃદયકમળ દળથી વહી રહ્યો છે અને કહે છે કે, ‘આવ પ્રિય આવ અહીં જોને ચંદનની મધુવરસંત હેલી. બકુલની ઘનનીલ નિર્જન નિકુંજ. આવ અ—કુલશી આળપંપાળને મેલી. આવ હૃદયને રમ્ય પરિમલ પુંજે. ઝીણી ઝરમરસમ અલિગણનું છે. અહીં અવિરત ગાન. મનવૃંદાવનમાં શ્યામતરંગે બાંસુરી છેડી, ગોપીકામન ડોલી ઊઠ્યું ડોલમડોલ, લોલમ્લોલ લખલખુ ફૂટ્યું ત્વચા ચીરીને કશુંક આવતું બહાર દોડી દોડી નૃત્યઠેકમાં ઝીણી ઝીણી ધારે વાગી ઝાંઝરી રુમઝુમ રુમઝુમ ભાર્ગવ આ હૃદયમાં કોની? આમ વિચારતો હતો અને —

સ્નેહા પોતાની બેગમાંથી ડાયરી કાઢીને કંઈક લખવાનો પ્રયત્ન કરતી હતી. ત્યાં જ આગંતુકને જોઈ રહી.

‘આવો.’

‘ચાલુ ગાડીએ બેસી તો ગયો પણ...’

‘કશો વાંધો નહીં, આ સામાન આપનો હોય તેમ લાગે છે.’

‘હા, છે તો મારો જ!’

‘તો પછી ગભરાવાનું કારણ નથી, સફરમાં સાથ ગમશે તો મનનો થાક ઉતરશે અને મનજળ નીતર્યાં નીર જેવું થઈ જશે તો થોડીક હળવાશ પણ મળશે’ અને સ્નેહાના ખડખડાટ હાસ્યથી આંખો કંપાર્ટમેન્ટ હાસ્યધ્વનિથી લિંપાઈ ગયો. ભાર્ગવ તો સુંદર



યુવતીને જોતો જ રહ્યો, અમીનેષ નજરે.

‘જોઈ શું રહ્યા છો?’ — સ્નેહાએ ભાર્ગવની સામે જોઈને કહ્યું.

ભાર્ગવ યુવતીને સમજી ન શક્યો. તે સામેની બર્થ પર બેસી ગયો. ત્યારબાદ પોતાની એટેચીમાંથી મેગેઝીન કાઢીને વાંચવા લાગ્યો —

ભાર્ગવની નજર સ્વર્ગમાંથી ઊતરી આવેલી અપ્સરાને જોઈને સ્થિર થઈ ગઈ. જે પ્રતિમાને એ જોઈ રહ્યો હતો તે કોઈ શિલ્પકારે ઘડી કાઢી હોય તેવી સંગેમરમર જેવી ધવલ દેખાઈ રહી હતી. જેના ચહેરા ઉપર મૂર્તિ બની ગયા બાદ કોઈ ચિત્રકારે રંગની પીંછી ફેરવી દીધી હોય! ભાર્ગવે આવી સુંદર યુવતીને ક્યારેય જોઈ નહોતી. જાણે આભમાંતી ઊતરી આવ્યું અબરખ અંગ, કંપતું ચંપકચીર મલયનું. શ્વાસ લેતાં લેતાં એનાં મેરુસ્તન ધડકતાં ધ્રુજી રહ્યાં હતાં. ઝાકળઝીણા પોતાનો છેડો તેના ખભેથી નીચે ઊતરી ગયો હતો. તેના વક્ષ જાણે ઝુલે મદનફળ સમી પૃથિવી. અને રેશમી રાતા હોઠે ચમકતી નીલગ્રીવે સફેદ મોતીની ચળકતી માળ. મગની શિંગ સરીખી આંગળીઓ અને ઢેલની ડોકસમી યુવતીની નાજૂક અને આકર્ષક લાગવાથી નીચે ઉતરતી ભાર્ગવની નજર હરિયાળી ધરતી પરની ઉન્નતભુ ટેકરીઓ પર આવીને અટકી ગઈ. બારીમાંથી આવતી હવાની લહેર વાળની કેટલીક લટો સ્નેહાના ચહેરા પર વિખરાયેલી હતી.

બંન્ને વચ્ચે મૌનવત્ કિનખાબી લહેર હિલ્લોળા લેવા લાગી અને એકમેકના હૃદયમાં ઘટનાઓ ઘટતી રહી, કોઇ મઘમઘતાં ફૂલો જેવી, કોઇ પતંગિયા જેવી તો કોઇ રાત્રિના અંધકાર જેવી? ઘેરી લે છે એકમેકને આંખથી માંડીને મસગ્ર સુધી, નખશિખ.

એમ જ સરકતી રહે છે એક પછી એક ક્ષણો...

ગાડી એક હળવા આંચકા સાથે ઊભી રહી અને સ્નેહાના હાથમાંથી ડાયરી પડી ગઇ. ભાર્ગવની વિચાર શૃંખલા પણ...તરત જ ડાયરી લેવા ભાર્ગવ નીચે નમ્યો. સાથે સાથે સ્નેહા પણ...સ્નેહાનો હાથ ભાર્ગવના ટેરવાંને સ્પર્શ્યો, તરત જ સ્નેહા બેઠી થઇ ગઇ. આંગળીનાં ટેરવે જાગૃત થઇ સ્પર્શની સુંવાળી ઇચ્છા! વિહ્વળ બનીને ઘટનાઓ ઘટતી જ રહે છે...નાકનું તો સમજ્યા કે થોડીક વાર શ્વાસ લેવાનું બંધ કરી શકાય. આંખો તો બંધ પણ થઇ શકે! પણ આ ટેરવાનું શું? સુંવાળા સુંવાળા સ્પર્શનું શું? એમ વિચારતા ભાર્ગવે ડાયરી સ્નેહાના હાથમાં આપી.

'Thanks.' સ્નેહાથી બોલી જવાયું.

'અજાણથી જ આપની ડાયરીને સ્પર્શ થઇ ગયો. એટલે માફી...'

'ચાલો, માફી આપી દીધી બસ?'

'આપ ડાયરીમાં કવિતા લખતાં હો તેમ લાગે છે.'





'કવિતા, એ તો મારા શ્વાસોચ્છસનો પર્યાય છે. આંતરકોષોનો સળવાટ છે, જીવવા માટે માણસને કોઇક સાધન જોઇએ છે, સાધના જોઇએ છે.'

'જરા જોઇ શકું? આપની કવિતાને?'

'ના, જોવા માટે...પણ વાંચવા માટે આપ જરૂર લઇ શકો છો. લ્યો...ત્યાં સુધી હું આપનું મેગેઝીન વાંચું, આપને વાંધો તો નથી ને!' ડાયરી આપતાં સ્નેહાએ કહ્યું.

'મને શું વાંધો હોય! આપે જ તો કહ્યું હતું કે, સફરમાં સાથે ગમશે તો મનનો થાક ઊતરશે અને મન નીતર્યા નીર જેવું થઇ જશે, તો થોડીક હળવાશ પણ મળશે. પછી મને શું વાંધો હોય.'

'ભાર્ગવે ડાયરી ખોલી કે તરત જ તેની નજર યુવતીના નામ ઉપર પડી, લખ્યું હતું સ્નેહા દેસાઇ.'

'સ્નેહા દેસાઇ, આપ જ છો?'

'હા કેમ, આશ્ચર્ય થાય છે?' સ્નેહાએ મેગેઝીનમાંથી નજર ઉઠાવી ભાર્ગવની સામે જોયું.

'આશ્ચર્ય નહીં, પણ આપની કવિતાનો હું વાચક જરૂર છું, પણ આજ રૂબરૂ મળ્યાનો એટલો જ આનંદ છે.'

ભાર્ગવ જોતો જ રહ્યો સ્નેહાને. જાણે જળનમણી દ્રુમલીલામાં પ્રિયંગુ શરીર ઓગળે તેમ ઘ્રાણોન્મદ હૃદયમાં ઓગળતી ભીનાશથી

ભીંજાતા ભાર્ગવને લાગે છે કે જાણે મારું સકળ અસ્તિત્વ જ ઓગળી જશે આ સ્નેહાનીલ દ્રાવણમાં. પછી ભાષાનું કિનખાબ ખૂંદતો એક પણ શબ્દ ભાર્ગવના ઑષ્ઠદ્વય સુધી ન આવ્યો અને તે પડઘાતા મૌનમાં લયની ઝીણી ઝીણી ધારથી વહેરાવા લાગ્યો. તેને લાગ્યું કે, મારી અંદર ઊડતાં પતંગિયાંને પાંપણ ઉપર પલાળું અને કાગળની હોડીઓમાં સપનાં તરતાં મૂકું પણ કાગળ ડૂબી જાય તો...! અને આ હૃદયમાં કલરવ થઈને કોણ પડઘાય છે સ્નેહા? હું પ્રકાશિત થઈ નથી શકતો. આ તરંગિત તરબતર મનને તેની ખબર નથી. પણ મારે તો તટ સુધી પહોંચવું છે મોજું થઈને. પરંતુ બારણે તાળું લટકતું જોઈ પાછા વળીએ તેમ મન પાછું વળી જાય છે. તારા ઉન્નતભ્રુ મલયસમ મખમલી સ્તન સુધી આવીને મારી દશા તો અષાઢસ્ય પ્રથમ દિવસ જેવી થઈ ગઈ છે. હું દંતકથા જેવો તારી સમક્ષ બેઠો હોવા છતાં મૌનવત્ રેશમિયાં સ્વપ્નાં સજાવ્યા કરું છું. સ્વપ્નાંની છલોછલ છાલક બે હોઠલગ આવી જાય પણ મનના કિનારે ક્યારે આવશે? મત્સ્યવેધ કરવા જેટલું બળ હવે મારાં ટેરવામાં રહ્યું નથી અને એટલે જ ટેરવાંને સ્પર્શ ઊગે તેની રાહ જોઉં છું. ક્ષણે ક્ષણે મૂંગો મૂંગો હું મંતરવત્ ડૂબ્યા કરું છું તારી જળવત્ આંખોમાં. તારી નીલવર્ણી આંખોમાં રમતી માછલીઓને જોઈ છે ત્યારથી તારું અસ્તિત્વ બે પાંપણ વચ્ચે ઘૂઘવ્યા કરે છે અને તારી ત્વચાની સુગંધી છાલક વાગી ત્યારથી પાંપણોએ ખાળ્યો છે દરિયો. એક સુગંધી મોજું અથડાઈને પાછું વળી ગયું છે ત્યારથી હૃદયમાં બાંસુરી વાગી છે વૃંદાવનની. હું તારી સામે જ બેઠો





હોવા છતાં પણ ડૂબ્યા જહાજના સફરી જેવો આછાઘેરા અજવાસમાં શ્રદ્ધાની જાળ નાખીને સોનેરી માછલીને પકડવા બેઠો હોઉં તેમ પ્રતીક્ષા કરતો શૂન્ય નજરે તને જોયા કરું છું. મને તારી મનડાળી પર બેસવા દે, મારે ગહેકવું છે. તારી ડાળીઓ પ્રસાર, આવવા દે પાન પછી લીલુંલીલું વન તરબતર થઈ મહેક્યા કરશે. લીલાછમ્ લાવણ્યે સ્ત્રવ્યા કરશે લાગણીનું કલકલતું, ઝળહળતું, મઘમઘતું, નિનાદ કરતું ઝરણું. હા, આંખ તો ચાદર ઓઢીને સૂઈ જશે પણ આ મનનું શું? કહે સ્નેહા કહે, આ મન સ્પર્શનું પૂર્ણવિરામ ક્યારે આવશે?

ટ્રેઈનના ધ્વનિમાં ઓગળતો ભાર્ગવ. સ્નેહાને નખશિખ જોતો જોતો સ્નેહાની આંખ લગોલગ આંખ આવતાં જ તે અટકી ગયો. સ્નેહાનું ધ્યાન પણ ભાર્ગવના મેગેઝીનમાં નહીં, ભાર્ગવ તરફ જ હતું. સ્નેહા ભાર્ગવની લીલા કરતી આંખો એકબીજાના મનહૃદયની ભાષાના શબ્દોને પકડવા દોડાદોડ કરવા લાગી અને પકડાઈ જતાં જ બન્ને સાથે જ હસી પડ્યાં.

‘સ્નેહાજી આપ કેમ હસ્યાં?’

‘પણ એ તો કહો કે આપ કેમ હસ્યા? અરે હા! આપે તો મારું નામ પણ જાણી લીધું, પણ મેં તો ક્યારનુંય તમારું નામ જાણી લીધું છે?’

‘એ કેવી રીતે.’ ભાર્ગવે કહ્યું.

‘અરે, આ આપની બેગ પર લખ્યું છે, ભાર્ગવ એસ.

મહેતા?!' 'પરંતુ આપને મારી કવિતા કેવી લાગી?'

'ખોટું ન લગાડો તો કહું.'

'કહો ને? ખોટું લાગવા જેવું કહેશો, તો પણ મને વાંધો નથી, મારા વિવેચકશ્રીને મળીને ઘણો જ આનંદ થશે.'

'આમ તો હું ભાષાનો વિદ્યાર્થી ખરો, પણ વિવેચક, લેખક કે કવિ નથી, પણ ભાવક જરૂર છું. એટલે કહું કે આપના જેવી જ આપની કવિતા છે. સુંદર સ—સર અને સંતર્પક.'

'આપ તો ખરેખર વિવેચક હો એમ લાગે છે ને કાંઈ?'

'મેં શરૂઆતમાં જ કહ્યું કે, હું લેખક કે વિવેચક નથી. પણ ભાષાને જરૂર ઓળખું, સભ્યતાનું મ્હોરું પહેર્યાં કરતાં તેને મુખવટો દઈ દેવો સારો, અને આપણે તો આયના સામે ઊભા રહેવું જોઈએ જેથી આપણને લોકો ઓળખે તેના કરતાં આપણે આપણી જાતને વધુ નજીકથી ઓળખી શકીએ. તેવી રીતે આપણું સર્જન પણ આયના જેવું શુદ્ધ હોવું જોઈએ.'

આપની કવિતા ખરેખર આંગણામાં ચંદનવૃક્ષને રોપ્યું હોય અને જેવી માદક સુગંધ લહેરાય, અને ઝીણાં ઝીણાં પર્ણો રૂપે નવપલ્લવિત થતું હોય અને જે લીલાશ તેનામાં ઊઘડે તેવી તાજપ આપની કવિતામાં છે. હૃદયના નેપથ્યમાં જઈને વાંચવા જેવી આપની કવિતા છે, આપનું શબ્દલાલિત્ય તો દિશાને ઓળંગી ગયું છે. રોજ સવારે અર્ધ્ય આપતી આપની કવિતા કમલદંડની જેમ





ભાષાનો મેરુદંડ લઈને ઊભી છે. ભાષાનું કવચ તોડીને જન્મતો દરેક શબ્દ નવોન્મેષી તાજગી લઈને આવે છે અને એટલે જ શબ્દનો ચેતો વિસ્તાર આપની કાવ્યપંક્તિમાં નવી ચેતના જગાડે છે. પરંતુ સ્નેહાજી, હું તો સમજણ વગરનો દરિયો, છીછરાં પાણીમાં કેટલું જળવત્ થવાય?'

'ભાર્ગવજી આપ તો ખરેખર ભાવક કરતાં વિવેચક વધારે છો! આપ તો...'

'બહેનજી કંઈ જમવાનું લાવું?' આ વાતચીત ચાલતી હતી ત્યાં જ ટ્રેઈનની કેન્ટીનના બેરાએ સ્નેહા અને ભાર્ગવને ધ્યાનભંગ કર્યાં. કોઈ કાચનું વાસણ પડીને તૂટી જાય તેમ તેમના વિચારો તૂટી ગયા.

'થોડીવાર પછી, બે ડીશ જમવાનું લઈ આવજે.'

'કેમ બે ડીશ મંગાવી?'

'મારી સાથે આપ પણ ભોજન કરશો જ ને?'

'પણ...' ભાર્ગવ અટકી ગયો.

'પણ બણ કંઈ ચાલશે નહીં? સમજ્યા? કંપની એટલે કંપની?હું જમું અને આપ ભૂખ્યા રહો?'

ભાર્ગવને કહેવાનું મન થઈ ગયું કે, 'આપની નીલ ઝરતી નીલીનીલી આંખોને અને મહેંકતા રેશમીયા વન વચ્ચોવચ્ચ ઊભેલી

વનશ્રી જેવી તને જોઇ છે ત્યારથી જ હું તો ધરાઇ ગયો છું.' પણ ભાર્ગવની સભ્યતાએ તેને બોલતો અટકાવ્યો. 'ના, આમ તો ભૂખ નથી.' એટલું જ બોલી શક્યો.

'આમ તો ભૂખ નથી એટલે આમ તો ભૂખ છે એમ જ સમજવાનું ને?'

'સારું, બસ, આપની સાથે જ જમીશ અને આપ કહેશો તો આપની ડીશમાંથી લઇને જમીશ બસ!'

'એટલી આત્મીયતા કેળવી શકશો?'

'જરૂર...'

અને બન્નેનું શિશુકલ નિર્દોષ હાસ્ય જુગલબંધી કરવા લાગ્યું. ટ્રેઇન હળવા આંચકા સાથે ઊભી રહી...પ્લેટફોર્મ ઉપર વેઇટર ચ્હાની ટ્રે લઇને ઊભો હતો.

'ચ્હા પીશું?' ભાર્ગવે વિવેક દાખવ્યો.

અને બંન્નેએ ચ્હા પીધી, ભાર્ગવે પોતાના પાકિટમાંથી પૈસા કાઢ્યા અને વેઇટરના હાથમાં આપવા જાય છે. ત્યાં જ ભીના ભીના સ્પર્શમુલાયમ સ્પર્શે ભાર્ગવને ભીંજવી દીધો, સ્નેહાયે ભાર્ગવનો હાથ પકડી રાખ્યો, બળપૂર્વક અને કહેલા લાગી :

'આપ તો મારા હમરાહી છો એટલે ચ્હાનું પેમેન્ટ મારે કરવું જોઇએ.' અને સ્નેહાએ પોતાની પર્સમાંથી પૈસા કાઢી વેઇટરને



આપી દીધા વેઇટર કશું જ ન સમજ્યો પણ કંઇક મૂંઝવણ જરૂર અનુભવતો હતો. તેના ચહેરા ઉપર આશ્ચર્ય અને પ્રશ્નાર્થ એક સાથે વર્તાતાં હતાં. ત્યારે ભાર્ગવની કલરવવંતી મનડાળે વસંત ખીલતી જોઇને કોયલ ટહુકતી હોય તેમ સારિકામન ટહૂકો કરવા લાગ્યું.

'તમારી જીત થઇ.' ભાર્ગવે સ્નેહાની સામે જોઇને કહ્યું.

'જીત તો મનનું કારણ છે, જિંદગીમાં ક્યારેય જીત કે હાર નથી. મનથી માનીએ તો જીત અને મનથી માનીએ તો હાર.'

'ઘણાં ક્ષેત્રમાં હાર જીતના સોદા થતા હોય છે. જયાં પ્રતિસ્પર્ધીઓ હોય ત્યાં હારજીતતો રહેવાની જ.'

'પણ આપણી વચ્ચે ક્યાં સ્પર્ધા છે? એટલે હારજીતનો સવાલ જ રહેતો નથી.'

'તમે તો કોઇ જ વાતે બંધાતાં નથી?'

'બંધાવું એટલે કેદ. હું કોઇનામાં કેદ થવા માગતી નથી. પાંખો કપાવીને પાંજરામાં બેસી રહેવું મને ન ગમે!'

'ઠીક છે, ક્યારેક તો કોઇકનું બંધન સ્વીકારશોને?'

'બંધન એટલે સ્વામિત્વ, એમ તમારું કહેવું છે ને? તો જે સ્વામીત્વમાં બંધન હોય તે સ્વામિત્વ ને હું સ્વીકારી ન શકું કેમ ખરું ને?'

'તમે મુક્ત વિહારમાં માનો છો, બંધનમાં નહીં.'

'ચોક્કસ, સોનાના પાંજરામાં પુરાયેલા પંખી જેવું બંધન તો હરગીઝ નહીં.'

'સોનાનું પીંજરું તમને ગમે કે નહીં?'

'સોનાનું પીંજરું ગમે, કેદ થવાનું નહીં.'

'એટલે...'

'પીંજરામાંથી બહાર નીકળેલું પક્ષી કદી પીંજરામાં ન જાય અને જાય તો સમજી લેવું કે પક્ષીની પાંખો કપાયેલી છે.'

'પણ પક્ષીને પાંખો તો હોય છે, છતાં ઊડતું નથી, તેવું નથી બનતું?'

'ઊડવાની પાંખો કપાયેલી હોય તો તે ઊડી ન પણ શકે, એની જીજિવિષાનો અંત આવે ત્યારે જ પક્ષી પરાધિન થાય છે. પક્ષી તો સતત આકાશને ઝંખતું હોય છે. લીલાલીલા પર્ણની ડાળીને ઝંખતું હોય છે, વૃક્ષોને ઝંખતું હોય છે, પહાડોના મૌનને ઝંખતું હોય છે. પક્ષી એટલે મુક્ત વિહારનું પ્રતીક. એટલે જ પક્ષી આકાશને અને આકાશ પક્ષીને એકમેકને ઝંખતાં હોય છે. તમે પુરુષો સ્ત્રીને હમેશાં સોનાના પીંજરામાં પૂરતા હો છો. પીંજરું સોનાનું બતાવો, એમાં જિંદગી જીવવાની ખોટી મોટી લાલચો આપો પછી પીંજરામાં પુરી એને ગુલામ બનાવો છો.'

'એટલે કે તમે આદમનું બંધન સ્વીકારવા તૈયાર નથી,



એમ જ ને?'

'આદમને ઝંખુ, આદમના બંધનને નહીં.'

'આપને તો યાદ હશે જ કે, આદમે જો ઈવને સફરજન ન ખવડાવ્યું હોત તો, કદાચ ઈવ બચી શકી હોત!'

'પણ તમને એ ખ્યાલ નહીં હોય કે ઈવે જ સામેથી આદમ પાસેથી સફરજન માગ્યું હતું!'

'એટલે કે ઈવે આદમનું બંધન સ્વીકાર્યું, બરાબરને?'

'ઈવે સફરજન ખાધું, આદમનું બંધન સ્વીકારવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી!'

'તમને પણ સફરજન ખાવું ગમે, કોઈનું બંધન સ્વીકારવાનું ન ગમે.'

'જરૂર, સફરજન ખાવામાં વાંધો નથી, એને પચાવવામાં વાંધો છે.'

'અને જો પચાવી દો તો...?'

'એનું પરિણામ પણ ભોગવવું પડે.'

'એટલે કે, સફરજન ખાવું ગમે, એને પચાવવું ન ગમે બરાબરને?'

'જો મનનો માનેલો આદમ, સફરજન ખવડાવે તો પચાવી જાઉં.'

'આદમ અને ઈવે લગ્ન કર્યું હતું?'

'તમારું માનવું છે કે લગ્ન એટલે યજ્ઞની વેદી પાસે સપ્તફેરા ફરીને કરેલા લગ્ન પણ લગ્નથી જોડાયેલાઓની ગાંઠ છૂટ્યાની વેળા પણ આવતી હોય છે, લગ્ન એટલે સમજૂતી પરસ્પરના તનની, પરસ્પરના મનની, પરસ્પરના હૃદયની. હૃદયથી મળેલાં મન કદી છૂટાં પડતાં નથી. એકમેકનાં પૂરક બનીને જ જીવનભર સાથે રહે છે અને એકબીજાને સમજી શકે છે, વિચારોની સાથે તાદાત્મ્યતા કેળવે છે. ગમે તેટલી આપત્તિઓમાં દુઃખમાં પણ ખભેખભા મિલાવીને એકમેકનાં થઈને રથચક્રની જેમ સંસારરથને આગળ ધપાવે છે. દાંમ્પત્યજીવન તો સંસારરથનાં બે ગતિશીલ ચક્રો છે. એ ચક્રોમાં ક્યારેય શિથિલતા ન આવવી જોઈએ અને એકબીજામાં ઓતપ્રોત થઈને સાથે જ રહે.'

સ્નેહાની દલીલ સામે ઘડીભર તો ભાર્ગવ મૌન જ થઈ ગયો. ઘડીભર તો બન્ને મૌનના સામસામે કિનારે ઊભાં રહ્યાં. ભાર્ગવે ડાયરીનું પાનું ફેરવ્યું. નજર કવિતા વાંચવા લાગી અને સ્નેહા બારી બહારનાં દશ્યો નીરખવા લાગી. ગોરંભાયેલા આકાશમાં વાદળો એકમેકને લગોલગ વળગીને નીચે ઉપર ઉપર નીચે ગેલગમ્મત કરતાં કરતાં દોડી રહ્યાં હતાં. ક્યારેક આગળ તો ક્યારે પાછળ એમ સતત આગળપાછળની દોડ ચાલુ હતી. સ્નેહા ભાર્ગવની આંખોમાં પણ.



સ્નેહાને આંખ લગોલગ વાતો કરવાનું મન થતું પણ શબ્દનો દરિયો ઘડીભર હિલ્લોળા લેતો નહોતો પણ શબ્દ એ તો એકમેક વચ્ચેનો સેતુ છે, ધ્વનિ છે. માણસ માણસ વચ્ચેના સંબંધમાં શબ્દ સૃજન કરે છે, લય અને પ્રલય કરે છે. આમ વિચારતી સ્નેહા આશ્ચર્યવત નજર કરી બોલી.

'જુઓ, સામે મોર કેવો કળા કરી રહ્યો છે?'

ભાર્ગવની નજર બારી બહાર લંબાઈ. ઢેલ મોરની સામે નાચતી હતી. એ પણ નજરે પડ્યું ન પડ્યું ત્યાં જ વૃક્ષો આવી ગયાં દોડતાં દોડતાં લીલા લીલા કલરવને ઓઢીને.

'હત્ તારીની, વૃક્ષો આવી ગયાં!' વિચારવંતુ ભાર્ગવનું ગતિમય મન અટકી ગયું. તે નિરાશ થઈ ગયો. સતત ભીંજાતી માછલીને દરિયો કિનારાની ભીની ભીની રેતીમાં મૂકીને પાછો વળે તેમ ભાર્ગવનું મન વિષાદમાં સતત ભીંજાવા લાગ્યું. કોરાવા લાગ્યું. પરોઢપંખી ગગનને આંબી જવા મથે તેમ મનની તાલાવેલી, તરવરાટને, લાગણીઓને કેદ કરી રહ્યું ભાર્ગવમન.

'શું થયું?'

'કંઈ જ નહીં, મોરને જોવો કે ઢેલને! એ નિર્ણય જ ન કરી શક્યો ત્યાં જ...!'

'જે શક્ય નથી એની કલ્પના કરી દુઃખી થવામાં હું માનતી

નથી!'

'તો ઈચ્છાનાં મૃગજળ પાછળ દોડનાર બુઝદિલ હું પણ નથી...' પરંતુ જન્મજન્માંતર સુધી તમારા જેવો સાથ મળે તો પૂર્ણવિરામને પામવાની પણ કોઈ જ ઈચ્છા નથી, બ્રહ્મપદ મળે તો પણ, પુરુષ જ્યારે સ્ત્રીને અને સ્ત્રી જ્યારે પુરુષને પ્રેમ કરે છે ત્યારે તે બે વ્યક્તિઓ એકબીજાની નજીક આવી જાય છે. જુદાઈ તેમને માટે અસહ્ય થઈ પડે છે. બંન્ને સાથે રહી ઈપ્સિત સ્વરૂપને પામવાનો પ્રયત્ન કરે છે આ ક્રિયા સમગ્ર વિશ્વના પ્રેમીઓમાં વ્યાપેલી હોય છે.'

લીલોછમ ઘા ચચર્યા કરે તેમ ભાર્ગવના આ ઉદ્‌ગારથી સ્નેહાના હૃદયમાં ચચરાટ થવા લાગ્યો. ચચરાટ અને ચચરવું એ તડપ અને તરવરાટ જેટલાં નજીક છતાં દૂરનાં દૂર. પણ એ મીઠો ચચરાટ હોય તેમ સ્નેહા મૌન થઈ ગઈ, કંઈ જ ન બોલી શકી. લીલીલીલી લાગણી તેને ઘેરી વળી. હૃદયમાં આનંદનું એક જબરદસ્ત મોજું ઊમટી આવ્યું. કૂંપળ ફૂટ્યા જેવું મીઠું મીઠું દર્દ ઝમવા લાગ્યું. તે વિચારવા લાગી કે –

'ભાર્ગવ મને ક્યા ત્રાજવે તોલવા માગે છે? તે પહેલાં જ ભાર્ગવ હાર કબૂલ્યા સાથે સ્પષ્ટ પણ થઈ ગયો હતો' તેનું ચેતાતંત્ર કોમ્પ્યુટરની જેમ સતત વિચારવા લાગ્યું, તૂટતી ભેખડની ક્ષણે તું





મારા જીવનમાં ગુલમહોર બનીને આવ્યો છે. સદા ખીલતી રહે એ ક્ષણો. ખરેખર, ભાર્ગવ! મારી મનહેષાઓ લગામ તોડીને તને ઝંખે છે. મારી મૌનવત્ ક્ષણોને તું વાચા આપ, નહીં તો હું મારું અસ્તિત્વ ખોઈ બેસીશ. મારાં અંતઃસ્તલનાં કમાડ ઊઘડી ગયાં છે. પ્હો ફાટવાની વેળાએ જ ગુલાબી સૂરજે આલિંગન કર્યું છે, મારા રોમરોમમાં હરણાં દોડી રહ્યાં છે. મનજળ ઉછળી ઉછળી આલિંગે મને. હવે તું અને હું, હું અને તું એકમેકનાં થઈને રહીએ...

તું મને ગમે છે. તે કેમ, તેની મને ખબર નથી. પરંતુ તને મારું મનહૃદય ઝંખ્યા કરે છે. તારી નાજુક પળોની હું સાક્ષી બની શકું તો! ઝરણું બની કલકલ કરતી તારામાં સમાઈ જવું છે. મારી આસપાસ કોલાહલનું ટોળું હોવા છતાં મૌન એકલતા શ્વસ્યા કરે છે, ડંખ્યા કરે છે, શૂળની જેમ. મારા માટે તો જિંદગી એ અજાણ્યો પ્રવાસ છે. નવી જ કેડી કંડારવાની એક અભિપ્સા સતત મનમાં ઝંખ્યા કરે છે. આંખો સામે છે તેને પણ હું જોઈ શકતી નથી. મારે જોવા માટે આંખોની પાંપણો નીચેનો અંધકાર અને સાંભળવા માટે હૃદયના ધબકાર સિવાય બીજું કશું જ નથી. મારી અસહાય આંખો આગિયો બનીને તને શોધવા ઊડાઊડ કરી રહી છે. તારી સ્મૃતિ મારા મનશયનખંડના અંધકારમાં જ ઓગળી ગઈ છે! તારા જેટલી હું સ્પષ્ટ થઈ શકતી નથી. કારણ કે હું સ્ત્રી છું. તું નજર સામે હોવા છતાં નજરઅંદાજ છે. તું નહીં હોય ત્યારે તારો અભાવ મને ડંખ્યા કરશે. તારા જરીક સ્પર્શથી ટેરવાં ગહેકવા લાગ્યાં છે. ટેરવાંની

ભાષા તો ટેરવાં જ જાણે! અને સ્પર્શ મૂલાયમ ટહુકા વચ્ચે ટહુકો થઈને વચ્ચ વચ્ચોવચ્ચ હથેળી વચ્ચે રંગસાથિયા મહેંકી ઊઠ્યા છે. હથેળીમાં ફૂલોના ચિતરામણની મહેંક અંગેઅંગમાં પ્રસરી રહી છે. જ્યાં જ્યાં નજર લંબાય છે ત્યાં ત્યાં ફૂલોનું ચિતરામણ નજરે પડે છે. મોસમના પ્રથમ વરસાદની જેમ તું આવ્યો છે મારામાં. અને પ્રથમ વરસાદથી તો ધરતી પણ નવપલ્લવિત થાય છે. ધરતીને ફૂટે છે કૂંપળ. અને મારામાં કૂંપળ ફૂટે તેની રાહ જોઉં છું. કલકલ્લોધૂને મસ્ત માછલીને એકાએક દરિયો કિનારે છોડી ભીની રેતીને આલિંગે તેવી મારી દશા થઈ છે. માછલી જેવું મન તરફડ્યા કરે છે. તારા વિચારોમાં લીન છું, ત્યારે સંભળાય છે દુર્વાસાનાં પગલાં. નિર્દોષ શિશુની તરવરતી આંખોમાં ટોળે વળતા ભૂરા આકાશ જેવી નિર્દોષતા તારામાં જોઈ રહી છું. આ લીલાલીલા સ્પર્શની ઓળખાણને વધુ તાજી કરીને મહેંકાવી દઈએ આપણે! કાળની ક્રૂર થપાટો આપણને છિન્નભિન્ન કરીને અળગાં કરી દે એ પહેલાં મારી આ મસૃણત્વચા નીચે ખળખળતા રૂધિરમાં ભળી જઈ વહેવા માંડ! પાંપણેથી સમય સરકી રહ્યો છે. તું જ્યારે સામે જ બેઠો છે ત્યારે હું લીલા વાંસની ટશરનાં ગીત સાંભળું છું અને તું લીલુંલીલું છૂંદણું થઈને જડાઈ ગયો છે મારી ગૌરત્વચા પર. મારી ભોળી ભોળી યાતના અંતરિયાળ રઝળે તે પહેલાં તું મારામાં સમાઈ જા. આ હરણી તારી ઠેકમાં હાંફે આખ્ખું રાન. આંધળી ખિસકોલીનો દાવ ક્યાં સુધી રમ્યા કરશું આપણે?





ટ્રેઈન ગતિમય હતી સાથે સાથે સ્નેહાના વિચારો પણ. ત્યાં જ ટ્રેઈનનો વેઈટર હાથમાં બે ડીશ જમવાનું લઈને આવી ગયો.

'લીજીયે બહેનજી, યે આપકી દો ડીશ, પાની બાદમેં લેકર આતા હું.'

'સ્નેહાજી શું વિચારમાં હતાં! એકદમ ચૂપ. બારી બહાર શું જોઈ રહ્યાં હતાં.'

'કંઈ જ નહીં, આ લીલાંલીલાં વૃક્ષોની ગતિને જોઈ રહી હતી.'

'વૃક્ષો તો સ્થિતપ્રજ્ઞની જેમ સ્થિર જ ઊભાં રહે છે, એમને વળી ગતિ કેવી? ટ્રેઈનની ગતિને કારણે વૃક્ષો ગતિ કરતાં હોય તેવો ભાસ થાય છે.'

'સ્થૂળ રીતે સમજીએ તો તમારી વાત સાચી પણ છે અને ખોટી પણ, ખોટી એટલા માટે કે, વૃક્ષો એક સ્થળે ઊભાં રહીને ગતિ કરે છે, જ્યારે માણસ ગતિ કરતો હોવા છતાં ગતિ કરી શકતો નથી અને સાચી એટલા માટે કે વૃક્ષની પાસે માણસ ગતિ કરીને જાય છે,પરંતુ તે ગતિમાં સ્વાર્થ છે. વૃક્ષની છાયાનો, વૃક્ષના ફળનો, ફૂલનો, લાકડાંનો. વૃક્ષો તો મારામાં નિરુત્તર ગતિ મૂકી ગયાં છે. આ લીલીછમ્ લીલીલીલી વૃક્ષોની ગતિ જોઈને તો થાય છે કે હૃદયમાં વૃક્ષને વાવી દઉં પછી ભલેને લીલા લીલા સ્પર્શમુલાયમ ટહુકાઓ દોડ્યા કરે. હવે વૃક્ષો સિવાય આ ઉત્સુકા આંખને કશું જ

ગમતું નથી. હવે તો ભીના સમયના કોમળ કોમળ છાંયડા નીચે કૂંપળ થઈને ફૂટું! અને પછી પીડાનાં પંખીઓને કાગળ લખી દઉં કે હું તો લાગણીઓનો ઉતારો છું, જરા શ્વાસ લેવા મારી મનડાળી પર બેસીને ટહુકા કરજો, કારણ કે મારામાંથી કલરવનો ધ્વનિ પ્રસરી રહ્યો.

'વાહ, કવિતા રાણી, વાહ! તમે તો સુંદર કવિતા સંભળાવીને? તો ચાલો હવે આ ભોજનને તો ન્યાય આપીએ ને?' ભાર્ગવ ઊઠીને સામેની બર્થ પર જઈ બેઠો અને સામસામે બેસીને ડીશને એટેચી ઉપર મૂકીને સ્નેહાભાર્ગવ જમ્યાં. વેઈટર પાણી આપી ગયો, પીધું.

'આજનો આપનો સાથ જિંદગીનું સંભારણું બની રહેશે.' ભાર્ગવે નેપકીનથી હાથ લૂંછતાં લૂંછતાં કહ્યું.

'બધા પુરુષોની માન્યતા એવી હોય છે કે, સ્ત્રીનો સાથ મળે એટલે જરીક હસે. કદાચ સામેની સ્ત્રી થોડી લીફ્ટ આપે એટલે ભાઈ સાહેબ આગળ વધે અને પછી કહે કે, તમારો સાથ સંગાથ ગમ્યો, ફરી ક્યારે મળીશું? આમ નેકસ્ટ મુલાકાત પણ ગોઠવી દે. મુલાકાત સફળ થાય તો ભાઈસાહેબ સફરજન પણ ખવડાવી દે, કેમ ખરું ને?'

'સ્નેહાજી, ખોટું ન લગાડતાં. આપની સાથે અત્યાર સુધીની મુસાફરીમાં મારા તરફથી તમે કહો છો તેવું વર્તન ક્યાંય





જોયું ખરું? અને એક નાજુક ટેરવાના સ્પર્શે તો મેં આપની માફી પણ માંગી હતી. સામેની વ્યક્તિની ઈચ્છા વગરનું કોઈ પણ વર્તન એ બળાત્કાર છે અને એમાં હું માનતો નથી. સમજણ આવી ત્યારથી મા સિવાય કોઈ પણ સ્ત્રી મારા જીવનમાં આવી નથી કે અન્ય સ્ત્રી સાથે સ્પર્શમુલાયમ ટહુકા વચ્ચે જીવવાની ઈચ્છા પણ થઈ નથી. જીવનમાં આટલી લંબાણ મુસાફરી અને આવો સંગાથનો પ્રસંગ આપની સાથે કદાચ પ્રથમ જ છે. ગરીબ માણસોના નસીબમાં ટ્રેઈન એક મુસાફરીનું સાધન છે અને એટલે જ મને ટ્રેઈનની મુસાફરી વધુ અનુકૂળ પડે છે. મને માણસો અને પ્રકૃતિ વધુ પ્રિય છે અને આપ તો કવયિત્રી છો એટલે મારા કરતાં પણ વધુ સમજી શકતાં હશો. આપને મારો સાથ સંગાથ ન ગમતો હોય તો હવે પછીના સ્ટેશને હું બીજા કંપાર્ટમેન્ટમાં જતો રહીશ. એક દુઃખદ ઘટના, તમારાથી છૂટા પડવાની લઈને.' ભાર્ગવે ખૂબ જ નમ્ર થઈને સ્નેહાને કહ્યું.

'આ...તો તમારી વાત નથી કરતી, બધા જ પુરુષો આમ જ કરતા હોય છે. મારા કહેવાથી આપને ખોટું લાગ્યું હોય તો માફ કરશો. પણ તમારો સહવાસ મને ગમે છે, આપ વડોદરા સુધી મારી સાથે જ મુસાફરી કરશો તો મને વધુ અનુકૂળ પડશે. સ્નેહાની આંખ જળકીલી થઈ ગઈ.'

'માફ કરી દીધાં બસ! ભાર્ગવને મનમાં તો કેટલોયે ગુસ્સો હતો, પણ કડવો ઘૂંટ પીને એ બેસી રહ્યો. તે સમજતો હતો કે,

'જીવનમાં છોડી દેવાની ભાવના રાખવી જોઈએ અને આ તો 'મળ્યાભાઈના મેળ' છે. ક્યાં જિંદગીમાં સાથે આવવાનું છે? યાત્રા જિંદગીની હોય કે ટ્રેઈનની તેમાં ખટમધુરા પ્રસંગો તો બનતા જ રહેવાના. દરેકના સ્વભાવ શું સરખા હોય છે? અને સરખા સ્વભાવવાળાંમાં પણ મતભેદો તો પડતા જ હોય છે ને!'

સ્નેહાના ખડખડાટ હાસ્યે તેની વિચારશૃં ખલાને તોડી નાખી, 'પુરુષોના મર્મસ્થાને ઘા થાય એટલે એ ગુસ્સે થઈ જ જાય છે. આ તો આખી પુરુષ જાત માટે કહું છું, વળી પાછું ખોટું ના લગાડ!'

સ્નેહાજી, આપને પુરુષો પ્રત્યે આટલી બધી નફરત કેમ છે? મારું માનવું છે કે, કોઈ પુરુષ તરફથી કોઈ કડવો અનુભવ ખરો?

'જો મને પુરુષો પ્રત્યે નફરત હોત તો મેં જ આપને મારી સાથે મુસાફરી કરવા બોલાવ્યા ન હોત! અને સંજોગોવશાત્ આપનો સામાન પણ મારા સામાન સાથે જ હતો. એટલે તમે માની શકો છો કે મને પુરુષો પ્રત્યે નફરત છે...'

'કે પ્રેમ... ખરું ને?' ભાર્ગવે વાક્ય પૂરું કરતાં કહ્યું.

'ભાર્ગવજી પ્રેમની વ્યાખ્યા તો ઘણી જ વિશાળ છે. પુરુષ અને સ્ત્રી વચ્ચે જે વાસના પૂરતો પ્રેમ હોય છે તે પ્રેમ નહીં, લગ્નમંડપની વેદીના પ્રજ્વલિત અગ્નિ સમક્ષ સાથે રહેવાના બ્રાહ્મણ





ઉદ્ગારે સાથે રહેવાના લેવાતા સોગંદ તે પ્રેમ નહીં પણ એક મેકના પૂરક બનીને, સુખદુઃખમાં જે જીવનભર સાથે રહે છે. અને એક બીજાને સમજી શકે છે, વિચારોની સાથે તાદાત્મ્યતા કેળવે છે તે જ ઉત્તમ પ્રેમ છે. પ્રેમને કોઈ ગજથી માપી શકાતો નથી. સારસ અને સારસી પ્રેમનું ઉત્તમ પ્રતીક છે. પ્રેમનું પરિબળ પણ આવું જ કાર્ય કરે છે. પ્રેમને કોઈ પરિભાષામાં બાંધી શકાતો નથી આખરે પ્રેમ શું છે? પ્રેમ એક એવું નીર્મળ ઝાકળ છે જે પ્રભાતે વરાળ બની અદશ્ય થાય છે. પ્રેમ એવું દ્રાવણ છે, જેનાં પારખાં કાતિલ ઝેર જેવાં બની રહે છે. પ્રેમ તો 'वज्रादपी कठोरानी, मृद्वनि कुसुमादपी' છે. તે પુષ્પપાંખડીઓ કરતાં પણ વધુ કોમળ અને નાજુક છે તો બીજી બાજુ વજ કરતાં પણ વધુ કઠોર છે પ્રેમ અનુભવજન્ય છે જીવનમાં તે દરેક સંબંધોમાં ફરજ અને લાગણી વચ્ચેની પાતળી રેખા છે. તે મૃગજળની માફક આપણને પાછળ ને પાછળ દોડાવી પાગલ બનાવી મૂકે છે, છતાં તેને સ્પર્શી શકાતો નથી. પ્રેમ પતિ પત્નીના સંબંધોના દેહધર્મોમાં સંભોગની સ્થિતિમાં દેખા દે છે પ્રેમ શબ્દ ઉચ્ચારવા માટે સહેલો છે, પ્રેમ તો અરસપરસના વાત્સલ્યમાંથી ફૂટતું નિર્મળ નીતર્યું ઝરણું છે. જ્યારથી ઈશ્વરે પ્રકૃતિ અને પુરુષનું સર્જન કર્યું છે ત્યારથી –

સ્ત્રી પુરુષની પ્રકૃતિનો વિનિમય દાંપત્યજીવનમાં કૂંપળ થઈને ફૂટે તો સુગંધનો દરિયો તેમના જીવનમાં છાલકો મારીને જીવનને પરિતૃપ્ત કરે છે.

ગુસ્સો, સ્નેહ, અધ્યાત્મિકતા, વિદ્વતા, ભાવુકતા અને ભાષાની બળકટતાના ભાવમિશ્રિત સ્નેહાના સ્વભાવને ભાર્ગવ સમજી શકતો ન હોતો. તે કોઈ ઊંડા વિચારમાં પડી ગયો.

‘શું વિચારમાં પડી ગયા?’

‘કંઈ જ નહીં.’

‘તો’ય?’

‘સ્નેહાજી ખોટું ન લગાડો તો કહું?’ તમને જોઈને તો કવિ થવાનું મન થઈ જાય છે. આટલી સુંદર...’

સ્નેહાએ ભાર્ગવનું વાક્ય અધૂરું રાખીને વચ્ચે જ બોલી ‘બસ...બસ હવે વખાણ કરવાનું રહેવા દો. કંઈક નજર લાગી જશે.’

‘નજર લાગે દુશ્મનને તમને શું કામ લાગે? પરંતુ સ્મૃતિ લયશી કીકીમાં જરૂર વસી જાવ. તમારી ચંચળતા, શિતળતા, નિર્મળતા, કોમળતા અને ગૌરત્વચા અને તમારી નીલવર્ણી આંખો જરૂર મનભાવન તો છે જ. કહેવાનું મન થાય કે –’

‘શું કહેવાનું મન થાય?’

‘કંઈ જ નહીં.’

‘ના, કહો...મને કંઈ જ ખોટું નહીં લાગે, આપ જે કંઈ કહેશો તેનું.’



‘કે–ભગવાને આપને નવરાશની પળો વચ્ચે ઘડ્યાં હશે.’ સ્નેહાના મનમાં હતું કે, ‘પ્રેમ કરવાનું મન થાય કે ‘મનને ગમી જાય’ પણ કંઈક ધારણા કરતાં વિરૂદ્ધ જ જવાબ મળ્યો એટલે થોડી નિરાશ પણ થઈ. તેમ છતાં ચહેરા ઉપર હાસ્ય લાવી, ભાર્ગવ પણ હસી ઊઠ્યો. બંન્ને વચ્ચે હાસ્યનાં ધોળાં સસલાં દોડવા લાગ્યાં...

સયાજીરાવ ગાયકવાડનો ત્રણ પગે ઊભેલો ઘોડો હણહણવા લાગ્યો. ત્યાં જ વડોદરા સ્ટેશન આવ્યું, અને સ્નેહા એટેચી લઈને ઊભી થઈ, ભાર્ગવ પણ તેને અનુસરીને દરવાજા આગળ આવી ઊભો રહ્યો. ગાડીએ પ્લેટફોર્મ પર પ્રવેશ કર્યો ત્યારે સ્ટેશન આળસ મરડીને બેઠું થયું. લોકોમાં જીવસંસાર થયો. દોડાદોડ શરૂ થઈ ગઈ. કુલીઓ તો ચાલુ ટ્રેઈને જ દોડી લટકી ગયા હતા. ગાડી ઊભી રહી એટલે ભાર્ગવે કુલીને પોતાનો સામાન માથે ચડાવી દીધો. સામાનમાં તો માત્ર મોટી એક બેગ, નાની એટેચી અને એક નાનો બીસ્તરો હતો.

‘સ્નેહાજી, આપને વાંધો ન હોય તો આપની એટેચી કુલીને આપી દઉં?’

‘કંઈ જ વજન નથી, બે જોડી કપડાં અને થોડા કાગળો છે. હું ઉપાડી લઈશ.’

બન્ને સ્ટેશનની બહાર નીકળ્યાં...

સ્નેહાને તેના પિતાજી અને તેની નાની બહેન સ્મિતા લેવા

માટે આવ્યાં હતાં એટલે ટિકિટકલેક્ટરના દરવાજા પાસે જ તેઓ ઊભા હતા. સ્નેહાને આવતાં જ સ્મિતા દોડી ગઇ અને સ્નેહાના હાથમાંથી એટેચી લઇ લીધી. સ્નેહાના પિતાએ તેના માથે હાથ ફેરવ્યો.

'કંઇ તકલીફ તો નહોતી પડીને?'

'ના, કોઇ જ તકલીફ પડી નહોતી. દિલ્હીથી જ આ...મી. ભાર્ગવનો સાથ મળી ગયો હતો એટલે વાતોમાં જ સમય પસાર થઇ ગયો.' ભાર્ગવ સામે આંગળી કરતાં સ્નેહાએ કહ્યું. સ્નેહાના પિતાજી ભાર્ગવની સામે જોઇને થોડું મરક્યા અને ભાર્ગવ સાથે શેઇકહેન્ડ કર્યા.

ભાર્ગવ, સ્નેહા સ્મિતા અને સ્નેહાના પિતાજી સ્ટેશનની બહાર આવ્યા. સ્નેહા અને સ્મિતા કારમાં બેસી ગયાં. સ્નેહાના પિતાજી સેલ્ફડ્રાઇવીંગ કરતા હતા. એટલે તેઓ ડ્રાઇવર સીટ ઉપર બેઠા અને કાર સ્ટાર્ટ કરી અને સ્નેહાએ ભાર્ગવની સામે હાથ ઊંચો કરી, 'આવજો' નો સંકેત કર્યો, ભાર્ગવે પણ હોઠ પર હાસ્ય લાવીને હાથ ઊંચો કરી. 'ફરી મળીશું,' નો સંકેત કર્યો.

કુલીએ ભાર્ગવનો સામાન રીક્ષામાં મૂકી દીધો. ભાર્ગવે કુલીને મજૂરીની રકમ ચૂકવી દીધી. કુલીએ પૈસા કપાળે લગાવી ખિસ્સામાં મૂકી ચાલતો થયો. ભાર્ગવ રીક્ષામાં બેઠો.

બન્નેના રસ્તા અલગ અલગ હતા, સ્નેહાને અલકાપુરી



જવાનું હતું તો ભાર્ગવને યુનિવર્સીટી કેમ્પસમાં જવાનું હતું.

સ્નેહાની કાર ચાલવા લાગી. ભાર્ગવની નજર કારની પાછળ પાછળ દોડવા લાગી, જો કારે વળાંક લીધો ન હોત તો હજીય નજર દોડ્યા કરત, એ વિચારવા લાગ્યો...

હું કેવો મુર્ખ કે વડોદરા આવ્યું ત્યાં સુધી એનું સરનામું પણ જાણી ન લીધું! તો એનેય ક્યાં મારું સરનામું માગ્યું હતું! ખરેખર, આ અજનબી યુવતીએ એના હૃદયનો કબજો લઇ લીધો હતો...

'સાહબ, કીસ ઔર લે ચલું?' રીક્ષાવાળાએ કહ્યું ન હોત તો હજી પણ ભાર્ગવને ખબર ન પડત કે તે રીક્ષામાં બેઠો છે કે ટ્રેઇનમાં. તે સ્વસ્થ થઇ ગયો.

'યુનિવર્સિટી કેમ્પસ' કહ્યું ત્યારે રીક્ષાવાળો હસતો હતો, 'સાહબ યહાંકી લડકિયાં હી કુછ ઐસી હોતી હૈ!'

'કૈસી?'

'છોડો યે બાત, લગતા હૈ આપ પહેલી દફા ઇસ શહર મેં આયે હૈ.'

'જી નહીં, પહેલે ભી કભી કભી ઇસ શહરમેં આયા કરતા થા.'

'યહાં ઇસ સ્ટેશન પર રાત કો આવારા લડકિયાંકી લાઇન

લગતી હૈ. જી ચાહે ઉસ લડકી કે સાથ આપ જા શકતે હૈં, મગર પુલિસવાલોંકા ધ્યાન રખના પડતા હૈ.'

'ઐસા ક્યું?'

'અગર પુલિસવાલોંકી નજર મેં આપ આ ગયે તો ઉનકો ભી હપ્તા દેના પડતા હૈ.'

'ઠીક હૈં છોડો ઐસી બાત.'

'ઐસા નહીં સાબ, આપ જો લડકી કે સાથે આયે થે ઐસી ભી લડકી મીલ જાતી હૈ, મગર ઉનકા ભાવ જરા જયાદા પડતા હૈ. અગર ઐસી લડકિયાં હોટલો મેં ભી મીલ જાતી હૈ.'

'મુઝે ઐસી ફાલતુ બાતેં સુનની નહીં હૈ, બંધ કરો યે બકવાસ.' ભાર્ગવે ગુસ્સામાં કહ્યું.

'ઐસા નહીં સાબ, લડકી ચીજ હી કુછ ઐસી હોતી હૈ.'

'તું ઈસકે સીવા ઔર કોઈ બાત કરેગા, યા ચૂપ મરેગા?'

'ઠીક હૈ સાબ, મગર હર યુવક લડકીકી ઝંખના કરતા હૈ, આપ ભી તો ઉસ લડકી કે સાથ આયે થે?' રીક્ષાવાળાએ વ્યંગમાં કહ્યું.

રીક્ષા હોસ્ટેલની સામે જ આવીને ઊભી રહી, ભાર્ગવે સામાન નીચે ઉતારી ભાડું ચુકવ્યું ત્યારે રીક્ષાવાળો વ્યંગભર્યું હસતો હતો.

'ઠીક હૈ સાબ.' કહી રીક્ષાવાળો જતો રહ્યો.





## પ્રકરણ : ૩

'ગુલમહોર'ની સામે જ કાર આવીને ઊભી રહી. સ્નેહાએ બંગલામાં પ્રવેશ કર્યો ત્યારે સુધાબહેન રસોડામાં હતાં. સ્નેહાને આવેલી જાણીને તેઓ નેપકીન વડે હાથ લૂછતાં લૂછતાં મુખ્ય રૂમમાં આવ્યાં.

'આવી ગઈ બેટા?'

'હા.'સ્નેહાએ પોતાની એટેચી અને પર્સ સોફા પર ફેંકતાં ટૂંકાક્ષરીમાં જ જવાબ આપ્યો.

'સારું, એ કહે કે, ઈન્ટરવ્યુ કેવો ગયો?'

'સરસ...પણ...'

'કેમ?'

'મારી ઈચ્છા નોકરી કરવાની નથી.'

'હોશિયાર છોકરીએ ઘેર રહીને શું કામ છે?' સુધાબેને નેપકીન બાજુ પર મૂકતાં મૂકતાં કહ્યું.

'હોશિયાર છું એવું કોણે કહ્યું!'

'ભણવામાં સતત ફર્સ્ટ કલાસ રહેનાર હોશિયાર જ કહેવાય!'

'તે...ભણ્યા એટલે ફર્સ્ટકલાસ આવે!'

'પણ, તું ઈન્ટરવ્યૂ તો આપી આવીને?'

'હા, કેમ શંકા છે?'

'અને જો ઈન્ટરવ્યૂ સકસેસ જાય તો!'

'તો પણ નોકરી કરવી નથી.'

સુધાબહેન અને સ્નેહા વચ્ચેની વાત ગુણવંતરાય સાંભળતા હતા. જ્યારે સ્નેહાએ બે વખત નોકરીની ના પાડી એટલે ગુણવંતરાયે ચશ્મામાંથી નજર બહાર કરતાં કહ્યું :

'જો એને નોકરી ન જ કરવી હોય તો ભલે ના કરે, આપણે ક્યાં એની કમાણી ખાવી છે, કાલે સવારે સાસરે જશે...પછી... સારું, સારું તમે મા દિકરી વાતો કરો હું સમય હશે તો બપોરે આવું છું, કદાચ બહાર જવું પડે અને રાત્રે ન અવાય તો ચિંતા ન કરતા.'

વિજાતીય આકર્ષણ હમેશાં અપવિત્ર નથી હોતું. એક સર્વ સામાન્ય મનોવૈજ્ઞાનીક નિયમ છે કે જ્યાં માતા પિતાનો સમાન સ્નેહ મળતો હોય ત્યાં માતા પિતા પ્રત્યે સમાન વહાલ ધરાવવાને બદલે પુત્ર માતા તરફ વધારે ઢળતો હોય છે. અને પુત્રી પિતાને વધુ



સ્નેહ કરતી હોય છે. સ્નેહાની બાબતમાં પણ એમ જ હતું. સુધાબહેનનો પ્રેમ ગુણવંતરાય કરતાં સ્હેજ પણ ઓછો ન હોવા છતાં તે પિતા તરફ વધુ ઢળતી હતી. ઘરમાં પ્રવેશતાં જ પહેલાં તે એમને ખોળતી અને બહાર જતાં પણ એમને જ સૌ પ્રથમ કહેતી! ગુણવંતરાય બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર હતા. ગુણવંતરાયે કાર સ્ટાર્ટ કરી.

'બાય...' કહી ગુણવંતરાયે હાથ ઊંચો કર્યો.

'બાય...'સ્નેહાએ પણ હાથ ઊંચો કરી પ્રત્યુત્તર પાઠવ્યો.

ગુણવંતરાય ગયા અને સ્નેહા બાથરૂમમાં પુરાઇ. બ્લ્યુ રંગની ઝાંયવાળી ગ્લેઝ્ડ ટાઈલ્સથી મઢેલા બાથરૂમમાં જાણે ભૂરું ભૂરું નીલમ છાયું આકાશ ઊતરી આવ્યું. ટાઈલ્સમાં વિવિધ વૃક્ષવનરાજી પથરાઇ હોય તેમ વિવિધ ડીઝાઈનની ટાઈલ્સમાંથી બાથરૂમ સજાવ્યો હતો. ડીમલાઈટના અજવાળે પથરાતા પડછાયાને એ જોવા લાગી, ત્યાં જ તેની નજર સામેના આદમકદ આયના ઉપર પડી. પ્રતિકૃતિ જોઈને જ સ્નેહા તો દંગ રહી ગઈ. તેના ચહેરા ઉપર આશ્ચર્યની લકીર ફરી વળી. આજ પહેલી જ વખત એ એના યૌવનને ખીલતું જોઈ રહી હતી. જાણે પૂર્ણ ખીલેલું મઘમઘતું સોનચંપાનું ફૂલ. આજ પહેલી જ વાર એવું લાગ્યું જાણે કે, 'રોમે રોમે મંજર ફૂટી.' એની આંખોમાં શરમની ડમરી દોડી આવી. એણે આંખો બંધ કરી દીધી અને શાવર ચાલુ કર્યું, ભૂલથી ગરમ પાણીનો કોક ખૂલી ગયો.

'ઓય...મા...'

'શું થયું?'

એ આજુબાજુ જોવા લાગી, કોનો અવાજ હશે! એ જોવા પાંપણ ઊંચી કરી તો સામેના મીરરમાં પોતે જ! એને હસવું આવી ગયું. કોઇ પુરુષનો અવાજ હોય એમ લાગ્યું. કદાચ ભાર્ગવ તો ન હોય!

'ગાંડી ભાર્ગવ પાછળ આટલી પાગલ છે તો પછી એની સાથે...રીક્ષામાં બેસી જવું હતું ને?' તેને અંતઃસ્તલમાંથી અવાજ આવ્યો.

'મમ્મી જાણે તો એને કેવું લાગે?'

'તો પછી ભાર્ગવના વિચારો જ છોડને?' આ તો મળ્યા ભાઈના મેળ તારે ક્યાં એની સાથે...'

'શટઅપ, ચીબાવલી બહુ મોંઢે ચઢી ગઇ છે?'

'સ્હેજ સ્હેજવારમાં ગુસ્સે થઇ જાય છે, બિચારા ભાર્ગવની શી દશા થશે?'

'મારે ક્યાં ભાર્ગવ સાથે...'

'હા, હા, મને ખબર છે. તેં જ તો ભાર્ગવને આમંત્રણ આપ્યું હતું, તારી સાથે બેસવાનું અને તેટલુંય ઓછું હોય તેમ, આવોને, સફરમાં સાથ ગમશે તો મનનો થાક ઊતરશે અને





મનજળ નીતર્યા નીર જેવું થઇ જશે તો થોડીક હળવાશ પણ મળશે.' એવું કહી તેં જ તો એને ચાનકે ચઢાવ્યો હતો?'

'ના બેઠો હોત તો ચાલુ ગાડીએ એ જાત કયાં?'

'ગમે ત્યાં, તારે શું?તેં જ તો એને પરાણે બેસાડ્યો હતો?'

'બેસાડ્યો એટલે આ રીતે હેરાન કરવાનું?'

'તને એ ક્યાં હેરાન કરે છે? એને તો તેં તારું સરનામુંય ક્યાં આપ્યું છે?'

'ખરેખર ભૂલ થઇ ગઇ, સરનામું આપ્યું હોત તોય ક્યારેક તો ઘરે આવત તો ખરો?'

'પણ, તારે તો એની મશ્કરી જ કરવી હતી ને?'

'મેં મશ્કરી ન કરી હોત તો એણે તો બિચારાએ...'

'લુચ્ચી, કોઇ પુરુષ કહે એટલે...'

'પણ, એ ક્યાં પારકો હતો?'

'તો, પોતાનોય ક્યાં હતો?'

'બેસ બેસ હવે, ડાહી થયા વગર...ક્યારની તો એની યાદમાં...'

સ્નેહાએ ગુસ્સે થઇને પાણીની છાલક આયના ઉપર મારી અને તેનું પ્રતિબિંબ ઝાંખું થઇ ગયું.

એની નજર બાથરૂમના બારણા તરફ ગઈ...ઉતાવળમાં તે બારણાને સ્ટોપર મારવાનું ભૂલી ગઈ હતી.

'ઓય મા...કોઈ જોઈ તો નહીં ગયું હોય ને!' તે મનોમન બબડી અને ઝડપથી બાથરૂમની સ્ટોપર મારી દીધી. ફરી પાછી નજર આયનામાં જઈ અટકી. તેનું યૌવન સોળે કળાએ ખીલેલું હતું. રોમે રોમે દીવા ઝળહળવા લાગ્યા અને સોનેરી પહાડોનાં કથ્થાઈ શૃંગો ઝળહળવા લાગ્યાં. ધીરેધીરે એનો હાથ એની ઉન્નતભ્રુ ટેકરીઓ ઉપર ફરવા લાગ્યો. હાથ એના બે ઉરોજોને અડતાં જ એક મીઠો સ્પર્શાનુભવ સ્પંદાનુભવ થયો અને કટ્ટકોરી ખીણમાં વહેવા લાગ્યાં નિર્મળ નિતર્યાં ઝરણાં અને ઝરણાંની ઝાંઝરી શ્વાસોમાં રણઝણવા લાગી, શરમના ઢગલામાં એ ખોવાઈ ગઈ. ક્યારેક એકલા એકલા શરમાવાનો અનુભવ તો દિવ્યાનંદ હોય છે. એ દિવ્યાનંદમાં સ્નેહા ડૂબવા લાગી...ડૂબવા લાગી...ડૂબ...અને જાણે કોઈ દિવ્ય સ્વપ્નું જોતી હોય તેમ કશુંક...કશુંક...અનુભવવા લાગી. ઉન્નતભુ ટેકરીઓ થરથરવા લાગી. બાથરૂમમાં તે ચત્તી સુઈ ગઈ અને ટેકરીઓ પર ફૂવારાનો વરસાદ વરસવા લાગ્યો. ટેકરીઓ વચ્ચેથી વહેતી નદી ખીણમાં થઈને ઝરમર ઝરમર વહેતા ઝરણાની જેમ વહેવા લાગી. કંઈ કેટલોય સમય પસાર થઈ ગયો.

બારણે ટકોરા પડ્યા અને તેણે વાસ્તવિક ધરતી પર પગ મૂક્યો. જાણે સ્વર્ગલોકમાંથી ઉતરી આવેલી અપ્સરા.

'સ્નેહા ક્યારની બાથરૂમમાં શું કરે છે?' સુધાબહેનનો





અવાજ હતો.

'બાથરૂમમાં નાહવા સિવાય બીજુ થાય પણ શું?' સ્નેહાના ચહેરા પર હજીયે શરમનીલાલી લીંપાઈ રહી હતી.

સુધાબહેન હસી પડ્યાં, 'ગાંડી બહાર નીકળ, મુસાફરીનો થાક લાગ્યો હોય તો થોડો આરામ કર.'

સ્નેહા કપડાં બદલીને બહાર આવી. તેણે આયના સામે વાળા ઓળ્યા અને ડાઈનીંગ ટેબલ ઉપર જઈને બેઠી. પણ મન તો તેનું ભાર્ગવમય જ હતું. ભાર્ગવની યાદે તેને શૂન્યમનસ્ક બનાવી દીધી હતી. તે વિચારવા લાગી : ઝાકળભીના પરોઢે તારા આગમનથી પાને પાન શહનાઈ થઈને ગુંજી ઊઠ્યાં. લીલી લાગણીઓના દરિયાનાં મોજાં જાણે કે વારંવાર છાલક મારી  મારીને ભીંજવી રહ્યાં હતાં. હૃદયમાં કલકલ કરતું કિલ્લોલી પરોઢ કલરવને ઓઢીને બારી પાસે કૂંડામાં ખીલતા ગુલાબના ગુલાબી રંગે રંગાઈને રંગે મને પછી તો, 'નાનીશી કેડીને અટકીને ઊગ્યાં છે મલકાતાં કંકુનાં પગલાં, કોની સવાર જેવું ઉઘડે આકાશ તૃણ ઝીલે છે ઝાકળનાં પગલાં, દીધાં તડકાનાં નીર બધે ઢોળી, અમલ પીધાં છે અમે ઘોળી.' આવું આવું ભીતરમાં કંઈક કંઈક ઝમ્યા કરે ત્યારે ભીતરનો દરિયો ઉછાળા મારે અને મોજાં પછાડો ખાય અને હોઠ પરનું મૌન ભીતરે કોલાહલે ત્યારે હું મારી જ લિપિને ઉકેલવાનો પ્રયત્ન કરું છું.

સ્નેહાનો આખો દિવસ ભાર્ગવમય રહ્યો. આજે ટી.વી.માં

આવતાં દરેક ગીત અને દરેક સિરિયલ એને ભાર્ગવની યાદ આપાવતાં હતાં. ભાર્ગવમાં એવું તે ક્યું આકર્ષણ હતું. તે એ સમજી ન શકી.

કોઇ પણ યુવતીના જીવનમાં પ્રથમ પુરુષ એનો આદમ હોય છે અને પુરુષના જીવનમાં આવતી પ્રથમ સ્ત્રી ઇવ બનીને આવે છે.

સુધાબહેન પણ સ્નેહાની પરિસ્થિતિથી વાકેફ થવા પ્રયત્ન કરતાં હતાં, પણ કંઇ જ કળી શકતાં ન હતાં, 'બેટા તારી તબિયત સારી ન હોય તો તું આરામ કર. આજે તારી તબિયત સારી હોય તેમ લાગતું નથી, કદાચ સફરનો થાક પણ લાગ્યો હોય!'

સ્નેહા રૂમનાં બારણાં બંધ કરી, પલંગમાં આડે પડખે થઇ અને તેની આંખ મીંચાઇ ગઇ. ત્યાં જ સ્વપ્નોનાં બીજનું વાવેતર આંખોની ભીનપમાં વવાય છે અને ફૂટે છે લીલીછમ્ સ્વપ્નાંની કૂંપળ. સ્વપ્નાની જવનીકા પર સ્નેહા ચત્તી પડી હતી, જાણે કવિતાની ખુલ્લી કિતાબનાં પાનાં ગુલમહોર બનીને ફરકી રહ્યાં હોય! એને વિખરાયેલા વાળ ઓશીકા ઉપરથી વહેતી કાળી નદીની જેમ લહેરાતા હતા, ઉપર ધીમે ધીમે પંખો ફરતો હતો અને એરકંડિશનરની ઠંડક રૂમમાં પથરાઇ ગઇ હતી એટલે બારીમાંથી આવતા પ્રકાશને કારણે જળઝીલ્લપશા ચમકતા હતા. જાણે કાયમય લીલા પ્રસરી રહી હતી! એના સોનલવર્ણા મુખ ઉપરની કાન્તિ પર થોડી ઝાંખપ હતી. એના હોઠ પર સવારના સૂરજઝાંયશી ગુલાબી





ટશરો ફૂટી હોય એમ લાલચોળ થઇ ગયા હતા. ટહુવર ભીંજ્યા હોઠમાંથી ધીમો ધીમો રવ પ્રસરી રહ્યો હતો. કંઠમાં રમતા શ્વાસ હૃદય નેપથ્યે દોડતા હતા. એની છાતી પરથી સરકી પડેલી સાડીમાં સાગરની લહર હતી. કેસરરંગીશૃંગ જેવી ટેકરીઓ જાણે કે સોળવરસની ઉમ્મરે છાતીમાં ઊડેલાં કબૂતરોની યાદ અપાવતાં હતાં. જળઆભાસી ચળકતી ત્વચામાં સોનચંપાની મહેક હતી. કેટથી સરકી જતી પાટલીઓમાં સાગરની લહેર હતી. વમળ લેતાં જળની જેમ નાભીની ગહેરાઇ વમળાતી હતી. શ્વાસે શ્વાસે ઉદરકમળનાં પાન અંતરિયાળ ઊંચાં નીચાં નીચાં ઊંચા થતાં હતાં. જાણે વહેતી નદીનાં લહેરાતાં વેરાતાં વહેતાં નીર! ઊભે ચોમાસે ભીંજાતી કૂંપળ બારેમાસ ચોમાસાં માગે તેમ ખીલું ખીલું થઇ રહેલી કળી જેવું અધખીલ્યું યૌવન પલંગ પર શ્વસ્યા કરતું હતું. જાણે ચાદરની ચાંદનીમાં કરચળિયાતો દરિયો ઘૂઘવ્યા કરતો હતો.

સ્વપ્નામાં સુખ નામના પ્રદેશને શોધતી ઓગળતી ભીનાશનાં મૃગજળને પીવા દોડતી મૃગલીની જેમ તે દોડી.

એના રોમે રોમે કોયલ ટહુકવા લાગી. એની આંખ પરની પાંપણો પાંખો બની ઊડવા મથી રહી છે. એની લજામણીના છોડ જેવી કાયામાં સાગરના ઉછાળની મસ્તી હતી.

મસ્તીનો દરિયો છલકાવતો જળબિંદુની છાલ્લક જેવો યુવાન ઘૂઘવતા સાગરની જેમ છલક્યો, સ્વપ્ના નામ દેશમાં. એની

પાછળ પાછળ એ દોડવા લાગી. મનડાનો મોર એના પગલે પગલે ક્યાંય સુધી ગયો. એના સરોવર જેવા મિર્મળ હૃદય પર એની છબી ઉપસી. એ એને મળવા તલસી રહી, તડપી રહી, જાણે પાણિયારેથી ઊડેલી તરસી સારસી. પણ તાજાં ફૂટેલા યૌવન કળશમાં ઊઘડેલી શરમની પાંખો એની આંખ પર છાઇ જતી. મોંએ લજ્જાનું તાળું માર્યું હતું.

ઊગતી છોકરીની છાતી જેવા નાજુક નાજુક વળોટવાળી ટેકરીઓ, એકમેકને અડીમળીને દૂર દૂર પહાડોની હારમાળામાં દોડી જતી હતી અને લીલાં લીલાં વૃક્ષો એકબીજામાં ઓગળી લીલા પ્રવાહે વહી રહ્યાં હતાં. આ કટ્ટકોરી આંખોમાં વૃક્ષોનું ખિલખિલાટ જાણે નસેનસમાં અશ્વોની હેષાઓ હડિયો કાઢીને દોડે. એની નસોમાં દોડી રહેલું લીલું લીલું લોહી તે તો સૂરજના ઝાકળભીના આયના જેવું તગતગતું સવાર અને ભૂરું ભૂરું લોહી તે તો આકાશ.

સૂર્યના ટૂકડેટૂકડા વેરાયા છે પાને પાને દર્પણ થઈને અને કેડબૂડ પાણીમાં ઊભેલા બ્રાહ્મણનું શ્વોકત્વ અટકી ગયું છે બે હોઠ વચ્ચે. સૂરજ અર્ઘ્ય અર્પતી બે હથેળી વચ્ચેથી ટપકતાં સૂરજ પાંખડીઓ. ત્યારે તડકાનાં પ્રતિબિંબો તડાક તૂટે અને મેઘરવામાં ઓગળી રહ્યું છે આખું આકાશ! ભીની ભીની જળશીકરશી યાદ ઓગળી રહી છે બરફ થઈને આંખોમાં. તડકાની પાનીએ પાનીએ મ્હેંકે અત્તર.

સામે જ આંજી દેતા જળસાગરના પટપડોળે તન્વાંગી





જળશશી શરમાતી શરમાળ કન્યાની જેમ એનાં છીછરાં જળ કાચ જેમ તૂટેને છૂટે. જળવમળની પવન લહરમાં વેરાતો સૂરજ ટૂકડે ટૂકડા થઇ જતો આંખોમાં અલ્લપ ઝલ્લપ રમત રમતો આંખે આવી બેસે.

કિનારે ઊભેલી ભેખડ ઉપર બેઠો છે એક યુવાન. એના વાંકડિયા વાળની લટો હવામાં લહેરાય છે. એની દૃષ્ટિ જળસાગરની કાચમય લીલામાં ન્હાયા કરે છે. કદાચ એમ બનતું હોય કે એના પડછાયાને પાણીમાં જોતો હોય! એનો એક હાથ વાળમાં ફરી રહે છે. તે ઊંચે જુએ છે એની નજર દૂર દૂર ક્ષિતિજની કોરી કોરી વાદળીઓમાં રમી આવે છે, પણ જ્યારે એ સાગરમાં જુએ છે ત્યારે મલકે છે અને ક્યારેક હસવાનો અભિનય પણ કરે છે. એ કાં તો જાત સાથે કે પછી પડછાયા સાથે વાતચીત કરતો હોય!

‘સ્નેહા.’

‘હં..અ...!’ અંગૂઠા વડે જમીન ખોતરતાં ખોતરતાં નીચે મોંએ જવાબ આપ્યો.

ભાર્ગવે સ્નેહાને પોતાની નજીક ખેંચી, તેની હડપચી પકડીને મોં પોતાની તરફ કરી તેની આંખો માં આંખ પરોવીને તેના રૂપને ધરાઇ ધરાઇને જોતો હોય તેવી નજરે જોતાં જોતાં તેનાં વખાણ કરતાં કરતાં કહેવા લાગ્યો :

તારું પ્રથમ સ્મિત હજીયે મારામાં ગુલાબ બનીને ખીલ્યા કરે છે. રજનીગંધા જેવી મઘમઘતી તારી અક્ષત કાયા મારા શ્વાસે

શ્વાસે ખીલ્યા કરે છે, ત્યારે મારામાં તું જળઝીલ્લપશી થઈને ક્યારે ઓગળશે તેની રાહ જોઉં છું. આંખોમાં ઘેન બનીને ચકરાયા કરે છે સ્મૃતિ તારી. તારા પદરવની રાહ જોઇ જોઇને તો કેટલીયે વાર મારી આંગળીઓ બારણાંને સ્પર્શી સ્પર્શીને અટકી ગઇ છે. તારી પગલીઓની રુમઝુમ ભરી દે છે મારા એકાંતવાસને, મારી અસહાય આંખો આગિયો બનીને તને શોધવા ઊડાઊડ કરી રહી છે. તારા અભાવને સ્મૃતિના ખરલમાં ઘૂંટ્યા કરું છું. તારો પદરવ તો વૃંદાવનની કુંજગલીમાંથી ઊડતી આવતી ધૂળની ડમરી, જાણે રમે રાધીકારાણી. તારા કુમાસભર્યા ગુલાબી ચહેરા પર પરોવાયેલ મઘમઘતા રતુંબડા અધરની પાંખડીઓ, જેમાંથી ઝરતું અમૃત, મારા ઓષ્ઠદ્વય પર થીજી જઇ, મારા મસ્તીષ્કને ઝણઝણાવી મૂકે છે, કોઇક અલૌકિક સંગીત થઇને! કટ્ટકોરા કાગળ ચહેરે તારું નામ તગતગે છે. જાણે ઝરણહરણ થઇ દોડે! પછી શ્વાસોનું આકાશ ઓઢી લઇએ એકમેકમાં ધબકતા થઇને અને પરોવી લઉં શ્વાસોચ્છવાસની માળામાં. તું ઝાંઝર થઇને રૂમઝુમતી ઉંબરને ઓળંગી આવે, ત્યારે મારા રોમેરોમે બજે બાંસુરી કૃષ્ણવદનની સાખે અને રમે રાધિકા અંગઅંગમાં સૂર મધુરા છેડી. મધમાખીના ક્યુબીકલ આવાસ જેવી તું, તારામાં મઘમઘતાં ફૂલો જેવાં સર્વ સુખ ભરી દઉં; મધઝરતાં. લાગણીતો કાચ જેવી છે, આ હવાની રેખ તોડીને આવ પ્રિયે, આવ, એકમેકમાં ઓગળી જઇએ. પ્રેમસાગરની ભરતી આવી રહી છે હૃદય તોડીને. હૃદય તોડીને કૂણાં કૂણાં



લીલાંલીલાં ઘાસની કૂંપળ ફૂટી રહી છે. ભરબપોરે જાણે સમી સાંજનો આભાસ પ્રકટી રહ્યો હોય તેમ તારામાંથી વહી રહ્યો છે મંદમંદ લહરતો લીલો લીલો પવન. અને પવન લહેરાતો મારામાંથી ઊડી રહ્યાં છે સપ્તરંગી પતંગિયાં. ત્યારે વ્યાકુળ વૃંદાવનનો એકલવાયો કૃષ્ણ મારામાં શંખનાદ કરે છે તારી સાથે મોજાં પછાડશા યુદ્ધ કરવા માટે અને જળઝીલ્લપશી છાલ્લક વાગે છે મારામાં. હું તો કિનારે ઊભેલો એકલવાયો ખડક, મને તાણી જા તારા વહેતા પ્રવાહમાં. ભલે ટૂકડે ટૂકડા થઇ જાઉં. ઓગાળી દે તારા હૃદયમાંથી વહેતા દ્રાવણમાં હું તો તૂટ્યાં ફૂટ્યા શિલ્પનો ટૂંકડો જીર્ણોદ્ધારની રાહ જોઇને ઊભો છું. તારા મનમંદિરના ઓટલાના ખૂણેથી ઉપાડીને તારા મન મંદિરના ખાલી ગોખે ગોઠવી મારામાં પ્રાણપ્રતિષ્ઠા કર. હું તો છાલ્લકનો દરિયો તારામાં ઓગળી જઇશ. આવ પ્રિયે આવ, નદી દરિયાની સંભોગલીલાને જોવાનું હવે તું છોડી દે અને ઓગળી જા મારામાં, નદીજળ દરિયામાં ઓગળે તેમ.'

ભાર્ગવ આગળને આગળ બોલત પણ સ્નેહાએ ભાર્ગવના મુખને પોતાના જમણા હાથ વડે દાબી દીધું.

'અરે...અરે...! આ શું કરે છે?'

'હું તો તારી વ્યાકુળપળની જળરાધિકાનો ઘૂંટ, ગટગટાવી જા મને, સમયની ડમરી ગગરી થઇને પલાળે તે પહેલાં. હું તો જળઝીલ્લપશી તરસી એવી કિનારાની રેત. વારે વારે પલળું તોયે

રહેતી તરસી. વરસી પડને આજ એવો તું મેઘાડંબરનો મેઘ થઈને. હું રતી થઈ ઓગળી જઈશ તારામાં, વહી જઈશ તારા ભૂજપાસમાં ભોજપત્રની ભાષા થઈને.' સ્નેહાના ચહેરા ઉપર શરમની ગુલાબી મોસમની છાલક વાગી હોય તેમ ખીલી ઊઠી.

કોઈ પ્રસંશા કરે ત્યારે ઉત્તેજનાવશ શબ્દો ક્યારેક હાથતાળી દઈ જતા હોય છે. ભાર્ગવની બાબતમાં પણ એવું જ બન્યું. શું બોલવું તે એને ન સમજાયું. એના ચહેરા પર માત્ર સ્મિત લાવી શક્યો એ. એણે સ્નેહા સામે જોયું. પૂલ પર બેઠેલા પતંગિયાની પાંખ જેમ સ્નેહાના સિક્તમૃદુ હોઠ સહેજ ફફડ્યા. પણ અવાજ ન નીકળ્યો.

સ્નેહા નહીં, પણ પોતે જ કશી લાચારી અનુભવતો હોય તેમ ભાર્ગવ એના ચહેરા સામે સતત સતત ટગર ટગર જોઈ રહ્યો. પીળા પીળા પીળચટ્ટા ફૂલની રાણી જેવી પીળચટ્ટી સાડીબ્લાઉઝમાં સ્નેહા અત્યંત લાવણ્યમય અને તન્વાંગી દેખાઈ રહી હતી. સાડીને સંકોરી એ ધીમે ડગલે ભાર્ગવની નજીક સરકી અને ભાર્ગવનું માથું તેના ખોળામાં મૂકી દીધું. અને અનિમેષ નજરે તેને તાકી રહી. તેના માથામાં હળવે હળવે આંગળીઓ ફેરવવા લાગી. ભાર્ગવ પણ સ્નેહાને ટગર ટગર તાકી રહ્યો હતો. બન્ને નજરો એકબીજા સાથે મૌન ભાષામાં વાતો કરી રહી હતી. પક્ષીઓના કલરવમાં આકાશ ઓગળી રહ્યું હતું. ધુમ્મસનો દરિયો છાલક મારતો હતો. તેવી પળે સ્નેહાને શું ય થયું કે, ભાર્ગવને બે હાથે જોરદાર ધક્કો માર્યો. તે


સાગર જળમાં પડ્યો, જોરદાર ધુબાકો થયો, થોડું પાણી ઉછળ્યું અને પછી શાંત થયું. થોડી વારે પાણીમાં બુડબુડિયા થયા પછી તો સાવ શાંત થઈ ગયું! પાણી પહેલાંની જેમ શાંત થઈ ગયું. સ્નેહાને આ શું સૂઝયું તેણે પોતાના જ પ્રિય પાત્રનો નિષ્ઠુરતાથી ભૂક્કો કરી નાંખ્યો? તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. હાથ પગ પછાડવા લાગી.

સ્નેહાને પલંગમાં આમ ફરતી જોઈને સ્મિતા દોડી આવી. તેને ઢંઢોળીને જગાડી. આંખો ચોળતી ચોળતી સ્નેહા પલંગ પર સફાળી બેઠી થઈ ગઈ અને સ્મિતાની સામે પાગલની જેમ પહોળી પહોળી આંખો કરીને જોવા લાગી પછી તે સ્મિતાને વળગી પડી અને ધ્રુસકે ને ધ્રુસકે સાચે જ રડવા લાગી.

સ્મિતાને કંઈ જ સમજ ન પડી. તેણે સ્નેહાને ખભેથી પકડીને ઢંઢોળી, 'કેમ રડે છે સ્નેહા? શું થયું! મને નહીં કહે તો કોને કહીશ? હું તો તારી નાની બહેન છું, પછી શરમ શી? તને મારી સોગંદ છે જો તારા મનની વાત મને નહીં કહે તો!'

સ્મિતાએ એક સાથે અનેક પ્રશ્નોની હારમાળા રચી દીધી. પણ સ્નેહા શું બોલે! તેણે માત્ર એટલું જ કહ્યું. 'કંઈ જ નહીં, સ્વપ્નું આવ્યું હતું.' તેણે સ્વસ્થ થઈને આંસુ લૂછી નાખ્યાં અને તે ઊભી થઈ, 'ના જરા બેસ, અને આ વાળ સરખા કરી લે. હું તારા માટે પાણી લઈ આવું છું.'

'રહેવા દે, હું બ્રશ કરી, પછી જ પાણી પીશ!'

'સ્નેહા, સ્વપ્નામાં તેં એવું તે શું જોયું? કે આમ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી?'

'સ્વપ્નાં ને તો બે પાંપણ વચ્ચે સાચવવાનાં હોય, એને પાંપણની બહાર વહેવડાવવાનાં ના હોય? જાણીને શું કરીશ? સ્વપ્નનાં કદી સાચાં પડ્યાં છે કે પડવાનાં છે?'

'સ્વપ્નાંને સાકાર તો આપણે કરવાનાં હોય છે, સ્વપ્નાં તો માત્ર સંકેત હોય છે!' સ્મિતાએ ધીમું ધીમું મરકતાં મરકતાં કહ્યું.

સ્નેહાના ચહેરા ઉપર છવાયેલા વિષાદના પારદર્શક આવરણને જોઈ સ્મિતાને થતું હતું કે આટલા ઐશ્વર્ય સંપન્ન વ્યક્તિને શું દુઃખ હશે? અને હંમેશાં વિષાદ ઓઢીને ફરવું પડે એવું ય શું હશે એના મનમાં? એના હૃદયમાં? એને થયું માણસમાં રહેલી કૂતુહલની વૃત્તિ બહુ વિચિત્ર છે. એકવાર કૂતુહલ જાગ્યા પછી સાક્ષર નિરક્ષર અને ભદ્ર અભદ્રતાના ભેદ ભૂંસાઈ જાય છે.

ત્યારે સ્નેહા વિશાળ સુશોભિત ડ્રોઈંગરૂમના મખમલી શોફા પર બેઠી બેઠી આંગળીના ટચાકા ફોડતી હતી. તેની સમક્ષ સ્મિતા પણ આવીને સામેના સોફા પર બેસી ગઈ. બારીએ ઝૂલતા લાલ રંગી મખમલી પડદામાં રેશમિયા પરોઢી આકાશની લહર દોડતી હોય તેવું લાગતું હતું. ડ્રોઈંગરૂમમાં દીવાલને અડીને ગોઠવેલા સુંદર કોતરણીથી સજ્જ મખમલી સોફા, રૂમના એક છેડા પર ખૂબસુરત ત્રણ ખુરશીઓ શિસ્તબદ્ધ પડી હતી. ખૂણામાં ઉદેપુર





શૈલીની સુંદર કોતરકામથી સુશોભિત ગોળ ટીપોય ઉપર ટ્રેડિશનલ પણ સુંદર મનહર મનભર ટેબલલેમ્પ તો બીજા ખૂણામાં સ્વપ્ન સુંદરી હાથમાં દીપક લઈને ઊભી હોય તેવો આધુનિક અને આકર્ષક ટેબલ લેમ્પ રૂમની શોભામાં વધારો કરતા હતા. સામેના ખૂણામાં કૂંડામાં શોભતો કેક્ટ્સ અને બીજા ખૂણામાં કૂંડામાં બે ફૂટનો બોન્સાઈ વડ આકર્ષિત અને મનમાં કૂતુહલ જગાડતો હતો.

દીવાલ પર મોગલશૈલીનાં અને ઉદેપુરશૈલીનાં આદમ કદ પેઈન્ટીંગ્સ રૂમની રોનક વધારતાં હતાં. રૂમના મધ્યબિંદુથી સમાંતરે બે ઝુમ્મરો સિલીંગ પર લટકતાં હતાં. એમાંનું એક બરાબર સ્નેહાની ઉપર આવેલું હતું તે અનીમેષ નજરે ઝુમ્મર સામે તાકતી જ રહી. તેમાંથી નીકળતા સપ્તરંગી રંગો સ્નેહાને સ્પર્શતા હતા, પવનની આછી લહેર ઝુમ્મર ગોળગોળ ફરતું હતું અને તેમાંથી સપ્તસૂરોનું ગુંજન લહેરાતું હતું. આ ઝુમ્મર આંખને ગમે એટલું જ નહીં તેના ધ્વનિને કારણે કાનને પણ ગમે તેવી સુંદર રચના તેમાં કરવામાં આવી હતી. સ્નેહાના હૃદયમાં ભરતીનું મોજું છાલક મારવા લાગ્યું.

ડ્રોઈંગરૂમમાં પ્રવેશતાં જ મખમલી ગાદી જેવી લાલરંગી જાજમ બીછાવેલી હતી. અને તેમાં કાશ્મીરી ભરત મનમોહક હતું. જે ગુણવંતરાયની જાહોજલાલીની સાક્ષીરૂપ હતું.

વિશાળ કબાટોની હારમાળા, કબાટો પર પક્ષીઓનું સુંદર કોતરકામ, મોટી મોટી કાચની અલમારીઓ, તેમાં જાપાનીઝ બનાવટનાં

જૂનાં કાચનાં રમકડાં, બીજી ઘણી ઘણી નકશીકામ વાળી વસ્તુઓનું ખાસ્સું સંગ્રહસ્થાન, આધુનિકતા અને પૌરાણિકતાનો સંગમ કરાવતું હતું.

રૂમે રૂમે ગેલેરીઓ, ગેલેરીઓની પાળી પર ઝાડપાનનાં કૂંડાં, કૂંડામાં અવનવા આકારનાં કકેટ્સ ખીલી રહ્યાં હતાં.

સૂવાની રૂમોમાં મહેમાનો માટેના કમરા અલગ, પૌરાણિક નકશીકામવાળા મોટા મોટા પલંગો, આરસ મઢેલાં ટેબલો, ટેબલો પર ફ્લાવરવાઝમાં સુગંધ રેલાવતાં રજનીગંધા, પારિજાતક, ગુલાબનાં પુષ્પો. રૂમમાં પીત્તળના આધુનિક છતાં પરંપરિત ટેલિફોનો અને ઈન્ટરકૉમ. આરામ કરવા માટે પિત્તળની સાંકળોમાં લટકાવેલા હિંચકા, આરામ ખુરશીઓ વૈભવમાં વધારો કરતાં હતાં.

આ બધું સ્નેહા રોજ જોતી હતી છતાં પણ તેને આજ બધું જ નવું નવું લાગતું હતું. ડ્રોઈંગરૂમના એક ખૂણામાં પ્રથમ દ્રષ્ટિએ જ ધ્યાન પર આવે તે રીતે ગોઠવેલું એકવેરિયમ હતુ. વિવિધ આકાર અને રંગની માછલીઓ એમાં ઉપર નીચે, નીચે ઉપર, આડી અવળી, ત્રાંસી સીધી સરકી રહી હતી. પાણીને ચીરતી કાપતી માછલીઓની ગતિવિધીને અમસ્તુ જ સ્નેહા જોતી રહી. ધીમે રહીને તે એકવેરિયમ પાસે બેસી ગઇ અને પોતાના હોઠ એકવેરિયમના કાચ ઉપર ટેકવી દીધા. એક ગુલાબી માછલી નજીક આવી અને તેના હોઠને ચૂમવા લાગી. કેટલોય વખત સુધી આ રમત ચાલુ રહી. પણ તેમાં તેને મઝા ન આવી. એ વિચારતી હતી કે, તે પોતે જ આજે એકવેરિયમની એક માછલી છે. તે ટિપોય ઉપર પડેલા



મેગેઝીનનાં પાનાં ઉથલાવવા લાગી. પણ તેમાંય તેનું ચિત્ત ન ચોંટ્યું. મેગેઝીનમાં તેને કંઇ જ નવીન ન લાગ્યું એ જ સામાન્ય પ્રકારનું વાંચન, અભિનેત્રીઓની અર્ધનગ્ન તસવીરો,ગોશીપ, ખોટી ખોટી મુલાકાતોના અહેવાલો વગેરે વગેરે.

સ્નેહાએ મેગેઝીનને બાજુ પર મૂક્યું. કોઇ આગંતુકની પ્રતીક્ષામાં બેઠી હોય તેમ શૂન્યમનસ્ક થઈને સામેની દીવાલ પરના મોગલ શૈલીના ચિત્રોને તાકતી બેસી રહી. આજની તેની પ્રતીક્ષા કરવી વ્યર્થ હતી. જેની તે પ્રતીક્ષા કરી રહી હતી તે વ્યક્તિ તો એક અજનબી હતી. તેને સરનામું આપવાનું ભૂલી ગઇ તેની આટલી મોટી સજા તેને ભોગવવી પડશે તે ખ્યાલ આવતાં જ તે અકળાઇ ઊઠી. તેને રૂમ છોડીને દોડી જવાનું મન થયું. હરિણીશું મન ઠેકડા ભરવા લાગ્યું. પણ દોડી દોડીને તે જાય તો ક્યાં જાય? ઝાંખાપાંખા સાંજ જેવી ભૂખરી ભૂખરી યાદ. ધુસર વેદનાના ડંખની પીડા તેના રોમેરોમે ડસવા લાગી. ત્વચા ચીરીને કંઇક બહાર આવતું હોય તેવી વેદના થવા લાગી. તે અકળાઇ ઊઠી.

તે ઊભી થઇ, બાથરૂમમાં જઇ કપડાં બદલીને બહાર આવી, ‘સ્મિતા તૈયાર થઇ જા, ચાલ મારી સાથે. આપણે જરા બહાર જઇ આવીએ.’

સ્મિતા તૈયાર થઇ.

‘સ્નેહા, જ્યારે કોઇ પણ સ્ત્રી પ્રેમમાં પડે છે ત્યારે તારા જેવા જ હાલ થાય છે.’

‘તું શા ઉપરથી કહે છે, મારામાં તેં એવું શું જોયું?’

‘જરા નીચું જો. તારા બ્લાઉઝનું ઉપરનું હુક તો ખુલ્લું છે!’ સ્મિતાએ ટકોર કરતાં કહ્યું.

સ્નેહા શરમથી નીચું જોઇ ગઇ, દોડીને બાથરૂમમાં જઇ, હુક બરાબર બંધ કરી દીધાં. એને લાગ્યું કે, શું ભાર્ગવ ઊંઘમાં સાચ્ચે જ તો નહીં આવ્યો હોય ને!

‘કેમ બહેનજી, મગજ તો ઠેકાણે છે કે પછી...’

‘દિલ્હીથી આવી ત્યારથી તેના મગજનું કંઇ ઠેકાણું નથી!’ સુધાબહેને ચશ્માના કાચ સાફ કરતાં કરતાં કહ્યું.

‘મમ્મી, તને શું થઇ ગયું છે? સવારથી મારી પાછળ પડી ગઇ છે, તારું ખસી ગયું લાગે છે, મારું તો ઠેકાણે છે.’

‘એ તો તારી હાલત જ કહી આપે છે!’

સ્નેહા અને સ્મિતા તૈયાર થઇને સાથે બહાર ફરવા નીકળ્યાં.

‘સ્મિતા, હું પ્રેમમાં પડી છું?’

‘હા, તારી હાલત અને હાવભાવ જ કહી આપે છે.’ અને પછી સ્નેહાનો હાથ પકડીને કહેવા લાગી, ‘સ્નેહા, ખરેખર તું કોના પ્રેમમાં પડી છે, કહેતો ખરી?’



‘કહું.’

‘કહે.’

‘તારા.’

‘હત્ લુચ્ચી, તેં તો મને ખરેખર ડરાવી મૂકી.’

‘સ્મિતા એક વાત કહું?’

‘કહે.’

‘મારી ઇચ્છા થઇ ગઇ છે!’

‘તે, આ જાહેર રસ્તો છે, ઘરે બાથરૂમમાં જતાં તને કોણ રોકતું હતું?’

‘એ સિવાય બીજી ઇચ્છા ન થાય!’

‘થાય, કહે શી ઇચ્છા છે, કોઇ ઠંડું પીણું પીવાની કે ફ્રૂટ ખાવાની?’

‘ના, કીસ કરવાની!’

‘ઇડિયટ, આવી શરારત રોડ વચ્ચે થતી હશે, પોલીસ જોશે તો તને અને મને બન્નેને પકડીને લઇ જશે.’

‘તું છોકરો હોત તો...’

‘પણ રસ્તા વચ્ચે સમાજવિરોધી કૃત્ય કર્યું ગણાય.’

'તારા શાસ્ત્રમાં હશે. હું તો મુક્તવિહારમાં માનું છું. જે ઈચ્છા જ્યારે થાય ત્યારે તે સંતોષવી.'

'તો લે કર.' સ્મિતાએ ગાલ ધરતાં કહ્યું.

સ્નેહાએ જોરથી સ્મિતાને બચકું ભરી લીધું.

'ઓઈ...મા, તેં આ શું કર્યું? હવે હું ઘરે શું મોં બતાવીશ, મમ્મી વહેમાશે તો?'

'કેમ!'

'કેમ તે? આ બચકું ચાડી ખાસે તો!'

'તો કહી દેવાનું કે, એક છોકરાએ બચકું ભર્યું છે.'

'તારું તો આજે ખરેખર ઠેકાણે નથી. મને લાગે છે કે તને ગાંડપણ લાગ્યું છે.' સ્મિતાએ અકળાઈ ઊઠતાં કહ્યું.

'તો ચાલ ઘરે પાછાં જતાં રહીએ.'

તેમ છતાં સ્નેહા અને સ્મિતાએ બહાર કેટલોક સમય પસાર કર્યો, પણ સ્નેહાની શરારતને કારણે સ્મિતાને લાગ્યું કે આજે સ્નેહા સાથે વધુ રહેવામાં જોખમ છે અને તે સ્નેહા સાથે ઘર તરફ પાછી વળી.

સ્મિતા અને સ્નેહા ઘરે આવ્યાં ત્યારે સુધાબહેન રસોઈ બનાવી રહ્યાં હતાં.



'મમ્મી આને આજે સાચવજે.'

'કેમ?'

'તે જોને?' એમ કહીને એણે પોતાનો ગાલ બતાવ્યો.

'અરે! આ તો બચકું ભરેલું છે!'

'તે...આ તારી લાકડીએ ભર્યું છે.'

'મમ્મી, એ ખોટું બોલે છે? મેં બચકું ભર્યું જ નથી! મેં તો જ...રા...'

'બન્ને છોકરીઓ અહીંથી જાવ, બન્ને પાગલ થઈ ગઈ છે.'

સુધાબહેન, સ્નેહા અને સ્મિતા જોરજોરથી હસી ઊઠ્યાં, આખા ઓરડામાં હાસ્યના મોજાની છાલક વાગી, ઓરડો હાસ્યધ્વનિથી લિંપાઈ ગયો.

'કેમ આટલાં બધાં ખુશમાં છો?' ગુણવંતરાય બારણામાં દાખલ થતાં જ બોલી ઊઠ્યા.

'પપ્પા તમે બહાગામ જવાના હતા ને!' સ્નેહાએ ગુણવંતરાયની નજીક આવીને કહ્યું.

'પ્રોગ્રામ પોસ્ટપોન્ડ રહ્યો.' ગુણવંતરાયે પોતાનો કોટ ઉતારતાં ઉતારતાં કહ્યું.

'સારું થયું, મને આજે એકલું એકલું લાગતું હતું. મન

કોણ જાણે કેમ ઉદાસ ઉદાસ રહ્યા કરતું હતું!'

'કેમ આમ બોલે છે? તારી મમ્મી અને સ્મિતા તો હતાં?'

'મમ્મી તો, સવારથી જ મને લડ્યા કરે છે? અને શંકાની નજરે જોયા કરે છે!'

'કેમ, તું આને લડે છે?!'

'ખરી છે! ચોરી અને ઉપરથી શિનાજોરી?'

'પપ્પા એ ખોટું બોલે છે.'

'આ સ્મિતા રહી, પૂછો એને?'

'મને શું પૂછવાનું? તારું આજનું વર્તન જ કંઈક એવું છે ને! હું કંઈ તારી વકીલ થોડી છું?' સ્મિતા સુધાબહેનનું ઉપરાણું લઈને બોલી, 'અને જુઓ પપ્પા, આજે તેણે મને ગાલે બચકું પણ ભરી લીધું છે!' સ્મિતાએ ગાલ ઉફર આંગળીથી બતાવતાં ગુણવંતરાયની નજીક આવીને કહ્યું.

'કવિઓ બધા એવા જ હોય!' ગુણવંતરાયે હસતાં હસતાં શર્ટનાં બટન ખોલતાં કહ્યું. તે દરમ્યાન સ્મિતાએ સ્નેહાને એકબાજુ લઈ જઈ કાનમાં કહ્યું, 'તું ઊંઘી ગઈ હતી ત્યારે, તારાં કપડાંનું ઠેકાણું હતું? બે વાર તો હું જાતે આવીને કપડાં ઠીક કરી ગઈ હતી.'

'એટલે કે આજ સવારથી જ તું મારો પહેરો ભરે છે?' સ્નેહાના મુખ ઉપર લજ્જાની વાદળી દોડાદોડ કરવા લાગી અને





હ્રદયમાં આનંદનાં હરણાં દોડવા લાગ્યાં.

'તે, મમ્મીને પૂછને? મમ્મીએ કેટલીએ વાર આવી આવીને બારણાં ખટખટકાવ્યાં, તો'ય તું તો ઊંઘ્યા જ કરતી હતી અને થોડી થોડી વારે કંઈક બબડતી હતી, વળી ક્યારેક ક્યારેક હોઠથી બુચકારા પણ બોલાવતી હતી.' સ્મિતાએ હસતાં હસતાં સ્નેહાના વર્તનનું વર્ણન કરી કહ્યું.

'ખરેખર!' સ્નેહાની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

'તો શું હું જૂઠ્ઠું બોલું છું?'

'એ તો સારું થયું કે તેં અંદરથી સ્ટોપર બંધ નહોતી કરી, નહીં તો દિવસોના દિવસો સુધી તું ઊંઘ્યા જ કરત!'

સ્નેહા, પોતાના જ વર્તનથી શરમાઈ ગઈ અને પોતાની નાની બ્હેનની સામે જ નીચું જોઈને અંગૂઠા વડે ટાઈલ્સ ઘસવા લાગી. આજે સ્નેહાને શું થઈ ગયું હતું તે તેને ખુદને ખબર નહોતી!

સાંજ ઢળી ગઈ હતી. ઢળતા સૂરજની લાલી ગુલમહોર પર પથરાઈ ગઈ હતી. બંગલાના કંપાઉન્ડની દીવાલની અડોઅડ મેંદીની વાડ કરવામાં આવી હતી. સુંદર અને આકર્ષક રીતે કાપવામાં આવી હતી. અને તેમાં કળાયેલા મોર, નૃત્યંતી ઢેલ, ફૂવારાની ડીઝાઈનથી કાપેલ મેંદીમાંથી જાણે હમણાં જ પાણી ઊડશે તેવો આભાસ થતો હતો. કળામય મેંદી કમાનો વાળવામાં આવી હતી. કેતકીનાં પીળાં પીળાં લાલ છાંટવાળાં પુષ્પો જાણે પ્રથમ વખત

રજસ્વલા થયેલી ષોડશી જેવાં લાગતાં હતાં. આખું દશ્ય જાણે રોનકદાર લાગતું હતું. રજનીગંધાના સફેદ મુલાયમ પુષ્પોની મહેંકથી વાતાવરણ માદકતાથી ઝૂમતું હતું. વાડની નજીક ચોક્કસ અંતરે સરુ અને યુકેલિપ્ટ્સનાં ઊંચા ઊંચા વૃક્ષો હવા સાથે વાતો કરતાં હોય તેમ એકમેકને અડીમળીને ડોલતાં હતાં. એકબીજાની ડાળીઓ શેઈકહેન્ડ કરતી હતી, ઊંચા પેન્ડયુલાની ટોચ પર ફૂટતાં પાંદડાં પર ઢળતા સૂરજનો આછો પ્રકાશ કાચમય પ્રકાશતો હતો.

બંગલાના કંપાઉન્ડના બગીચામાં શિરીષ, ગુલમહોર અને બોરસલ્લીનાં વૃક્ષો લીલી લીલી તાજપ લહેરાવતાં હતાં. ગુલમહોરનું વૃક્ષ લાલચટક ફૂલનાં ઝૂમમાંથી લચી પડ્યું હતું, એક ખૂણામાં બોગનવેલની સફેદ ગુલાબી પાંદડીઓ વચ્ચે કાચંડો એની ગુલાબછાયી ગરદન ફૂલાવી બેઠો હતો. પતંગિયાં સપ્તરંગી વાઘા પહોરી ઊડાઊડ કરે છે.

સુંદર બગીચાની હરિયાળી લોન પગને ઠંડક અને આંખોને આરામ આપતી હતી. ત્યારે હૃદય પરિપ્લાવીત થઈ જતું હતું. બગીચામાં એક તરફ કાષ્ટ કોતરકામથી શોભતા રળિયામણા, સુંદર હિંચકામાં જડાયેલી ઘુઘરીઓનો રવ જાણે ગોરજટાણે ઘર તરફ જતી ગાયોની ઘુઘરીઓનો માદક રણકાર જેવો આવતો હતો. તેની પર શુભ્રશ્વેત કોમળ કોમળ સ્પર્શ મુલાયમ ટહુકા લેતું યૌવન હિંચકા લેતું હિંચી રહ્યું હતું. જાણે સોનપરીની માદક માદક મોહક



મોહક મદઝરતી સુગંધ લહરે લહેરતી હોય તેમ ઝૂલી રહી હતી. સાડીની પાટલીઓની લહેર જાણે રમત રમતી નદીજળ લહરની નૃત્યંતી ઠેક.

ઓસરીનાં પગથિયાં પાસે વાંસનો મંડપ બનાવી જૂઈની વેલને આધાર આપવામાં આવ્યો હતો. ચારે તરફ વાતાવરણ મહેંકી ઊઠ્યું હતું. સ્નેહાના માથા પર જૂઈની મૃદુ શાખાઓનો આછેરો સ્પર્શ થયો, એને એ ગમ્યું.

રોજ સાંજે 'ગુલમહોર' ના કમ્પાઉન્ડમાં હરિયાળી લોનમાં બેસવાનો એક નિત્યક્રમ થઇ ગયો હતો. નોકરે ચાર ઈઝીચેઅર મૂકી હતી. સ્નેહા રોજ કરતાં આજે વહેલી જઈને હિંચકા પર ઝૂલતી હતી.

'સ્નેહા, કેમ આજે વહેલી વહેલી?'

'બસ, એમ જ!'

'કોઈ કવિતા સ્ફૂરી કે શું?'

'આ જિંદગી જ એક કવિતા છે પછી કવિતા સ્ફૂરવાનો સવાલ જ ક્યાં છે?' સ્નેહાએ આકાશ તરફ નજર રાખીને અન્યમનસ્ક કોઈના વિચારોમાં ઓળઘોળ હોય તેવો ભાવ ચહેરા ઉપર લાવીને કહ્યું.

'ચાલને મમ્મી પપ્પા બેઠા છે ત્યાં જઈને બેસીએ?'

'ચાલો ત્યારે...તોડી ગપસપ કરી લઈએ.'

'આ તમારી દીકરી, કવિતામાં કદાચ ગાંડી થઈ જશે તો એને કારેલીબાગ ભેગી કરવી પડશે!' સુધાબહેને સોપારી કાપતાં કાપતાં કહ્યું.

'એટલે એમ કે કારેલીબાગમાં બધા ગાંડા વસે છે?' સ્નેહાએ ખુરશીમાં બેસતાં બેસતાં કહ્યું.

'ના, ત્યાં મેન્ટલ હોસ્પિટલ છે. એ તો તને ખબર છે જ ને?' સ્મિતાએ પણ હસતાં હસતાં પોતાનું સ્થાન લેતાં લેતાં કહ્યું.

'ગાંડા માણસોને એની ખબર ન હોય. આપણે તેને ત્યાં દાખલ કરીએ ત્યારે જ તેને ખબર પડે.' સુધાબહેને સોપારી આપતાં કહ્યું.

'જો સ્નેહા, તારી મમ્મી તારી પર આક્ષેપ કરે છે!' ગુણવંતરાયે હળવાશથી સ્નેહાની મશ્કરી કરતા હોય તેવા અવાજે કહ્યું.

'એને તો ટેવ પડી ગઈ છે, હું તેને કવિતા બતાવું તો કહે કે, 'ક્યા રાગમાં લખી છે? સાવ ઑર્થોડોક્સ!'

આમ એકબીજાની મશ્કરી કરતાં કરતાં વાતો કરતાં હતાં ત્યાં જ ગાર્ડનની બહાર દરવાજો ખખડવાના અવાજથી ચારેની નજર તે તરફ ગઈ. કોઈ આગંતુક યુવાનનો પ્રવેશ થયો.





## પ્રકરણ : ૪

આગંતુકને જોતાં જ જાણે સ્નેહાના ખોળામાં પારિજાતકનાં પુષ્પોનો ઢગલો પથરાઈ ગયો. એના રોમે રોમે સુગંધી દરિયો છાલક મારવા લાગ્યો. અને ટેરવાં સ્પર્શ નામની નદી થઈને દોડવા લાગ્યાં. હૃદયમાં ભરતીનાં મોજાં ઉછળવા લાગ્યાં. એના મનકિનારાને ભીનપની જળશિકરો ભીંજવતી હતી. તેના હૃદયમાં કંઈક ધોધમાર વહી રહ્યું હોય તેવું તે અનુભવવા લાગી. તેને હૃદયમાં જાણે ઘોડા હણહણવા લાગ્યા. મનની હેષાઓની લગામ તેના કાબુમાં રહી નહોતી. તેને દોડી જવું હતું. આવનાર આગંતુકને વળગી પડવું હતું. પણ તે તેમ ન કરી શકી. કાચબા જેવા મનની સ્થિતિએ તેની બધી જ લાગણીઓને સંકેલી લીધી હતી. આગંતુક બીજો કોઈ જ નહોતો એ ભાર્ગવ હતો. કેટલીયે ક્ષણોથી પ્રતીક્ષા કરતી આંખોમાં શ્રાવણ જળનાં ઝળઝળિયાં તગતગવા લાગ્યાં.

ભાર્ગવને પણ સ્નેહાને જોતાં જ મનમાં થયા કરતું, ભલે આવતી કાલે વરસાદ વરસે પણ હું તો આજે જ ભીંજાઈ રહ્યો છું. મનનું ગોરંભાતું આકાશ વરસી ના શક્યું. તેના પગમાં ગતિ આવી. સ્હેજ દોડ્યો પણ ખરો, પછી તેને કંઈક યાદ આવ્યું હોય તેમ તરત

જ અટકી ગયો. તેને પગમાં જાણે મણમણની સાંકળોની બેડી બંધાઈ ગઈ હોય તેમ તેને લાગ્યું. ભાર્ગવને થતું કે કોની શોધમાં આવ્યો હતો અને કોણ મળી ગયું?

એકબીજાનાં હૃદય ધડકતાં હોવા છતાં સ્નેહા–ભાર્ગવને લાગતું હતું કે, તેમના હૃદયની ધડકન જાણે થડકારો ચૂકી ગઈ છે તેમની નશોમાં વહેતું લોહી જાણે ઠરી ગયું છે. શબ્દોના દ્વારે જાણે તાળું વસાઈ ગયું! ગળામાં કંઈક ભરાઈ ગયું હોય અને ગભરામણ થાય, જીવવા જેવી હાલકડોલક પરિસ્થિતિ બન્ને અનુભવવા લાગ્યાં. બન્નેના હૃદયમાં કલરવનું ટોળું દોડી આવ્યું અને પગમાં હરણાંશી દોડ. મનની ચોપાટ ઉપર એકમેકની આંખ સોગઠાંબાજી રમવા લાગી. તો એકબીજાનાં હૃદય આંબલી–પીપળીની રમત રમવા લાગ્યાં. પરંતુ બંન્નેની આંખો પર જાણે બરફના શ્વેત કપડાની પટ્ટી બંધાઈ હતી અને મોં ઉપર કાચમય મૌન પથરાઈ ગયું હતું. શું બોલવું? શબ્દો જાણે લાંબી મુસાફરીએ જતા રહ્યા હોય તેમ કંઠ લગોલગથી હોઠ લગોલગ આવતા જ નહોતા. તીવ્ર તરંગિત સ્પર્શ તરસના શબ્દો અઢળક વ્યોમાનંદને તરસે. એકમેકનું સ્મરણ, ગોરંભાતું ગગન જાણે રોમેરોમે સુવાસિત થઈને જાણે સોળ વરસની સુગંધ ઝરવા લાગી અને ઈચ્છાઓ તો મનનું આભ.

બન્નેને લાગે છે કે, એકબીજાની આંખમાં કંઈક જીવવા જેવી ક્ષણ નીતરતો ઘૂઘવતો દરિયો ઘૂઘવ્યા કરે છે. દર્પણ સામે યુદ્ધ



કર્યા જેવી ઘટના આવીને ઊભી રહી, ભાર્ગવ સ્નેહા સામે અને સ્નેહા ભાર્ગવ સામે તાકતાં જ રહ્યાં. બન્નેની ક્ષણો માળો શોધવા લાગી ત્યારે ક્ષણો તો જાણે થીજેલો બરફ અને થીજેલો બરફ સૂરજને ઝંખ્યા કરે, જાણે ચાતક ઝંખે વરસાદને કે વરસાદ ઝંખે ચાતકને?

''તરસ્યારે જળની ઝરમર વાદળી,
ભીની રે રેતીમાં તરફડ થાય!
કહો રિ સાજન કહો મીં કિ કરું?
અવ હૃદય ઝલમલ થાય.''

આવી આવી લાગણીઓનાં વહેણવળોટ એકમેકના હૃદયમાં છાલકો મારવા લાગ્યાં. જાણે –

'માછલીની આંખમાં દરિયો રમે,
કે પછી દરિયાની આંખમાં માછલી?'

આમ એકમેકના હૃદયમાં ભરતીનાં મોજાં ઊછળી ઊછળીને મનકિનારાને ભીનો કરી પાછાં વળી જાય અને સુક્કીભઠ્ઠ મનડાળીને જાણે કૂંપળ ફૂટે તેવું સામસામે થવા લાગ્યું! જાણે ભીની ભીની ત્વચામાં રંગબેરંગી સપ્તરંગી પતંગિયાં ઊડવા લાગ્યાં.

ભાર્ગવ અજાણ્યો ચહેરો લઈને જાણીતા ચહેરામાં પ્રવેશ્યો. ગુણવંતરાય, સ્નેહા, સ્મિતા અને સુધાબહેન બેઠાં હતાં. સ્નેહાને

જોતાં જ તે વિચારવા લાગ્યો કે ગુણવંતરાયનું જ આ મકાન હશે કે પછી જાણીતા ચહેરાની સામે અજાણી જગ્યાએ આવી પહોંચ્યો હશે?! તેણે તેના મનનું સમાધાન થયું. આમ તો સ્નેહાને જોતાં જ ભાર્ગવને મનમાં થયું હતું કે હવે ગુણવંતરાયનું મકાન ન મળે તો પણ વાંધો નથી. જેને તે ઝંખતો હતો તે તો સામે જ હતી.

ભાર્ગવ ધીમે ડગલે, શિસ્તબદ્ધ ચાલે આગળ વધ્યો, ગુણવંતરાય અને તેની દૃષ્ટિ મળી, ગુણવંતરાયે આ આગંતુક યુવકને હોઠ પર મૃદુ હાસ્ય અને નિર્મળ દૃષ્ટિથી આવકાર્યો. ભાર્ગવ, બધાં બેઠાં હતાં ત્યાં નજીક ગયો. નોકરે આવીને એક ઈઝીચેઅર મૂકી, તે પર ભાર્ગવ બેઠો અને સ્નેહા, સ્મિતા ઊભી થઈને રૂમમાં ગઈ.

સ્નેહાના પિતાને રાજાશાહી સૂટમાં સજ્જ અને સ્નેહાની મમ્મીને કીમતી બનારસી સાડીમાં જોઈને ભાર્ગવના મનમાં થવું કે, બંન્ને 'made for each other' લાગે છે, પરંતુ પરિચય પૂર્વે ગુસ્તાખી કરતાં પોતાની ઉપર તેણે કાબૂ મેળવી લીધો. સામે જ ટ્રીપોય ઉપર પડેલા 'ઇન્ડિયા યુ ડે' ઊઠાવીને તે વાંચવા લાગ્યો. સુધાબહેન ઊભાં થઈને રસોડામાં ગયાં.

સાઠ વર્ષની ઉંમરે પણ ગુણવંતરાયનું શરીર સૌષ્ઠવ જળવાયું હતું. હમેશા કંઈક ને કંઈક પ્રવૃત્તિ કરવાની ધગશે તેમને સ્વસ્થ રાખ્યા હતા. તેમનું શરીર કસાયેલું હતું. તેમની ઉંમર કરતાં પણ તે દસ વર્ષ નાના લાગતા હતા. આંખો પરના ચશ્મા અને માથાના સફેદ વાળ તેમની ઉંમરની ચાડી ખાતા હતા. તેમનો ચહેરો



જરા લાંબો, નાક તીણું, આંખો મોટી, ઊંચું શરીર અને ગૌર તામ્રવર્ણ ચહેરા પર વારેવારે દોડી આવતું મૃદુ હાસ્ય તેમની નાગર તરીકેની છાપ ઊભી કરતાં હતાં.

સુધાબહેન પણ એટલાં જ ગૌરવર્ણના હતાં. તેમની ઉંમર પચાસેક વર્ષની હતી. શરીર દુબળું પાતળું હતું. ચહેરા ઉપરની રતાશ અને હરિણીશી આંખો, તીણું તલવારની ટોચ જેવું નાક, પમરા પમરા હોઠ પર આ ઉંમરે પણ ગુલાબની પાંદડી જેવી ગુલાબી ગુલાબી ઝાંય વર્તાતી હતી. નાજુક અને નમણું શરીર કોઈ નૃત્યાંગના જેવું લાગતું હતું. સ્વર્ગની કિન્નરી કરતાં પણ અધિક અદ્ભૂત ગૌરત્વચામાં લાવણ્યમય નાજુક નાજુક શરીર લાગતું હતું. તેમની આંખોમાં સાગરનાં મોજાની લહર દોડતી હતી. કપાળે કુમકુમ ચાંલ્લો શોભતો હતો, કાને સાચાં મોતીનાં એરીંગ અને નાકમાં સોનેરી ચૂની, હાથકાંડે સોનાનાં મોતી ભરેલ કંગન, આ બધું જોઈને એવું લાગે કે, યુવાવસ્થાએ તેઓ ચિત્રમાં દોરેલી કોઈ રાજકુમારી જેવાં સુંદર હશે, ચૂંટી ખણીએ તો લોહીની ટસરો ફૂટી આવે તેવા નાજુક શરીરસૌષ્ઠવથી સુધાબહેન વધુ સુંદર લાગતાં હતાં. ઘડીભર સ્નેહા સુધાબેનનું comperision કરવાનું મન થાય.

'બોલો, કોનું કામ છે?'

'ગુણવંતરાય આપ જ?'

'હા, બોલો શું કામ છે?'

''હું આપને અગાઉ વડોદરા સ્ટેશન પર મળી ચૂક્યો છું. આપની દીકરીની સાથે. દિલ્હીથી આવ્યો ત્યારે સ્ટેશન પર આપ સ્નેહાજીને receive કરવા માટે આવ્યા હતા.' ભાર્ગવનું ધ્યાન 'India to day' માં પ્રકટ થયેલ 'અમદાવાદના આતંકવાદ' લેખમાં હતું. 'દિલ્હી સ્થિત આપના મિત્ર સેવંતીલાલ મહેતાનો હું મોટો દીકરો ભાર્ગવ.'

'ઓ...હો! બેટા ભાર્ગવ! ઘણો જ આનંદ થયો તને જોઈને. નાનો હતો ત્યારે તને જોયો હતો. તું દિલ્હીથી સ્નેહાની સાથે આવ્યો અને તેં તારી ઓળખ પણ ન આપી?!' ગુણવંતરાયે આનંદના અતિરેકમાં હોઠ પર હાસ્ય લાવતાં કહ્યું.

ભાર્ગવને કહેવાનું મન થઇ ગયું કે, 'ઓળખ તો એકમેકના હૃદયે આપી દીધી હતી, પછી આ સ્થૂળ શરીરની ઓળખનું શું કામ?' પરંતુ તે તેમ બોલી ન શક્યો અને બોલ્યો ત્યારે એટલું જ કે, 'વડોદરા ઊતર્યા ત્યારે આપને જોઈને હું સ્નેહાજીને મારી ઓળખ આપવાનું ભૂલી ગયો હતો!'

'વડોદરા કેમ આવવું થયું? ધંધા માટે? કે પછી ખાલી ખાલી ફરવા માટે?' અને ગુણવંતરાય અતીતમાં ખોવાઈ ગયા.

કેટલાંક વર્ષો પહેલાં ખભા પર ખાલી ટુવાલ, હાથમાં મેજર ટેપ, ઓળંબો, ઓજારો સાથે વડોદરાના સ્ટેશને તે ઊતર્યા હતા. વડોદરામાં રાજમહેલ જેવાં મકાનોનો જમાનો વહી ગયો



હતો, સર સયાજીરાવ ગાયકવાડનું રાજ્ય ગયું ત્યારથી. અત્યારે તો જૂનાં મકાનોને તોડીને મલ્ટી સ્ટોરીડ, સ્કાયસ્ક્રેપર મકાનો અને મોલ બાંધવાનો જમાનો આવી ગયો છે. વડોદરા આવીને કંઇ કેટલાય દિવસ ભૂખ્યા રહેવાના પણ પ્રસંગો બન્યા હતા. કંઇક વાર નોકરીની શોધમાં બીજા કડિયા મજૂરો સાથે તે રખડ્યા હતા અને નોકરી ન મળતાં હતાશ થયા હતા. ઈંટો બનાવવાના ભટ્ટા માટે અને પત્થર તોડવાનું કામ મેળવવા માટે પણ તેમણે દોડધામ કરી હતી. કડિયાનું કામ ન મળવાથી તેઓ અડધી મજૂરીએ મજૂરોની જેમ ઈંટો ઉપાડી લાવવાનું કામ કરતાં જરા પણ અચકાતા ન હતા. તે વખતે જેઓ મજૂરી કરવામાં શરમ અનુભવતા હતા, તેઓ આજે ઝૂંપડપટ્ટીમાં પોતાના ઝૂંપડામાં રહે છે. જ્યારે ગુણવંતરાય મહેનત, ધગશ અને કૌશલ્યથી આજે મોટા બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર બની ગયા છે. જે વૈભવથી તેમની આંખો અંજાઇ ગઇ હતી, તે આજે તેમના પગમાં આળોટતો હતો.

'મિલનો વહીવટ તો પિતાજી પોતે જ સંભાળે છે,એટલે ધંધાનો બોજો મારા પર નાંખ્યો નથી, પણ વધુ અભ્યાસ માટે અહીંની મહારાજા સાયાજીરાવ યુનિવર્સિટીમાં દાખલ થયેલ છું.'

'રહેવાનું ક્યાં રાખ્યું છે? કોઇ તકલીફ હોય તો અહીં જ રહેજે? હું સેવંતીલાલને ફોન કરીને કહી દઉં છું.'

'રહેવાની વ્યવસ્થા તો થઇ ગઇ છે. યુનિવર્સિટી કેમ્પસના 'મહર્ષિ અરવિંદ હોલમાં,' યુનિવર્સિટી તરફથી વ્યવસ્થા સારી

કરવામાં આવી છે, એટલે ચિંતા નથી. પરંતુ પિતાજીએ આપને મળવા જણાવ્યું હતું. આજે થોડો સમય હતો અને રવિવાર હતો એટલે આપને મળવા આવ્યો, પછીથી તો વાંચવાનું અને કૉલેજ અભ્યાસના ગળાબૂડ કામમાં કદાચ મળાય કે ન મળાય!' ભાર્ગવે નીચે દૃષ્ટિ રાખીને જ જવાબ આપ્યો.

'સ્નેહા અને સ્મિતા પણ કૉલેજમાં અભ્યાસ કરે છે. સ્નેહા, એમ.એ.ના છેલ્લા વર્ષમાં છે અને સ્મિતા એમ.એ.ના પ્રથમ વર્ષમા છે.' ગુણવંતરાયે સ્પષ્ટતા કરતાં કહ્યું. 'સારું હવે તારે ક્યારેક ક્યારેક આવતા રહેવું. હવે આ ઘર તારું જ છે, એમ સમજીને!'

ભાર્ગવ, સ્નેહા અને સુધાબહેન વચ્ચેની સામ્યતા સરખાવવા લાગ્યો. સ્નેહાનો ચહેરો તેની મમ્મી સુધાબહેનને હૂબહૂ મળતો આવતો હતો. લાંબૂ તીણું નાક, મોટું કપાળ, સ્વપ્નલોકમાં વિચરતી હોય એવી આંખો, ગૌર આરસમઢી સફેદ ત્વચા અને ગુલાબી ઝાંયવાળો ગૌર ચહેરો, રક્તવર્ણા હોઠ જાણે હમણાં જ લોહી દોડી બહાર આવશે, તેવી ભ્રમણા ઊભી કરતા હતા. કોઈ રાજકુમારી કરતાં પણ વિશેષ શરીરવૈભવ તેનામાં હતો. હસતી તો જાણે છલકતું સરોવર!

ભાર્ગવના હૃદયમાંથી ચકલાં ઊડવા લાગ્યાં. તે સંયમપૂર્વક એક એક શબ્દ ગોઠવી ગોઠવીને બોલતો હતો. શરમની લાલી તેના મોં પર પથરાઈ ગઈ હતી. તેની ક્ષણો ચણ ચણવા લાગી હતી.





તખલું લઈને માળો શોધવા નીકળેલા પક્ષી જેવી તેની સ્થિતિ થઈ ગઈ હતી.

'સારું તમે બધાં બેસો, મારે અને સુધાને જરા શહેરમાં કામ છે, એટલે જવું છે. સુધા, આ ભાર્ગવ આપણા પેલા સેવંતીલાલ ખરાને? તેમનો મોટો પુત્ર!' સુધાબહેનને ઉદ્દેશીને ગુણવંતરાય ઊભા થતાં થતાં બોલ્યા, 'ભાર્ગવ, આજનો દિવસ તું અહીં જ રોકાઈ જા. સાંજ સુધીમાં તો અમે આવી જઈશું. સ્નેહા અને સ્મિતાની કંપની તને ગમશે જ અને સ્નેહાને તો તું અગાઉ મળી ચૂક્યો છું, એટલે તને અજાણ્યું અને અભાવ જેવું પણ નહીં લાગે!' સ્નેહા હમણાં જ આવશે, તું બેસ!'

'ના, મારે પણ રૂમ ઉપર જવું છે, ત્યાં થોડું વ્યવસ્થિત કરીને ફરી ક્યારેક આપને મળવા માટે આવીશ.' એમ કહીને ભાર્ગવ ઊભો થતો હતો. ત્યાં જ...

ભાર્ગવનું આ વાક્ય સાંભળતાં જ સ્નેહાનું હૃદય એક થડકો ચૂકી ગયું અને સ્નેહાએ બગીચામાં આવતાં આવતાં જ કહ્યું, 'અરે! ચ્હા નાસ્તો કર્યા વગર જ જવું છે?'

ભાર્ગવે સ્નેહા સામે જોતાં જ મૌન સંમતિ આપી દીધી, ગુણવંતરાય, સુધાબહેન પણ ઊઠીને ગયાં. સ્નેહા અને ભાર્ગવ બંન્ને બગીચામાં ઈઝીચેરમાં બેઠાં હતાં ત્યાં નોકર ચ્હાની ટ્રે લઈને આવ્યો. ટ્રેને ટેબલ ઉપર મૂકીને ચાલવા લાગ્યો. ત્યાં જ સ્નેહાએ

કહ્યું, 'ઊભો રહે!' ભાર્ગવની સામે જોઇને બોલી, 'ભાર્ગવજી નાસ્તામાં શું લેશો?'

'બિસ્કીટ ચાલશે, સવાર સવારમાં તે અનૂકૂળ રહેશે.'

નોકર આ સાંભળીને ચાલતો થયો અને એક ટ્રેમાં બિસ્કીટ લઇને આવ્યો. ટ્રેને ટેબલ પર મૂકીને જતો રહ્યો, 'ભાર્ગવજી આપને મીઠી કે કમસક્કર?'

'તમારા હાથની બનાવેલી ચ્હા પીવી મને ગમશે.'

'એટલે કે, એક કે બે ચમચી?'

'ચ્હા ગમે તેવી હોય પણ બનાવનારની કળા ઉપર આધાર રાખે છે અને જ્યારથી ટ્રેઇનના કમ્પાર્ટમેન્ટમાં તમારા હાથની બનાવેલી ચ્હા પીધી છે ત્યારથી...'

'કેમ અટકી ગયા?'

'કંઇ જ નહીં, એ ક્ષણોને યાદ પણ ક્યાં સુધી કરવી?'

'યાદ એવો જખમ છે કે એ જખમ ક્યારેય મટતો નથી. અને તેની ઉપર ભીંગડાં વળ્યા જ કરે છે, ભીંગડું ઉખેડીએ તો તેમાંથી વેદના જન્મે છે. આમ જખમ તો તાજો ને તાજો જ રહ્યા કરે છે.' સ્નેહાએ ભાર્ગવની નજરની પેલે પાર જઇને તિક્ષ્ણ નજરે બોલી અને ચ્હા બનાવવા લાગી. એક કપ ભાર્ગવને આપ્યો અને એક કપ તેણે લીધો. ભાર્ગવે એક નજર સ્નેહાની નજર સામે કરતાં કહ્યું,



'સ્નેહાજી, દિલ્હીથી વડોદરા જેટલી લાંબી સફરમાં સાથે રહ્યા, વાતો કરી, સાથે જમ્યાં પણ તમે તમારું સરનામું પણ ન આપ્યું?'

'જરા ડાયરીના પ્રથમ પેજ પર નજર કરી હોત તો પણ સરનામું તો મળી જ રહેત!'

'જરા આપ ડાયરીનું પ્રથમ પેજ જુઓ પછી મને કહો!'

સ્નેહા ઊભી થઇ ડાયરી લઇને આવી અને ભાર્ગવના હાથમાં મૂકતાં કહ્યું.

'લ્યો, મહાશય આપ જ જોઇ લ્યો, સરનામું છે કે નહીં?'

'નહીં આપ જ જોઇ લ્યો ને?'

સ્નેહાએ ડાયરી ખોલી તો પ્રથમ પેજ ઉપર માત્ર પોતાનું નામ હતું, સરનામું નહોતું!

'છોકરીઓ આમેય હોશિયાર તો હોય જ છે, કદાચ સરનામું વાંચીને યુવકો મળવા આવે એટલે જ સિફ્તપૂર્વક માત્ર નામ જ ડાયરી ઉપર લખતી હોય છે.'

ફરી પાછો મૌનનો દરિયો બન્ને વચ્ચે હિલ્લોળા લેવા લાગ્યો. લાગણીની કમળપાંખડીઓ ધીમે ધીમે ખૂલવા લાગી. વેદનાને દયા આવી હોય તેમ બંધ શ્વાસોના દરવાજા ઊઘડવા લાગ્યા અને આંખમાં આંજેલી યાદ ધીમે ધીમે ઓગળવા લાગી. સ્નેહા પોતાના જ પડછાયા સામે જોવા લાગી, સ્મરણ સાંન્નિધ્યના

એકાંતમાં પડછાયા જાણે ઝળહળવા લાગ્યા! હિમસમા અસ્તિત્વ સામે બે પડછાયા એકમેકની સામે તાકી રહ્યા હતા. યાદનો દીવો જળહળવાની રાહ જોઈ રહ્યો હતો. તે વિચારતી હતી કે, બે કિનારા જેવાં આપણે કેટલાં પાસે છતાં કેટલાં દૂર...જળનો સ્પર્શ પળેપળનો છતાં કાંઠાની રેતી જેવાં કોરાં તે કોરાં જ!

‘તમે લોકો તો વાદળ જેવાં છો, હવાની સાથે આવ્યાં, થોડીક વાર આકાશ પર છવાઈ રહ્યાં, વરસ્યાં અને ક્યાં દૂર દૂર નીકળી ગયાં. અમે મેદાનો જેવા છીએ. પોતાની જગ્યા ઉપર સ્થિર અને એમને ખબર છે કે જનારા ફરી પાછા આવતા નથી.’ ભાર્ગવે સ્નેહા તરફ સ્હેજ ઢળતાં, સ્નેહાની ખુરશીનો હાથો પકડતાં કહ્યું.

‘તો અમે પણ નદી જેવાં છીએ, નહીં કે વાદળ જેવાં, નદી દરિયાને મળે પછી તેનામાં ભળી જાય છે, દરિયાને મળ્યા પછી નદી પોતાની રહેતી નથી. દરિયાજલ થઈ દરિયાની થઈને રહે છે.’ સ્નેહાએ ભાર્ગવની નજર સામે નજર કરતાં કહ્યું.

‘સ્નેહાજી, તમે તો મને જીવવાની ક્ષણો આપી છે. બે સમુદ્રો વચ્ચે આકાશ હશે તો ચાલશે, પણ બે કિનારા જેવું અંતર તો કદી નથી જોઈતું. મારે યાદની મરુ ભૂમિમાં રખડવું નથી. ખાલીપાની વેદનાની ચીસો પાડવી નથી. હું તો રેતીને દરિયો બનીને આલિંગું.’

‘ભાર્ગવજી, ભીની રેતીને દરિયો આલિંગીને તુરત જ પાછો વળી જાય છે, એવા આલિંગનથી તો રેતી કોરી ને કોરી જ રહે છે!’





ભાર્ગવને થયું કે, ‘પાદર આવી પાછા વળવું પડે અને ભરચક ખાલીપામાં સરવું પડે તેવી દશા મારી થઈ છે.’ શું જવાબ આપવો તે વિચારવા લાગ્યો.

‘શું વિચારવા લાગ્યા?’

‘કંઈ જ નહીં, પણ દરિયો તો સતત રેતીને ભીની કરતો આલિંગે છે. એ રેતીથી ક્યારેય, ક્ષણ પૂરતો પણ દૂર થતો નથી. ભીની રેતીમાં દરિયો હોય કે નહીં? તમે જ કહો!’

‘જરૂર હોય! હું તમારી વાત સાથે સહમત થાઉં છું, પણ મને રેતી થવું ન ગમે, નદી થવું ગમે. રેતીને તો વારંવાર વિરહમિલનમાં તડપવું પડે પણ નદી તો દરિયામય થઈ જાય છે, દરિયાને મળ્યા પછી.’ સ્નેહા હથેળીની રેખાઓ ગણતી હોય તેમ, હથેળીની સામે જોઈને બીજા હાથના અંગૂઠા વડે હથેળીની રેખાને પંપાળતાં પંપાળતાં બોલી.

‘હું પણ ઝંખુ છું, એવી નદીને કે જ દરિયામય થઈ જાય. પછી ક્યારેય છૂટ્ટી ન પડે.’

‘હું પણ ઝંખુ છું, એવી નદીને કે જે વેલીને કદી છૂટી ન પાડે, પોતાનામાં સમાવી લે ચસોચસ અને તેનાં નિશાન વૃક્ષને પડેલાં હોય!’

‘સ્નેહાજી, સામે જુઓ એકમેકની સોડમાં બે વૃક્ષો જાણે કે સાવ અજાણ્યાં હોય એમ ઊભાં છે!’

'આવા વૃક્ષ સાથે હું મારી કોઈ જ લાગણી સાંકળતી નથી. કે સાંકળવા માગતી નથી તેમ છતાં આ વૃક્ષને જોઈને મને લાગે છે કે હું તેનો પડછાયો થઈ જાઉં તો!'

'પડછાયાને પકડી શકાતો નથી.'

'એને પકડવાની જરૂર પણ શી છે? એવી શિશુવૃત્તિ કરવાની જરૂર ખરી? અને પડછાયાને પકડાય નહીં, સાથે રખાય.'

'પરંતુ, પડછાયામાં અંધારું છે!'

'અંધારું તો સાસ્વત છે, અજવાળું ક્ષણિક છે, અજવાળાને તો બોલાવવું પડે, અંધારું તો દોડી દોડીને આપણામાં સમાઈ જાય!'

'પણ, અંધારામાં આપણે આંખોથી જોઈ શકતાં તો નથી!'

'જે આંખોથી ન જોવાય તે આંતઃચક્ષુથી જોઈ શકાય છે. આંતઃચક્ષુને અજવાળાની જરૂર નથી, અંધારામાં પણ તે પોતાના પ્રિયપાત્રને ઓળખી શકે છે. જોઈ શકે છે. પ્રિયપાત્રને ઓળખવા માટે અંધારું કે અજવાળાની કોઈ જ જરૂર નથી, જરૂર છે એકબીજાના હૃદયની ઓળખ. હૃદયને ઓળખ્યા પછી એકમેકની લાગણીનાં વહેણ ભળી જઈને એક જ રંગે રંગાઈ જાય છે.'

'લાગણીની વાર્તાનાં મંડાણ ન હોય, લાગણી તો વહેતી જ સારી અને એટલે જ ચકો ચકી તણખલાં લાવે કૂણાં કૂણાં અને એમની વચ્ચે જીવે છે કલરવ.'



'કલરવને જીવતો રાખવા પણ ચકાચકીએ માળો તો બાંધવો જ પડે, અને માળો બંધાય પછી કલરવનાં ધણ દોડી આવે કિલકિલ કરતાં, અને એટલે જ મને કલરવ ગમે છે, માળો ગમે છે, તણખલાં ગમે છે, ચકો ગમે છે.'

'ચકી ગમે છે.' સ્નેહાનું અધૂરું વાક્ય પુરું કરતાં ભાર્ગવ વચ્ચે જ બોલી ઊઠ્યો.

'ચકી એટલે!'

'ચકી પાંખો ફફડાવતી!'

ખંડેર જેવું મન લઈને આવેલા ભાર્ગવના હૃદયમાં જાણે ભીંત તોડીને કૂંપળ ફૂટે તેમ હૃદયમાં લીલીલીલી કૂંપળ ફૂટવા લાગી. તે સ્નેહાની નીલમછાઈ આંખો સામે ચહેરાની ભાષા ઉકેલતો હોય તેમ અનિમેષ નજરે જોતો જ રહ્યો.

'શું જોઈ રહ્યા છો? આમ ટીકી ટીકીને?'

'આપના ચહેરાની ભાષાને ઉકેલવાનો પ્રયત્ન કરું છું!'

આમ ભાર્ગવ સ્નેહા વચ્ચે સ્નેહલ શબ્દસેતુ રચાયો હતો ત્યાં જ સ્મિતાએ આવીને પોતાની જગ્યા લઈ લીધી ઈઝીચેર ખેંચીને.

'અરે! આ ચ્હા ઠંડી થઈ ગઈ, તેમ છતાં તમે ચ્હા પીધી નથી?' બીસ્કીટ સામે નજર કરતાં 'અને આ બીસ્કીટમાંથી પણ

એક પણ બીસ્કીટ ઓછો થયો નથી!' સ્મિતા આશ્ચર્યમિશ્રિત ભાવ ચ્હેરા પર લાવીને બોલી.

'નોકરને કહે, આ ચ્હા લઈ જાય અને બીજી ગરમ ચ્હા બનાવી લાવે.'

'ના હવે જરૂર નથી, ઘણી વાતો કરી, હવે હું હોસ્ટેલ ઉપર જાઉં, મારે પણ રૂમમાં ઠીકઠાક કરવું છે.'

'પહેલાં તમે ઠીકઠાક થઈ જાવ, પછી બધું જ ઠીકઠાક થઈ જશે.' સ્મિતા કંઈક મર્માળુ બોલી અને તે ખડખડાટ હસી ઊઠી.

નોકર આવીને ચ્હા લઈ ગયો અને ગરમ ચ્હા મૂકી ગયો.

ત્રણેએ ચ્હા પીધી અને ભાર્ગવ ઊભો થયો.

'હવે હું જાઉં. ફરી ક્યારેક મળીશું ત્યારે અધૂરી વાતો પૂરી કરીશું.' ભાર્ગવે સ્નેહાના ચહેરા સામે જોઈને કહ્યું. અને તે ગયો.

સ્નેહાને થયું કે એક વસંતનું ઝોકું આવ્યું ત્યાં જ બળબળતી ગ્રીષ્મ દોડી આવી, તેના ચહેરા પર પ્રશ્વેદબિંદુ બાઝી ગયાં. ક્યાંય સુધી ભાર્ગવની પીઠને તાકી રહી. ભાર્ગવ ઝાંપો ઓળંગીને ગયો ત્યાં સુધી. ઝાંપે પહોંચતાં ભાર્ગવે પણ પાછું વાળીને જોયું અને હાથ ઊંચો કર્યો.

સ્મિતાએ પોતાની હથેળી સ્નેહાની આંખો સામે ધરીને લઈ લીધી. સ્નેહાએ સ્મિતાના હાથને જોરદાર ઝટકો માર્યો અને ખીલખીલ હસતી હસતી બંન્ને બહેનોએ ઘરમાં પ્રવેશ કર્યો.



## પ્રકરણ : ૫

સ્નેહાનો આખો દિવસ ભાર્ગવમય રહ્યો. ભાર્ગવના જ વિચારોમાં પસાર થયો. સાંજ ઢળી, આકાશમાં ગેરુઓ રંગછંટાઈ ગયો. જાણે ઉચ્છ્‌વાસમાંથી ભાર્ગવ બહાર નીકળી ન જાય –

તેથી તેણે પોતાનો શ્વાસ પણ રોકી લીધો. અદ્ધર શ્વાસે પ્રતીક્ષાનો પાળિયો ખોડાઈ ગયો હોય તેમ બંધ ઓરડાની ચાર દીવાલો વચ્ચે અચાનક બારણેથી ટકોરા આંખપાંપણને ઝબકાવી દે તેમ તે સફાળી બેઠી થઈ ગઈ અને બારણું ખોલ્યું. સામે સ્મિતા ઊભી હતી.

'Don't disturb me, સ્મિતા?'

'I am not disturbing you, but do you want to take some food or drinks?'

'No, I don't want anything? Please you go away?

'O.K. baby...' કહીને સ્મિતા ગઈ અને સ્નેહાએ પોતાની રૂમનું બારણું બંધ કરી દીધું. આખાયે ઓરડાનું એકાંત સૂમસામ

પથરાયેલું લાગવા લાગ્યું.

સ્નેહાને ઊંઘ ન આવી.

પલંગમાં શૂળો પથરાઈ હોય તેમ લાગ્યું. એ સૂઈ ન શકી, એ ઊભી થઈ, આરામખુરશી પર લંબાવ્યું, છતાં ઘેરાતી રાતી આંખમાં કીકી ખટકવા લાગી. બીડાતાં પોપચાં પર કાળો, વાદળી, જાબુંડી ભાર ખડકાયો. ડીમ લાઈટમાં મગજની ધ્રુજારીએ લીલાં, પીળાં, લાલ વલયો રચ્યાં. સ્નેહા, એ વલયોમાં ઘેરાવા લાગી. રૂંવાટી પર ભીનાશ ડસવા લાગી.

ડીમ લાઈટનો પ્રકાશ ડસવા લાગ્યો. એ ઊભી થઈ અને ડીમ લાઈટ બંધ કરી દીધી. ઓરડામાં મુલાયમ અંધકાર છવાઈ ગયો. એરકન્ડીશન ઓન પર મૂકીને ફરીથી પલંગમાં પડી. છતની સામે તે એકીટસે તાકી રહી. પણ કંઈ ચેન ન પડ્યું. ભાર્ગવની યાદના અસ્તિત્વથી ભરાયેલા આ ખાલીખમ ઓરડામાં સમસ્ત વ્યાપી જઈ એને ભર્યો ભર્યો કરી દીધો છે.

બારણું ખુલ્યું હોય તેવો અવાજ આવ્યો. કદાચ મમ્મી બાથરૂમમાં ગઈ હશે. એકાદ હળવો ખોંખારો ખાઈને મમ્મીએ બારણું બંધ કરી દીધું.

શાન્તિ પથરાઈ કાજળ બનીને.

જેમ તેમ કરી આંખ દાબી, પણ ભીતરની છબી દરિયામાં



મોજાંની જેમ પાંપણે આવી અથડાતી અને અચાનક આંખ ઊઘડી જતી. મગજને સ્થિર કરવા જતી તો વીજળીનો કરંટ લાગે એમ આંચકો આવી જતો. મનને વાળી વાળીને મનહૃદયમાં બેસાડું તોય પતંગિયાની જેમ ઊડી જતું. ભાર્ગવે આંખની શિથિલ થયેલી પાંખને કાપી નાંખી. એને ભાલાની જેમ કંઈક ભોંકાયું. યૌવનને આંગણે આ કાચની દીવાલો?! એ ચિત્કારી ઊઠી.

ઊભી થઈ, ફરીથી અંધારામાં હાથ ફેલાવીને સ્વીચ ઓન કરી, બધે જ હલદીછાંટ્યો પ્રકાશ છવાઈ ગયો. એને અંધકાર ગમતો હતો પણ અંધકાર એને ડસવા લાગ્યો. એટલે એ પ્રકાશમાં આવી.

સ્નેહા ઈઝીચેરમાં ગોઠવાઈ. કેટલોય સમય પસાર થઈ ગયો. તે અનિમેષ નજરે ઘડિયાળના સેકન્ડ કાંટા તરફ તાકી રહી. તેનો લાલ રંગ ધગધગતી સોયની જેમ આંખોમાં ખૂંચવા લાગ્યો. તેનું મન પીડા અનુભવવા લાગ્યું. તેના રૂંવેરૂંવે સેકન્ડકાંટાની લાલ સોય ખુંચવા લાગી. આંખોમાંથી ઊંઘે અલવિદા કરી દીધી હતી. એને બધું જ શૂન્ય લાગવા લાગ્યું. એની આંખો ઘેરાવા લાગી કે તરત જ બારણે ટકોરા પડ્યા. એણે બારણું ખોલ્યું. જોયું તો સામે ગુણવંતરાય ઊભા હતા.

‘સ્નેહા હજી તું ઊંઘી નથી?!’

‘ઊંઘ જ નથી આવતી.’

'તને બેચેની હોય તો તારી મમ્મીને મોકલું.'

'જરૂર નથી.'

સ્નેહાએ બારણું બંધ કર્યું. ગુણવંતરાય બાથરૂમમાં ગયા, થોડીવાર પછી બાથરૂમનો દરવાજો બંધ થવાનો અવાજ આવ્યો.

'સ્નેહા, હજી જાગે છે...'

'....'

કંઇ જવાબ ન મળતાં ગુણવંતરાય તેમની રૂમ તરફ ગયા. સ્નેહાએ પલંગમાં પડતું નાંખ્યું. આંખો બંધ કરીને તે સૂઇ ગઇ. ઊંઘ ન આવી. પલંગની ચાદરમાં સાપોલિયાં રમવા લાગ્યાં. સરતી રાત્રિએ દૂર...દૂર...ઊડી જતી સારસીના એકલવાયા ટહૂકાથી તેનું હૃદય જાણે ચીરાઇ જતું હોય તેમ લાગ્યું. ભાર્ગવની યાદ પવન લહરે આવીને વીંટલાઇ વળી, જાણે પ્રથમ મિલન. રજનીગંધાના પીળીઝાંયસા સફેદ પુષ્પોની મહેક જેમ ચોપાસ મહેકવા લાગી. સ્મરણની મર્મરી સુગંધ ઝર્યા કરે છે હૃદયના પારદર્શક પડદાની બંન્ને બાજુએ. સ્નેહા જાગે છે આગિયાની જેમ. રેશમવત્ પથારીમાં પણ શૂળો ભોંકાવા લાગી. યાદવનની અચરજઘેરી યાદ ડસવા લાગી. તેણે આંખો બંધ કરી, પોપચાં ઉપર જાણે મણમણ ભાર. આંખોમાં ઊંઘ નહીં, તેમ છતાં આંખો બંધ.

ઊંઘ ક્યારે આવી તેનો સ્નેહાને ખ્યાલ પણ ન આવ્યો. ભાર્ગવ સપનામાં છલકાયો. એ જ ભૂરી ભૂરી આંખો, વાંકડિયા



વાળમાં તે ઓર નિખરી ઊઠતો હતો.

સ્નેહા પારિજાતની ડાળી પકડીને ઊભી ઊભી આખરે કંટાળી ગઇ. ત્યાં જ બગીચાના સામે છેડેથી ભાર્ગવ દેખાયો. ભાર્ગવ નજીક આવ્યો કે તરત જ સ્નેહા ભાર્ગવને બાઝી પડી અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

'કેટલી વાર લગાડી?'

'કેમ?'

'તમારી રાહ જોઇ જોઇને તો ક્યારની અહીં ઊભી છું!'

'સારું, હવે આ આંસુને જરા લૂછી નાખ?' એમ કહી ભાર્ગવે રૂમાલ વડે સ્નેહાનાં આંસુ લૂછી કાઢ્યાં. અને સફેદ ગુલાબ સ્નેહાની લટમાં ખોસ્યું.

'કેવી લાગું છું?'

'સુંદર.'

'ખાલી વખાણ કરો છો કે...'

'ના, ખરેખર. એક પ્રેમીને ગમે તેવી.'

'તમને ગમું છું?'

'હા.'

'ખરેખર?!'

'ખરેખર..'

'ચાલો નદી તરફ જઈશું?'

'ચાલો...'

ભાર્ગવ અને સ્નેહાએ નદી તરફ ડગ માંડ્યાં. નદીના મનોરમ્ય, મનોગમ્ય, મનોછલ્ય, મનોહણ્ય, મનોભાવન, સ્થળે સૂરજ નદી જળને રમાડી રહ્યો હતો. સૂરજ અને જળની લીલાને સ્નેહા અને ભાર્ગવ જોઇ રહ્યાં હતાં. આ રમત બંન્નેને ગમી. જળમાં સૂરજનું પ્રતિબિંબ સ્થિર નહોતું રહેતું. એનો ચળકતો પ્રકાશ સ્નેહા અને ભાર્ગવના ચ્હેરાને રમાડતો હતો. ભાર્ગવ નીચે નમ્યો. એક પથ્થર હાથમાં પકડી જળમાં ફેંક્યો. પાણી ઊડીને સ્નેહાના મુખને રમાડી ગયું. સ્નેહા હસી ઊઠી. સ્નેહા ભાર્ગવને વેલની જેમ વળગી પડી. નદીની રેતમાં પડેલી નાની નાની છીપમાં જાણે દરિયો ઘૂઘવ્યા કરતો હતો. જાણે છીપમાં નદી અને દરિયાનું સંબંધપણું હિલ્લોળા લેતું હતું. સંધ્યાનો રતુમડો રંગ ભાર્ગવ સ્નેહાના ચ્હેરાને પરિપ્લાવિત કરતો હતો. બંન્ને એકબીજાના હાથમાં હાથ, આંખમાં આંખ પરોવીને નદીના તટ વચ્ચે આવી ઊભાં. આજુબાજુ સાવ નિર્જન હતું. દૂર દૂર વૃક્ષોની હારમાળા લીલીછમ્ લહરમાં લહેરી રહી હતી. પક્ષીઓના કલરવથી વૃક્ષો ખિલખિલ હસી રહ્યાં હતાં.

'સ્થળ પસંદ પડ્યું?' ભાર્ગવે સ્નેહાની સાડીનો પાલવ



ખેંચીને પોતા તરફ ખેંચી, સ્નેહા વિના વિરોધે ભાર્ગવ તરફ ખેંચાઈ. તેણે એક હાથ ભાર્ગવ તરફ કર્યો ભાર્ગવે હાથ ઝાલીને એક ઝાટકો માર્યો. સ્નેહા 'ઓય મા...' કહીને ભાર્ગવની બાહોમાં સમાઈ ગઈ.

'ખરેખર સુંદર છે.' સ્નેહા પણ ભાર્ગવની આંખોમાં આંખ પરોવાને બોલી.

'ચાલો બોટીંગ કરીશું?' ભાર્ગવે સ્નેહાને પોતાની બાહોમાં દબાવતાં કહ્યું.

સ્નેહાએ હોડીવાળાને સાથે આવવા માટે ના કહ્યું. ભાર્ગવે હલ્લેસાં પકડી લીધાં હતાં.

હોડી જળલહેરોમાં વહેતી નદીમધ્યે આવી ગઇ હતી. ભાર્ગવ પૂરી તન્મયતાથી હોડી ચલાવી રહ્યો હતો. એના કપાળ ઉપર પ્રશ્વેદબિંદુઓ બાઝી ગયાં હતાં. એણે હલેસાં છોડી દીધાં અને રૂમાલ વડે કપાળ ઉપરથી પરસેવો લૂછી કાઢ્યો. આજે એનું મન ગુલાબની કળીની જેમ ખુલી રહ્યું હતું, ખીલી રહ્યું હતું. હિલ્લોળા લેતા નદીજળમાં હોડી તરી રહી હતી. ચારે બાજુ કાળા પહાડો એની ઉપર ઝૂક્યા હતા. સર્વત્ર શાંતિ રેલાઇ રહી હતી. હોડીની સાથે વહેતા પાણીનો અવાજ માત્ર સંભળાતો હતો. દૂર દૂર પક્ષીઓ વૃક્ષોમાંથી લીલ્લેરો સાદ પાડી રહ્યાં હતાં.

આજે પહેલી વાર ખુલ્લા મને અને ખુલ્લી નજરે ભાર્ગવે સ્નેહાની તરફ જોયું. સ્નેહા તેની આકાંક્ષાઓ તૃષ્ણાઓની તૃપ્તિ જેલી

લાગતી હતી. એક સ્વપ્ન જેવી...અમૂર્ત...અસ્પૃશ્ય!

એક નિઃશ્વાસની સાથે જ તે હસી પડ્યો...

'સ્નેહા, જો વાતાવરણ કેટલું માદક અને આહ્‌લાદક લાગે છે?'

ભાર્ગવની નજર સ્નેહાના ચ્હેરા ઉપર રમતી હતી. જળનમણીશી સ્નેહાની આંખો પર આજુબાજુની માદકતા ઘેરાઇ હતી. એના સુંદર ચ્હેરા પર, ફૂલગુલાબી હોઠો પર ઊતરી આવી હતી. જાણે સ્નેહાની, કોઇ કલાકારે તન્મયતાથી આરસમૂર્તિ કોતરી કાઢી હોય! કોઇ સ્વપ્નસુંદરી જેવી દેખાઇ રહી હતી.

'સ્નેહા, હું તને ચાહું છું.' ભાર્ગવે સ્નેહાને નજીક ખેંચતાં કહ્યું.

સ્નેહાના હોઠો પર આછી હાસ્યલહર દોડી આવી.

'જુઓ સામે સારસ અને સારસી...'

'તને ખબર છે...કે...'

'હા, બન્નેમાંથી એક મૃત્યુ પામે તો બીજું ચીસો પાડી પાડીને મૃત્યુ પામે છે...'

'માણસોમાં કેમ એવું નહીં હોય!?'

'આદમની જાત ખરીને?'



'સ્નેહા, ધાર કે આ નદીજળમાં હું જળવત્ થઇ જાઉં તો!'

'તો હું ચીસો ન પાડું.'

'કેમ?!' ભાર્ગવ આશ્ચર્યચકિત નેત્રે સ્નેહાની સામે તાકતો જ રહ્યો.

'વેદનાને ચીસો પાડીને વ્યક્ત ન થાય!'

'તો?'

'એને તો હૃદયમાં મીણબત્તીની જેમ પ્રજજ્વલિત રાખવી પડે.'

'વેદના હૃદય ચીરીને બહાર આવે તો!'

'હૃદય ચીરાઇ જાય, તો તે આંખો વડે બહાર આવે છે.'

'તને વેદનાના ડંખ ડસ્યા છે?'

'તારા અભાવમાં ડસ્યા કરે છે.'

'અભાવ એટલે જિજીવિષાનું સ્વપ્ન.'

'સ્વપ્નમાં તું.'

'સ્વપ્નનામાં હું.'

'મને અંધકાર ગમે છે.'

'અંધકારમાં તું.'

'તું માં હું.'

'હું અને તું એટલે...'

સ્નેહા શરમાઇ ગઇ. એ ભીની ભીની રેતીના કણમાંથી સૂરજ ખોતરવા લાગી. ભાર્ગવે સ્નેહાનો હાથ જોરથી દબાવ્યો અને પાંચે આંગળીઓના એક સાથે ટચાકા ફૂટવા લાગ્યા.

'તું ય ખરો છે?'

'કેમ?'

'આ રીતે હાથ દબાવાતો હશે!'

'કેમ?'

'તૂટી ગયો હોત તો?'

'હોત તો ને?'

'કેમ પ્રશ્ન કરે છે?'

'મોડો આવે એવો પ્રેમી ન ગમે.'

'એટલે કે...'

'સમય સાચવે તે સાચો પ્રેમી.'

'પ્રેમમાં તડપ હોય છે.'



'એટલો સમય ક્યાં છે?' આમ કહેતાં તો સ્નેહા ભાર્ગવને વળગી પડી અને જોશથી ગાલે બચકું ભરી લીધું.

'આ ખોટું કર્યું.'

'કેમ? કોઇ જોઇ જાય એની બીક લાગે છે?'

'ના, પણ આધુનિક સભ્યતાને યોગ્ય ન કહેવાય.'

'પણ, મને જે ઇચ્છા થાય છે તે હું સંતોષું છું.'

'દરેક ઇચ્છાઓને સંતોષવી એ જરૂરી નથી હોતું.'

ભાર્ગવે સ્નેહાનો હાથ પકડીને પોતાની તરફ ખેંચી, સ્નેહાએ પ્રતિકાર ન કર્યો. સ્નેહા, ભાર્ગવના ખોળામાં આવીને પડી. ભાર્ગવે સ્નેહાને જોરદાર આશ્લેષમાં દબાવી. અને બન્નેના શ્વાસોચ્છ્વાસ એકબીજામાં ભળી ગયા. થોડીક પળો બસ આ જ સ્થિતિમાં પસાર થઇ. ભાર્ગવના શરીરે પરસેવો વળી ગયો હતો. તે ઊભો થયો.

સ્નેહા ભાનમાં આવી ત્યારે છત પરથી પછડાયેલી ગરોળીની જેમ ચત્તી પડી હતી. યૌવનથી ધગધગતી ધરતી અષાઢના પ્રથમ વર્ષાના છંટકાવની ઠંડકથી મઘમઘી ઊઠી હતી. સ્નેહાએ ઊભા થવા પ્રયત્ન કર્યો પણ તેનું શરીર તૂટતું હોય એમ એને લાગ્યું તેથી એણે ભાર્ગવ તરફ હાથ લંબાવ્યો. ભાર્ગવે સ્નેહાને બેઠી કરી.

'કેમ આમ નર્વસ થઇ ગઇ!'

'કંઇ જ નહીં, અમસ્તું.'

'કેમ, મઝા ન આવી?!'

'તને ખબર.'

'મને તો આવી.'

'તો પછી મારું પૂછવાનું જ ન હોય ને! એકની મઝામાં જ બીજાની મઝા સમાયેલી હોય છે ને!'

'સાંજ ઢળી. મોડું થશે તો મમ્મી પપ્પા ચિંતા કરશે.'

'ક્યારેય બહાર ફરવા નથી જતી?!'

'જાઉં છું, પણ...ફરવા જ.'

'સ્નેહા.'

'હં...અ...'

'એક વાત કહું?'

'હા, બોલો.'

'એક પપ્પી.'

'પપ્પી તો બાળકોને કરવાની હોય.'

'બાળક માટે જ તો...'

સ્નેહાના ચ્હેરા પર લાલાશ તરી આવી ને દોડવા લાગી,





ત્યાં જ ભાર્ગવે તેનો હાથ પકડીને પોતાના તરફ ખેંચીને, ગાલ ચૂમી લીધા. પછી હોઠ ચૂમવા જાય છે ત્યાં જ...

બારણાં જોરજોરથી ખખડ્યાં.

એ સફાળી બેઠી થઇ ગઇ. જોયું તો ઓશીકું તેના બે પગ વચ્ચે ભીંસાઇ રહ્યું હતું. તે શરમાઇ ગઇ. આંખો ચોળતી તે ઊભી થઇ અને બારણું ખોલ્યું તો સામે જ સુધાબહેન ઊભાં હતાં. તેને મમ્મી ઉપર ગુસ્સો ચઢ્યો પણ તે ગુસ્સાના ઘૂંટને પી ગઇ.

સ્નેહાની આંખોમાં હજીયે ઘેન ભરાયેલું હતું, તેની આંખો કુસુંબલ ઘેનમાં ઘોળાયેલી લાલ ચણોઠી જેવી દેખાતી હતી. જાણે કે–

'આંખોમાં ઘેન ભરી બેઠાં ઓ વાલમા,
અમલ પીધાં છે અમે ઘોળી.'

એ પંક્તિની જેમ : બ્રશ કરીને તે ટી ટેબલ પર આવીને પોતાની ખુરશી ખસેડીને બેઠી, ગુણવંતરાય, સુધાબહેન, સ્મિતા પહેલેથી જ આવીને બેસી ગયાં હતાં. નોકરે કપ, રકાબી સાફ કરી ટેબલ પર મૂક્યાં અને રસોડામાંથી ચ્હાની ટ્રે લાવીને મૂકી. સ્મિતાએ કાચની કિટલી ઉપરથી કપડાનું એપરન હઠાવીને દરેકના કપમાં ચ્હા અને જરૂર પૂરતી ખાંડ અને દૂધ રેડીને ચ્હા તૈયાર કરલા લાગી.

'કેમ સ્નેહા, તને ઊંઘ બરાબર આવી હોય તેમ લાગતું નથી!' ગુણવંતરાયે સ્નેહાની આંખો સામે જોઇને કહ્યું.

'તારી આંખો હજીએ ઘેરાયેલી લાલ ચણોઠી જેવી દેખાય છે.' સ્મિતાએ સ્નેહા સામે જોઇને ગુણવંતરાયના સૂરમાં સૂર પૂરાવ્યો.

'હા, રાત્રે વાંચવાનો મૂડ આવી ગયો હતો.'

'તારે મોડે સુધી જાગવું ન જોઇએ.' ગુણવંતરાયે સલાહના સ્વરમાં કહ્યું.

'સારું.'

સ્નેહાએ ચ્હા પીવાની શરૂઆત કરી, ત્યાં જ ભાર્ગવ ભીતરથી છલક્યો.

'જરાય શરમાતી નથી?'

'કેમ?'

'એકલી એકલી ચ્હા પીએ છે તે!'

'તે ન પીવાય?'

'તે, તારી જાતને પૂછને?'

'મારી જાતને શું પૂછવાનું? તારે આવવું જોઇએને?'

'તારે બોલાવવો જોઇએ ને!'

'લે, બોલાવ્યો બસ!' ને સ્નેહાએ અભિનય સાથે કપ ટીપોય પર મુક્યો અને ભાર્ગવ પાસે આવીને બેસી ગયો. એનો



સ્પર્શ સવારના સૂરજ જેવો હતો, એની નીલીનીલી માંજરી આંખમાં વીજળીનો ઝબકારો હતો. એના શ્વાસમાં જ્વાળામુખીની ઉષ્મા હતી.

'સ્નેહા...'

'હં...અ...'

'મારે અડધી બિડાયેલી પાંપણમાં તને પૂરવી છે.'

'અડધી ખૂલી આંખમાંથી નીકળી જઇશ તો?'

'એમ નહિ બને.'

'વિશ્વાસ છે?'

'ના, શ્રદ્ધા છે.'

'તો પપ્પાને મળીને બધી વાત કરી દઇશું!'

'પપ્પા તારું માની જશે?'

'નહિ માને તો મમ્મીને કહીશું.'

'મમ્મી અને પપ્પા બન્ને ન માને તો!'

'મને શ્રદ્ધા છે. પપ્પા અને મમ્મી બન્ને સમજુ છે.'

'પણ દીકરી અવળા રસ્તે જાય, એ બન્નેયને કબુલ ન પણ હોય.'

'દીકરી અવળા રસ્તે જાય તો ને!'

'તું ચોરી છૂપીથી મળે છે, એ પપ્પા કે મમ્મી જાણે છે?'

'બધા પ્રેમીઓ એમનાં મા બાપની દેખતાં પ્રેમ કરતાં હશે?'

'સ્નેહા.'

'હં...અ...'

'જરા મારી સામે જો.'

'જોયું.'

'તને શું દેખાય છે?'

'તમારો ચહેરો.'

'બીજું કંઇ.'

'બીજું તમારા હોઠ.'

'મને પણ તારા હોઠ દેખાય છે.'

'તમારું કામ અર્જુન જેવું છે.'

'ને તારું પક્ષી જેવું.'

'અચ્છા તો પછી, લક્ષ્ય સધાવું જોઇએ જ.'

સ્નેહાએ હોઠ લાંબો કર્યો. અને ચ્હાની એક ચુસ્કી ભરી...





'સ્નેહા શું કરે છે?'

'હેં!'

'રમત કર્યા કરે છે? સીધું જોઇને ચ્હા પી લે ને?' સ્મિતાએ હસતાં હસતાં કહ્યું.

'ગરમ છે એટલે, ધીમે ધીમે પીઉં છું.'

'પણ અમે તો ક્યારનાં ચ્હા પીને બેઠાં છીએ.'

'મને ઠંડી ચ્હા વધુ પસંદ છે.'

'ક્યારથી વધુ પસંદ પડવા લાગી?'

'જ્યારથી તારી કંપની મળી.'

'સ્નેહા દિલ્હીથી આવ્યા પછી તને કંઇક થઇ ગયું હોય એમ લાગે છે, કંઇ વળગ્યું તો નથી ને?' સુધાબહેને સ્નેહાને ગુસ્સાના સ્વરમાં કહ્યું.

'વળગે તને, મને શું કામ વળગે?' ગુણવંતરાય સામું જોઇને, જુઓને પપ્પા, મમ્મીને કહેવું હોય તો કહી દો? ક્યારની મારું માથું ખાય છે?

'તુંય તે ખરી છે ને! બીચારીને હેરાન કરે છે.' ગુણવંતરાયે સુધાબહેનને સલાહ આપી એટલે સુધાબહેન ઉકળ્યાં.

'મારે નથી જવું પારકે ઘેર, મારી લાગણી થતી હોય તો તું

જા?' સુધાબહેનની સામે જોઈને સ્નેહા બોલી, પણ તે શું બોલતી હતી, કોને કહેતી હતી તેનું તેને ભાન નહોતું.

'જુઓ, સાંભળો, આ તમારી લાડકી દીકરીને મોંઢે ચઢાવી છે.' સુધાબહેન ગુસ્સે થઈને બોલ્યાં.

'વાંક તારો છે, તારે એને છંછેડવી નહોતી જોઈતી.' ગુણવંતરાયે હસતાં હસતાં કહ્યું.

'હા, હા, વાંક મારો છે, અને તમારે દાંત કાઢવા છે. સાચું કહીએ તો સગો બાપ પણ મારવા દોડે.'

'મમ્મી તું કોને કહે છે?'

'તારા બાપને!'

'અં...હ...મને એમ કે...!'

અને બન્ને હસી પડ્યાં. ગુણવંતરાય પણ હસવા લાગ્યા. 'સારું હવે નાહી ધોઈને તૈયાર થઈ જા.'

'કેમ આજે કંઈ પિકનીક પર જવું છે?'

'પિકનીક પર નહીં.'

'તો!'

'કેમ તારે ગાંધી નગરગૃહમાં નથી જવું?'

'ઓય મા...., હું તો ખરેખર ભૂલી જ ગઈ!'



સ્નેહા દોડીને બાથરૂમમાં ગઈ.

'એ...જલદી નીકળજે, તને તો ન્હાતાં કલાકોના કલાકો થાય છે.' સુધાબહેને બાથરૂમની સામે જોતાં કહ્યું.

સ્નેહા, બાથરૂમમાં વિચારવા લાગી કે આંખો મીંચીને જ ન્હાઈ લઉં, કદાચ ભાર્ગવની યાદ આવે અને...

અને ખરેખર, ભાર્ગવની મધરી મધરી યાદ એના શરીરને સુગંધમય કરલા લાગી. દરિયો છલક્યો ધુમ્મસનો. ધુમ્મસ મહીં આમ અચાનક જ ભાર્ગવ છલકશે ધુમ્મસ થઈને અને અમે તો ચરણ ઝરણ થઈ છલછલ કરતાં છાબ્બક છાબ્બક વહ્યાં ઝપાટાભેર. અને સ્નેહા ભાર્ગવની નજીક સરકી ત્યાં જ ભાર્ગવે તેને ઊંચકી લીધી.

'મારી વેદનાનો ભાર તમે ઊંચકી લીધો.' સ્નેહા, ભાર્ગવની આંખોમાં આંખો પરોવીને બોલી.

'ના...ના...એવું કંઈ નહિં.'

'તમે ન આવ્યા હોત તો હું પાગલ થઈ ગઈ હોત.'

'બધા પ્રેમીઓ એમ જ કહેતા હોય છે.'

'મેં તો તમને હૃદયથી અપનાવ્યા છે, ચાહ્યા છે.'

'ચાહવું એ સારું છે, પણ અપનાવવું એ અઘરું છે.'

'હું તોફાનો સામે લડી લઈશ.'

'ઝંઝાવાત આવે છે, ત્યારે બધું જ ઊડી જાય છે.'

'ઝંઝાવાત મને ગમે છે.'

'સ્નેહા, ઝંઝાવાતમાં અટવાઈ જઈશ તો બહાર નીકળવું મુશ્કેલ થઈ જશે. ઝંઝાવાત તો ડેઝર્ટ છે, ડેઝર્ટ. રણને દિશા હોતી નથી, માત્ર કેન્દ્ર હોય છે તમે જ્યાં ઊભા હો તે જ તમારી દિશા અને દિશા વગરની દશા લઈને માણસ કેટલું ટકી શકે? કેટલું જીવી શકે?'

'મને સંઘર્ષ ગમે છે.'

'તું સંઘર્ષમય જિંદગી જીવી નથી.'

'એટલે જ મારે જીવવી છે.'

'વચન આપ.'

'વચન છે બસ!'

એમ કહીને સ્નેહાએ જેવો હાથ લંબાવ્યો ત્યાં જ બાથરૂમના ગરમ પાણીના કોકમાંથી વહેતા પાણીનો સ્પર્શ થયો. તેના મોંમાંથી હળવો ચીસકારો નીકળી ગયો. વેદના તેને રુંએરુંએ વ્યાપી ગઈ, તેણે શરીર સામે જોયું. સાબુના ફીણમાં વ્યાપ્ત શરીર જાણે ફિણાયેલ દરિયાનું મોજું કિનારાને ભીનો કરે તેમ સ્નેહાના શરીરને અડપલાં કરતું હતું. એને શરીરમાં ધ્રુજારીનું લખલખું ફૂટી ઊઠ્યું. એણે ઝડપથી ઠંડા પાણીનો કોક ખોલીને શરીરે હાથ ફેરવવા



લાગી અને તે રોમાંચ અનુભવવા લાગી. હાથની રેખાઓમાં છેલ્લા શ્વાસ લેતી માછલી જેમ તે ટળવળવા લાગી. આ યાદ છલ્લોછલ જાણે ખેંચાવા લાગે અને રોમરોમ ફૂટે ટહુકા યાદોના. કમળકળી ખૂલવા લાગે, સાથળ વચ્ચે એક હલ્લેસું દરિયો થઈને છલકે પછી કોમળ કોમળ ત્વચા ચીરીને એક કૂંપળ તો ફૂટે. સ્નેહા, દર્દમય બની ગઈ, તે ઊઠી, શરીરને ટર્કીશ ટુવાલથી લૂછીને કપતાન પહેરી બાથરૂમ બહાર આવી. ત્યારે ગુણવંતરાય તૈયાર થઈને સ્નેહાની રાહ જોઈને સોફા પર બેઠા હતા. સુધાબહેન બાજુમાં જ ઊભાં હતાં. તેમની તંગ થયેલી ભ્રમરો પરથી સ્પષ્ટ વર્તાતું હતું કે તે ગુસ્સામાં છે.

પણ, સુધાબહેન કંઈ જ ન બોલ્યાં અને બોલ્યાં ત્યારે એટલું જ કે, 'સ્નેહા, જલ્દી તૈયાર થઈને આવ.'

સ્નેહા અને સ્મિતા કારમાં ગોઠવાયાં. સ્નેહા કવિતાની ડાયરીનાં પાનાં ફેરવવા લાગી, કાર સ્ટાર્ટ થઈ. હજી એક બે કવિતા વાંચી ત્યાં જ તો ગુણવંતરાયે બ્રેક મારી. ડાયરી પડી ગઈ. સ્નેહા એના પપ્પા સામે જોઈને ખડખડાટ હસી પડી. ગુણવંતરાય પણ હસતા હતા.

'બ્હેનજી ઊતરો હવે?' સ્મિતાએ કુખમાં ચીમટી ખણતાં કહ્યું.

'કેમ?'

'સામે જુઓ...'

'ઓહ, ગાંધી નગરગૃહ! પપ્પા તમે કાર ચલાવો છો કે પ્લેન?' સ્નેહાએ હસતાં હસતાં કહ્યું.

'કેમ! કાર તો આરામથી ચાલતી હતી! સારું, પ્રોગ્રામ કેટલા વાગે પૂરો થશે?'

'કંઇ કહેવાય નહીં.'

'મને એમ કે, હું લેવા આવું.'

'જરૂર નથી પપ્પા, હું અને સ્મિતા અમારી રીતે આવીશું.'

'ઠીક છે. બાય...' એમ કહી ગુણવંતરાયે હાથ ઊંચો કર્યો.

સ્નેહા ગાંધી નગરગૃહમાં પગથિયાં ચઢતી હતી, ત્યાં જ રીક્ષાના અવાજે તેને ચોંકાવી દીધી. પાછળ વળીને જુએ છે તો, ભાર્ગવ રીક્ષામાંથી ઊતરી રહ્યો હતો. અને સ્નેહાની સામે જોઇને હળવું હાસ્ય વેરી રહ્યો હતો.

સ્નેહા પગથિયાં ચડતી અટકી ગઇ.

'સ્નેહાજી, આપ!' તેના કાને ભાર્ગવના શબ્દો અથડાયા.

'હા, પણ આપ...!'

'અરે! આપનું નામ આખા શહેરમાં ગાજતું હોય અને હું



આપને સાંભળવા ન આવું એ કેમ બને? તમે મળ્યા ત્યારે ય કોઇ વાત પણ ન કરી કે આજે મુશાયરો છે! પણ પેપરમાં વાંચ્યું ત્યારે આનંદમિશ્રીત આશ્ચર્ય પણ થયું, કે જેને આપણે પોતાનાં સમજીએ છીએ એ આપણને પોતાના સમજતાં નથી, કેમ ખરું ને સ્મિતા?' સ્નેહા સામે ગર્ભીત નજરે જોઇને સ્મિતાને ઉદ્દેશીને સ્નેહાને ટોણો માર્યો.

'સમજ ન પડી!'

'બેનર પર અને વર્તમાન પત્રોની જાહેરાતથી તો અહીં સુધી ખેંચાઇ આવ્યો છું.'

'બેનર ઉપર મારું નામ?!'

'કેમ તમે વાંચ્યું નથી?'

'ના!' આશ્ચર્યમુગ્ધ સ્નેહા, ભાર્ગવને જોવા જ લાગી.

'શું જોઇ રહ્યાં છો?'

'કંઇ જ નહીં.' અને સ્નેહાએ દૃષ્ટિ ફેરવી લીધી.

સ્નેહા અને ભાર્ગવ વાતો કરતાં કરતાં ગૃહના ગર્ભદ્વારમાં પ્રવેશ્યાં. ભાર્ગવે આગલી હરોળમાં સ્થાન લીધું. સ્નેહાએ અને સ્મિતાએ પણ ભાર્ગવની સાથે જ સ્થાન લીધું.

'સ્નેહાજી, આપ તો ડાયસ પર...'

‘આપની સાથે બેસવામાં કંઈ વાંધો ખરો?’

‘અરે, હું એમ ક્યાં કહું છું?’ હસતાં હસતાં ભાર્ગવે કહ્યું.

હોલ શ્રોતાઓથી છલોછલ ભરાઈ ગયો હતો.

સ્નેહાના કાવ્યમાધુર્યમાં શ્રોતાઓ રસતરબોળ બની ગયા. છલકાતા જામ એક પછી એક ખાલી થતા હોય એમ સ્નેહા એક પછી એક ઉત્તમોત્તમ કાવ્યકૃતિઓ રજૂ કરવા લાગી. હોલ ઝૂમવા લાગ્યો ને છેલ્લે તાળીઓ...તાળીઓ...તાળીઓ...બસ તાળીઓથી હોલ ગુંજી ઊઠ્યો ને એ સાથે જ સ્ટેજ પરથી ઊતરતાં સ્નેહાના પગલાંનો પદચાપ ભળી ગયો. સ્નેહા તેની બેઠક લગોલગ આવી ગઈ. ભાર્ગવ ભાવાવેશમાં ઊભો થઈ ગયો. શ્રોતાઓ વાહવાહના ઉદ્‌ગારો કાઢવા લાગ્યા. ભાર્ગવ વિચારોના વમળમાં તણાવા લાગ્યો. સ્નેહાના કાવ્યપઠનથી તે મુગ્ધ થઈ ગયો હતો. તે સ્નેહામય બની ગયો.

‘સ્નેહાજી, આપનાં કાવ્યોએ તો ગજબનો જાદુ કર્યો?!’

‘કોના પર?!’

‘આ ભીડ પર.’ અને ખરેખર સ્નેહા અભિનંદનની વર્ષા હેલીમાં ભિંજાઈ રહી હતી. લોકોની ભીડથી દૂર રહેવા સ્નેહાએ ત્યાંથી જલ્દી નીકળવા વિચાર્યું. ગાંધી નગરગૃહની બહાર આવતાં જ તેની નજર તેના પિતા ગુણવંતરાય ઉપર પડી : ‘પપ્પા આપ...!’

‘ચાલો...હું તમને લેવા આવ્યો છું. અને ભાર્ગવ તું પણ



ચાલ, તને હોસ્ટેલ પર છોડી દઈશું અથવા ઘરે આવવું હોય તો અમારી સાથે જ ચાલ. સવારે તું સ્નેહા અને સ્મિતા કોલેજમાં સાથે આવજો.’

‘ના, અંકલ! મારે વાંચવાનું છે. એટલે આપ મને હોસ્ટેલ પર છોડી દેજો’ સ્નેહાની નજર ભાર્ગવ પર જ મંડાઈ હતી. તે એમ વિચારતી હતી કે, ‘ભાર્ગવ ઘેર આવે તો સારું...’

પણ ભાર્ગવે હોસ્ટેલ પર જવાનો આગ્રહ રાખ્યો. હોસ્ટેલ આવતાં જ ભાર્ગવ કારમાંથી ઊતરી ગયો. જતા ભાર્ગવને સ્નેહા અનિમેષ નજરે જોતી જ રહી...ભાર્ગવની વિદાય લઈ તે અને સ્મિતા કારમાં ગોઠવાયાં, ત્યારે આસ્ફાલ્ટની સડકો પરના ધૂંધળા પ્રકાશમાં તેનું કશુંક ખોવાઈ ગયું હોય તેમ તે અનુભવવા લાગી.

## પ્રકરણ : ૬

ભાર્ગવ હોસ્ટેલની સામે જ કારમાંથી ઊતર્યો અને તેણે કાર તે હોસ્ટેલની રૂમ તરફ ગયો. રૂમમાં પ્રવેશતાં જ તેની નજર સામેની દીવાલ પર લટકતા ઘડિયાળ પર પડી. ઘડિયાળ દસ ને ત્રીસનો સમય બતાવતું હતું. એને આશ્ચર્ય થયું, કાંડા ઘડિયાળમાં સમય જોયો. તો રાત્રીના બારને ત્રીસ વાગ્યા હતા. એને થયું સમય કલાક થંભી ગયો હશે! પણ એ જાણતો હતો કે સમય કોઈનીય રાહ જોતો નથી, કાળનો પ્રવાહ અવિરત વહ્યા જ કરે છે. ઘડિયાળ થંભી ગયું હશે! સમય ન હોતો થંભ્યો, સમયને ગતિ આપતું યંત્ર થંભી ગયું હતું, એ વિચારવા લાગ્યો, ગતિ આપનાર પણ કોઈક જોઈએ ને? જીવનને સાચી ગતિ કોણ આપી શકે? કોણ...? કોણ...? એના અસ્વસ્થ મગજમાં પ્રશ્નો પડઘાવા લાગ્યા. એણે શરીર લંબાવ્યું પલંગ પર અને બબડવા લાગ્યો.

‘સ્ત્રીનો વિશ્વાસ નકામો છે!’ તેને સ્નેહાની યાદ આવી ગઈ, ‘સ્ત્રીઓના દિલમાં હૃદય નહીં પણ પથ્થર હોય છે...પથ્થર...’ તે ઊભો થયો અને લાઈટ બંધ કરી પલંગમાં સૂતો જ હતો ત્યાં કોઈનો અવાજ આવ્યો : ‘કેમ એકલું એકલું લાગે છે?’ અને...ઉપસી આવ્યો એક ચહેરો...તે ચહેરો હતો સ્નેહાનો...





બંધદ્વાર સુધી આવ્યો, એને થયું, કરવા ધારેલો પ્રવાસ પૂરો થયો, પ્રશ્નાર્થથી શરૂ થયેલી યાત્રા વિસ્મય સુધીની ઘણી લાંબી લાગી. શું કહેવું લંબાતી પ્રતીક્ષાતિ ક્ષણોનું!?

ટ્યૂબ લાઈટ બંધ કરી એક ચહેરો તેની સામે આવી ઊભો. પડછાયો ઝાંખો હતો તેણે આંખો ચોળી બરાબર જોવાનો પ્રયત્ન કર્યો, પડછાયો પડછાયો ન રહેતાં તે આકૃતિમાં ફેરવાઈ ગયો. ભાર્ગવે હાથ લંબાવ્યો, તે નજીક આવી તેનો હાથ પકડ્યો.

‘ભાર્ગવ, ખાલીપણું લાગે છે?’

‘પ્રતીક્ષાની ક્ષણો લંબાતી જાય છે!’

‘ચાલ આપણે અહીંથી દૂર દૂર થતાં રહીએ.’

‘ચાલ...’

ભાર્ગવ અને સ્નેહા એકબીજાના હાથમાં હાથ નાંખીને દૂર..દૂર..સુધી ચાલતાં જ રહ્યાં...ચાલતાં જ રહ્યાં...જ્યારે એમના પગ થંભ્યા ત્યારે સુવર્ણરેખસી મલપતી ટેકરીઓ સૂરજકિરણોથી સુવર્ણરજસી ચળકતી હતી. વૃક્ષોની માદકતા ભાર્ગવ સ્નેહાને તરબતર કરતી હતી. બંન્નેની આંખોમાં આ માદકતાથી ઘેન છવાઈ ગયું હતું.

ભાર્ગવ એક મોટો પથ્થર ઊંચકીને સ્નેહાની નજીક લાવ્યો અને તેની ઉપર બેસી ગયો, સ્નેહા પણ બદામી રંગની સિલ્કની સાડીને સંકોરીને ભાર્ગવની નજીક બેસી ગઈ. સવારનાં સોનેરી કિરણો ભાર્ગવ સ્નેહાને મીઠી મીઠી ઉષ્મા આપતાં હતાં. આજુબાજુ સાવ એકાંત હતું. પક્ષીઓ વૃંદ બનાવીને ચક...ચક... ટી...ટીટૂ... ટ્યૂ...ટ...ટ...ટ...અવાજ કરતાં ઊડી રહ્યાં હતાં. પક્ષીઓનો મીઠો

મીઠો કલરવ દૂર...દૂર...સુધી ઓગળતો હતો. સ્નેહા–ભાર્ગવ કુદરતના આ મુકત સાહચર્યને દૂર...દૂર...સુધી જોયા કરતાં હતાં. પવન ક્યારેક ક્યારેક સ્નેહાના પાલવની સાથે મસ્તી કરતો હતો. એનો છેડો વારંવાર ઊડી ઊડીને સરકી જતો હતો. ત્યારે ભાર્ગવની નજર સ્નેહાની ઉન્નત ટેકરીઓ સામે મંડાયેલી હતી.

અહીંની હવામાં, ધુમ્મસની રજકણોમાં, પાંદડે...પાંદડે...ફૂલે...ફૂલે...ડાળીએ...ડાળીએ પ્રણય પરાગરજ વિપુલ પ્રમાણમાં પાંગરી ઊઠી હતી. ટેકરીઓને બાથમાં દબાવી સૂતેલી વનશ્રી, અંગે અંગે સ્પર્શી જતા પવનની શિતળ લહેરો ભાર્ગવ–સ્નેહાની આંખોમાં આંજણ બનીને અંજાઇ ગઇ હતી.

ભાર્ગવ દૂર...દૂર...સુધી પથરાયેલી વનશ્રીના સોંદર્યને જોયા કરતો હતો, તો ક્યારેક પડખે બેઠેલી સ્નેહાને જોતો હતો. સ્નેહાનો ચહેરો કમળપુષ્પ જેમ તાજગીસભર અને ચિત્તાકર્ષક લાગતો હતો. એના સમગ્ર દેહલાલિત્યમાંથી એક અજીબશી ખુશ્બૂ લહેરાતી હતી. બદામી રંગની શિલ્કની સાડીમાં તે ઓર નીખરી ઊઠી. ગળામાં મોતીની માળા અને કાનમાં શ્વેત મોતીનાં એરીંગ્સ પહેર્યાં હતાં. સરી જતા સમયની એક એક ક્ષણ ભાર્ગવના હૈયાને સ્નેહાની પર્જન્ય ધારામાં ઝબોળી રહી હતી.

'ભાર્ગવ શું જોયા કરે છે?'

'જો સામે શું છે?'

સામે કબૂતર પ્રણયકેલીના ફાગ ખેલી રહ્યાં હતા. પાંખમાં પાંખ પરોવી રહ્યાં હતાં. આંખમાં આંખ પલકી રહી હતી. ચાંચમાં ચાંચ મલકી રહી હતી. હોલો ઊડીને દૂર જતો રહ્યો. માદા કબૂતર



એકલી બેઠી બેઠી આંખો પટપટાવતી હતી. નર કબૂતર ઊડતો ઊડતો આવ્યો, માદા કબૂતરની ચારે બાજુ ઘુ...ઘુ...ઘુ...કરતો ચક્કર લગાવવા લાગ્યો. અને ઊડીને માદા કબૂતરની પાસે જવા ગયો કે તરત જ તે ખસી ગઇ અને ઊડીને દૂર જઇને બેસી ગઇ. આ બંન્નેની રમત જોઇને સ્નેહા બંન્ને હાથ મોં પર રાખીને ખડખડાટ હસી ઊઠી. શાંત જળમાં જાણે પત્થર પડ્યો હોય એમ હાસ્યના પડઘાઓ સામેની ટેકરીઓ પરથી પાછા વળવા લાગ્યા.

ભાર્ગવ ચોંકી ગયો, 'કેમ, આટલું બધું?'

'પેલા કબૂતરને બીચારાને...' અને વળી પાછી તે હસવા લાગી.

'એ કાંઇ બીચારો નથી, દાવ આવે તો એય એને છોડે એવો નથી!'

'અદ્દલ તારા જેવો, સ્વાર્થી...'

'હું સ્વાર્થી છું?'

'આદમની આખી જાત સ્વાર્થી છે!'

ભાર્ગવને લાગ્યું કે, સ્નેહા ગુસ્સે થઇ છે, એટલે એણે વાતને વળાંક આપતાં કહ્યું, 'કેવું સુંદર વાતાવરણ છે? તને ગમ્યું?!'

'મને ગમ્યું.'

'તો, ચાલ આપણે પણ...'

'તું તો સાવ સ્વાર્થી છે. હમણાં નહીં.'

'કેમ?'

'એ કંઇ પૂછવા જેવો સવાલ છે?'

'કેમ?'

'તારામાં તે અક્કલ છે કે નહીં?'

ભાર્ગવે સ્નેહાનો હાથ પકડીને ખેંચ્યો, સ્નેહા ભાર્ગવના ખોળામાં આવી પડી, 'રહેવા દે ભાર્ગવ, જંગલી ના બન.'

'એકાંત હોય અને સાથે મઘમઘતું યૌવન દોડાદોડ કરતું હોય તો એને પકડવું તો જોઇએ ને?' ભાર્ગવે સ્નેહાના શરીરને અટકચાળો કરતાં કહ્યું.

'ભાર્ગવ, તારો વ્યવહાર મને ગાંડી બનાવી મૂકશે.'

'એથી વળી રૂડું શું?!'

'સ્વાર્થી!' એમ કહીને સ્નેહાએ કાંકરીયાળો કર્યો. ભાર્ગવ આડો હાથ કરી થોડોક ખસી ગયો. સ્નેહા નિશાન ચૂકી ગઇ. ભાર્ગવ વિચારના વમળોમાં વધુ ને વધુ ઘેરાવા લાગ્યો.

આમ વિચાર વંટોળે ચડેલો ભાર્ગવ સ્નેહાના અવાજથી ચોંકી ગયો.

'અરે, ભાર્ગવ જો તો? પેલો બાજ ચકા ઉપર ચક્કર લગાવે છે, તું એને પથ્થર મારને?'

ભાર્ગવ નીચે નમ્યો, પથ્થર હાથમાં લઇ મારવા જાય છે ત્યાં જ બાજપક્ષી ચકાને પકડીને ઊડી ગયો. ચકો છૂટવા માટે ચીસો પાડવા લાગ્યો, ચકી ઊડીને વૃક્ષનાં પાંદડાંમાં લપાઇ ગઇ.

'ભાર્ગવ, તું નિર્દય છે.'

'હું, નિર્દય છું!' આશ્ચર્ય મિશ્રિત ભાવો સાથે ભાર્ગવે કહ્યું.



'હા, તારે તકાને બચાવવો જોઇતો હતો!'

'પણ, હું લાચાર હતો.'

'એ તારી મૂર્ખામી છે.'

'હવે, ચકી બીચારી તડપી તડપીને મરી જશે.'

'ના, એવું નહીં બને.'

'તો!'

'બીજા ચકાનો સાથ શોધી લેશે!'

'એવું ન બને.'

'બને.'

સ્નેહા નિરાશ થઇ ગઇ, ભાર્ગવ તેને જોતો જ રહ્યો.

'સ્નેહા, ચાલ આપણે ઘર તરફ જઇએ.'

સ્નેહા ભાર્ગવનો હાથ પકડીને ઊભી થઇ અને એકબીજાને સામ સામે/એકમેકને તાકતાં જ રહ્યાં. સ્નેહાનું દેહલાલિત્ય જોઇને ભાર્ગવ મુગ્ધ થઇ ગયો હતો.

ભાર્ગવે સ્નેહાનો હાથ પકડીને પોતાની નજીક ખેંચીને હૃદય સરસી ચાંપી દીધી અને મુખ ઉપર ગરમ ગરમ શ્વાસોનું હોઠથી દીર્ઘ ચુંબન કરી લીધું. સ્નેહા પણ આ મુગ્ધ ચુંબનના અભિષેકથી આનંદવિભોર થઇ ગઇ હતી. બન્ને એકબીજાનો હાથ પકડીને ચાલાવા લાગ્યાં. ભાર્ગવે સ્નેહાને ફરીથી નજીક પડખામાં ખેંચી અને સ્નેહાની કમર ફરતો હાથ નાંખીને ચાલવા લાગી. બન્ને એકમેકની લગોલગ ચાલવા લાગ્યાં. ઢળતા ઢાળે સ્નેહા ભાર્ગવ દોડવા લાગ્યાં.

મસ્તીનું ઘેન અંગેઅંગમાં વ્યાપી ગયું. જાણે ઘુઘરીઓની પાળ તૂટતાં કલરવનું ધણ ઊડી રહ્યું હોય તેમ સ્નેહા ભાર્ગવથી છૂટી પડીને આગળ નીકળી ગઇ. ભાર્ગવ તેને પકડવા દોડ્યો. ભાર્ગવ સ્નેહાનો જેવો હાથ પકડવા જાય છે ત્યાં જ તેની સાડીનો પાલવ હાથમાં આવી ગયો. એક જોરદાર આંચકો સ્નેહાને લાગ્યો અને તે દોડતીકને ભાર્ગવના પાહુપાશમાં જકડાઇ ગઇ. ભાર્ગવે તેને ફૂલને ઊંચકે એમ ઊંચકી લીધી અને સ્નેહાને ઢળતા ઢાળે ઢળતી મૂકી દીધી. સ્નેહા ઢળવા લાગી, એટલે ભાર્ગવ પણ તેની પાછળ પાછળ ઢળવા લાગ્યો અને સ્નેહાની બીલકુલ નજીક પહોંચી ગયો. ભાર્ગવે સ્નેહાને જોરદાર ભીંસમાં લીધી. સ્નેહાને પણ મનમાં થતું હતું કે, આજ ત્વચાને સોળ વરસની ઇચ્છાઓ જો લૂંટે તો ભલે લૂંટે અને કંઠ લગોલગ ડાળે બેઠેલી ગુલમહોરી સુગંધ છૂટે પછી તો સારિકામન ટહુકવા લાગ્યું. શ્વાસ દીવાલો તોડીને હોઠ વચ્ચોવચ્ચ થઇને વહેતા સ્મરણની સ્મરણલીલાની રમમાણ દોડવા લાગી. પ્રિતની પરાગરજ બન્ને વચ્ચે શ્વસવા લાગી. આંખોમાં આસવ બનીને ઘેન ચકરાવા લાગ્યું છે.

‘ભાર્ગવ છોડી દે...’

‘છોડી દઉં અને તું ભાગી જાય તો?’

‘નહીં ભાગી જાઉં બસ?’

અને ભાર્ગવે સ્નેહાને પોતાના બાહુપાશની ભીંસમાંથી છોડી દીધી. ભાર્ગવના બાહુપાશમાંથી છૂટતાં જ સ્નેહા દોડવા લાગી, ભાર્ગવ ઊભો રહ્યો અને હરણીશી ઠેક લેતી, દોડતી, રમતી સ્નેહાને જોવા લાગ્યો. ઢળતા ઢોળાવ પરથી સ્નેહાએ પોતાની સ્થિરતા ગુમાવી અને તે ગબડવા લાગી. ભાર્ગવ કંઇ પણ વિચારે તે પહેલાં તો સ્નેહા ઊંડી ખીણમાં જઇને પટકાઇ.

‘સ્નેહા...આ...આ...આ...આ...’ ભાર્ગવ જોરદાર બૂમ પાડી ઊઠ્યો.





## પ્રકરણ : ૭

હોસ્ટેલની આજુબાજુની રૂમોમાંથી વિદ્યાર્થીઓ દોડી આવ્યા. ભાર્ગવના આખા શરીરને ઢંઢોળ્યું, તેણે આંખો ખોલી, એક છોકરો પાણી લઇ આવ્યો, ભાર્ગવે પાણી પીધું. થોડીવાર પછી તે સૂઇ ગયો. છોકરાઓને કંઇ જ સમજ ન પડી. તેઓ પોતપોતાની રૂમમાં જતા રહ્યા. આજે ભાર્ગવ એકલો જ પોતાની રૂમમાં હતો કારણ કે તેનો રૂમ પાર્ટનર બહારગામ ગયો હતો.

સવારમાં ઊઠ્યો ત્યારે ભાર્ગવની તબિયત સારી ન હોતી. તે ઊઠ્યો ત્યારે એનું શરીર કળતું હતું. રૂમનો દરવાજો ખટખટાવાનો અવાજ આવતાં જ તે ઊભો થયો. તેણે દરવાજો ખોલ્યો. તો સામે જ તેનો ક્લાસમેટ અને મિત્ર શિવાલકર ઊભો હતો.

‘શિવાલકર આવ.’ ભાર્ગવે એક બાજુ થતાં કહ્યું અને પૂછ્યું, ‘કૉલેજ નથી ગયો?’

‘ગયો હતો યાર, ફ્રિ પિરિયડ હતા. વરસાદ ચાલુ હોવાને કારણે મોટા ભાગના પ્રધ્યાપકો આવ્યા નહોતા. મોસમનો પહેલો વરસાદ ખરો ને? પણ તું હજી સુધી ઊંઘી રહ્યો હતો?’

‘તબીયત સારી નથી, એટલે આરામ કહી રહ્યો હતો.’ ભાર્ગવ પલંગ પર બેસતાં બેસતાં બોલ્યો.

શિવાલકરે ખૂણામાં પડેલી ખુરશી ખેંચીને એની સામે બેસતાં બોલ્યો, 'ગઈ રાત્રે તું ચીસ પાડીને બેઠો થઈ ગયો હતો એ વાત સાચી?'

'જવા દે...એ વાત...સ્વપ્નું આવ્યું હતું.' એમ કહીને ભાર્ગવે વાત ટાળવાનો પ્રયત્ન કર્યો.

'ચાલ બહાર ફરવા જઈએ. થોડા સ્વસ્થ થઈ જવાશે.' શિવાલકરે પણ વધુ કંઈ પણ ન જાણવાની પરવા કર્યા વગર જ કહ્યું.

'જઈએ, પણ મને તૈયાર થતાં લગભગ અડધો કલાક થઈ જશે.'

'ત્યાં સુધી હું તારી રાહ જોઉં છું.' એમ કહીને શિવાલકર સીગરેટ પીવાના બહાને બહાર ગયો.

અડધો કલાક પછી શિવાલકર આવ્યો, તો ભાર્ગવ કપડાં પહેરી ચૂક્યો હતો અને વાળ ઓળી રહ્યો હતો.

'યાર, તારાં કપડાં તો ઘણા મોંઘા છે ને? અને તારી રૂમમાં ફેલાયેલો આ સામાન, તારા પલંગ પર બિછાવેલી ચાદર પણ છસો રૂપિયાથી ઓછી કિંમતની નહીં હોય! અને તું તો કહેતો હતો કે, તારાં મા બાપ ગરીબ છે?'

'મારા પપ્પાને something હોવાનો ભારે શોખ છે. એટલે તે ભૂખ્યા રહીને પણ કીંમતી કપડાં સીવડાવી આપે છે!'

'તારા પપ્પા ઘણા સારા કહેવાય. હું મારા પપ્પાને કપડાં સિવડાવવાની વાત કરું તો ઝઘડવા તૈયાર થઈ જાય છે અને કહેવા લાગે છે, કે છ મહિના પહેલાં તો સિવડાવ્યાં હતાં, એટલામાં ફાટી



ગયાં? તારાં કપડાંથી અને ફીથી તો અમે વાજ આવી ગયાં છીએ! આમ એમની એલ.પી. રેકર્ડ તો ચાલ્યા જ કરે.' શિવાલકર ગંભીર સ્વરે બોલ્યો.

ભાર્ગવે મરકતાં મરકતાં ટેબલ પર કાંસકો મૂક્યો ને જેવો શિવાલકર નજીક પહોંચ્યો તો તેના હૃદયને એક જોરદાર આંચકો લાગ્યો, 'તેં દારૂ પીધો છે? શિવાલકર! It's not good for you!'

'અડધો કલાક રૂમમાં વિતાવવાનો હતો, વિચાર્યું, એકાદ પેગ લઈ લઉં, તેનાથી ભૂખ સારી લાગે છે.'

'ખરાબ કહેવાય શિવ, આપણે અહીંયાં ભણવા માટે આવ્યા છીએ, એશ આરામ કરવા નહીં, માદક દ્રવ્યોના સેવનથી તો વાંચેલું પણ યાદ રહેતું નથી! અને મગજની નશો હમેશાં ખેંચાયેલી જ રહે છે.' ભાર્ગવે પ્રેમથી એના ખભા પર હાથ મૂકતાં કહ્યું.

'ક્યારેક ક્યારેક પી લઉં છું, યાર! આદત નથી.'

'તારી આ રીતની વર્તણુંક ફરી રહેશે તો હું તારી દોસ્તી છોડી દઈશ.' ભાર્ગવે ચીડાઈને કહ્યું.

'નહીં, દોસ્ત, તારા જેવો મને સમજી શકે એવો દોસ્ત હું મેળવી શક્યો નથી, ફરી નહીં પીઉં બસ!' શિવાલકરે નીચું મોં રાખીને કહ્યું.

'ચાલ, શિવ! આપણે બહાર ફરીને આવીએ છીએ.'

'ચાલો...'

બંન્ને રૂમની બહાર આવી ગયા હતા. ભાર્ગવે તાળું બંધ કરીને ચાવી પેન્ટના ખીસ્સામાં મૂકી દીધી અને યુનિવર્સિટી કેન્ટીન તરફ જવા લાગ્યા.

વરસાદ બંધ થઇ ગયો હતો. આકાશ પર વાદળાં છવાયેલાં હતાં. ઠંડી ઠંડી હવાથી વાતાવરણ ખુશનુમા અને ઉન્માદક થઇ ગયું હતું. પ્રથમ વર્ષાથી જમીનમાંથી મીઠી મીઠી સુગંધ હવામાં ફેલાઇ રહી હતી. જ્યારે બન્ને કેન્ટિનમાં પહોંચ્યા તો કેન્ટિનનાં ટેબલ યુવકો અને યુવતીઓથી છલકાઇ ગયાં હતાં. છવાઇ ગયાં હતાં. ક્યાંય કોઇ પણ સ્થાન ખાલી નહોતું.

'શું વિચાર છે, શિવ? અહીંયાં તો બેસવાનીય જગ્યા નથી. પાછા જતા રહીશું?'

'થોડીક ક્ષણો પ્રતીક્ષા કરવી પડશે, કોઇક ટેબલ ખાલી થઇ જશે.'

શાંત ઊભો ઊભો ભાર્ગવ કેન્ટિનમાં બેઠેલા ચહેરાઓ તરફ જોતો રહ્યો. એક ટેબલ પર ઘણી છોકરીઓ બેઠી હતી. એ તરફ તેની દૃષ્ટિ ગઇ અને તેની દૃષ્ટિ એક સુંદર યુવતી ઉપર જ સ્થિર થઇ ગઇ. જ્યાં સુધી એ ત્યાં ઊભો રહ્યો ત્યાં સુધી એની દૃષ્ટિ એ યુવતી ઉપર જ સ્થિર હતી. બધી છોકરીઓમાંથી ભાગ્યે જ કોઇ બોલતું હતું, સિવાય કે સુંદર છોકરી. એ સતત બોલ્યા જ કરતી હતી. બાકીની છોકરીઓ એની વૈખરીને અનિમેષ નજરે અને એક ધ્યાનથી સાંભળતી હતી. તો ક્યારેક ક્યારેક જોરજોરથી હસતી હતી. સુંદરતાની ઝલક તેના ચહેરા ઉપર તગતગી રહી હતી.

ચમચી, ડીશ, પાણીના પ્યાલા અને વિદ્યાર્થીઓના અવાજથી કેન્ટીન ધમધમી ઊઠી હતી. વિદ્યાર્થીઓને એકમેકને



મળવાનું, વાતો કરવાનું, ગપ્પાં હાંકવાનું, કોલેજના રાજકારણથી લઇને દેશના અર્થતંત્ર સુધીની ચર્ચાઓ કરવાનું એક માત્ર સ્થળ. ક્રિકેટથી લઇને બોફોર્સ સુધીની, ધોની બોલીંગ અને સચીન, ઈરફાન, યુસુફના રનની સંખ્યા પણ આ જ ટેબલો ઉપર ચર્ચાતી. મુક્ત મને વાતો કરવાનું એક માત્ર સ્થળ તે આ કેન્ટિન.

'સ્મિતાને જોઇ રહ્યો છે?' શિવાલકરનો સ્વર સાંભળીને, ભાર્ગવ તેની તરફ ફર્યો.

'ઘણી છોકરીઓની વચ્ચે જે સતત બોલ્યા કરે છે તેની તરફ—' ભાર્ગવે કહ્યું.

'એ તો સ્મિતા છે! અમીર બાપની બેટી છે. શેઠ ગુણવંતરાયની.'

'ગુણવંતરાય!' ભાર્ગવ જાણતો હોવા છતાં પણ અજાણ્યો થઇને શિવાલકર સામે આશ્ચર્યચકિત મુદ્રામાં જોતો રહ્યો. જાણે તે સ્મિતાને ઓળખતો જ ન હોય! જાણે સાવ અજાણી વ્યક્તિની વાત સાંભળતો હોય તેમ!

શિવાલકર એ ભાવોને જાણી શક્યો નહોતો. પોતાની જ ધૂનમાં એ બોલ્યે જતો હતો, 'અહીં ના મોટા બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર છે. સ્મિતા કૉલેજમાં તોફાની છોકરી તરીકે ખ્યાત છે અને ખર્ચ કરવામાં પણ. આ બધી જ છોકરીઓ એના આજુબાજુ વીંટળાઇને બેઠી છે, એટલા માટે કે એમના ખાવાપીવાનો ખર્ચ સ્મિતા જ ચૂકવવાની છે. દરરોજ આમ થાય છે. સ્મિતા આત્મશ્લાધા માટે આ બધું કરે છે. હમણાં જોજેને! જ્યારે બધી વિખરાશે ત્યારે પાંચસો રૂપિયાથી ઓછા બિલનું પેમેન્ટ નહીં કરે. ખબર નહીં યાર, લોકોની પાસે આટલા બધા પૈસા ક્યાંથી આવે છે. વિચારતાં જ આશ્ચર્ય થાય છે. સ્મિતાની એક મોટી બહેન છે. સ્મિતાથી

બિલકુલ વિરૂદ્ધ સ્વભાવની, એને એકાંત પ્રિય છે. હવે તે એમ. એ.માં છે.' ભાર્ગવ શિવાલકરની વાક્ધારા સાંભળતો જ રહ્યો.

'ચાલો એક ટેબલ ખાલી થઈ રહ્યું છે.' ભાર્ગવ એ ટેબલ તરફ જતાં જતાં બોલ્યો, જે ટેબલ ઉપર વેઈટર ડીસમાં બીલ રાખીને જઈ રહ્યો હતો.

ટેબલ ઉપરના વિદ્યાર્થીઓ હજી ઊઠ્યા નહોતા. ભાર્ગવ અને શિવાલકર બન્ને ઊભા રહ્યા હતા. જેવા એ લોકો ઊભા થયા કે તરત જ બન્ને મિત્રો સામસામે બેસી ગયા અને બેસતાં જ શિવાલકરે કહ્યું, 'જરા ટેબલ સાફ કરી દે ભાઈ?'

વેઈટરે ખભા ઉફર લટકતા કપડાથી ટેબલ સાફ કરી દીધું.

'શું ખાઈશું?' શિવાલકરે કહ્યું, 'મને તો ખૂબ જ ભૂખ લાગી છે.'

'પેગની કરામત છે.' ભાર્ગવે હસતાં હસતાં વ્યંગમાં કહ્યું.

થોડીવાર પછી શિવાલકરે વેઈટરને નાસ્તાનો ઓર્ડર આપ્યો. જ્યારે વેઈટર જતો રહ્યો ત્યારે ભાર્ગવે મોં પર હાસ્ય લાવતાં પૂછ્યું, 'હં...તું સ્મિતાની મોટી બહેનની વાત કરી રહ્યો હતો?'

'કેમ બહુ જ રસ લઈ રહ્યો છે ને!' શિવાલકરે ભાર્ગવની નજર સામે નજર મેળવતાં કહ્યું.

'વાત અધૂરી રહી ગઈ હતી એટલે પૂછી લીધું.'

'તને સ્મિતા કેવી લાગી?'



'હું સમજ્યો નહીં!'

'સુંદર છે ને?' શિવાલકરના હોઠ ઉપર સ્મિત રમી રહ્યું હતું.

'એમાં શંકા નથી.' ભાર્ગવ ધીમેથી બોલ્યો.

'તો એમ જ સમજી લે કે જેમ સુંદરતામાં સ્મિતા ઓગણીસ છે તો સ્નેહા વીસ છે. અથવા તો તેનાથીય અધિક સુંદર, કોમળ દેહલાલિત્ય, ફુંક મારીએ તો'ય ત્યાં ખાડો પડે એટલી બધી કોમળ. જાણે ભગવાને એને વનરાશની પળોમાં ઘડી હશે! અને મને બનાવવામાં તો તે બહુ જ ઉતાવળમાં હતો. યાર, અહીંથી તંઈથી માટી ભેગી કરીને મને ઘડી કાઢ્યો લાગે છે! પણ સ્નેહાની વાત તો જુદી જ છે. ચહેરા ઉપરથી નજર હટાવવાનું મન જ થાય. પરંતુ એના ચહેરા તરફ નજર ફેંકવાનું સાહસ કરવું મુશ્કેલ છે. કોણ જાણે એના ચહેરામાં ક્યું ચુંબકત્ત્વ છે કે તેને જોતાં જ તેના તરફ ઢળવાનું મન થઈ જાય છે. સ્મિતાની તો ક્યારેક ક્યારેક કોઈ છોકરો મશ્કરી પણ કરે અને એવું થાય ત્યારે સ્મિતા ધમાલ પણ કરે છે, ક્યારેક તો થપ્પડ પણ મારે છે, ક્યારેક પગમાંથી ચંપલ કાઢીને મશ્કરી કરનારના માથા ઉપર પણ મારી દે છે. બહુ જ ઊંચી અને ધારદાર એડીનાં ચંપલ પહેરે છે. ભૂલેચૂકેય જો માથા ઉપર પડી જાય તો બેભાન થઈ જવાય. એણે તો ઘણાને પ્રસાદ ચખાડ્યો છે પરંતુ સ્નેહા, એને છંછેડવાની વાત તો દૂર રહી, પણ એની સાથે વાત કરવાનુંય સાહસ કોઈ યુવક ન કરી શકે બેઠેલી હોય તો જાણે કોઈ મંદિરની મૂર્તિ સમાન, તેનો તો આદર કરી શકાય. બીજું કંઈ જ નહીં!'

'ઘણા ઊંચા વિચાર છે તારા, સ્નેહાની બાબતમાં.' ભાર્ગવે મર્માળુ સ્મિત વેરતાં કહ્યું.

'હું કહું છું એમ નહીં, કોઇને પણ પૂછી જોજે, પ્રોફેસરો પણ તેને આદર આપે છે અને માનથી બોલાવે છે.'

'ઠીક છે, ક્યારેક જોઇશું ત્યારે કહીશ કે એના માટે મારો શું અભિપ્રાય છે.' ભાર્ગવે વ્યંગમાં કહ્યું.

'જોઇ જ નહીં શકે.' શિવાલકરે હસતાં હસતાં કહ્યું.

'શું હું આંધળો થઇ જઇશ?'

'ના, આંધળો તો નહીં પણ જોતાં જ પાંપણો નીચે ઢળી જશે. તને એમ લાગશે કે તારી આંખોમાં વીજળીનો ચમકારો થયો!' શિવાલકર હસી રહ્યો હતો અને વેઇટર ટ્રેમાં નાસ્તો લઇ એના ટેબલ તરફ આવી રહ્યો હતો.

'પહેલાં ખાઇ લે, આ સમયે તો પેટમાં બીલાડાં બોલે છે. વીજળીની વાત પછી વિચારીશું.'

વેઇટરે ટેબલ પર નાસ્તો મૂકી દીધો હતો. બન્ને શાંતિથી નાસ્તો કરી રહ્યા હતા. શિવાલકરની વાત ભાર્ગવ અજાણ્યો થઇને એટલા માટે સાંભળતો હતો કે આ રીતે થોડો સમય પણ પસાર થાય!

બિલ ચુકવ્યા પછી બન્ને કેન્ટિનની બહાર આવ્યા. શિવાલકરે ભાર્ગવની સાથે ચાલતાં ચાલતાં કહ્યું, 'વાતાવરણ કેટલું સુંદર છે યાર, થોડો સમય ફરવા માટે જઇએ. હૉસ્ટેલમાં પહોંચતાં જ તું ચોપડીઓમાં ફસાઇ જઇશ અને હું પીવામાં. તને ચોપડીઓથી દૂર રાખવામાં અને મને પીવાથી દૂર રાખવામાં આ જ



એક માત્ર ઉપાય છે.'

'જેવી તારી ઇચ્છા, મારું પણ માથું દુઃખે છે. અત્યારે વાતાવરણ પણ સુંદર અને ખુશનુમા છે. થોડો સમય ફરવાનું જ ઉત્તમ રહેશે.'

'તું અભ્યાસ પૂરો કર્યા બાદ શું કરશે?' શિવાલકરે ભાર્ગવની સાથે ચાલતાં ચાલતાં વાતને વળાંક આપતાં કહ્યું.

'જો સારા ટકાએ પાસ થઇશ તો પી.એચ.ડીની ડિગ્રી લઇ ડોક્ટરેટ થઇને કોઇ કૉલેજમાં લેક્ચરર તરીકે જોડાઇ જઇશું, તું શું કરીશ?' ભાર્ગવે હસતાં હસતાં કહ્યું.

'આપણને તો પાસ થવાનો કોઇ જ ચાન્સ નથી, અને પાસ થઇને કરવાનું પણ શું? નોકરી તો ક્યાંય મળતી નથી! ભૂલથીય જો પાસ થઇ જવાયું અને નોકરી ન મળી તો ઘરવાળાં ખાવા દોડશે. રોજે રોજ સંભળાવશે, 'ક્યાંય નોકરી કેમ શોધતો નથી? બધાંને નોકરી મળે છે, શું તને જ નોકરી નથી મળતી?' આ કૉલેજ ઠીક છે યાર, બીચારો ભણી રહ્યો છે એ વિચારથી પૈસા તો મોકલી આપશે, ગમે તેમ કરીનેય અહીં પડી રહેવામાં જ મઝા છે.'

શિવાલકરની વાત સાંભળતાં જ ભાર્ગવ હસ્યો, 'શું અહીં પડી રહેવામાં મઝા છે?'

'મઝા જ છે યાર! તેં રમેશ પારેખની પેલી કવિતા વાંચી છે, કાળા ભમ્મર રસ્તા ઉપર વરસાદ વરસ્યો છોક્કરીઓનો.'

'હા...ક્યાંક વાંચ્યાનું સ્મરણ છે...!'

'આ છોકરીઓને જોતાં તો એમ લાગે છે કે એક સાથે આટલા બધા સુંદર ચહેરાઓ એકઠા થઇ શકે! આપણે તો ભૈ

વિચાર કરી જ લીધો છે કે, જ્યાં સુધી મા બાપ પૈસા મોકલશે ત્યાં સુધી અહીં પડ્યા રહીશું. કદાચ ગુસ્સામાં આવી કાન પકડીને લઈ જાય તો મજબૂરી છે. બાકી તો આવું સ્વર્ગ છોડીને બીજે ક્યાંય જવાની ઈચ્છા થતી નથી. આ દુનિયા જેટલી અહીંયાં સુંદર દેખાય છે, સંગીન દેખાય છે. એટલી સુંદર બીજે ક્યાંય નહીં જોવા મળે. અહીં તો પરિસ્તાન છે, દોસ્ત પરિસ્તાન. આજનો યુવક માસ્ટર ડીગ્રી મેળવીને પણ ફૂટપાથ પર પોલીશ કરતો અને કચેરીઓમાં પટાવાળી કરતો હોય છે. કારણ કે એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ વાળા નામ નોંધે છે, નોકરી તો લાગવગવાળાને મળે છે. યાર, પૈસાવાળાની બોલબોલા છે. જો મારો બાપ ગુણવંતરાય શેઠ જેવો અમીર હોત તો દર વર્ષે ફેઈલ થતો રહેત.' શિવાલકરે ઊંડો શ્વાસ લેતાં કહ્યું.

'What a fentastic talk, દોસ્ત એમ કરને! ગુણવંતરાયને સસરો જ બનાવી લેને!' ભાર્ગવે શિવાલકરની મશ્કરી કરતાં કહ્યું.

'ના રે, આવી સ્મિતા જેવી તેજાબી અને રૂપાળી છોકરીને રાખવી એ તો વાઘણને ઘરમાં લાવવા જેવું છે!' શિવાલકરની આંખોમાં ડર રમ્યા કરતો હતો.

'આમેય તારા વિચારો તો ઘણા જ ઊંચા છે, તો વિચાર કરી જો.'

'વિચારોથી થોડું કંઈ પેટ ભરાય છે? વિચારોથી તો એક વ્હિસ્કીની બોટલ પણ ખરીદી શકાતી નથી. બધું પૈસાથી ખરીદાય છે અને એ તો મળવા મુશ્કેલ છે. વર્ષોથી હું જોતો આવ્યો છું કે પૈસા સાલ્લા અમીરોના જ ખિસ્સામાં જતા રહે છે. ગરીબોને ભાગે મજૂરી




સિવાય કંઈ જ મળતું નથી. અને મજૂરીનાય પૂરતા પૈસા મળતા નથી ગઈ કાલે જેણે ખુમચો નાંખ્યો એ આવતી કાલે તો લખપતિ થઈ જાય છે. સાલા પૈસા જ એમના ખીસ્સામાં જતા રહે છે!'

'તું એક કામ કર, એમ.એ. થયા પછી સીંગચણા વેચવાનો ધંધો શરૂ કરી દે અને ખુમચા ઉપર એક બોર્ડ લગાવી દે 'મી શિવાલકર, એમ.એ. સીંગ ચણાવાળા.' બહુ જ વેચાશે. અંગૂઠાછાપ કરતાં એમ.એ. થયેલો વધુ માલ વેચી શકે.

'શું રાખ વેચી શકે? જો એમજ હોય તો મોટી મોટી હોટલોના રસોઈયાઓ પી.એચ.ડી હોત. તું પણ ગજબની વાત કરે છે ને! સીંગ ચણા વેચવાની પણ એક કળા છે અને તે કળા કંઈ કોલેજમાં શિખવવામાં આવતી નથી. અને કૉલેજમાં શિખવવામાં આવે છે તે ધંધામાં, નોકરીમાં કે વ્યવહારમાં ક્યાંય ઉપયોગી થઈ, શકતું નથી. કેવું છે આપણું શિક્ષણતંત્ર?' શિવાલકરે પોતાની હૈયાવરાળ ઠાલવતાં કહ્યું 'અરે! વીજળી?!' શિવાલકર આશ્ચર્યસહ ઉદ્‌ગારે બોલી ઊઠ્યો અને બે હાથ જોડીને ઊભો રહ્યો, આંખો બંધ કરીને જાણે કોઈ દેવીને પગે લાગતો હોય તેમ!

ભાર્ગવે આકાશ તરફ મોં કરીને, હસતાં હસતાં કહ્યું, 'હું માત્ર વાદળો જ જોઈ શકું છું, વીજળી તો ક્યાંય દેખાતી નથી.!'

'ડાબી બાજુ જો. આકાશ તરફ નહીં, ધરતી પર પથરાયેલી લીલીલીલી હરિયાળી પર વૃક્ષ નીચે. ત્યાં વીજળી ચમકી રહી છે.'

ભાર્ગવે ડાબી તરફ જોયું તો એની નજર ત્યાં જ સ્થિર થઈ ગઈ. લીલીલીલી મંજર પર બંન્ને હથેળીઓ ટેકવીને આકાશી છાંયસી સાડીમાં જળઝીલ્લપશી ચમકી રહી હતી. જાણે રેશમિયું

વન દોડી આવ્યું હોય! આકાશ પર પથરાયેલાં વાદળો તરફ એક નજરે જોઈ રહી હતી. તે વીજળી તો છે જ, ભાર્ગવને લાગ્યું જાણે કે આજુબાજુના વાતાવરણથી અજાણ આ ચહેરો તેનો પરિચિત ચહેરો હતો. હવે ભાર્ગવને શિવાલકરની મશ્કરી કરવાનું સૂઝયું.

'તું જા શિવાલકર.' ભાર્ગવે ઊંડો શ્વાસ લઈને કહ્યું.

'શું તું નથી આવતો?' શિવાલકરે આશ્ચર્યચકિત મુદ્રામાં કહ્યું.

'ના, શિવ, હું વીજળીની પાસે જઈ રહ્યો છું.' ભાર્ગવે હસતાં હસતાં કહ્યું.

'તારી તબિયત તો ઠીક છે ને! કે ગાંડો થઈ ગયો છે? ના જાન, ના પહેચાન...એનાં ચંપલ જો, એડી બહુ જ ધારદાર છે. માથામાં એક જ પડે એટલે રામ રમી જશે. માટે, મહેરબાની કરીને સીધો સીધો ચાલ અને તું તો એક સીધો સાદો માણસ, તને મશ્કરી કરવાની પ્રેક્ટિશ નથી. એકાદ ચંપલ પડશે પછી પ્રેમના પાઠ ભણવાનું જ ભૂલી જઈશ. એના કરતાં સીધેસીધા હોસ્ટેલ ભેગા થઈ જઈએ.'

'કહ્યું ને તું જા, હું ઘણો જ ગંભીર છું?' ભાર્ગવે ગુસ્સે થઈને કહ્યું.

'એ તો તારા ચ્હેરા પરથી જાણી શકાય છે, મારું માને તો મારી સાથે ચાલ, નવો નવો કૉલેજમાં આવ્યો છે. શું કૉલેજમાંથી જતા રહેવાનો વિચાર છે? કૉલેજમાં દાખલ કરવા માટે માબાપે કોણ જાણે કેટલીયે મહેનત કરી હશે. એમના પૈસાની તો કિંમત સમજ? એનો બાપ તો કરોડપતિ છે. ચાન્સેલરશ્રીને ફરિયાદ કરશે તો કૉલેજમાંથી





તરત જ પાણીચું આપી દેશે અને તારો બાપ તો પેટે પાટા બાંધીને તારી પાછળ ખર્ચો કરે છે, દોસ્ત, ગરીબનું કોઈ જ સાંભળતું નથી!' શિવાલકરે ગભરાયેલા સ્વરમાં એકશ્વાસે બોલી ગયો.

'એક વખત કહ્યું ને, કે તું જા?' ભાર્ગવે ગુસ્સામાં કહી દીધું, 'માત્ર મોં જ સિંહનું લઈને ફરે છે?'

'ઠીક છે, રૂમની ચાવી મને આપી દે.' શિવાલકરે હાથ લંબાવતાં કહ્યું.

'શા માટે?' ભાર્ગવે હસતાં હસતાં કહ્યું અને તે યુવતીની સામે જોવા લાગ્યો. સ્નેહા હજીયે આકાશ તરફ દોડતાં વાદળોને જોઈ રહી હતી. કોણ જાણે વાદળોમાં તે શુંય શોધતી હશે?

'તારા આવતાં પહેલાં તારો બિસ્તરો બાંધી દઈશ, દિલ્હીની ગાડી પકડવામાં સરળતા રહેશે યાર.' શિવાલકર ગંભીર સ્વરે કહેતો હતો.

'એની જરૂર નહીં પડે.'

'ઠીક છે, જેવી તારી મરજી. લાગે છે કે, હવે પછીની દશ મિનિટે મારે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવી પડશે. જયારે તું કેન્ટિનમાંથી નીકળ્યો હતો ત્યારે તબિયત સારી હતી. કોણ જાણે કેમ અચાનક તને શું થઈ ગયું છે, તને કેટલીયે વાર કહી ચૂક્યો છું કે સ્નેહા કોઈ સામાન્ય છોકરી નથી.'

'એ જ મારે જોવું છે, પણ તારા ગયા પછી જ જોઈ શકીશ. અહીંથી તું જા, પાછું વળીને ન જોતો.' કહેતાં કહેતાં ભાર્ગવ મુક્ત મને હસી પડ્યો, ખડખડાટ.

## પ્રકરણ : ૮

શિવાલકર ઝડપથી ત્યાંથી જતો રહ્યો. એને આશ્ચર્ય એ વાતનું હતું કે, તે અને શિવાલકર એટલી નજીકથી વાતચીત કરી રહ્યા હતા કે, સ્નેહા સહેલાઈથી સાંભળી શકે. તેમ છતાં સ્નેહાની નજર એમની ઉપર કેમ નહીં પડી હોય! આમ વિચારતો ભાર્ગવ કેટલીક ક્ષણો તો ત્યાં જ ઊભો રહ્યો. જ્યારે શિવાલકર ઘણે દૂર સુધી ગયો અને દેખાયો નહીં ત્યારે તેણે પોતાના પગ ધીમેધીમે સ્નેહા તરફ ઉપાડ્યા. જ્યાં સ્નેહા આકાશવત્ બનીને આકાશ તરફ તાકી રહી હતી.

અધિક આશ્ચર્ય તો ત્યારે થયું કે જ્યારે ભાર્ગવ સ્નેહાની બિલકુલ નજીક આવ્યો ત્યારે પણ સ્નેહાની નજર આકાશ તરફ જ મંડાયેલી હતી.

'વાદળોમાં શું શોધી રહ્યાં છો સ્નેહાજી?' ભાર્ગવે હસતાં હસતાં કહ્યું. ત્યારે સ્નેહાએ આકાશ તરફથી નજર હટાવીને ભાર્ગવની સામે જોયું.

તે ઝૂમી ઊઠી, તેના રોમેરોમે કોયલ ટહુકવા લાગી.

'વાદળોમાં શું શોધી રહ્યાં હતાં?'

'વીજળીને, મને વાદળની ગર્જના અને વીજળીની





ચમક ખૂબ જ પસંદ છે.'

'અને લોકો ડરે છે, જેમકે તમારાથી, અર્થાત્ વીજળીથી? આ જ વાદળોમાં વીજળી કેમ જોવા ન મળી? કારણ કે આજે એ ધરતી પર ઉતરી આવી છે!'

'અચ્છા?' સ્નેહાએ હસતાં હસતાં કહ્યું.

'ખરેખર આપનો ચહેરો જ એવો છે. મને એ ખબર ન પડી કે આ સમયે મારે અહીં આવવું જોઈએ કે નહીં, પરંતુ ક્યારેક ક્યારેક માણસનું મન તેના કહ્યામાં રહેતું નથી.'

સ્નેહા ઝડપથી ઊભી થઈ, માથા પરથી વિખરાયેલા છુટ્ટા વાળ પાછળ ધકેલતાં હસતાં હસતાં તે બોલી, 'હવે આપ વાદળોની તરફ તાક્યા કરો!'

'શું આપ જઈ રહ્યાં છો?'

'શું મારે જવું ન જોઈએ?'

'ના.'

ભાર્ગવ સ્નેહાને જોતો જ રહ્યો.

'શું તાકી રહ્યા છો?'

'તમારો ચ્હેરો.'

સ્નેહા, ખડખડાટ હસી ઊઠી, જાણે ભીની ભીની મોસમ છલકી. જાણે ભીની ભીની જળભરશી રમત રમતી વાદળી હળવે હળવે ઝરમર ઝરમર જળઝીલ્લપશી વરસી રહી હોય.

'ભાર્ગવજી, ચાલો એક વૃક્ષના સહારે જઈને બેસીએ.'

'હું છું છતાં વૃક્ષનો સહારો?! કંઇ સમજ ન પડી.'

થોડું એકાંત હોય તો એકાંત ક્ષણમાં એકમેકના મનના હળવાશની વાતો થઇ શકે.' સ્નેહાએ ભાર્ગવની નજીક ઢળતાં ઢળતાં કહ્યું અને ભાર્ગવે પણ સ્નેહાનો હાથ પોતાના હાથમાં લઇને સ્નેહાને પોતાના તરફ ખેંચી.

'સાચું કહું, તમને જોયા છે ત્યારથી, મારામાંથી કશુંક ખોવાઇ ગયું છે. હવે એકાંત મને ડસવા લાગે છે.'

ત્યાર પછી કંઇ કેટલીય પળો સુધી એકમેકમાં ઢળતાં બેસી રહ્યાં. પણ અચાનક આકાશમાં ગેલગમ્મત કરતી વાદલી બન્ને જણને ભીંજવી ગઇ, આજ ખરેખર બન્ને નખશિખ ભીંજાઇ ગયાં હતાં. એકમેકમાં ઓગળીને ઓળઘોળ થઇ ગયાં હતાં. જાણે– 'સાવ કોરાકટ્ટ કાગળ વચ્ચે લીલીછમ્ કુંપણ રે ફૂટી!' ટેરવાઓમાં ઇચ્છાઓનાં ભોળાં સસલાં પછી આમ દોડાદોડ, તેમ દોડાદોડ કરલા લાગ્યાં. સ્નેહા નીચું જોઇને જમણા પગના અંગૂઠાથી હળવે હળવે જમીન ખોતરવા લાગી. જમણા પગના અંગૂઠેથી ભર્યાભાદર્યા વન વચ્ચોવચ્ચ લીલીલીલ મંજર ફૂટી. ભાર્ગવ–સ્નેહા એકમેકની સાવ અડોઅડ હોવા છતાં, સાવ અજાણ્યાં બની ગયાં હોય તેમ એક બીજાના ચહેરાની ભાષાને વાંચવા લાગ્યાં –

એકમેકના હ્રદયમાં મનહરણાં મૃગજળીયું મન લઇને દોડવા લાગ્યાં.





## પ્રકરણ : ૯

હોસ્ટેલમાં પહોંચતાંની સાથે જ ભાર્ગવે રૂમ ખોલી કેટલાય દિવસોથી રૂમના ખૂણામાં પડેલું ચામડાનું એક કેશ ઊઠાવ્યું. ખિસ્સામાંથી રૂમાલ કાઢી તેના પરની ધૂળ ખંખેરી નાંખી. કોણ જાણે કેમ મન ઉદાસ હતું. સ્નેહાની મુલાકાતનો પ્રભાવ કે ઘરની યાદ! કંઇ પણ સમજવા માટે મુશ્કેલ હતું. પરંતુ એ સાચું હતું કે ઉદાસીની બાહુઓમાં એ જકડાઇ ગયો હતો. સ્નેહાથી છૂટા પડ્યા પછી તેનામાંથી કશુંક ખોવાઇ ગયું હોય તેમ તેને વારંવાર લાગ્યા કરતું હતું. જાણે વૃક્ષમાંથી પક્ષીઓનું કલકલ કરતું ટોળું ઊડી ગયું હતું! સ્નેહા વગરની એકાંત પળો તે વ્યતિત કરીશકે તેવી એની હાલત નહોતી. દિવસે દિવસે તે વધુને વધુ સ્નેહામય બનતો જતો હતો.

કેશ ખોલીને એક સુંદર વાયોલીન બહાર કાઢ્યું અને રૂમની બારી પાસે બેસી ગયો. જ્યારથી તે આ હૉસ્ટેલમાં આવ્યો ત્યાર પછી એણે પહેલી જ વારા વાયોલીન હાથમાં લીધું હતું અને આકાશ પર છવાયેલાં વાદળોની સામે જોતાં જ તેને સ્નેહાની યાદ આવી ગઇ. તેનો સુંદર ચહેરો વાદળોમાંથી ઉપસી આવ્યો અને પછી એક ઉદાસ ધૂન બહારના શાંત વાતાવરણને ચીરવા લાગી અને તે વાયોલીનના તારને કંઇ કેટલાય સમય સુધી છેડતો રહ્યો. શિવાલકર ક્યારે એની પાછળ આવી ઊભો રહી ગયો એનોય એને ખ્યાલ ન રહ્યો. તે પોતાની જાતને સ્નેહાના સ્નેહમયી દ્રાવણમાં

ઓગાળી રહ્યો હતો. તેનું મનહૃદય તો સ્નેહાના હૃદયમાં જઇ બેઠું હતું. આંખો બંધ કરીને ઉદાસ ધૂનના ઉતાર ચઢાવમાં ખોવાઇ ગયો હતો. આંખો બંધ હતી. બંધ આંખોની સામે સ્નેહાનો ચહેરો, જાણે ભીતરમાં ભીની ભીની ભીનાશમાં તરી રહ્યો હતો. તેના પોતાના આત્માનું દર્દ વાયોલીનના સ્વરમાં ડૂબી ગયું હતું અને એ દર્દ આંગળીઓમાંથી લોહી બનીને ટપ્ ટપ્ ટપ્ ટપ્ ટપકવા લાગ્યું એટલે શિવાલકરથી સહન ના થયું, તેની આંખોમાંથી પણ અશ્રુબિંદુ ટપકવા લાગ્યાં અને શિવાલકરે આવેશમાં આવી જઇને ભાર્ગવનો હાથ પકડી લીધો. 'તું આટલું સરસ વાયોલીન વગાડી જાણે છે એ આજે જ જાણ્યું, આટલા દિવસથી ક્યાં હતું એ? કે પછી નવું જ ખરીદીને લાવ્યો?'

શિવાલકરનો સ્વસ સાંભળતાં જ ભાર્ગવ સ્વસ્થ થઇ ગયો અને એની સામે જોવા લાગ્યો. ગંભીર સ્મિત તેના મુખ ઉપર રેલાઇ રહ્યું હતું.

'ખરીદીને નથી લાવ્યો, રૂમમાં જ પડ્યું હતું. આજે મન થઇ ગયું, બસ વગાડવા બેસી ગયો.' ભાર્ગવે ઉદાસ સ્વરમાં કહ્યું.

'બહુ જ ઉદાસ દેખાય છે, ભાર્ગવ? એવો તે ક્યો આઘાત તારા હૃદયમાં પડ્યો છે કે જે ચહેરા ઉપર આવીને બેસી ગયો છે?! ઉતારી નાખ એ ઉદાસીના વાઘાને અને પહેરી લે આનંદ મયી પળોને!'

'વાત તો કંઇ જ નથી પણ...અરે, હાં! મારું માથું જરા તપાસી જો?'

શિવાલકર ગભરાયો અને તરત જ ભાર્ગવના માથા પર, શરીર પર હાથ મૂકી જોયો. શરીર તો ઠંડુ છે, તાવ જેવું કશું જ નથી!'



'અરે મૂર્ખ, એમ હું નથી કહેતો! મારા માથામાં કોઇ ઘા પડ્યો છે કે કેમ? સ્નેહાની ચંપલથી કંઇ નુકશાન થયું તો નથી ને? તારે ડૉક્ટરને બોલાવવાની કોઇ જરૂર પડશે કે નહીં?' આટલું કહેતાં કહેતાં તો ભાર્ગવની ઉદાસી કપૂર જેમ ઊડી ગઇ અને તે ખડખડાટ હસવા લાગ્યો.

'તું બહુ જ ભાગ્યશાળી છે દોસ્ત, હું તો એ વિચારીને જ ચાલવા લાગ્યો હતો કે આજ તારી ખેર નથી! કંથારમાં હાથ નાંખો અને કાંટા ન વાગે એ સંભવ જ નથી!'

'ના, એ સંભવ તો નથી જ, પરંતુ સ્નેહા સાથે વાત કરો અને માથામાં ચંપલ ન પડે એ કદાચ સંભવ ખરું!' કહેતાં જ ભાર્ગવ હસી પડ્યો.

'તને જોઇને તારી વાત પર વિશ્વાસ કરવો જ રહ્યો, પરંતુ હું? ના બાબા ના, હું તો સાત જનમમાંય એક વાર આવું જોખમ ઉઠાવવા તૈયાર ન થાઉં. અરે યાર, કોલેજમાં બીજી ઘણી છોકરીઓ છે એની સાથે થોડી ગપસપ કરી લઉં, પણ સ્નેહા કદી સામેથી પસાર થાય તો, હું તો રસ્તો જ બદલી નાખું!'

'સમજદાર મિત્ર છે.'

'એમાં શંકા નથી.' શિલાવકર પોતાના ખમીશનો કોલર ઠીક કરતાં કરતાં બોલ્યો, ક્યાંક ફરવા જવું છે કે પછી...ક્યારેક ક્યારેક બહાર નીકળતો રહે. જો ઋતુ કેટલી ભીની ભીની માદક બની રહી છે. કાલે જ પિતાજીનો મનીઓર્ડર આવ્યો છે, એટલે હમણાં તો ખીસ્સામાં ગરમી છે.'

'એ તો સ્પષ્ટ છે કે, બપોરથી જ ડ્રીંક કરી રહ્યો છે, ઉધાર તો મળતો નથી.' ભાર્ગવે હસતાં હસતાં કહ્યું.

'એ વાતનું દુઃખ છે યાર, ઉધાર પણ મળવો જોઇએ. ખેર! જવા દે એ બધી વાતો ને? આ વખતે હું તને ફરવા લઇ જાઉં છું, ક્યાંક દૂર...દૂર...દૂર... શહેરથી ઘણે દૂર...'

'આમ અચાનક તને શું થઇ ગયું છે? તારી વાત મારી સમજમાં જ નથી આવતી!' ભાર્ગવે શિવાલકર સામે જોઇને કહ્યું.

'તારું વાયોલીન ક્યારનોય સાંભળી રહ્યો હતો. દર્દથી ભીંજાયેલા સ્વરથી મારા હૃદયમાં યાદનાં સ્પંદન આળસ મરડીને બેઠાં થવા લાગ્યાં. તારી રૂમમાં ન આવ્યો હોત તો કદાચ મારી રૂમમાં હું રડી પડત. હું આજે ખૂબ જ ઉદાસ છું. ભાર્ગવ, તું વાયોલીન વગાડજે. એ જ ઉદાસધૂન વાયોલીન પર છેડજે અને હું પીધા કરીશ. કોઇ એકાંત સ્થળ પર યાદનાં ભીંગડાં ઉખેડ્યા કરીશ.'

'પણ, આમ તું આજે આટલો બધો ઉદાસ કેમ થઇ ગયો છે?' ભાર્ગવે ગંભીર થતાં પૂછ્યું.

'ઘણાં વર્ષો થયાં ભાર્ગવ, મારો આત્મા મરી ગયો હતો, એના શોકની છાયા હજી પણ મારાથી દૂર થઇ શકી નથી. જ્યારે પણ યાદ આવે છે ત્યારે ઉદાસીનું એક ભીંગડું ઊખડી જાય છે. આજે એ ઉદાસી મારી આંખોમાં આવીને બેસી ગઇ છે, ક્યારે એ પાંપણનો બંધ તોડીને બહાર દોડી આવશે તે કહી શકાય નહીં! આજે તો મનભર...'

'હું સમજ્યો નહીં શિવ?'

'આજે સમજાવી પણ નહીં શકું, ફરી ક્યારેક સમજાવીશ. તારાથી કંઇ પણ છૂપાવીશ નહીં! પરંતુ આજે મારું કહ્યું માન, મારી સાથે ચાલ, જ્યાં હું કહું ત્યાં. શું દોસ્ત થઇને આટલું કામ નહીં કરે?' શિવાલકરે ઉદાસ સ્વરમાં કહ્યું.



'તારી હઠ છે તો ચાલ, વાયોલીનને કેશમાં બંધ કરી લઉં છું, તું પલંગ પર પડેલી ચાવી લઇ લે.'

જ્યારે વાયોલીનને લઇ ભાર્ગવ રૂમની બહાર નીકળ્યો ત્યારે શિવાલકરે રૂમને તાળું માર્યું હતું. અજાણતાં જ ભાર્ગવના રૂમની ચાવી પણ તેણે પોતાના ખિસ્સામાં મૂકી દીધી. બંન્ને હોસ્ટેલનાં પગથિયાં ઊતરી, ચાલતાં ચાલતાં રેલ્વે સ્ટેશન સુધી આવી ગયા.

'ચલોગે સરદારજી?' શિવાલકરે ટેક્સી ડ્રાઇવરને પૂછ્યું.

'કહાં ચલના હૈ બાબુજી?'

'જહાં ભી જાના હૈ, વહાંસે વાપસ યહાં હી લૌટના હૈ. જાના નિકટભી નહીં હૈ, કાફી દૂર જાના હૈ.'

'ઉસ સ્થાનકા નામભી તો હોગા બાબુજી?'

'કોઇ નામ નહીં હૈ, આપ ટેક્ષી ચલાતે રહના, કોઇ ઐસા સ્થાન નજર મેં હોગા જહાં ઘને વૃક્ષ હો, ઊંચે ઊંચે પત્થર હો, લંબી લંબી ઘાસ હો, નિકટ કહીં પાની હોં, બહેતા હુઆ યા ઠહરા હુઆ, બસ કુછ સમય ઐસે સ્થાન પર બિતાના હૈ, યહ મૌસમ દેખ રહે હૈ ના ઈસલિયે.'

'સમજ ગયા બાબુજી, દિન મેં ભી આપ કુછ અધિકહી પી ગયે હૈ, ઈસ સ્ટેન્ડસે આપકો કોઇ ટેક્ષી નહીં મિલેગી.' સરદારજીએ બેદરકારીથી કહ્યું.

'તબ?!' ભાર્ગવે ખીસ્સામાંથી સો રૂપિયાની નોટ કાઢીને સરદારજી તરફ ધરી અને કહ્યું,'મેરા મુંહ સુંઘકર દેખ લો સરદારજી? મૈંને શરાબ નહીં પી હૈ, લૌટને કે બાદ યદિ કુછ બચે તો લૌટા દેના, હમ દોંનો કૉલેજમેં પઢતે હૈ, ખતરેકી કોઇ બાત

નહીં હૈ.'

'બાબુજી કૉલેજમેં પઢનેવાલે લડકે કભી કભાર, ગાંજા, ચરસ, બ્રાઉન સુગર કે આદિ હોતે હૈ. સરદારજીએ, નોટને ખિસ્સામાં મૂકતાં મૂકતાં કહ્યું. 'બાહર ક્યું ખડે હો, ટેક્ષી કે અંદર આ જાઈએ, મૈં આપકો ઐસે હી સ્થાન પર લે ચલુંગા જૈસે સ્થાન પર આપકા દોસ્ત જાના ચાહતા હૈ.' સરદારજી સ્ટીયરીંગ પર બેસતાં બેસતાં કહેલા લાગ્યો.

બન્ને ટેક્ષીની પાછળ સીટ પર બેસી ગયા કે તરત જ ટેક્ષી સડક પર દોડવા લાગી. ભાર્ગવ શિવાલકરના ખભા પર હાથ મૂકીને કહેવા લાગ્યો, 'આજે તને શું થઇ ગયું છે, શિવ?'

'કહ્યુંને, ક્યારેક તને કહીશ, પણ આજે નહીં. તેં જિંદગીમાં ઘણા ઘા સહન કર્યા હશે ભાર્ગવ, ઘા રૂઝાઇ જાય છે, માત્ર નિશાની જ રહી જાય છે. એ રૂઝાયેલા ઘામાં પીડા સુદ્ધાં રહેતી નથી. પરંતુ કેટલાક ઘા એવા હોય છે કે જે રૂઝાઇને પણ કાયમને માટે દૂઝતા હોય છે. દર્દ બનીને રોમે રોમમાં વહેતા હોય છે. બ્લડ કેન્સર જેને થાય છે એને આખા શરીરના અણુએ અણુમાં એના જીવાણુઓ વહ્યા કરે છે. તેમ પ્રેમનું દર્દ પણ જ્યારે લોહીમાં વહેલા લાગે છે ત્યારે એ બ્લડ કેન્સર કરતા પણ ભયંકર બને છે. બ્લડ કેન્સરમાં તો માણસનું મૃત્યુ નિશ્ચિત હોય છે જ, પણ પ્રેમનું દર્દ જો લોહીમાં વહેવાનું શરૂ કરે તો માણસ મરી પણ શકતો નથી અને જીવી પણ શકતો નથી. કોણ જાણે કેમ આજે તારા વાયોલીનના ગુંજને લીધે મારી વર્ષો જૂની યાદના ઘા મારા હૃદયમાં દૂઝવા લાગ્યા. કહેતાં કહેતાં તો શિવાલકરની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતા.'

ભાર્ગવને શાંત રહેવાનું જ ઠીક લાગ્યું. ઘા દૂઝવા લાગે તો



પીડા વધતી જ રહે છે. તે શિવાલકરની આંખોમાં તગતગતા અશ્રુબિંદુ જોઇને તેના હૃદય પર લાગેલો ઘા દૂઝવાની શરૂઆત કરતો હતો. તે ઇચ્છતો હતો કે ઘા તાજો ન થાય એ જ સારું.

ટેક્ષી દોડી રહી હતી અને તે માત્ર એક જ વાત વિચારી રહ્યો હતો કે જે યુવાનને એણે સદા હસતો જ જોયો હતો એ પણ ક્યારેક ઉદાસ થઇને રડી શકે છે. એ વિચારી પણ શકતો ન હતો. પરંતુ કોઇના મનની વાત જાણી શક્યું છે?

એ પણ શાંત હતો. અને શિવાલકર પણ. ટેક્ષીની તેજ ગતિથી ભીની ભીની હવા એમના ચહેરાને અથડાતી હતી. શહેરની સરહદને પાર કર્યા બાદ ટેક્ષી ચાલતી જ રહી, જ્યારે તે સડકની એકબાજુ પર ઊભી રહી ત્યારે બન્નેના વિચારોની શૃંખલા તૂટી ગઇ. સરદારજીએ સડકની એક બાજુ ટેક્ષીને ઊભી રાખતાં કહ્યું, 'દેખ લીજીયે બાબુજી, ઐસાહી સ્થાન, આપ ચાહતે થે ન? નિકટ નદી હૈ, બાયી ઔર ઊંચા ટીલા હૈ, વૃક્ષોંસે ઘીરે હુએ ઊંચે ઊંચે પથ્થર ભી હૈ, ઔર હરી હરી ઘાસ ભી!'

ટેક્ષીમાંથી ઉતરતાં જ શિવાલકરે ચારે બાજુ ઘાસ જોઇ લીધું. એની નજર વૃક્ષોની વચ્ચે ઘેરાયેલા એક ટેકરા પર પડી. એક ઉદાસ હાસ્ય તેના હોઠ પર રમવા લાગ્યું સરદારજીના ખભા પર હાથ મૂકીને પ્રેમથી કહેવા લાગ્યો, 'ધન્યવાદ સરદારજી, આજ મુઝે ઐસેહી સ્થાનકી તલાશ થી.' કહેતાં જ તે પેપરમાં વીંટાળેલી દારુની બોટલ લઇ આવ્યો અને બાર્ગવની સામે જોતાં બોલ્યો, 'તારું વાયોલીન ઉપાડી લે દોસ્ત, આપણે પેલા ટેકરા પર જઇને બેસીએ.' જ્યારે ભાર્ગવ વાયોલીન ઉપાડીને ટેક્ષીમાંથી ઉતરી રહ્યો હતો ત્યારે શિવાલકરે હસતાં હસતાં સરદારજીને કહ્યું, 'ન જાને હમે કીતની ભી દેર હો જાયે સરદારજી, આપ ચિંતા ન કરના, આપકો વેઈટીંગ

ચાર્જ મિલ જાયેગા.'

'જેબમેં પૂરા સૌ કા નોટ હો, તો ચિંતા મુજસે મીલોં દૂર રહા કરતી હૈ બાબુજી? આપ ચિંતા ન કરે, હાં, કિસી ચીઝ કી જરૂરત હો તો મુઝે આવાજ દેના!'

શિવાલકરે કોઈ જ જવાબ ન આપ્યો. ભાર્ગવનો હાથ પકડીને તે ટેકરા પર ચડવા લાગ્યો. વૃક્ષોથી ઘેરાયેલા એ સ્થાન પર પહોંચીને એક પત્થર પર શિવાલકર બેસી ગયો અને બીજા પર ભાર્ગવ. બેસતાં જ શિવાલકરે બોટલ પરથી પેપર દૂર કરી રહ્યો હતો અને ભાર્ગવ કેશ ખોલીને વાયોલીન કાઢવા લાગ્યો. વયોલીન કાઢ્યા પછી જ્યારે ભાર્ગવે ખભે લટકાવ્યું તો દારૂની બોટલ શિવાલકરે હોઠ ઉપર લગાવીને પીવાની શરૂઆત કરી.

'શું પાણી પણ નહીં ભેળવે?'

'જ્યારથી લોકોએ દૂધમાં પાણી રેડવાનું શરૂ કર્યું ત્યારથી મેં દારૂમાં પાણી મેળવવાનું બંધ કરી દીધું છે. મારો વિચાર કર્યા વગર તું વાયોલીન વગાડવાનું શરૂ કરી દે!'

વાયોલીનના તાર છેડતાં જ ભાર્ગવની આંખો બંધ થઈ ગઈ. એણે એક પણ વખત આંખો ઉઘાડીને જોયું નહોતું કે દારૂ પીતાં પીતાં શિવાલકરની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. એનોય એને ખ્યાલ નહોતો.



## પ્રકરણ : ૧૦

આજે સ્નેહાએ કૉલેજમાં ક્યાંય ભાર્ગવને ન જોયો, શિવાલકરને પણ ન જોયો. તેણે કૉલેજ પણ ઉદાસીમાં જ એટેન્ડ કરી. ચિંતાની સાથે સાથે કેટલાય વિચારો તેના મગજમાં ઘુમરાવા લાગ્યા. જાણે આકાશમાં ચકરાવા લેતી સમડી...સમડીની યાદ આવતાં જ તેના મનમાં વિચારોનું દુષ્ચક્ર ઘુમવા લાગ્યું. તેને થતું હતું કે તેની ત્વચાને ચીરને તેના માંસને તીક્ષ્ણ ચાંચો વડે ચૂંથી રહી હોય! સ્નેહા સીધી પોતાની રૂમમાં દોડી ગઈ અને પલંગ પર પડતું નાખ્યું. આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. જાણે આંખોના જળબંધની પાળ તૂટી ગઈ હોય! વારંવાર તે આંસુને લૂંછવા લાગી. સ્નેહા કેટલાય સમય સુધી રડતી રહી. ક્યારેક એની મેળે આંસુ રોકાઈ જતાં તો ક્યારેક આંસુઓને લૂછવાં પડતાં. બેચેનીમાં ક્યારેક તે રૂમમાં આંટા મારતી અને થાકતી ત્યારે પલંગ પર સૂઈ જતી. ક્યારેક બારીની નજીક જઈને ઊભી રહેતી અને દૂર...દૂર...દૂર...દૂર...સુધી પથરાયેલી હરિયાળીને આંખોમાં આંજ્યા કરતી બારીમાંથી આવતી ભીની ભીની હવાની ભીનાશ તેના રોમરોમમાં શૂળ બનીને ભોંકાતી હતી. તે ઊભી થઈ તેણે બારીનો પડદો પાડી દીધો. પણ યોગ્ય ન લાગતાં ફરી પાછો બારીનો પડદો ખોલી નાખ્યો. મનની વ્યગ્રતા આજગરની જેમ ભરડો લેવા લાગી.

સ્મિતાએ જ્યારે રૂમમાં પ્રવેશ કર્યો ત્યારે સ્નેહા પલંગના એક છેડે પોતાનું શરીર સંકોરીને ઉદાસ ચ્હેરે મૂર્તિની જેમ બેઠી હતી. સ્નેહાની નજર રૂમમાં પથરાયેલી રંગીન ટાઇલ્સ તરફ ગરોળીની જેમ ચીટકી હતી. સ્મિતા કેટલોય સમય બારણામાં ઊભી રહી, પણ સ્નેહાને તેનો અણસાર સરખોય ન આવ્યો. તેના મગજમાં વિચારોના વાદળો ઘુમરાવા લાગ્યાં. તેને લાગતું હતું કે, ભાર્ગવ તેના જીવનમાં લીલકાતી યાદ બનીને મહોરી ઊઠ્યો.

'સ્નેહા, તારી તબિયત તો ઠીક છે ને?'

સ્નેહાએ નજર ઊંચે કરી તો સ્મિતા બારણામાં ઊભી હતી.

'કૉલેજમાંથી કેમ જલ્દીથી રીક્ષામાં આવતી રહી? હું ગાડી તો લાવી હતી?'

'બસ, એમ જ, આજ મન ખૂબ ઉદાસ ઉદાસ છે.'

'તો પછી ચાલ, આપણે ક્યાંક ફરવા જઇએ. સ્મિતાએ આંખ મીંચકારતાં કહ્યું, તો પછી તું તૈયાર થઇ જા સ્નેહા, હું પણ તૈયાર થઇને આવું છું.' એમ કહી સ્મિતા પોતાની રૂમ તરફ ગઇ. અને સ્નેહા ઉદાસ ચહેરે કપડાં બદલવા લાગી. ડ્રેસીંગ ટેબલના આયના સામે જઇને ઊભી રહી તો પોતે જ તેનો ઉદાસ ચહેરો જોઇ ન શકી.

સ્મિતા સ્ટીયરીંગ પર બેસતાં જ સ્નેહા તેની સાથે જ ગોઠવાઇ ગઇ. સ્મિતાએ કાર સ્ટાર્ટ કરી. 'આજે ક્યાંક દૂર...દૂર... ફરવા માટે જઇએ, જ્યાં કોઇ ન હોય, જ્યાં પ્રાકૃતિક સૌંદર્ય વેરાયેલું હોય અને આ ભીની ભીની મોસમનો આનંદ આપણે ઉઠાવી શકીએ.' સ્નેહાએ ઉદાસ ચહેરે કહ્યું.



'શું આજે કવિતા લખવાનો મુડ આવી ગયો છે કે શું?' કહેતાં કહેતાં તો સ્મિતા સ્નેહાની સામે જોઇને ખડખડાટ હસી પડી, જેટલા કાગળની પસ્તી તેં તારી રૂમમાં એકઠી કરી છે, એને જો વેચવામાં આવે તો લગભગ દસ–પંદર સો રૂપિયા અવશ્ય મળી જાય!

'મારી કવિતા તને પસ્તી જેવી લાગે છે?'

'ના, વસ્તી જેવી, બીજું શું?'

'તને સમજ નહીં પડે સ્મિતા, હું મારા આત્માની શાંતિ માટે લખું છું. તારા જેવી ચિબાવલીને સંભળાવવા માટે નહીં?'

'શું તેં મને ચિબાવલી કહી?'

'ના, ચિબરી કહી, ચાઉં...ચા...ઉં...કરતી મને કવિતા માટે કોઇ પણ કંઇ કહે તે હું સહેજ પણ ચલાવી ન લઉં! તુ નાની બહેન છે એટલે, બીજી કોઇ વ્યક્તિ હોત તો એક થપ્પડ ચોડી દેત?'

સ્મિતા, સ્નેહાના શરીરને અડીને બોલી, 'ઉફ્...ઓહ્ બોનેટ ગરમ થઇ ગયું છે, પાણી રેડવું પડશે.' આમ કહેતાં તો બન્ને બહેનો ખડખડાટ હસી પડી.

'સ્મિતા, મારી કવિતા તારી બુદ્ધિમાં ઊતરી શકે એમ નથી.' સ્નેહાએ ગંભીર થતાં કહ્યું.

'સ્નેહા, તું જે કંઇ લખે છે એ મારી સમજમાં જ નથી આવતું, પણ તું એ તો કહે અત્યારે આપણે ક્યાં જવું છે?'

'નદી કિનારે, જ્યાં આપણું આંબાવાડિયાનું ફાર્મ છે ત્યાં.'

'હું તો એટલું જ સમજું કે આ ઋતુમાં દૂર સુધી કારમાં ફરવાનું સારું લાગશે અને જો વરસાદ પડે તો તો ખૂબ ખૂબ મઝા પડે.' સ્મિતાએ કારની ગતિ વધારી દીધી.

'એક વાત પૂછું સ્મિતા, ખોટું તો નહીં લાગે ને?' સ્નેહાએ ગંભીર સ્વરે કહ્યું.

'પૂછો દીદી, ખોટું લગાડવાનું કોઈ કારણ તો નથી. કોઈ વાતમાં ખોટું લાગે તેમ હોય તો પણ તેને હું થોડીક જ ક્ષણોમાં ભૂલી જાઉં છું. ખાલીખોટું શરીરને કષ્ટ આપવું? તું તો જાણે છે કે પપ્પા અને મમ્મી ક્યારેક ક્યારેક મને ધમકાવે છે ત્યારે પણ હું તો થોડીક જ ક્ષણો પછી ભૂલી જાઉં છું.' સ્મિતાએ હસતાં હસતાં કહ્યું.

'તું કેન્ટીનમાં બધી છોકરીઓ લઈને શા માટે બેસે છે? અને એમનો ખર્ચ પણ તું ઉપાડી લે છે એ સારું ન કહેવાય.'

'નાની અમથી વાત છે દીદી, એ બીચારીઓ પાસે પૈસા હોતા નથી કે આટલું બધું મોટું પેમેન્ટ કરી શકે. મારી પાસે હોય છે એટલે હું જ પેમેન્ટ કરું ને? અને વટ પડે એ જુદું. ક્યારેય તેં જોયું છે કે, કૉલેજમાં પ્રવેશ કરું છું કે આજુબાજુથી 'હાય, સ્મિતા! કેમ છે? આજે તો બહુ જ સુંદર લાગે છે ને કાંઈ? શું સ્માર્ટ લાગે છે? બેગીમાં પણ તું તો જાણે પરી જેવી લાગે છે ને કાંઈ? કાપડ ક્યાંથી કરીદ્યું હતું? અમે તો માર્કેટમાં આવું કાપડ જોયું જ નથી! શું ઈમ્પોર્ટેડ છે?' બધી છોકરીઓ મારી કેટલી તારીફ કરે છે, એ તને ખબર છે?

'તારી નહીં, તારા પૈસાની? પૈસાથી બધું જ ખરીદી શકાય છે પણ ઈજ્જત આબરૂ ખરીદી શકાતી નથી. જિંદગીમાં ગંભીર બનતાં શીખ. હવે તું નાની કીકલી રહી નથી! તારે સારું નરસું





વિચારી લેવું જોઈ—સમજવું જોઈએ.'

'એ બધું તું તો કરી રહી છે, પછી મારે ગંભીર બનવાની કોઈ જરૂર ખરી? હું જેવી છું તેવી સારી છું. હું તો વહેતા ઝરણા જેવી ચંચળ છું. નદી જેવી ગંભીર નહીં?'

'ઝરણાએ ક્યારેક તો ગંભીર બનવું પડે છે, એ તો તને ખબર છે!'

'મને કબ્રસ્તાન જેવી શાંતિથી સદા ડર લાગે છે. તું બેસવા માટે એકાંત ખોળે છે, જ્યારે મને તો ભીડ ગમે છે જ્યાં લોકોના ચહેરા પર હાસ્ય હોય અને એ મુક્ત હાસ્યથી જાણે કાનમાં તમરાં બોલી બોલીને ફાટી પડતાં હોય. આમેય તો આખી દુનિયામાંથી પોણા ભાગના લોકો તો રડતાં રડતાં જ જીવન વ્યતિત કરતા હોય છે. પછી મારે શું કામ રડવું જોઈએ? હું તો મુક્ત સહચારમાં, મુક્તાનંદમાં માનું છું તારી માફક એકાંત નહીં?' સ્મિતા હસતાં હસતાં બોલી.

'મર્યાદા કરતાં જે વધુ હસે છે તેને લોકો શું કહે છે એ તને ખબર છે?' સ્નેહાએ સ્મિતાની સામે જોતાં કહ્યું.

'પાગલ.'

'તો તું પાગલ છે, તારી જાતને તું ગમે તેટલી હોશિયાર માનતી હોય, પણ તારા આવા વર્તનથી તો લોકો તને પાગલ જ માનવાનાં.'

સ્નેહાએ સ્મિતાનો જ 'પાગલ' શબ્દ દોહરાવ્યો આથી સ્મિતાને ખોટું લાગ્યું. તે થોડીક ક્ષણો માટે ગંભીર થઈ ગઈ, પણ બીજી જ ક્ષણે તે ખડખડાટ હસી પડી, ઠીક છે, એક પાગલ બીજા પાગલને સમજી શકે, બહેનજીએ બહેન કો પહેચાના.' સ્મિતાએ

વળતો જવાબ આપતાં કહ્યું.

'તને સમજાવવું એટલું મુશ્કેલ છે કે, ઔરંગઝેબને શાસ્ત્રીય સંગીત સંભળાવવું. સંગીતકાર પોતાનું શાસ્ત્રીય ગાયન સંભળાવ્યા કરે ત્યારે સાંભળનાર પોતાની આંગળીઓ કાનમાં નાખી ખંજવાળતો હોય. કાર ઊભી રાખ તો સ્મિતા?' સ્નેહાએ અચાનક કહ્યું.

'શું થયું બહેનજી? યુરિનલ માટે...!'

'ગધેડી, તને કશું સંભળાય છે?' સ્નેહાએ ઉશ્કેરાઈને કહ્યું.

'એમાં આટલી ગુસ્સે શું કામ થાય છે? સ્વાભાવિક છે કે, કાર આટલો સમય ચાલ્યા કરે એટલે...ઈચ્છા તો થાય ને?' સ્મિતાએ ટચલી આંગળીએ ઈશારો કરીને કહ્યું. 'સંભળાતું તો કંઈ નથી પણ દેખાય છે, ખરું! સડકની ધાર પર એક ટેક્ષી ઊભી છે અને એના બોનેટ પર હાથ રાખીને એક સરદારજી મૂછોને વળ દેતો ઊભો રહ્યો છે અને ટેકરી પર તેની નજર મંડાઈ છે.' સ્મિતાને કંઈ સમજ ન પડતી હોય તેમ કહ્યું.

'ગાડી ઊભી રાખ સ્મિતા, જે તને નથી સંભળાતું તે મને સંભળાય છે, આપણી જોડી તો ઔરંગઝેબ—તાનસેન જેવી છે.'

'ગાંડી થઈ ગઈ છે સ્નેહા? સડક સુમસામ છે, સડકની બાજુ પર ટેક્ષી ઊભી છે, ટેક્ષીની નજીક સરદારજી અને ટેક્ષીમાં અહીં કોણ આવ્યું છે તેની પણ ખબર નથી. કદાચ ગુંડા કે બદમાશ લફંગા લોકો પણ હોય!'

'કેમ, બીક લાગે છે? કૉલેજમાં તો છોકરીઓની સામે મોટી મોટી બડાશો મારે છે અને અહીંયા ડર લાગે છે?' સ્નેહાએ વ્યંગમાં કહ્યું અને સ્ટીયરીંગ પાસેના ખાનામાંથી ઈમ્પોર્ટેડ પિસ્તોલ




કાઢી પોતાના પર્સમાં મૂકી દીધી અને પર્સ બંધ કરી દીધું. સ્મિતાએ કારને રોકી લીધી.

'હવે, સાંભળવાની કોશિશ કર, કંઈ સંભળાય છે ખરું?' સ્નેહાએ ગંભીર સ્વરમાં કહ્યું.

'હા, દીદી કોઈ વાયોલીન વગાડી રહ્યું છે.' સ્મિતાએ વૃક્ષોની વચ્ચે એક ઊંચી ટેકરીની સામે જોતાં કહ્યું.

'ઘણું સરસ વાયોલીન વગાડે છે, મેં ક્યારેય આટલા સરસ વાયોલીનના સ્વર સાંભળ્યા નથી. જે આંગળીઓ આટલું સુંદર વાયોલીન વગાડી શકે તે આંગળીઓ ગુંડાની કે લફંગાની ન હોઈ શકે. જેના હૃદયમાં દર્દ હોય એ બીજાને દર્દ ન આપે, દુઃખી ન કરે. ચાલો જઈશું?' કહેતાં કહેતાં સ્નેહા કારનો દરવાજો ખોલી નીચે ઊતરી ગઈ.

સ્મિતા સ્ટીયરીંગ વ્હીલ પકડીને ધ્રુજી રહી હતી. તેના હૃદયમાં ડરનું સામ્રાજ્ય વિસ્તરી રહ્યું હતું.

'ગભરાઈશ નહીં સ્મિતા, તારી બહેન તારી સાથે છે, તને જો કંઈક થશે, એની સાથે તારી આ બહેન આ દુનિયામાં નહીં હોય, એટલું જ નહીં આ પિસ્તોલ છે પછી ડર રાખવાની શી જરૂર?' કહેતાં કહેતાં સ્નેહાના હોઠ ઉપર એક ઉદાસ સ્મિત લહેરાઈ ઊઠ્યું. એનું મન પણ વાયોલીનના સૂરમાં લહેરાઈ રહ્યું હતું.

સ્મિતા કારનો દરવાજો ખોલીને નીચે ઊતરી, કારનો દરવાજો બંધ કરી લોક કરી દીધો. તેઓ સડક ઓળંગીને ટેક્ષીની પાસે પહોંચી, જ્યાં સરદારજીનું ધ્યાન વૃક્ષોના ઝુંડ વચ્ચેની ટેકરી

તરફ હતું.

'યહ વાયોલીન કૌન બજા રહા હૈ?' સ્નેહાએ સરદારજીની નજીક જઇને પૂછ્યું.

સરદારજીની આંખો આ સુંદર યુવતીઓને જોઇને આશ્ચર્યથી પહોળી થઇ ગઇ. થોડીક ક્ષણો તો સરદારજી આ અજનબી યુવતીઓને જોતો જ રહ્યો. સરદારજીના હાવભાવ જોઇને સ્મિતા ખડખડાટ હસી ઊઠી, 'કેમ હસે છે સ્મિતા!' સ્નેહાએ પોતાનું હાસ્ય મોં પર હાથ રાખી રોકતાં કહ્યું.

'યુનિવર્સિટીસે દો બાબુજીકો લેકર આયા હું, ઉન્હીમેં સે એક બજા રહા હૈ, બહુત અચ્છા બજા રહા હૈ. મેમસા'બ, મૈં તો અનપઢ, ગંવાર ઠહરા સંગીતકે બારેમેં મૈં કુછ જાનતા નહીં, લેકિન જબસે બાબુજીને યહ ધૂન બજાની શુરુ કી હૈ, મુઝે લગ રહા હૈ મેં કિસી ઔર દુનિયામેં હી હું.'

'વહ બાબુજી બૈઠે હૈ કહાં?'

'જી મેમસા'બ, વો સામને ટીલે પર, વૃક્ષોંકી ઘની હરિયાલી કે બીચ મેં બૈઠ કર બજા રહા હૈ.'

સ્નેહા કંઇ જ પણ જવાબ આપ્યા વગર ટેકરી ચઢવા લાગી. સાથે સાથે સ્મિતા પણ. બંન્ને ધીમે પગલે ચાલી રહી હતી, કેમ કે તેમનાં પગલાંના અવાજથી વાયોલીનના સૂર બંધ થઇ જાય તો! ટોચ પર ગયા પછી સ્નેહાની નજર યુવકો પર પડી. બંન્નેની પીઠ તેની સામે હતી. એક ઊંચા પથ્થર પર બેસીને વાયોલીન વગાડી રહ્યો હતો અને બીજો પોતાના પગના ઘુંટણોમાં મોં છૂપાવીને બેસી રહ્યો હતો. એની પાસે જ દારુની બોટલ પડી હતી, જેમાં





હજી થોડો દારુ વધેલો હતો. સ્મિતાને ઇશારો કરીને સ્નેહા એક વૃક્ષના થડની પાછળ સંતાઇ ગઇ. સ્મિતાને પણ તેણે પોતાની પાસે ખેંચી લીધી.

વાયોલીન વગાડનારની આંગળીઓ તાર પર જાણે નૃત્ય કરતી હોય તેમ ફરી રહી હતી, અને ઘુંટણોમાં માથુ નાખીને બેઠેલો યુવક વારે વારે ડુસકાં ભરતો હોય તેમ ધ્રુજી રહ્યો હતો. સ્નેહા વાયોલીનના સ્વરમાં ડૂબવા લાગી. કોણ જાણે કેટલાય સમય સુધી વાયોલીનના સૂર લહેરાતા રહ્યા અને કેટલાય સમય સુધી સ્નેહા અને સ્મિતા વાયોલીનના સૂર સાંભળતી રહી.

અચાનક વાયોલીનનો સૂર બંધ થઇ ગયો. સ્નેહા અને સ્મિતાની રસસમાધિ તૂટી અને અચાનક મોતનો પડછાયો લંબાઇ ગયો હોય તેવી શાંતિ પ્રસરી ગઇ. વાયોલીન વગાડનાર યુવકની નજર નજીક બેઠેલા યુવક પર પડી અને ધીમેથી બોલ્યો, 'શિવ.'

સ્નેહાએ શિવાલકરનું નામ દેનાર યુવકનો ચહેરો જોયો. તે ભાર્ગવ હતો. સ્નેહા ધીરે ધીરે ભાર્ગવની નજીક ગઇ. સ્નેહાને જોતાં જ ભાર્ગવ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. એને વધુ આશ્ચર્ય તો એ થયું કે સ્નેહાની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં. ચણોઠી જેવી લાલ આંખો કેટલાય સમયથી આંસુ સારતી હશે?

'ભાર્ગવ, વગાડવાનું કેમ બંધ કરી દીધું?'

'હા, ભાર્ગવ, વગાડને? વાયોલીન કેમ બંધ કરી દીધું? હું સાંભળવા માંગુ છું. રડવા ઇચ્છું છું. આજે મન ભરીને રડી લેવા દે. કાલે કદાચ સૂરજ ન પણ ઊગે, વર્ષોથી હૃદય પર પડી રહેલો બોજો એથી હળવો થશે.' શિવાલકરે મોં ઊંચું કરીને ભાર્ગવ સામે

જોયું તો તેની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં અને આંખો લાલ ચણોઠી જેવી થઇ ગઇ હતી.

'મારી આંગળીઓ થાકી ગઇ છે, થોડી આરામની પળ પણ નહિં આપે, શિવ?' ભાર્ગવના હોઠ ઉપર ઉદાસ સ્મિત લહેરી રહ્યું હતું.

'માફ કરજે દોસ્ત, હું ભૂલી જ ગયો કે માણસ થાકી પણ શકે છે.' અને શિવાલકર ભાર્ગવની સામે તાકી રહ્યો. તાકતો જ રહ્યો, તાકતો જ રહ્યો.



## પ્રકરણ : ૧૧

આજથી ત્રણ વર્ષ પહેલાંની વાત છે દોસ્ત, હું એક છોકરીને ખૂબ જ ચાહતો હતો. તે મારા જ ગામના ડૉક્ટરની એકની એક પુત્રી હતી. ખૂબ જ ચંચળ અને એટલી જ મોહક પ્રથમ દૃષ્ટિએ જ પ્રેમ કરવાનું મન થાય તેવી ભોળી સૂરત, આંખોમાં બાળક જેવું આશ્ચર્ય, ગૌર ત્વચા, ઇંદિરાધિકા અદ્‌ભૂત સૌંદર્ય, અણીદાર નમણું નાજુક નાક, મોટી કાળી આંખો, લાલ પરવાળા જેવા ઓષ્ઠ, ખીલતી કુંપણ જેવી નમણી.

જાણે સુક્કીભઠ્ઠ ડાળખીને છમ્‌લીલી કુંપળ ફુટી હોય તેમ અચાનક તે મારા જીવનમાં આવી. ચારે તરફ મધરી મધરી હવાની સુગંધ લહેર જેમ ફેલાઇ ગઇ. એણે આંખ ઊંચી કરીને જોયું તો સામે જ હું અને ખીલખીલ કરતી તે દોડી ગઇ. ત્યારથી રેખા મારી નસેનસમાં લોહી બનીને વહેવા લાગી, મારા શ્વાસોમાં ઓળઘોળ શ્વસવા લાગી, મારા હૃદયમાં એનઘેનની રમત રમવા લાગી અને કાગળ પર શબ્દ બનીને તરવા લાગી, ભોજપત્રની ભાષા ઉકેલતાં ઉકેલતાં, 'અંડેરી ગંડેરી ટીથરી ટેન' રમતું મારું મન તેને સતત ઝંખવા લાગ્યું, કિનખાબી ખ્વાબમાં તરવા લાગ્યું. સુક્કીભઠ્ઠ નદી પાણીને ઝંખે તેમ તરસવા લાગ્યું. તરસ અને રણ, હશે શું વેદનાનાં પરિણામ?

ડાળીએથી ફૂલ ખરે એની વેદના હવાને ક્યાંથી હોય? અષાઢઓઢ્યું વનઘેરાતું ચૂપ પડઘો થઈને આજે પડઘાઈ રહ્યું છે. હૃદયમાં ઉછળતાં દરિયાનાં મોજાં હૃદયના ઘાટને પરિપ્લાવીત કરી રહ્યાં છે. દર્દનું ભીંગડું ઊખડે તેવો ચચરાટ થઈ રહ્યો છે, એ ચચરાટ આજે પણ મને ગમે છે. કુંપળ પર પગ પડે અને જે વેદના કુંપળને થાય તેવી વેદના આજે મને થઈ રહી છે. દરિયામાં જેમ આગ લાગે તેવી આગ આજે મારામાં ફેલાઈ રહી છે, મને દઝાડી રહ્યાં છે અતીતનાં ફૂલ! એ ફૂલની તાજપ, સુગંધ લહરની જેમ દોડી આવી છે મારામાં. એ અતીત વર્તમાન બનીને મારી સામે તાદૃશ્ય થઈ રહ્યો છે. મારામાં એ સારિકા ટહુકી રહી છે. મને બોલાવી રહી છે તેના આગોશમાં ઓગળી જવા માટે. આજે એ ઓગળતી ભીનાશનાં મૃગજળ જેવી દૂરની દૂર છતાં લીલીછમ્ કુંપળની જેમ ખીલી રહી છે મારામાં.

મને બરાબર યાદ છે, રવિવારનો દિવસ હતો, જ્યારે મેં હૉસ્ટેલ છોડી અને ડૉક્ટર સાહેબે મને પોતાની આલિશાન હવેલીનો એક અલગ રૂમ એટલા માટે આપ્યો કે હું સારી રીતે અભ્યાસ કરી શકું, વાંચી શકું. પરીક્ષાને ફક્ત એક મહિનો બાકી હતો. પિતાજી પણ મને પ્રોત્સાહન આપતા હતા. ધ્યાન દઈને વાંચવા માટે સલાહ આપતા. પરીક્ષા પાસ કર્યા પછી કાશ્મીર ફરવા જવાની લાલચ પણ આપ્યા કરતા. જેથી હું સારા માર્કસથી પાસે થઈ જાઉં.

પુસ્તકો બરાબર અલમારીમાં ગોઠવી દીધાં, વિચાર્યું કે આજનો દિવસ ફ્રી છે. આવતીકાલથી ખંતથી વાંચવાનું શરૂ કરીશ. આજે એકાદુ પિક્ચર જોઈ આવું એમ વિચારીને રૂમની બહાર પગ મૂક્યો અને દાદરો ઊતરીને જેવો મધ્ય ખંડમાં આવ્યો કે તરત જ રેખાએ મારો હાથ પકડી લીધો, 'ક્યાં ઉપડ્યા મહાશય? જીવ



ઉબાઈ ગયો હશે એટલે પિક્ચર જોવા જ જતા હશે? હું હમણાં જ પિતાજીને કહું છું કે, આપ પિક્ચર જોવા જાવ છો?' ઘણી વિનંતી કરી તો, 'તો પછી મને પિક્ચર જોવા લઈ જાવ.' હું હક્કોબક્કો થઈ ગયો. આંખ સામે ગોળ ગોળ રાતાં, પીળાં, લાલ, લીલાં, ભૂરાં, જામલી રંગનાં ચકરડાં ફરવા લાગ્યાં. હોઠ જાણે કે સિવાઈ ગયા, તેમ છતાં હિંમત કરીને કહ્યું. 'પિતાજીની રજા લઈ આવ, પછી જ વિચારી શકાય.'

તમે જ રજા લઈ આવો, પિતાજી ડીસ્પેન્સરીમાં જ બેઠા છે. મને તો પિક્ચર જોવા જવાની રજા આપે કદાચ, પણ રેખા તો પહેલા શોમાં પિક્ચર જોઈ આવી હતી. એટલે કદાચ તેને પિક્ચર જોવા આવવાની રજા ન પણ આપે. પરિણામ એ આવ્યું કે ન તો રેખા પિકચર જોવા આવી શકી ન તો હું પિક્ચર જોવા જઈ શક્યો. અને ચૂપચાપ મારી રૂમાં પાછું આવવું પડ્યું.

બીજા દિવસે કૉલેજમાં ગ્રુપ ફોટો ફંક્શન હતું. ત્યાંથી જ્યારે પાછો આવ્યો ત્યારે રૂમને બહારથી તાળું માર્યું હતું. ચાવી માટે નોકરોને પૂછી જોયું. તો તેમણે ખબર નથી જવાબ આપ્યો. બપોર સુધી રૂમની બહાર જ આંટા માર્યાં કર્યા અને રેખા તેની રૂમની બારીમાંથી મારી દયાજનક સ્થિતિને જોયા કરતી હતી. આખરે કંટાળીને એક દોસ્તને ત્યાં જતો રહ્યો. ત્યાં સાંજ સુધી વાંચતો રહ્યો અને જ્યારે પાછો આવ્યો ત્યારે બારણે તાળું નહોતું! રૂમનું બારણું ખોલતાં જ અંદરથી કૂતરાઓ છલ્લાંગ મારતાકને મારી સામે આવ્યાં. હું ડરનો માર્યો આઘો ખસી ગયો. જરૂર આ રેખાની શરારત હશે.

સવારે સવારે જ્યારે પુસ્તક લઈને વાંચવા બેઠો હતો ત્યાં

જ રેખા સવારનું છાપું લઈને આવી, આંખોમાં મસ્તી હતી.

'આ તાજા સમાચાર વાંચ્યા? ઘણા જ રોચક અને દમામદાર છે.'

'જી, નહીં, ખરેખર તો મને સમાચારો વાંચવાની ઈચ્છા જ થતી નથી અને બપોરે હું ટી.વી પર જોઈ લઈશ.'

'ખેર! તમારે છાપુ ન વાંચવું હોય તો વાંધો નહીં, હું સમાચાર વાંચી સંભળાવું છું!'

'ઉફ...મારી પરીક્ષા છે એનું તને કંઈ ભાન છે?'

મેં કાનોમાં આંગળી ખોસી દીધી, જ્યારે રેખા જતી રહી ત્યારે વાંચવામાં રેખાએ સાંભળ્યું ન સાંભળ્યું કરીને તેણે સમાચાર વાંચવાનું ચાલું જ રાખ્યું. ધ્યાન પરોવ્યું, જેમાં લખ્યું હતું, 'સુંદર છોકરીઓ હંમેશાં મહેરબાન અને લાગણીશીલ હોય છે.' ક્યા બેવકૂફે આ લખ્યું છે? મેં પુસ્તક બંધ કરી દીધું અને મૂર્ખની જેમ કેટલોય વખત બેસી રહ્યો.

રાતનો સમય હતો મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો. ઈચ્છા થઈ કે વરંડામાં જઈને બેસું ઘણું આહ્લાદક વાતાવરણમાં કંઈક મનને આરામ મળે, પણ પરીક્ષાનો વિચાર આવતાં જ વાંચવામાં મન પરોવ્યું ત્યાં જ રૂમનું બારણું ખૂલ્યું અને રેખા પ્રવેશી, એના હાથમાં પુસ્તકો હતાં.

'આપ વાંચો, હું તમારો સમય. બરબાદ નહીં કરું, હું તો આમ જ આવી હતી. ત્યાં છોકરાં તોફાનમસ્તી કરીને કિલકારીઓ પાડતાં હતાં એટલે અહીં આવી.'



હું ચૂપ જ રહ્યો.

'સારું હવે મને વાંચવા દે.' મેં લેમ્પને મારી તરફ ફેરવી લીધો.

'આ લેમ્પને જરા આ બાજુ કરો માંને મારી આંખોમા પ્રકાશ આવે છે.'

'હવે તું ચૂપ મરીશ?'

અને તે ગુસ્સામાં ઊભી થઈ અને રૂમની બધી જ સ્વીચો ઓન કરી દીધી, મારી આંખો પ્રકાશથી અંજાઈ ગઈ. તે જતી રહી.

અને મેં મનથી નક્કી કરી લીધું કે કાલથી જ ડૉક્ટર સાહેબની રજા લઈને હૉસ્ટેલમાં જતો રહું.

બીજા દિવસે સવારમાં જ હું રેખાની મમ્મી પાસે ગયો ત્યારે તે કાગળ લખી રહ્યાં હતાં અને રેખા ફૂલોને ફુલદાનીમાં સજાવી રહી હતી. મેં પ્રણામ કર્યાં, તેમણે આશીર્વાદ આપ્યા.

'મારાથી અહીંયાં બરાબર વાંચી શકાતું નથી, અને પરીક્ષા તો નજીક ને નજીક આવી રહી છે. માત્ર થોડાક જ દિવસો હવે બાકી રહ્યા છે.'

'ઘણું સરસ, તો તૈયારીઓ થઈ ચૂકી હશે જ.'

'એક આંકડોય વાંચ્યો નથી. રૂમમાં એટલી ધમાલ થાય છે કે સારી રીતે વાંચી શકાતું જ નથી.'

'એ તો ઘણું જ સરસ' કાગળ લખતાં લખતાં તેમણે જવાબ આપ્યો.

'તમે સાંભળતા લાગતા નથી. હું અહીંથી જવાની રજા લેવા માટે આવ્યો છું કે હું પાછો હોસ્ટેલમાં જતો રહું.'

'શું કહ્યું હોટલમાં?'

'ના, મેન્ટલ હોસ્પિટલમાં!' રેખાએ હસતાં હસતાં કહ્યું, 'મમ્મી, આ પાગલખાનામાં જવા માટે રજા લેવા આવ્યા છે, શું તું જવાની મંજૂરી આપશે?'

'પાગલખાનામાં, ભગવાન બચાવે!' તેમના હાથમાંથી પેન પડી ગઈ, તમને લોકોને, વિચિત્ર શોખ ક્યાંથી પેદા થાય છે? આવો સાજોનવરો છોકરો પાગલખાનામાં જવા શું કામ ઇચ્છે છે?

'અરે, ત્યાં નહીં પણ હું અહીંથી જવા જરૂર ઇચ્છું છું? પણ...'

'પણ બણ કંઇ જ નહીં. હોશિયારીથી કામ કર, તારી મમ્મી જાણે તો મને શું કહેશે? મને હજી પણ વિશ્વાસ નથી આવતો કે તું...'

'તમે, સાંભળતા જ નથી, મેં વિનંતી કરી હતી કે...'

'રાખ વિનંતી કરી? હું એક શબ્દ પણ સાંભળવા માંગતી નથી? આશ્ચર્ય થાય છે કે તારા જેવો હોશિયાર છોકરો આવી પાગલ જેવી વાતો કરે?!'

અને બહારથી હોર્નનો અવાજ આવ્યો, ડૉક્ટર સાહેબ આવી રહ્યા હતા, હું દોડીને મારી રૂમમાં જતો રહ્યો, જો તેમણે આ બાબત જાણી તો નવી મુશીબત ઊભી થશે!

સાંજે રેખાદેવી, આસમાની રંગના લિબાસમાં હાજર થઈ,



તેની ઉપર એક પારદર્શક દુપટ્ટો નાખ્યો હતો. ધીમીધીમી સુગંધ મનને તરબતર કરતી હતી. તે સુંદર લાગતી હતી. હાથમાં એક પુસ્તક હતું.

'રેખા તું બહાર જાય છે?'

'હા.'

'ક્યાં?'

'તરાના ને ત્યાં.'

'સારું, લે આ રૂપિયા, બિસ્કીટ અને ચોકલેટ લઈ લેજે.'

'તમે મને શું નાની કીકલી સમજો છો?...પણ તમે પણ મારી સાથે આવો ને?'

'તું જા, આજે મેં કંઈ જ વાંચ્યું નથી.'

રેખા ગઈ તો મેં છૂટકારાનો દમ લીધો અને વાંચવા બેઠો, પરંતુ રેખાનો ચહેરો મારી આસપાસ ઘૂમવા લાગ્યો. તેના વાળાસા હસતા હોઠ અને આંખોમાં બાળક જેવું આશ્ચર્ય! મેં પુસ્તક બંધ કર્યું અને ડ્રોઅરમાંથી રેખાની તસ્વીર લઈને જોવા લાગ્યો. વિચારવા લાગ્યો, હું આ વખતે જરૂર ફેઈલ થઈશ અને પછી ચારેબાજુથી તિરસ્કાર...કાશ્મીર જવાનું પણ બંધ રહેશે. પ્રોફેસરો પણ નિરાશ થશે. મિત્રોમાં પણ મોં બતાવવા લાયક નહીં રહું. આ રેખાનું ભૂત ન હોત તો હું જરૂર પરીક્ષામાં પાસ થાત. ફરીથી રેખા મારી રૂમમાં આવી પણ ખાલી હાથે, હવે તેને લડું કે ખાલી હાથે કેમ આવી? ચોકલેટ બિસ્કીટ કેમ ન લાવી?' ચોકલેટ બિસ્કીટ ક્યાં છે?'

'ઓહ, એ તો હું ભૂલી જ ગઈ?

બીજે દિવસે હું ડૉક્ટર સાહેબ પાસે ગયો હતો. તેમણે મને આવકાર્યો, 'આવ બેટા! વાંચવાનું કેમ ચાલે છે?' પરીક્ષાની કેવી તૈયારી ચાલે છે?

'અહીં તો કંઇ જ વંચાતું નથી, મારી ઇચ્છા છે કે હું...'

'ખરેખર આશ્ચર્ય ડોક્ટર સાહેબ નિરાશ થઇ ગયા... 'રેખાની મમ્મીએ મને કહ્યું ત્યારે હું સાચું માનતો ન હોતો. મને વિશ્વાસ નહોતો આવતો પણ...આમ બને જ કંઇ રીતે? ખરેખર તું ત્યાં જવા કેમ ઇચ્છે છે? ખરેખર મને તારા ઉપર દયા આવે છે...ચ્...ચ્...ચ્...'

'પરંતુ હું અહીંયા એક શબ્દ પણ વાંચી શકતો નથી. જો તમે રજા આપો તો આજે જ...'

'હું તને છેલ્લી વખત કહું છું કે એ પાગલખાનામાં જવાની હરગીઝ રજા નહીં આપું!'

'પરંતુ, મારી વાત તો સાંભળો?'

'હું કંઇ જ સાંભળવા માગતો નથી, હું જોઇ રહ્યો છું કે દિવસે દિવસે તારી તબિયત પણ બગડતી જાય છે, કારણ કે તે ઘોડેસવારી છોડી દીધી છે. કાલથી સવાર સવારમાં ઘોડેસવારી કર્યા કર...જરા મન પ્રફુલ્લિત રહ્યા કરે...'

હું જ્યારે રૂમ ઉપર આવ્યો તો રેખા, પડદા પાછળ મરક મરક હસી રહી હતી. આ બધી જ તેની ચાલ હતી. આ ઘોડાની નવી મુશીબત ઊભી થઇ. નમાઝ પઢતાં મસ્જીદ કોટે વળગી જેવી મારી તો હાલત થઇ ગઇ. ડોક્ટર સાહેબના ઘોડાથી તો ભગવાન



બચાવે તેના પર જરાય વિશ્વાસ ન મૂકી શકાય! બચકાં ભરે છે, લાત મારે છે અને નીચે પટકી દે છે. રેખા દોડતીક ને મારી પાસે આવીને કહેવા લાગી, 'તો કાલથી જ આપણે સાથે જ સવારી કરીશું, કેમ બરાબરને?' રેખાએ ઉત્સાહમાં આવી જઇને કહ્યું, પણ શિવાલકર શું બોલે?

નાનાં હતાં ત્યારે અમે ઘણી જ મસ્તી કરતાં, લડતાં, ઝઘડતાં, રિસાતાં અને મનાતાં. એકમેક વગર ક્યારેય અલગ થતાં નહોતાં. અમે બાળપણ વાગોળતાં વાગોળતાં સમજણાં થયાં અને ક્યારેક તો કેટલોય વખત સુધી વાતોએ વળગતાં પછી તો અમે કેટલીય વખત એકબીજાને મળ્યાં હોઇશું. ધીરે ધીરે એકબીજાને ચાહવા લાગ્યાં, એકબીજા વગર ખાલીપો અનુભવવા લાગ્યાં, એકબીજા વગર દુ:ખી થવા લાગ્યાં, એકબીજા વગર તડપવા લાગ્યાં, ઝૂરવા લાગ્યાં.

એક દિવસની વાત છે, હું અને રેખા સાગરકિનારે, મોજાંના કર્ણપ્રિય ધ્વનિ સાથે અમે પણ ગેલગમ્મત અને મસ્તીએ ચડ્યાં. સાગરની સાથે સાથે અમારામાં પણ ભરતીનાં મોજાં હિલ્લોળાં લેવા લાગ્યાં. અમે બંન્ને દરિયાની મોજાં ઉછાળ રમતને મોજથી જોઇ રહ્યાં હતાં. રેખાના ચહેરા ઉપર મસ્તી દોડી રહી હતી અને હું દરિયાના અમાપ જળરાશીની લીલીપછાયી ઝાંયને જોઇ રહ્યો હતો. રેખા રેતીની સાથે મસ્તી કરતી હતી. ભીની ભીની રેતીમાં પગ મૂકી તેના ઉપર તે ઘર બનાવતી હતી. આ દૃશ્ય હું જોઇ રહ્યો હતો.

'ઓ...હ...' મારા મોંએથી એક ચિત્કાર નીકળી ગયો. હાથ તરત જ કમર તરફ ગયો. કમરને પંપાળતાં પંપાળતાં મેં રેખા તરફ દૃષ્ટિ કરી તો તે હસી રહી હતી.

'આ ચુંટી ખણવાનું કારણ?'

'તને મારી તરફ જોતો કરવા!'

'એ કામ જીભથી પણ થઇ શક્યું હોત?'

'હોઠ જ ન ખૂલ્યા! બહુ દુઃખ્યું?' હમદર્દ બનતી હોય તેમ મકમર પર હાથ ઘસવા લાગી, પંપાળવા લાગી.

'દુઃખાડ્યા પછી પૂછે છે દુઃખ્યું?' રેખાના કમરેથી તરછોડતાં ગુસ્સાના ભાવ ચહેરા ઉપર લાવીને શિવાલકર બોલ્યો,

'લ્યો, ત્યારે...' એમ કહીને રેખાએ રેતીમાં બનાવેલા ઘરને પોતાના જ પગ વડે વેરણછેરણ કરી નાખ્યું.

રેખાને ત્યારે લાગ્યું હતું કે શિવાલકરે એને તરછોડી હતી. એના ચહેરા ઉપર અપમાન અને દુઃખના ભાવ ઊપસી આવ્યા. એ જ ભાવસહ એ શિવ સામે જોઇ રહી અને શિવ સાગર તરફ જોઇ રહ્યો હતો.

થોડી પળો તે સાગર તરફ જોઇ રહ્યો. પછી નજર ફેરવી રેખા તરફ જોયું...

રેખા ત્યાં નહોતી...

શિવ ગભરાઇ ગયો કે રેખા ક્યાં ગઇ હશે?! એની નજર થોડે દૂર સુધી ગઇ તો રેખાને જતી જોઇ રહ્યો. એણે તરત જ બૂમ પાડી...'રેખા...આ...' પણ રેખા ઊભી ના રહી, ત્યારે ઊભા થઇ એની પાછળ દોડવું પડ્યું.

નજીક જઇને રેખાનો હાથ પકડ્યો, રેખાએ ઝાટકા સહ હાથ છોડાવ્યો...'મેં તને દુઃખ આપ્યું છેને? પછી મારો હાથ



પકડવાની શી જરૂર?' કહી એ આગળ વધવા ગઇ તો શિવાલકરે એની આગળ થઇ જઇ બંન્ને હાથ પકડી લીધા. રેખાએ ફરી હાથ છોડાવ્યા, 'શા માટે પકડે છે મારો હાથ? મેં તો તને દુઃખી કર્યો છે, મારે લીધે તારે દુઃખી થવાની શી જરૂર? જા...વળી જા...પાછો અને...' તે અટકી ગઇ તેનાથી આગળ ન બોલી શકાયું અને તરત જ તે શિવાલકરને ભેટી પડી.

શિવાલકરે પોતાની બાહોમાં શમાવી લીધી–

શિવાલકર થોડું અટક્યો અને આગળ બોલવા લાગ્યો.

આશાઓના ઘણા ઘણા મિનારા ચણવા લાગ્યાં પણ પત્તાનાં મહેલ જેવા એ મિનારાને પણ કોઇ તોડી શકે છે. માણસ જો તોડે તો તેનો સામનો પણ થાય? પણ કુદરત આગળ આપણું જોર કેટલું?

એક દિવસ ગામ ગયો ત્યારે જાણવા મળ્યું કે, રેખાને અમદાવાદ સિવિલ હોસ્પિટલના કેન્સર વોર્ડમાં દાખલ કરી છે. તરત જ હું અમદાવાદ ગયો ત્યારે રેખા મને જોઇને તેનું બધું જ દુઃખ ભૂલી ગઇ અને મને વળગી પડી. તેની આંખોમાં આંસુ જોઇને તેને આશ્વાસન આપવા લાગ્યો ત્યારે રેખાએ કહ્યું હતું, 'શિવાલકર, હજાર હજાર વીંછીના ડંખ જેવી વેદના તો સહન થઇ શકે, એના માટે કોઇ જ ફરિયાદ નથી. પણ તારી યાદની વેદના તો એ હજાર હજાર વીંછીના ડંખ જેવી કેન્સરની વેદના કરતાં પણ અધિક લાગે છે. ચીસો પાડવાનું મન થાય છે, પણ મારી વેદના કોને કહું? કોની આગળ આ હૃદયના પડદાને ચીરી બતાવું? ત્વચા ચીરીને બહાર આવતી તારી યાદ તો આંખ પાંપણનું ઝરણ બની ગઇ છે. શિવાલકર, મને મૃત્યુનો ડર નથી. મૃત્યુ તો દરેકને માટે નિર્માયેલું

જ હોય છે. એથી ડરવાનું ન હોય એનો તો ઉત્સવ મનાવવાનો હોય. આ આંસુ મારા દુઃખનાં નથી પણ તને જોયાનાં, હર્ષનાં આંસુ છે. ડૉક્ટરોની સારવારથી ખુશ છું પણ કેન્સર છે એટલે હું વધું જીવી શકું તેમ નથી, માત્ર તારી યાદના પદધ્વનિ સાંભળવા માટે જ હું તો જીવી રહી છું.' જાણે કેટલુંય દોડી હોય તેમ તે શ્વસી રહી હતી. તેના હૃદયમાં જાણે સસલાં દોડતાં હોય તેમ ધમણની જેમ તેની છાતી ઊંચીનીચી થઈ રહી હતી. થોડી અટકી, શિવાલકરે તેની પીઠે હાથ ફેરવ્યો, થોડું પાણી પીવડાવ્યું. તેના મોં ઉપર પ્રસ્વેદ બિંદુઓ તગતગી રહ્યાં હતાં, શિવાલકરે નેપકીન વડે રેખાનો ચહેરો લૂછ્યો. 'રેખા તું વધુ ન બોલીશ, તારું સ્વાસ્થ્ય બરાબર નથી.'

'શિવ, આજે તું મારી સામે છે, પછી થાક તો જોજન દૂર...હાં...તો હું મૃત્યુની વાત કરતી હતી. મૃત્યુ એટલે દિવ્ય જ્યોતિ તરફનું પ્રયાણ. જેમ ઘટિકાયત્રમાંથી રેતીના કણ એક પછી એક સર્યે જાય છે. અને ઘટિકાયંત્રની રેતી ઓછી થતી જાય છે તેમ આપણે પણ ક્ષણે ક્ષીણ થતા જઈએ છીએ. ઘટિકાયંત્રમાં રેતીનો એક પણ કણ ન રહે અને રેતીના છેલ્લા કણનો અંત આવી જાય, અર્થાત્ પૂર્ણવિરામ. આપણા જીવનનું પણ કંઈક આવું જ છે. આપણે મૃત્યુથી ડરી ગયા છીએ તેનું કારણ છે આપણી તીવ્ર જિજીવિષા. માણસ અંતિમ ક્ષણ સુધી જીવવાની આશા, એષણા, ઈચ્છા રાખતો હોય છે અને મૃત્યુ સમયે પણ આપણે કહેતા હોઈએ છીએ કે વધુ જીવ્યા હોત તો સારું, પરંતુ દીપકની વાટમાં જ્યાં સુધી ઘી હોય છે ત્યાં સુધી દીપક જ્યોતિર્મય રહે છે. ઘી પૂરું થતાં જ દીપક હોલવાઈ જાય છે. આપણામાંથી પણ જીવતત્ત્વ પૂરું થાય છે ત્યારે આપણામાં રહેલી આત્મજ્યોતિ વિલીન થઈ જાય છે અને આત્મજ્યોતિ દિવ્ય જ્યોતિ તરફ પ્રયાણ કરે છે.' તેનો શ્વાસ





તૂટતો હોય તેમ લાગતું હતું. તેમ છતાં પણ તે બોલ્યે જતી હતી. આજે તેનામાં કોઈ અદ્‌ભૂત શક્તિનો સંચાર થયો હોત તેમ તેના ચહેરા પરથી વર્તાઈ રહ્યું હતું.

'શિવ, મૃત્યુ પણ ભગવાનનું આપેલું વરદાન છે. એ જૂનું શરીર લઈને સંસાર, માતા, પિતા, ઘર અને દેહ નવાં આપે છે. બાકી તો મરવાની કે જીવવાની ઈચ્છા પણ ન કરવી; જીવન નીરસ થઈ જાય, હારી જાય, એમાં જીવવાની મઝા અને આનંદ ન રહે ત્યારે ભગવાનને કહે છે. હવે મોત મોકલો. જો..., મને કેન્સર થયેલ છે, મન ખબર છે કે મોત બારણું ખખડાવી રહ્યું છે. જો...આ બારીના પડદા હલી રહ્યાં છે, મોત તો કરટેઈન પાછળ ઊભું છે. તેમ છતાં હું કેટલી સ્વસ્થ છું? મૃત્યુને આપણે ક્યારેય આહ્‌વાન આપતા નથી. મૃત્યુને આપણે અશુભ ગણીએ છીએ, એનાથી ડરીએ છીએ. પરંતુ મૃત્યુથી ડરવાનું કોઈ જ કારણ નથી. સૂર્યનું ઊગવું એટલે જન્મ અને આથમવું એટલે મૃત્યું. આ ઊગવું અને આથમવું એ સૂર્યનો નિત્યક્રમ છે. તેમ આપણું જન્મવું અને મૃત્યુ પામવું એ પણ એક સાહજિક ક્રમ છે. જન્મથી હર્ષ નહીં અને મૃત્યુનો શોક નહીં. બાળક જન્મે છે ત્યારે રડે છે અને લોકો હસતા હોય છે, જ્યારે મૃત્યુ પામે છે ત્યારે મુખ પર પરમ્ આનંદ અને શાંતિ છવાયેલાં હોય છે, ત્યારે લોકો રડતા હોય છે.' અને એ ખડખડાટ હસવા લાગી. આજુબાજુના દર્દીઓ પણ વિચારવા લાગ્યા. રેખાને સનેપાત ઊપડ્યો હોય તેમ તે બોલ્યે જ જતી હતી. તેના ગળામાંથી ઘરેરાટી આવતી હતી. તેને ખૂબ જ ઉધરસ આવી અને તેણે ઈશારો કર્યો. મેં થૂંકદાની તેના મોં સામે ધરી, તેણે લોહીવાળો ગળફો થૂંકદાનીમાં થૂંકી દીધો, તેમ છતાં તેની આંખોમાં હોઠ પર પરમ્ આનંદ છવાયેલો હતો તે આગળ બોલવા લાગી. મેં

કેટલીય ના પાડી છતાં પણ તે કહેવા લાગી, 'શિવ, તું જ્યારે મને પહેલી વખત મળ્યો ત્યારે તું જેટલી બુદ્ધુ લાગતી હતી એટલી બુદ્ધુ હું નથી, એ તો મારું નાટક હતું, માત્ર તને ચીડવવા પૂરતું જ પણ આજે જ્યારે મળ્યો ત્યારે મને તું રોક ના, મને બોલવા દે, શિવ...મને બોલવા દે...'

અને તેણે તેની વૈખરી ચાલુ જ રાખી, 'શ્વાસ એ જીવન છે અને ઉચ્છ્વાસ એ મૃત્યુ છે, શ્વાસ અને ઉચ્છ્વાસ વચ્ચે જે ખાલી જગ્યા રહે છે એ શું છે? એ જ આપણું ક્ષણીક મૃત્યુ છે અને એટલે જ મૃત્યુને તો આપણે શ્વાસોચ્છ્વાસમાં વણી લીધું છે, તો પછી મૃત્યુનો ડર રાખવો ન જોઈએ. મૃત્યુ એટલે જીવનના ચકડોળનું પૂર્ણવિરામ અને પરમ્તત્ત્વ તરફનુ પ્રયાણ જન્મ પરમ્તત્ત્વ તરફની ગતિને અવરોધે છે, જન્મ એ બંધન છે, મૃત્યુ એ પરમતત્ત્વ તરફ લઈ જનાર પ્રેરકબળ છે. પરમ તત્ત્વ એટલે દિવ્ય જ્યોતિર્મય ઈશ્વર. આ ઈશ્વરને અંતકાળે યાદ કરવાનું ગીતાજીમાં પણ ભગવાને આઠમા અધ્યાયના પાંચમા શ્લોકમાં કહ્યું છે.'

अनंतकाले च मामेव स्मर न्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मदभाव याति नास्त्यत्र संशयः ॥

અર્થાત્, અંતકાળે મારું જ સ્મરણ કરતાં કરતાં જે કોઈ દેહ છોડે છે તે મારા સ્વરૂપને પામે છે, એમાં સંશય નથી. અને એટલે જ...' તેનો શ્વાસ ખૂટી ગયો અને મારા સામુ જ દૃષ્ટિ રાખીને તે જીવતી હોય તેમ અને મારા જ મળવાની રાહ જોઈને જીવતી હોય તેમ રેખાએ મૃત્યુની આખી વીભાવના મારી સમક્ષ સ્પષ્ટ કરી, રેખાની મમ્મી અને પપ્પા પણ કહેતા હતા કે, 'શિવ, તારા માટે જ એ જીવતી હતી, તને મળવા માટે મને ઘણી જ વિનંતી કરતી હતી



પણ તે વખતે અમે સમજી ન શક્યાં કે જે આજે સમજી શકીએ છીએ. તમારા બન્ને વચ્ચે આટલી બધી આત્મિયતા હશે? તને જોઈને જ પહેલી જ વખત તે આટલું બધું સતત સતત બોલી હશે. તેની વેદના પણ આનંદમાં રમતી હતી. ક્યારેય તેણે કેન્સરના દર્દને ગણકાર્યું નથી. એ તો એમ જ કહ્યા કરતી હતી કે, 'જે ભગવાનનું નિર્મિત છે તે મિથ્યા થઈ શકતું જ નથી.' આખરે તે ભગવાનને જ યાદ કરતી કરતી ગીતાજીના શ્લોકનું સ્મરણ કરતાં જ આપણી વચ્ચેથી વિદાય થઈ.' આટલું કહેતાં કહેતાં તો ડોક્ટર સાહેબ ધ્રુસકે ધ્રુસકે મારા ખભા પર માથું મૂકીને રડી પડ્યા, નાના બાળકની જેમ. મારી આંખોનો બંધ પણ છલકાઈ ગયો હતો પણ રેખાની મારી સામે અંતિમ સમયે તકાયેલી આંખોની યાદ આવતાં જ હું સ્વસ્થ થઈ ગયો અને ડૉક્ટર સાહેબને આશ્વાસન આપવા લાગ્યો, 'ડૉક્ટર સાહેબ, રેખા તો એક મહાનતત્ત્વ હતું જે આપણી વચ્ચે શ્વસ્યું, રમ્યું, મોટું થયું. પણ તેને દિવ્યજ્યોતિ તરફ જ જવું હતું તે આપણું ન થયું. તેના માટે શોક કરવો એ તેના આત્માને દુઃખી કરવા બરાબર છે અને મને એકલો મૂકીને રેખાએ દિવ્યજ્યોતિ તરફ પ્રયાણ કર્યું, પણ તેની આંખોની જ્યોતિ આજે પણ કોઈકની રોશનીને અજવાળી રહી છે.'

ઘરે આવ્યો ત્યારે મારી જિંદગીમાં નહીં રડ્યો હોઉં તેટલો રડ્યો હતો. આજે પણ તેની સ્મૃતિ તાજી થાય છે ત્યારે જાણે ભીંગડું ઊખડી ગયા જેટલું દર્દ ઝમ્યા કરે છે. રેખા તો એક મહાન આત્મા હતી. મારા હૃદયમાં રેખાએ કેટલીય યાદની રેખાઓ દોરી છે. એ યાદની વ્યથા મને ડંખ્યા કરે છે. અજગરની જેમ ભરડો લે છે. માટે જ રેખાની યાદને ભૂલવા માટે હું ડ્રીંક કરું છું. ભાર્ગવ, ત્યાર પછી હું ક્યારેય ગામ ગયો નથી. મને વાલ્મિકીના ઉદ્ગારો

યાદ આવે છે કે જ્યારે તમસા નદીને કિનારે નર ક્રૌંચના વધ પછી માદા ક્રૌંચનું આક્રંદ સહન ન થતાં વાલ્મિકીના મુખમાંથી જે ઉદ્‌ગારો નીકળ્યા કે, 'मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वती समाः ।' અર્થાત્ હે નિશાદ, તું શાશ્વતકાળમાં પણ પ્રતિષ્ઠાને પામી શકીશ નહીં.' આજે આજ વાક્ય ઈશ્વરને સંભળાવવાની ઈચ્છા થાય છે પણ પરમપિતા પરમેશ્વરને પ્રણામથી વિશેષ કંઈ જ ન કહી શકાય...

જ્યારે શિવાલકરે બોલવાનું બંધ કર્યું ત્યારે વાતાવરણમાં સ્તબ્ધતા છવાઈ ગઈ હતી અને શિવાલકરની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં.

ભાર્ગવ, સ્નેહા અને સ્મિતાની આંખોમાં પણ આંસુ વહી રહ્યાં હતાં. શિવાલકર તો ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો હતો. જાણે જૂનો ઘા લીલો થયો હોય તેમ એને રડતો રોકવો એ ભાર્ગવના વશમાં નહોતું.

સ્નેહા પણ સ્થંભસ્થ સ્થિતિમાં સ્થિર અને સ્તબ્ધ થઈ ગઈ હતી, તે વિચારવા લાગી.

'શિવ, ગમે તેટલું રડશે પણ શું રેખાને તે પાછી મેળવી શકેશે?' પાસે જ ઊભેલી સ્મિતાને ઉદ્દેશીને કહ્યું, 'ચાલ સ્મિતા, જે સાજને સાંભળવા હૃદય તડપી રહ્યું હતું તે સાજ તો બંધ થઈ ગયું?'

ભાર્ગવનું ધ્યાન ત્યારે જ તેની તરફ ગયું, જ્યારે સ્નેહાનો સ્વર કાને અથડાયો. ત્યાં સુધી તો ભાર્ગવ, શિવાલકરની વ્યથાકથામાં મગ્ન હતો, 'તું...? સ્નેહા!'

સ્નેહાનું ધ્યાન ભાર્ગવ તરફ નહોતું, તે સ્મિતાને બોલાવી રહી હતી. ત્યારે સ્મિતા, રેખા અને શિવાલકરના વિચારોમાં ગૂંથાઈ ગઈ હતી.


'તમે બન્ને ક્યારથી ઊભાં છો?'

શિવાલકરે બોટલ ઊઠાવી અને જેવો તે મોં સુધી લઈ ગયો કે તરત જ સ્મિતાએ તેને રોકી લીધો, 'નહીં શિવ, નહીં હવે ના પીશો? હવે તો હદ થઈ ગઈ છે!'

'નહીં સ્મિતા, આજે મારા મનનો ભાર હળવો થઈ ગયો છે, મને પીવા દે.'

'ભાર્ગવજી, આપ એમને રોકો નહીં તો તે બેહોશ થઈ જશે!'

સ્મિતા ઊઠીને સ્નેહાની પડખે જઈને ઊભી રહી. સ્નેહા, શિવાલકરના ચહેરા સામે તાકી રહી. શિવાલકરે ફરીથી બોટલ ઊઠાવી કે તરત જ સ્નેહાએ તેના હાથમાંથી બોટલ લઈ લીધી.

'નહીં...સ્નેહાજી મને પીવા દો, મન ભરીને રડી લેવા દો... રેખાની ચિંતાની ચિનગારીઓ હજીયે મારા શરીરને દઝાડે છે. મને કોઈએ પણ સહારો આપ્યો હોય તો માત્ર એક રેખાએ અને રેખા પછી આ દારૂએ. રેખાની યાદ જ્યારે જ્યારે મને દઝાડે છે ત્યારે આ દારૂ એના પર રેડીને શાંત કરી દઉં છું.'

'હવે પછી જો તમે દારૂ પીશો તો તમને રેખાના સોગંદ છે, તમારા પ્રેમના સોગંદ છે અને તમારે આ સોગંદની કોઈ જ કિંમત ન હોય તો પીધા કરો?' એમ કહીને સ્નેહાએ બોટલ છોડી દીધી.

'સ્નેહાજી...તમે આ શું કર્યું?' તેણે બોટલ જોરથી ફેંકી દીધી, બોટલ ગબડતી ગબડતી કેટલાય ટૂકડાઓમાં વહેંચાઈ ગઈ, જાણે શિવાલકરના હૃદયના કેટલાય ટૂકડા કરતી ગઈ અને તે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

ભાર્ગવ કેટલીક ક્ષણો સ્નેહા અને સ્મિતાને ભૂલી ગયો. એની આંખોમાં આંસુ તગતગી રહ્યાં હતાં, 'ભાર્ગવજી, ચાલો ઊઠો.' સ્નેહાએ ન કહ્યું હોત તો ભાર્ગવ શિવાલકરના વિચારોમાં ખોવાઇ ગયો હોત.

'ચાલ શિવ ઊઠ, રડવાથી રેખા મળવાની નથી. રેખા તારી પાસે જ છે. તારા હૃદયમાં વસેલી છે. તું રડીશ તો એના આત્માને દુઃખ થશે. ખોળિયું નાશ પામે છે પણ આત્મા તો અમર છે. એ આત્મા તારા હૃદયમાં શ્વાસ બનીને ધબક્યા કરે છે. ભૂલી જા શિવ, કે રેખા મૃત્યુ પામી છે, ચાલ ઊઠ.' ભાર્ગવે શિવાલકરને હાથનો ટેકો આપીને ઊભો કર્યો અને વાયોલિનનું કેસ ખભા પર ભેરવી દીધું.

ટેકરી ઊતરીને બધાં નીચે આવ્યાં, ત્યારે સરદારજી બોનેટપર હાથ રાખીને ઊંઘતો હતો. ચારેયનાં પગલાંનો અવાજ સાંભળતાં સરદારજી ઝબકીને જાગી ગયો.

'આ ગયે બાબુજી?' મૈં કબ સે આપકી રાહ દેખતે દેખતે થક ગયા, જરા આંખ બંધ હો ગઈ થી.'

'કોઈ બાત નહીં, આપ જા શકતે હૈ, હમ તો યે ગાડીમેં ચલે જાયેંગે.' સ્નેહાએ સરદારજીને કહ્યું અને એક હજાર રૂપિયા સરદારજીને ભાડાના આપ્યા.

સરદારજીએ ભાડા જેટલા પૈસા કાપી લઈને વધારાના પૈસા સ્નેહા ભાર્ગવની સામે ધર્યા, 'લિજીયે બહેનજી યે આપકે બાકી કે પૈસે, જો કિરાયા હુઆ થા વો કાટ લીયા હૈ.'

'જરૂરત નહીં હૈ આપ અપની પાસ રખ લો...' ભાર્ગવે અને સ્નેહાએ હસતાં હસતાં કહ્યું.



સરદારજીએ હસતાં હસતાં પૈસા ખિસ્સામાં મૂકીને ટેક્ષી સ્ટાર્ટ કરી.

ભાર્ગવ, શિવાલકર, સ્નેહા અને સ્મિતા કારમાં ગોઠવાઇ ગયાં સ્મિતાએ કાર સ્ટાર્ટ કરી ત્યારે પાછળ ધૂળના ગોટા હવામાં ઊડી રહ્યા હતા. ચારેયના ચહેરાઓ ઉપર વિષાદનું મોજું ફરી વળ્યું હતું.

## પ્રકરણ : ૧૨

સ્નેહા અને સ્મિતા ઘરે પહોંચ્યાં ત્યારે ઢળતા સૂરજની લાલી 'ગુલમહોર' પર પથરાઇ ગઇ હતી. સરુનાં અને પેન્ડોલાનાં ઊંચાં ઊંચા વૃક્ષોની છાયા, જાણે ગુલમહોરને સલામ કરતાં હોય તેમ પવનમાં ઝૂલી રહ્યાં હતાં. બગીચાની લીલકાતી લોન ઢળતા સૂરજપ્રકાશે કાચમય ચમકી રહી હતી. કાચમય લીલા પ્રસારી રહી હતી. વૃક્ષોની ઘટામાં પરક્ષીઓની ચહચહાટ વાતાવરણને ખુશનુમા આપતી હતી. આકાશમાં તીર જેમ ઊડતાં પક્ષીઓની પાંખમાં આકાશને લઇને ઊડવાની તીવ્ર ધગશ હતી. કંઠમાંથી મધુર સંગીત લહેરાતું હતું. એકધાર્યો વહેતો અવાજ મનને તરબતર કરતો હતો. આખા વાતાવરણમાં સુગંધનો દરિયો છાલક મારતો હતો.

આવા મનોરમ્ય વાતાવરણમાં પણ સ્નેહા અને સ્મિતાના ચહેરા ઉપર વિષાદની લહેર દોડતી હતી. જાણે દુર્વાસાની છાયા શ્રાપ બનીને ઘેરી રહી હતી. આમેય સ્નેહાનું મન વિષાદયુક્ત હતું જ, થોડાક આનંદ અને મન હળવું કરવા જ્યારે તે બહાર ફરવા માટે ગઇ ત્યારે સાથે લઇ આવી ઉદાસીનાં ઘટાટોપ વાદળો. તેને લાગતું હતું કે મનમાં ઘેરાયેલાં આ વાદળો કદાચ આંખોમાંથી ધોધમાર વરસી ન પડે તો સારું. તેને મનને ઘણું જ કાબુમાં રાખ્યું હતું, મનના દોડતા ઘોડાની લગામ ખેંચી રાખી હતી. ક્યારેય ગંભીર ન બનતી સ્મિતાની આંખોમાં પણ ભીનાશ દોડી આવી હતી.



શિવાલકરની મનવ્યથા મનદર્પણને ઝાંખો કરી રહી હતી. શિવાલકરની વેદનાની યાદ સ્નેહા અને સ્મિતાની આંખોમાંથી ઝરણા રૂપે દોડી વહી આવવાની તૈયારીમાં હતી. મધમાખીના ડંખ જેવી તીવ્ર વેદના હૃદયમાં દોડી રહી હતી. વારેવારે શિવાલકરનો ચહેરો ચાક્ષુષ થતો હતો અને આંખોમાંથી વહેતી વેદનાનો ડંખ તીવ્ર વેદનાથી પીડતો હતો. હૃદયમાં પીડાનાં પંખી ઊડી રહ્યાં હતાં.

સ્નેહા વિચારવા લાગી : 'દુનિયામાં માનવથી પ્રેમ છે કે પ્રેમથી માનવ છે?' આનો જવાબ તે મેળવી શકી નહીં, કોણ કોનાથી છે એ નક્કી કરવું મુશ્કેલ હતું. શિવ અને રેખાના પ્રેમની કથા સાંભળીને તો એ વધુ મુશ્કેલ લાગતું હતું. બન્નેના જીવનમાં પ્રેમ જ જીવનસ્વરૂપ હતો અને પ્રેમથી જ બન્ને જીવી રહ્યાં હતાં, એકમેકમાં ઓગળી જઇને. કારણ કે ધબકતા શ્વાસાલયમાં પ્રેમબંસી ગુંજતી હતી...!

અહીં પ્રેમ જ સૌથી મોટી વ્યથા અને વ્હાલ હતું.

સ્નેહા અને સ્મિતા જમીપરવારીને એક જ પલંગ ઉપર સાથે જ સૂઇ ગયાં. સ્મિતાની આંખ તો જેમતેમ મળીય ખરી પણ સ્નેહા!

સુધાબહેન સ્નેહાની રૂમમાં ગયાં ત્યારે, સ્નેહાને ઉદાસ ચહેરે જોઇ, 'હવે સૂઇ જા, મોડે સુધી જાગે છે અને પછી કહે છે કે ઊંઘ નથી આવતી!' એમ કહી સુધાબહેન એમની રૂમમાં ગયાં.

સ્નેહાએ ટ્યૂબલાઇટ બંધ કરી અને નાઇટલેમ્પ સળગાવ્યો. ઘડિયાળની ટકટક તેની ઊંઘમાં ખલેલ પહોંચાડતી હતી.

સ્નેહા ઘડિયાળને તાકી રહેતી...દોડતા સમયને તાકી રહેતી...પંખાને તાકી રહેતી, ઝૂલતા પડદાના સળને તાકી રહેતી...ક્યાંય ફફડાટ નહીં, ઉન્મેષ નહીં...એકધારી ગતિ! મનની ગતિ...ચિત્તની ગતિ...શરીરમાં વહેતા લોહીની ગતિ...વિચારોના વમળની ગતિ...સમયની ગતિ...સંજોગોની ગતિ. ગતિ ખૂબ જ ઝડપથી બદલાતી જતી હતી...ઘટમાળને કોઇ ગતિ ન હતી...ઘટમાળમાં એક માળા ગૂંથાઇ હતી, જડબેસલાખ રીતે, જડતાથી, કાંઇ આચારસંહિતા વગર... બસ ઘટમાળ ચાલ્યા કરતી હતી. સાથે ગતિશીલ રહેવાની ઇચ્છાઓ, લાગણીઓ, ભાવનાઓ સમગ્ર વિશ્વ એક ગતિ છે. સ્નેહાથી ઊંડો નિઃશ્વાસ નંખાઇ ગયો. તેણે ટ્યૂબલાઇટ સળગાવી, શીતળ ચાંદની જેવો ધવલરંગી પ્રકાશ રૂમમાં ફેલાઇ ગયો. તે નવલકથા વાંચવા લાગી. પુસ્તકના અક્ષરોમાં એ અટવાઇ જવા માગતી હતી. પણ ત્યાં જ અંધારાં છવાઇ જતાં આંખોની સામે લાલ, લીલા, પીળા, ભૂરા, જાંબલી ગોળ ગોળ ચકરડાં ફરવા લાગ્યાં. તેનાથી વધુ વખત વાંચી ન શકાયું તે ઊભી થઇ, રૂમનું બારણું ખોલ્યું અને બાથરૂમમાં ગઇ. થોડીવાર પછી તે પાછી આવી બારણાં અને ટ્યૂબલાઇટ બંધ કરીને સૂઇ ગઇ. પલંગમાં વેદનાની શૂળો પથરાઇ ગઇ. રોમેરોમે શૂળો ભોંકાવા લાગી. આંખોમાં દર્દ વિસ્તરવા લાગ્યું. તે મનમૂકીને રડવા ઇચ્છતી હતી, પણ તેનાથી રડી શકાતું નહોતું. એક ભીની ભીની લીલીછમ્ વેદનાનું ભીંગડું ઊખડી ગયું હતું. તે વિચારવા લગી.

જીવનમાં પણ ક્યારેક સચ્ચાઇનો સામનો કરવો પડતો હોય છે, ફૂલને પણ શૂળ ભોંકાયાની વેદના સહન કરવી પડતી હોય છે. નિર્દોષ ફૂલને પણ વેદના સહન કરવી પડે તો પછી , હું તો વેદનાની વહેતી નદીને કિનારે બેઠી છું. મને વેદનાના ડંખ વાગી રહ્યા





છે. ડાળથી છૂટ્યા ફૂલ જેવી હું. ફૂલને અને ડાળને કેટલી વેદના થઇ હશે. ડાળથી છૂટ્યા પછી તેટલા સત્ય સુધી આપણે પહોંચી શકતા નથી. કેટલા જતન પછી કળીમાંથી એ ફૂલ બન્યું હશે? આપણે તો ફૂલને તોડ્યા પછી એની સુગંધનું સુખ ભોગવાતા હોઇએ છીએ પણ જે ડાળથી ફૂલ છૂટૂં પડ્યું હશે તે ડાળને કેટલી વેદના થઇ હશે તેનો અંદાજ લગાવતા નથી. કારણ કે આપણી લાગણી ફૂલની સાથે જોડાયેલી હોય છે, ડાળની સાથે નહીં. આમાં આપણી જાતવફાઇ કેટલી? કારણ કે લાગણી કરતાંય વિશેષ તો તેમાં સ્વાર્થ રહેલો હોય છે સુગંધનો. જેને આપણે જીવન અર્પવાનો અધિકાર નથી, તેનું જીવન ઝૂંટવી લેવાનો આપણને શો અધિકાર છે?

વેદના પણ આ ફૂલની સચ્ચાઇ જેવી છે. પોતાને થયેલા દર્દની વેદના અને પારકાને થયેલા દર્દની વેદના આપણને થવી તેમાં ફેર છે. આપણને થયેલા દર્દની વેદના તો આપણે સહન પણ કરી શકીએ છીએ. જ્યારે કોઇને માટે આપણને થતી વેદના સહન થઇ શકતી નથી. આ વેદનાની શૂળો ભોંકાય છે મારા હૃદયમાં, રડવાની ઇચ્છા છતાં રડી શકાતું નથી. રડવાનું કોઇ કારણ નહોતું તોય કારણ હતું. શિવાલકરની વેદના અને કથાવ્યથામાં તે ડૂબવા લાગી, દુર્વાસાનાં પદધ્વનિ સંભળાવા લાગ્યાં, તેનું શાંકુંતલમન ટળવળવા લાગ્યું, માછલીની જેમ.

તે પલંગમાંથી ઊભી થઇ અને એક ગાર્ડીનલની ટેબલેટ લીધી.

સ્નેહાએ રૂમ બંધ કરી અને પલંગમાં સ્મિતાની પડખે સૂઇ ગઇ. એ.સી. ચાલું જ હતું અને પંખો ધીમે ધીમે ફરતો હતો. એની

ગતિમાં સ્નેહા ખોવાઈ ગઈ. એરકંન્ડીશનર સ્લો હતું, તેથી તેની ઠંડક રૂમમાં પથરાઈ ગઈ હતી. તેની આંખ મીંચાઈ તો પાંપણો ઉપર ભાર્ગવ સવારી કરીને આવતો દેખાયો.

'ઊંઘી ગઈ સ્નેહા?'

'... ... ... ...'કંઈ જવાબ ન મળ્યો પણ સ્નેહાના હોઠમાંથી એક શેઅર વહી રહ્યો હતો.

'હૂંફ લઈ આવ્યા હતા આસવ બનીને આંખમાં,
સ્હેજમાં જળવત્ બનીને છલકી જવાનું મન થયું.'

'વાહવાહ ખૂબ સરસ...' બાર્ગવે હાથનો મુજરો કરતાં કહ્યું, 'અચ્છા તો યે ભી સૂનો...'

'ઈર્શાદ.' કહેતાં સ્નેહા ખીલી ઊઠી.

'આમ તો દોડ્યાં હશો, એ શ્વાસના વિશ્વાસમાં
ઝાંઝવાનાં જળ બની તરસી જવાનું મન થયું.'

'વાહવાહ, ભાર્ગવ તેં તો ગઝલનો જબરો શોખ કેળવ્યો છે ને કાંઈ?' સ્નેહાએ હસતાં હસતાં કહ્યું.

'કવયિત્રીના સહવાસમાં આવ્યા પછી, પણ વિસ્તરે છે તો કુદરતી સૌન્દર્યો વચ્ચે જ.'

'તો પછી ક્યાંક ફરવા જવાનું વિચારીએ.'

સ્નેહા અને ભાર્ગવ ઊભરાટના દરિયાકાંઠે હાથમાં હાથ ભીડાવીને ચાલતાં હતાં, સૂરજ પણ સ્નેહાના શરીર સાથે અડપલાં કરતો હતો. સ્નેહા ભાર્ગવની વધુને વધુ નજીક ચાલવા લાગી, એટલે ભાર્ગવે જોરદાર ધક્કો માર્યો. સ્નેહા, ઓ...ઓ...ઓ...કરતી




દરિયાના પાણીમાં પડી.

હવે સ્નેહાને ચાનક ચઢી, દરિયો એની સાથે અડપલાં કરવા લાગ્યો. સ્નેહાએ હાથથી જોરદાર છાલક મારી અને ભાર્ગવને ભીંજવી દીધો. સ્નેહા બહાર આવી ત્યારે તેનાં કપડાં શરીરને ચોંટી ગયાં હતાં. આ શિક્તવસ્ત્રા સુંદરીને જોઈને ભાર્ગવને ઘેન ચઢ્યું. એ દોડીને સ્નેહાને વળગી પડ્યો.

સ્નેહાએ પણ જોરદાર આલિંગન દીધું. રસસમાધિમાં બંન્ને પ્રેમીઓ તરબોળ થઈ ગયાં.

ભાર્ગવ મૌન ચહેરે સ્નેહાની સામે જોઈ રહ્યો હતો. સ્નેહા પ્રીત નીતરતી નજરે એની સામે જોઈ રહી હતી, મૌનમાં પણ પ્રણયની એક બોલતી મસ્તી હતી.

'સ્નેહા....'ભાર્ગવનું મૌન છેવટે તૂટ્યું.

'ભાર્ગવ...' સ્નેહાની પાંપણને વાચા ફૂટી. તેણે પાંપણ ઊંચી કરીને ભાર્ગવ સામે દૃષ્ટિ કરી અને હોઠ પર હળવું હાસ્ય દોડી આવ્યું.

એ પછી વળી પાછાં બન્ને ચૂપ થઈ ગયાં. એ ચૂપકિદી દરમિયાન બન્નેના હોઠ પરનું સ્મિત સામસામે આપ લે કરતાં કરતાં કંઈક કહેતાં સાંભળતાં રહ્યાં.

'તારા આ મૌન પ્રેમશબ્દો મારા ધબકારના સ્વર બનીને રહેશે.' સ્નેહાનું સ્મિત ચૂપચાપ બોલ્યું!

'અને તારી આ પ્રેમનીતરતી અમી નજર મારા પ્રેમનું દર્પણ બની રહેશે.' ભાર્ગવનું સ્મિત પણ ચૂપચાપ કહી રહ્યું.

ચૂપકીદીમાં જ થતી એ વાતો બન્નેના પ્રેમને વધુને વધુ મજબૂત બનાવતી હતી એક અતૂટ સ્નેહ સંબંધનો સેતુ બન્ને વચ્ચે રચાતો હતો. બન્ને પ્રેમી પોતાની જાતને સાવ ભૂલી ગયા હતા. બન્ને એકમેકમાં ઓગળી ગયા હતા. સ્નેહાએ ભાર્ગવને જોરદાર ભીંસમાં લીધો અને હળવેકથી ગાલે બચકું ભરી લીધું.

ત્યાં જ એક જોરદાર તમાચો તેના ગાલ ઉપર પડ્યો, તે સફાળી બેઠી થઇ ગઇ, સામે જ સ્મિતા ખડખડાટ હસતી હસતી પલંગમાં બેઠી હતી, 'તમાચો કોણે માર્યો?' સ્નેહા ગુસ્સાના આવેગમાં બોલી ઊઠી.

'મેં માર્યો...?' શરૂશરૂમાં મને એમ થતું હતું કે સ્નેહા મને વળગીને તેનું દુઃખ હળવું કરતી હશે, પણ જ્યારે તેં મારા ગાલ ઉપર બચકું ભર્યું ત્યારે ખબર પડી કે બહેનબા ઊંઘમાં જ સ્વપ્નામાં સરી ગયા છે, કોણ હતું એ નસીબદાર આદમ? કે જેને તું આમ ભીંસમાં લઇને બચકુ અરે Soory ચુંબન કરી રહી હતી?' સ્મિતાએ સ્મિત કરતાં વ્યંગમાં કહ્યું અને સ્નેહાના ચહેરા ઉપર શરમની લાલી દોડી આવી.



## પ્રકરણ : ૧૩

શિવાલકરને લઇને ભાર્ગવ પોતાની રૂમાં પ્રવેશ્યો ત્યારે રૂમમાં નિરવ શાંતિ પથરાયેલી હતી. બન્નેના ચહેરાઓ ઉદાસીની છાયાથી લીંપાઇ ગયા હતા.

'શિવ, હવે તું આરામ કર.'

શિવાલકરે પલંગ પર લંબાવ્યું, એને પલંગ શૂળ બનીને ભોંકાવા લાગ્યો, તેની આંખોમાં હજીય આંસુ વહી રહ્યાં હતાં. આંસુની ધારા સૂકાઇ જાય ત્યારે જાણે આંખોમાં રણ વિસ્તર્યું હોય એમ આંખો સૂકાઇ ગયેલી નજરે પડતી. ભાર્ગવ એને એકલો મૂકીને ક્યાંય જઇ શકે તેમ નહોતો. મન ભારે ભારે થઇ ગયું હતું. શરીર કળતું હતું. તેને એકાદ પેગ લઇ લેવાની ઇચ્છા થઇ પણ રેખાની વ્યથા અને સ્નેહાએ આપેલા સોગંદની લક્ષ્મણરેખાએ તેની ઇચ્છાઓને દાબી દીધી.

થોડીક ક્ષણો પસાર થઇ, ભાર્ગવે જોયું તો શિવ આંખો બંધ કરીને સૂઇ ગયો હતો. ઢળતા સૂરજની રતાશ રૂમમાં પથરાઇ ગઇ હતી. ઇઝીચેર લઇને તે હોસ્ટેલના ધાબા પર જઇ એકલો બેઠો. શિવાલકરની વાત જાણી ત્યારથી તેના હૃદયમાં વિચારોએ કરોળિયાનાં જાળાં રચી દીધાં હતાં. એનો શ્વાસ એમાં તરફડી રહ્યો હતો. તે ગુંગળામણ અનુભવવા લાગ્યો. એકાંત તેને ડસવા લાગ્યું.

ઢળતા સૂરજનો ગેરુઓ રંગ તેને કોરવા લાગ્યો. શિવનો તરડાયેલો ચહેરો એની આંખમાં ચીતરાવા લાગ્યો. ધૂમાડામાં ઓગળતું નગર કડડભૂસ થવા લાગ્યું. દૂર...દૂર...દૂ...ર...લંબાતા આકાશની અશાંતિ એને ભરડો લેવા લાગી. ભીની ભીની ભીનાશ એના હૃદયમાં રક્ત બનીને દોડવા લાગી. સ્નેહાને ગયે હજી અડધો કલાકેય થયો નથી ત્યાં જ સ્નેહાની યાદ મીઠાં મીઠાં સ્પંદન જગાવી ગઈ.

'ભાર્ગવ, અંધારું થઈ ગયું, ચાલ જમવા નથી જવું?' શિવાલકરે ભાર્ગવના ખભા પર હાથ મૂકતાં કહ્યું. ત્યારે ભાર્ગવે ચોંકીને પાછળ જોયું, તેની વિચારશૃંખલાઓ તૂટી ગઈ વેરાઈ ગઈ. વ્યથાની શૂળોથી જાણે ઘાયલ થયો હોય તેમ તે દેખાતો હતો. 'શિવ, મને જમવાની ઈચ્છા નથી. તારે જવું હોય તો જા!'

આમ તો શિવાલકરને જમવાની ઈચ્છા નહોતી. પણ તેને લાગતું હતું કે, જો તે જમવા નહીં જાય તો ભાર્ગવ પણ જમશે નહીં એ વિચારે જ તે રૂમમાંથી ટેરેસ ઉપર આવ્યો હતો. વેદના તો તેને પણ ડંખ્યા કરતી હતી!

ભાર્ગવ ઊભો થયો અને શિવાલકરના ખભા પર હાથ રાખીને તે ટેરેસનાં પગથિયાં ઊતરવા લાગ્યો. નીચે રૂમમાં પ્રવેશ્યા ત્યારે તેમની પહેલાં ત્યાં અંધારું પ્રવેશી ચૂક્યું હતું. તેણે ટ્યૂબ લાઈટ ચાલુ કરી, બન્ને પલંગ પર બેસી ગયા.

'શિવ, તેં ટ્યૂબલાઈટ કેમ ચાલુ નહોતી કરી?'

'પ્રકાશની જરૂર જ ક્યાં છે?' શિવાલકરે ઉદાસ સ્વરે કહ્યું.

'શિવ, ખરેખર તું નર્વસ થઈ ગયો છે, જિંદગી હજી ઘણી



લાંબી છે. જીવવા જેવું આપણી આજુબાજુ ઘણું છે. જીવવાની ક્ષણોને વીણી લેવાની છે, પછી તે સુખની હોય કે દુઃખની—એનો વલોપાત કરવો નકામો છે.'

'હા ભાર્ગવ, જીવવા જેવું ઘણું મળી રહેશે. પણ રેખાની સાથે જીવ્યાની ક્ષણોને તું પાછી લાવી આપીશ?'

'રેખાની યાદ માત્ર તો તને જીવાડી રહી છે!'

'ભાર્ગવ આ જિંદગી હવે જીવવા જેવી રહી નથી, કદાચ તું ન હોત તો હું જરૂર આત્મહત્યા કરી લેત!'

'એવા ખરાબ વિચારો ન કર, એવું પગલું તું ભરીશ તો રેખાનો આત્મા તને કદી માફ નહીં કરે, ચાલ આપણે ક્યાંક ફરવા જઈએ.'

ભાર્ગવ અને શિવાલકર ઊભા થયા, ભાર્ગવે ટ્યૂબલાઈટ બંધ કરી હાથમાં તાળું લીધું અને લોક કરી બન્ને હોસ્ટેલની નીચે આવી ગયા. ક્યાં ફરવા જવું તે નક્કી નહોતું. ધીરે ધીરે તેઓ યુનિવર્સિટી કેમ્પસનો દરવાજો છોડી બહાર આવ્યા.

'ભાર્ગવ, આપણે રેલ્વે તરફ ફરવા જઈશું?' શિવાલકરે નિઃશ્વાસ નાંખતાં ઉદાસ સ્વરે કહ્યું.

'કેમ?'

'અમસ્તુ જ, ત્યાં મને શાંતિ મળશે!'

'ગાડીઓની અવર જવરમાં શાંતિ ક્યાંથી મળશે?'

'............'

બન્ને વચ્ચે મૌન છવાઇ ગયું. થોડીક ક્ષણો શાંતિમાં પસાર થઇ. બંન્નેમાંથી કોઇ જ બોલતું નહોતું માત્ર બંન્નેના પગ ચાલતા હતા.

'ભાર્ગવ, મારું મન તો આપણે, રેલ્વે તરફ જ જઇએ. કલશોરમાં પણ શાંતિ સમાયેલી છે! શિવાલકરે પોતાનો સ્વર દોહરાવતાં કહ્યું.

'શિવ, તારા મનની મૂંઝવણ હું સમજી શકું છું, આપણે રેલ્વે તરફ નથી જવું, પણ મારું માને તો આપણે સયાજીબાગમાં જઇએ, ત્યાં બેન્ડ સ્ટેન્ડમાં એકાદ કલાક બેસી ટોળટપ્પાં કરીને આવી જઇશું.

શિવાલકર ઉપર ભાર્ગવને વિશ્વાસ રહ્યો નહોતો. તેને એકલો મૂકી શકાય તેમ નહોતું. થોડી વખત પહેલાંના શિવાલકરના શબ્દો ભાર્ગવને યાદ આવી ગયા.

'ભાર્ગવ મને આપઘાત કરવાનો વિચાર આવે છે.'

ભાર્ગવ ધ્રુજી ગયો. તેનું હૃદય ફફડવા લાગ્યું. કદાચ રેલ્વે પર જઇએ અને શિવાલકર આવતી ગાડી વચ્ચે કૂદી પડે તો! એ વિચાર આવતાં જ ભાર્ગવના રોમેરોમે ધ્રુજારીનું લખલખું પસાર થઇ ગયું.

'ભાર્ગવ એક વાત પૂછું?'

'પૂછ.'

'આત્મહત્યા કરતી વખતે બહુ જ કષ્ટ થતું હશે! બહુ જ પીડા સહન કરવી પડતી હશે, કેમ ખરું ને?' શિવાલકર કોઇ પાગલની જેમ એક જ શ્વાસે બોલી ગયો.





'મને શી ખબર, શિવ! મેં કોઇને આપઘાત કરતાં જોયું નથી! ઝેરનો સ્વાદ કેવો હોય એ તો ઝેર ખાનારને જ સમજ પડે!' ભાર્ગવે ગંભીર સ્વરે કહ્યું.

'હું તે જ કરવા માંગું છું. મારે જાણવું છે કે, ઝેરનો સ્વાદ કેવો હોય, પીડા કેવી અને કેટલી સહન કરવી પડે!'

'ખરેખર, તું ગાંડો થઇ ગયો છે?'

'માણસના જીવનમાં જીવવા જેવું કશું જ હોતું નથી. ત્યારે તે આપઘાત તરફ વળે છે, રેખા પછી મારે જીવવા જેવું કંઇ જ રહ્યું નથી, હું ગાંડો નથી. રુઝાયેલો ઘા આજે દુઝયો છે ત્યારે એની વ્યથા મારી નસનસમાં દર્દ બનીને વહ્યા કરે છે.'

'રેખા વગર ત્રણ વર્ષ તું જીવી શક્યો તો એની યાદના સહારે હજીય જીવી શકીશ.'

'.......'શિવાલકર કંઇ જ ન બોલ્યો.

'શિવ, એક વાત પૂછું?'

'પૂછ.'

'આ સંસારમાં તું અધિક કોને પ્રેમ કરે છે?'

'કોઇને નહીં, કારણ કે એ ચીજ આ દુનિયામાં નથી.' શિવાલકરે ઊંડો શ્વાસ લેતાં કહ્યું.

'જે નથી એમાં પણ હોવાપણાનો અણસાર તો હોય જ છે! રેખાનો સ્થૂળ દેહ આપણી સમક્ષ નથી પણ તેની યાદ છે. વ્યથા છે. એ યાદની વ્યથામાં જીવવાનો પણ એક આનંદ છે. માટે કાયર વિચારોને તારામાંથી તું કાઢી નાંખ. શિવ તું વિચાર કર, જે રેખાએ

તારું જીવન ધબકતું રાખવા માટે, અંતિમ ક્ષણોની પળે પણ તેની આંખો તારી સમક્ષ ટગરટગર જોયા કરતી હતી. એ આંખો આજે પણ જીવતી છે, પછી રેખા મૃત્યુ પામી છે તે કેવી રીતે કહી શકાય? તું વિચાર કર કે, જે રેખાને જીવતી જોવા માટે આજે તારું હૃદય રડ્યા કરે છે, હવે તે રેખાની માત્ર યાદ, એક યાદ જ માત્ર તારા હૃદયની ધડકનોમાં જીવે છે. તો શું તારા દિલની ધડકનોને પણ તું મીટાવી દઈ રેખાની એક માત્ર યાદને પણ હંમેશને માટે મીટાવી દેવા માગે છે? આત્મહત્યા એ કોઈ શૂરવીરોનો માર્ગ નથી અને મર્દ જો શૂરવીરની માફક ના જીવે તો તેના જીવનની કિંમત નથી? હવે તું જ કહે, કે રેખાની યાદને જીવતી રાખવી છે કે તે યાદને દફનાવી દેવી છે?'

'બસ કર...બસ, ભાર્ગવ! હવે વધુ ના બોલીશ, કદાચ હું આત્મહત્યાનો વિચાર માંડી વાળીશ તો'ય મારું હૃદય આપમેળે ફસડાઈ પડશે અને રેખાની એક માત્ર યાદ ફણ તેની સાથે ભૂંસાઈ જશે. રેખાની ભભકતી યાદમાં હું આટલું વિચારી શક્યો નથી. ભાર્ગવ! આજે મને જીવનપ્રકાશ લાધ્યો છે અને એ પ્રકાશને રેખાની યાદથી જ્યોતિર્મય બનાવી રાખવાની જવાબદારી મારી છે. અને રહેશે.'

ભાર્ગવ અને શિવાલકર હૉસ્ટેલ પર આવ્યા ત્યારે રાતના લગભગ નવ વાગ્યા હતા. બન્ને જમ્યા વગર જ પોતપોતાની રૂમ તરફ જતા રહ્યા, 'ગુડ નાઈટ શિવ,' ભાર્ગવે પોતાની રૂમનું તાળું ખોલતાં ખોલતાં કહ્યું.

'ગુડનાઈટ, ભાર્ગવ.' શિવાલકરે પોતાની રૂમ તરફ જતાં જતાં પ્રત્યુત્તર વાળ્યો.



બન્નેએ કંઈક હળવાશ અનુભવી હતી. ભાર્ગવ પોતાની રૂમનું તાળું ખોલીને રૂમમાં ગયો. ટ્યુબલાઈટ ચાલુ કરીને તે પલંગ પર બેઠો, ત્યાં જ શિવાલકરે રૂમમાં પ્રવેશ કર્યો.

'કેમ, શિવ? પાછો આવ્યો?'

'ભાર્ગવ, તારું વાયોલીન આપને?'

'ઓ...હો...ક્યારથી તાનસેન થઈ ગયો?!'

'ભાર્ગવ, આજની રાત વાયોલીન મારા રિડીંગ ટેબલ પર પડ્યું રહેવા દે, એને જોઈને મને રેખાની યાદનું સાંત્વન મળશે.'

'લઈ જા...'

શિવાલકર વાયોલીન લઈ જતો હતો ત્યાં જ ભાર્ગવે એને રોકતાં કહ્યું, 'શિવ—'

એ પાંગરેલી હવાની વેદનાને સાચવી રાખજે રેખાની યાદમાં.'

'ભાર્ગવ, રેખાની યાદમાંથી જ હવે નવો જન્મ લેશે શિવાલકર.'

'વચન...'

'વચન...'શિવાલકરે ભાર્ગવના હાથમાં હાથ મૂકતાં કહ્યું.

'જોજે, રેખાના આત્માને ઠેસ ન લાગે?'

'મારા પર વિશ્વાસ નથી?'

'હવે વિશ્વાસ છે.'

'આવજે, ત્યારે, મોર્નિંગ ટી પીવા સવારમાં બહાર જઈશું ત્યાં સુધી ગુટ નાઈટ.'

'ભલે, હવે જઈને સૂઈ જજે, મન જરા હળવું થઈ જશે.'

શિવાલકર તેની રૂમમાં વાયોલીન લઈને ગયો.

# પ્રકરણ : ૧૪

અને ભાર્ગવને એકાંત ડસવા લાગ્યું. તે એકલો શૂન્યમનસ્ક પલંગની ધાર પર બેસી રહ્યો. સ્હેજ મોટા કહી શકાય એવા કપાળમાં વેદના વરસતી હતી. એની નમણી નાસિકા વેદનાના શ્વાસોચ્છ્વાસ લેતી હોય એમ સતત લાગ્યા કરતું હતું. એના ગાલ પર દરિયાની ખારાશ જામી હોય એમ લાગ્યું. ઘડી ઘડી ધ્રુજી જતા હોઠ પર પાનખર બેઠી હોય તેવું થયા કરતું હતું. એણે ઊંઘવાનો પ્રયત્ન કર્યો, પલંગ પર આડે પડખે થયો, પણ ઊંઘ ન આવી. આંખો ઉપર નેપકીન મૂક્યો તોય ઊંઘ ઊડી ગઇ. હાથનો ભાર મૂક્યો છતાં પણ પાંપણ ન બીડાઇ. ઉપરા ઉપરી ત્રણ ચાર બગાસાં આવ્યાં, લાંભી વળ ખાતી આળસ મરડી, પડખું પેરવી ઊંઘવા ઓશિકામાં માથું નાખી દીધું તોય મન ના બેઠું. એ તો ભમરાની જેમ ગણ ગણ કરતું ભમવા લાગ્યું. લાંબા લાંબા શ્વાસ લઇ ધી...મે....થી છોડ્યા તોય ધબકારા ન બદલાયા. થાક જેવું લાગવા લાગ્યું. તે ઊભો થયો. પંખાની સ્વીચ ઑન કરી. રૂમમાં ભીની ભીની હવાની લહર પથરાઇ ગઇ. ટ્યૂબલાઇટ બંધ કરી, ફરીથી પલંગમાં આડેપડખે થયો, અંધકાર વિસ્તરવા લાગ્યો. અંધકારમાં આંગળી ખૂપી જાય તોય ના દેખાય. અને આંગળી કાળી પડી જાય એટલો ગાઢ અંધકાર એને ડસવા લાગ્યો. મનની વ્યગ્રતા તેને દઝાડ્યા કરતી હતી. તેણે નાઇટલેમ્પ ચાલુ કરવાની ઇચ્છાને





મહાપરાણે રોકી દીધી. કારણ કે લેમ્પનો પીળો પ્રકાશ તેને શૂળ બનીને ભોંકાતો હતો. તેની આંખો ક્યારે મીંચાઇ અને ભીતરથી ક્યારે સ્નેહા છલકાઇ તે તેને યાદ ન રહ્યું.

સ્નેહાનો સુંદર અને નિર્દોષ ચહેરો એની આંખની સામે તરવા લાગ્યો. ફ્લાવરવાઝની ડોક જેવી મરોડદાર ડોક ઉપરના ચહેરામાં ફૂલ જેવી કોમળતા છે. એણે પહેલી જ વાર અનુભવી. એ સ્નેહાની યાદમાં ખોવાઇ ગયો. તેનું મનહૃદય કૉલેજ ગાર્ડનના ખૂણામાં જઇ વસ્યું. એ વૃક્ષની નીચે સ્નેહા માછલીની જેમ પડી છે. ઢીંચણથી બંન્ને પગ ઊંચા હોવાથી સાડી ઢીંચણ સુધી ખસી જવાથી શ્વેત પગ જાણે સારસ જોડીની ડોક જેવા દેખાઇ રહ્યા છે. લીલીલીલી લોનમાં ડૂબેલી કોણીઓ પર કમળદંડ જેવા હાથ પર વેરાયેલી પાંખડીઓ વચ્ચે મંદમંદ પવન લહેરે લહેરાતી કૂંપળો જેવી આંગળીઓ વચ્ચે ચહેરો ઝીલાયો છે. ઝાકળ જેવા શ્વેત શ્વેત ગાલ પર ગુલાબી ઝાંય જાણે સવારના સૂરજની લાલી.

યલો કલરની સુંદર સિલ્ક સાડીમાં તે વધુ સુંદર દેખાઇ રહી હતી. તેની આંખો સ્નેહાના શરીર પર ફરવા લાગી, સ્નેહા ઊંધી પડી હતી એટલે નજર છેક ભરાવદાર ઉરખીણમાં કંઇ શોધતી હોય તેમ પહોંચી ગઇ. કેટલીક ક્ષણો સુધી તે તાકતો જ રહ્યો...તાકતો જ રહ્યો.

'શું જોઇ રહ્યા છો?'

'હં...અ...કંઇ જ નહીં.' સાંભળતાં તો સ્નેહા કપડાં સંકોરતાં સંકોરતાં બેઠી થઇ ગઇ અને ધીરે ધીરે સ્નેહા ભાર્ગવની નજીક આવી પોતાના બે હાથ ભાર્ગવના ગળામાં નાખી દીધા. ભાર્ગવને નજીક ખેંચ્યો અને બે હોઠદ્વય એક થઇ ગયા. દીર્ઘ ચુંબનથી ભાર્ગવ ખોવાઇ ગયો સ્નેહાની રૂપશૈય્યામાં.

'ભાર્ગવ–'

'હં...અ...'

'કેમ એકલું એકલું લાગે છે?'

'સુકાની વગરની હોડી જેવું.'

'ભાર્ગવ, તું આવું કેમ બોલે છે?'

'કાગળની હોડી લઈને દરિયો તરવા જેવું છે.'

'દિવાસળી લઈને કાગળ જેવું બળતું ક્યાં સુધી રહેવાનું છે?'

'પુદ્ગલ થઈને દરિયામાં કેટલો સમય જીવતા રહેવાનું છે?'

'પ્રશ્નોની સામે પ્રશ્નો ના કર ભાર્ગવ? મને ઉદાસી ડંખ્યા કરે છે, વિષાદની આગ મને દઝાડ્યા કરે છે. યાદનાં હરણાં મૃગજળ પીવા દોડ દોડ કરે છે. ભોળાં સસલાં જેવી વેદના મારા હૃદયમાં ઠેકડા માર્યા કરે છે. આવ, ભાર્ગવ આવ. મારા મન હૃદયને તારા હોઠદ્વયથી પરિપ્લાવીત કર. હું તને લેવા માટે જ આવી છું.'

'ક્યાં જઈશું?'

ક્યાંક દૂર...દૂર...

ભાર્ગવ ઊભો થયો, સ્નેહા આગળ આગળ ચાલવા લાગી. ભાર્ગવ તેને અનુસર્યો. ભાર્ગવ અને સ્નેહા કારમાં બેસી ગયાં. સ્નેહા ડ્રાઈવીંગ કરતી હતી. આલીશાન બંગલાના લોખંડી તોતિંગ દરવાજા આગળ કાર આવીને ઊભી રહી. દરવાજો ઑટોમેટિક હતો. કાર આવતાં





જ દરવાજો ખૂલી ગયો. કાર બંગલાના દ્વાર સામે આવીને ઊભી રહી.

'સ્નેહા, આવી ભવ્ય રોનકદાર જગ્યામાં મને શું કામ લઈ આવી?'

'કેમ અતડું લાગે છે?'

'ના, પણ....મને આવી ભવ્યતા ગમતી નથી.'

'મારા પિતાજી તને મળવા માગે છે.'

'તો તેં અગાઉથી કેમ ના જણાવ્યું?'

'શું એ જણાવવું જરૂરી છે?'

'જરૂરી તો ખરું, કોઈના છોકરાનું અપહરણ કરી લઈ આવવું એ ગુનો છે!'

'ગુનાની થિયરી હું ભણી નથી...'

'ગુનો કર્યા પછી એનો અભ્યાસ ગુનેગારે કરવાનો હોતો નથી.'

'એટલે તારું એમ કહેવું છે કે મેં ગુનો કર્યો છે?'

'ચોક્કર, ખબર આપ્યા વગર કારમાં લઈ આવવું એ પણ ગુનો જ છે.'

'સામે જો...મારા પિતાજી આવતા દેખાય છે.'

ભાર્ગવ તો સ્નેહાના પિતાજીને જોઈને જ છળી ઊઠ્યો. આવી ઊંચાઈ અને પહોળાઈ ધરાવતી વ્યક્તિ! માણસની સામાન્ય ઊંચાઈ કરતાં પણ ત્રણ ઘણી ઊંચાઈ અને કદાવર શરીર તેણે ક્યારેય જોયું ન હોતું.

'ભાર્ગવ, શું જોયા કરે છે? ચાલ, આપણે અંદર જઈએ.'

ભાર્ગવના શરીરમાંથી ધ્રુજારીનું લખલખું પસાર થઇ ગયું. ડરતો ડરતો ભાર્ગવ ભવ્ય રાજમહેલનાં પગથિયાં ચડવા લાગ્યો. રાજમહેલમાં પ્રવેશતાં જ એણે વાઘ, સિંહ, હરણ, દિપડો, રીંછ, ચિત્તો, ગેંડો વગેરે પ્રાણીઓનાં મોં ભીંત ઉપર લટકાયેલાં જોયાં. તેને ચીસ પાડવાનું મન થઇ આવ્યું પણ તે ચીસ પાડી ન શક્યો. તેના કંઠમાંથી જાણે અવાજ લોપાઇ ગયો ન હોય! અને એનું કારણ હતું પાછળ પાછળ આવતો સ્નેહાનો બાપ. સ્નેહાના પગ થંભ્યા, સ્નેહાએ પણ એક રાજકુમારીની અદાથી ઈશારો કર્યો. ભાર્ગવ સોફા પર બેસી ગયો અને સોફાને ધ્યાનથી જોવા લાગ્યો.

'શું જુએ છે ભાર્ગવ? એ મારા પિતાજીનો પહેલો શિકાર છે, વાઘના ચામડામાંથી બનાવેલો છે.'

'.......' ભાર્ગવ કંઇ જ ન બોલ્યો.

'સ્નેહાનો બાપ ભાર્ગવની સામેના સોફા પર બેસી ગયો તો સોફામાં જાણે તે ઊતરી ગયો હોય તેમ તેને લાગ્યું. 'સ્નેહા, આ છે એ આદમી કે જેની તું વાત કરતી હતી?'

'હા, પિતાજી,' બન્ને વચ્ચે કોઇ અજ્ઞાત ભાષામાં વાત થઇ તે ભાર્ગવની સમજમાં ન આવ્યું.

'બોલો, સ્નેહા સાથે લગ્ન કરવું છે કે પછી...'

સીધા જ લગ્નના પ્રસ્તાવથી ભાર્ગવ ડરી ગયો.

'પણ...મેં...'

'મારે કંઇ જ સાંભળવું નથી, માત્ર હા, કે નામાં જવાબ આપો.'



'હા...ના...?'

'ના...?' સ્નેહાનો બાપ ત્રાડ પાડી ઊઠ્યો.

'હા...' ડરના માર્યા ભાર્ગવે હા પાડી દીધી.

સ્નેહાના બાપે મૂછ પર હાથ ફેરવતાં ફેરવતાં...આંખનો ઈશારો કર્યો, પડદા પાછળથી બે વ્યક્તિઓ હાથમાં બંદૂક લઈને ડોકાઈ...અને ભાર્ગવની સામે આવીને ઊભી રહી...

'મને ડર લાગે છે, આ વ્યક્તિઓથી...' ભાર્ગવ ધ્રુજવા લાગ્યો, પડખે ઊભેલી સ્નેહા હોઠમાં હસી રહી હતી.

'ડરશો નહીં...'

'એ...છોકરી...આ છોકરાનું નામ શું છે?'

'ભાર્ગવ.' સ્નેહાએ હસતાં હસતાં કહ્યું.

'તો આને લાવતાં વાર કેમ લાગી?'

'વાર નથી થઇ, પણ મારી સાથે પ્રેમાલાપ કરતો હતો એટલે જરા...'

'તારી આ હિંમત? તેં મારી રાજકુંવરીની કાયાનો સ્પર્શ કર્યો? કોઇ મારી રાજકુંવરી સાથે વાત કરી શકતું નથી અને તારામાં આટલી હિંમત આવી ક્યાંથી?'

ભાર્ગવના ચહેરા પરથી જાણે નૂર ઊડી ગયું. તે બોલવાની હોંશ પણ ગુમાવી બેઠો...

'સિપાઇઓ?...' આને દોરડા વડે મુશ્કેટાટ બાંધી દો અને લઈ જાવ અહીંથી? ધગધગતી ગરમ તવાઈમાં એને નાંખી દેજો... આજની રાતનું ભોજન આપણે સાથે કરીશું. આ બાળક તો આપણા

માટે તો નાસ્તો જ છે.

પડદા પાછળથી બીજા બે માણસો દોરડું લઈને આવી ઊભા.

'પણ...પિતાજી, એનો કોઈ વાંક નથી...' સ્નેહાએ વિનંતીભર્યા સ્વરે કહ્યું.

'વાંક હોય કે ન હોય, આપણા રાજ્યનો કાયદો છે કે રાજકુમારીનો જે સ્પર્શ કરે તેને ધગધગતી તવાઈ પર શેકીને એનો મલીદો બનાવી આપણા નોકરો વચ્ચે બેસીને જલસો કરવો. આવો મોકો કેટલાય વર્ષે એક વખત આવે છે.'

'એ છોકરા. જોઈ લે સામેની ભીંત પર કોણ દેખાય છે?'

ભાર્ગવે જોયું તો હારબંધ માણસોનાં માથાં લટકતાં હતાં...તે ધ્રુજી ગયો.

'ઊભા રહો, મારી બંદૂક ક્યાં છે? તવાઈમાં તપતાં આ કુમળા બાળકને દુઃખ થશે માટે એને ગોળીથી તેને ખતમ કરી દઉં, પછી તેને તવાઈમાં શેકવા માટે લઈ જજો.'

'લો, સરકાર' એક સિપાઈ આગળ આવીને બંદૂક આપી.

બંદૂક હાથમાં આવતાં જ ધડામ્ કરીને ગોળી છોડી, સ્નેહા દોડીને વચમાં આવી ગઈ...ભાર્ગવ ચીસ પાડી ઊઢ્યો...નહીં સ્નેહા તારે આમ કરવું ન હોતું જોઈતું...

'ખબરદાર?'

અને બીજી ચીસ પાડીને ઢળી પડ્યો....

અવાજ થતાંની સાથે જ જોડેની રૂમમાંથી શિવાલકર દોડી આવ્યો. તેણે ભાર્ગવની રૂમનાં બારણાં જોર જોરથી


ખખડાવ્યાં...ભાર્ગવે આંખ ખોલી તો તે પલંગ પરથી નીચે પટકાઈ પડ્યો હતો...આંખો ચોળતો તે ઊભો થયો અને અંધારામાં પણ તે બારણા તરફ ગયો. તેણે બારણું ખોલ્યું તો સામે જ શિવાલકરને જોઈને તે વળગી પડ્યો...હજીયે તેનું શરીર ધ્રુજી રહ્યું હતું.

'શું થયું ભાર્ગવ?'

'કંઈ જ નહીં, પલંગ પરથી પડી ગયો...'

'તેમાં આટલો ધ્રુજી કેમ રહ્યો છે?'

શિવાલકરે તેને સહારો આપીને રૂમમાં લઈ ગયો અને ટ્યૂબ લાઈટ ચાલુ કરી ભાર્ગવને પલંગ પર બેસાડ્યો, પાણી પીવડાવ્યું. થોડીક ક્ષણો સુધી તો ભાર્ગવ, શિવાલકરની સામે જ તાકી રહ્યો.

'ભાર્ગવ, શું જોઈ રહ્યો છે?'

'કંઈ જ નહીં, તું હવે મારી સાથે જ સૂઈ જા, મને ઊંઘ નથી આવતી!'

શિવાલકર કંઈ જ ના સમજ્યો...

'શિવ, મને સ્વપ્નું આવ્યું હતું.....'

'છોડ હવે એ વાત ચાલ સૂઈ જા...' શિવાલકરે આશ્વાસન આપતાં આપતાં કહ્યું, અને તે ઊભો થયો, તેણે ટ્યૂબલાઈટ બંધ કરી, નાઈટલેમ્પ ચાલુ કર્યો.

## પ્રકરણ : ૧૫

સવારમાં ભાર્ગવ અને શિવાલકર ઊઠ્યા ત્યારે પ્રફુલ્લિત ચહેરે હતા બન્ને આનંદીત જણાતા હતા.

'ભાર્ગવ, રાતે તને કોનું સ્વપ્નું આવ્યું હતું?' શિવાલકરે બ્રશ કરતાં કરતાં કહ્યું.

'હા શિવ, સ્વપ્નુંય કેવું ભયંકર! બાપ રે, મારી જિંદગીમાં આવું સ્વપ્નું તો મેં પ્રથમ વખત જોયું!' ભાર્ગવની આંખોમાં ભયમિશ્રિત કુતૂહલ ટળવળતું હતું.

'કેવું? ટેકનીકલર હતું કે બ્લેક એન્ડ વ્હાઈટ?'

'તને તો મશ્કરી જ સૂઝે છે? દરેક વાતમાં?' ભાર્ગવ ચહેરા પર ગુસ્સો લાવીને બોલ્યો.

'તો પછી તને કહેવામાં શું વાંધો છે?' શિવાલકર પણ છણકો કરીને બોલ્યો.

'તમે લોકો, નાની નાની વાતને પણ મોટું સ્વરૂપ આપો છો? ટેકનીકલર હતું બસ!'

'તો એની રોમાંચક પળનું વર્ણન કરને? કેવું ભયંકર સ્વપ્નું હતું? હોરર હતું કે પછી ડિટેક્ટીવ?' શિવાલકરે એક સાથે કેટલાયે પ્રશ્નો ભાર્ગવની સામે મૂકી દીધા.





'પણ આવું ભયંકર સ્વપ્નાનું વર્ણન કરતાં પણ રૂંવાડાં ખડાં થઈ જાય છે અને ભયનું લખલખું દોડી જાય છે ત્વચામાં. એમ કહીને ભાર્ગવે રાત્રે આવેલા સ્વપ્નાની વાત કરી ત્યારે શિવાલકર પણ થોડો ગંભીર બની ગયો, પણ બીજી જ ક્ષણે તે ખડખડાટ હસી પડ્યો. વાતાવરણમાં હળવાશ આવી ગઈ.'

'ત્યારે...'

સ્નેહા, કાશ્મીરી શિલ્કનાં સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈને હૉસ્ટેલનાં પગથિયાં ચડી રહી હતી. જાણે કોઈ જાજ્વલ્યમાન રાજકુમારી આવી રહી હોય! હૉસ્ટેલમાં કોઈ છોકરી આવે એ પ્રથમ પ્રસંગ હતો. એટલે જેમ જેમ જાણ થઈ તેમ તેમ થોડીક ક્ષણોમાં તો રૂમની બારીઓમાંથી છોકરાઓ કુતૂહલવશ નજરે જોવા લાગ્યા. સ્નેહાને કોઈની પડી નહોતી. તે સડસડાટ હૉસ્ટેલનાં પગથિયાં ચડી ગઈ, હોસ્ટેલના પ્રથણ માળે જ વોર્ડન નિવાસસ્થાન હતું. સીધા જ રૂમનો નંબર જાણી લીધો. વોર્ડન પણ સ્નેહાના લેક્ચરર હતા એટલે તેઓ સ્નેહાથી પરિચિત હતા. એટલે તેમને પણ મંજૂરી આપવામાં વાંધો નહોતો.

પગથિયાં ચડતાં ચડતાં તો સ્નેહાના હૃદયના ધબકારા વધી ગયા હતા. એક પછી એક નંબર વાંચતાં વાંચતાં સ્નેહા, ભાર્ગવની રૂમ આગળ આવીને ઊભી રહી, ત્યારે ભાર્ગવ અને શિવાલકર બન્ને હસી રહ્યા હતા. બન્ને જણા સવારના ડ્રેસમાં– બંડી અને સ્પોર્ટ ચડ્ડીમાં હતા. સ્નેહાને જોતાં જ બન્ને જણા એક સાથે દોડીને રૂમની બહાર નીકળીને બાથરૂમમાં જતા રહ્યા અને રૂમાલ વીંટીને બન્ને જણા આવી ગયા, ત્યારે સ્નેહા ખડખડાટ હસી રહી હતી. સ્નેહાને આ મુદ્રામાં જોવી એ પણ એક લ્હાવો હતો. ત્યારે પણ ભાર્ગવ

અને શિવાલકર ગંભીર હતા!

'ભાર્ગવ સ્વપ્નું આવી ગયું?!' સ્નેહાની સામે જોઇને ભાર્ગવ બોલી ઊઠ્યો, 'આપ!' શિવાલકરના મોંમાંથી ઉદ્ગાર સરી પડ્યો. તેની આંખો પર તેને વિશ્વાસ ન આવ્યો એટલે તેણે જાતે જ પોતાને ચૂંટણી ખણી જોઇ, ત્યારે તેને લાગ્યું કે આ સ્વુપ્નું નથી. સત્ય છે.

ભાર્ગવ પણ સ્નેહાની સામે તાકતો જ રહ્યો...સ્વપ્નું છે કે સત્ય તે નક્કી ના કરી શક્યો, પણ જ્યારે સ્નેહાએ કહ્યું, 'હજી સુધી તમે લોકો પરવાર્યા નથી?' ત્યારે જ તેને લાગ્યું કે ખરેખર સ્નેહા જ સામે આવીને ઊભી છે. સ્નેહાને હૉસ્ટેલમાં આવવાનું કારણ તે સમજી ના શક્યો. સ્નેહાને તે બેસવા માટે કહેવાનું પણ ભૂલી ગયો. સ્નેહા પલંગ પર બેસી ગઇ.

'હૉસ્ટેલમાં રહેવાનું તમને લોકોને ગમે છે?' મને તો એક દિવસ પણ હોસ્ટેલમાં રહેવું ના ગમે? આજુબાજુ નજર કરતાં સ્નેહાએ કહ્યું.

ભાર્ગવે જાણે સાંભળ્યું નહોય તેમ તે સ્નેહાની સામે જ તાકી રહ્યો...

'શું જોઇ રહ્યા છો?'

'સ્વપ્નું...!'

'સાહેબ સવારના નવ વાગ્યા છે? આપને તો સવાર સવાર માંય સ્વપ્નાં દેખાય છે ને કાંઇ?' સ્નેહાએ પોતાની કાંડાઘડિયાળ તરફ જોઇને કહ્યું.

'સામે સ્વપ્ન સુંદરી બેઠી હોય તો સ્વપનાં દિવસે પણ





દેખાય...' ભાર્ગવે હસતાં હસતાં કહ્યું.

'બાપરે....હજી સુધી આપણે ઊંઘતા જ રહ્યા હતા?!' આશ્ચર્યમીશ્રિત ભાવે શિવાલકરે ભાર્ગવની સામે જોતાં કહ્યું.

'સ્નેહાજી તમારે હૉસ્ટેલમાં આવવું ન જોઇએ...સારા ઘરની છોકરીઓએ આમ ન કરવું જોઇએ...' ભાર્ગવે સ્નેહાની સામે ઇઝીચેર ખેંચીને બેસતાં બેસતાં કહ્યું, 'શિવ, તું સ્નેહાજી માટે થમ્સઅપ લઇ આવ...કેમ સ્નેહાજી આપને અનુકૂળ રહેશે ને?'

સ્નેહાએ નીચી નજરે ફર્સપર અંગૂઠો ઘસતાં ઘસતાં કહ્યુ, 'ભલે....પણ મને લાઇટ પીણું ગમે છે!' સ્નેહાનું સાંભળ્યું ન સાંભળ્યું કરીને શિવાલકર હૉસ્ટેલનાં પગથિયાં ઊતરી ગયો.

'સ્નેહાજી કેમ આવવાનું થયું?' ભાર્ગવે સ્નેહા સામે જોઇને કહ્યું.

'બસ, એમ જ. આપને ક્લાસમાં ન જોયા એટલે મન શાંત બેસી ના રહ્યું, રિશેષ પડી કે તરત જ અહીં દોડી આવી...'

'કેમ?'

'મને એમ કે, તમારી તબિયત બગડી હશે કે શું?' સ્નેહાએ ચિંતિતસ્વરે કહ્યું.

'ઓહ...! સ્નેહાજી, મારી તબિયતની આપને ચિંતા થાય છે?'

'સ્નેહાજી....નહીં માત્ર સ્નેહા કહો....મને વધુ ગમશે...'

'પણ આપ તો...'

'ફરી પાછું આપ? તમને વાંધો ન હોય તો તમે મને તું થી

સંબોધી શકો છો? જ્યારે એકબીજાથી પરિચિત થયા પછી મોટાઇના ભાર લઇને ફરવું ન જોઇએ.'

'નહીં, સ્નેહાજી, મારાથી એમ નહીં કહી શકાય.'

'કારણ?'

'હું તમારા વ્યક્તિત્વથી એટલો બધો પ્રભાવિત થયો છું કે 'તું' કારથી બોલાવવાની હિંમત જ કરી શકતો નથી.' ભાર્ગવે વિનંતીના સ્વરમાં કહ્યું.

'મતલબ કે આજ સુધી તમે મારામાં મારું વ્યક્તિત્વ જ જોયું? અને બીજું કાંઇ નહિં?'

'બીજું કાંઇ નહીં એટલે?'

'એટલે એ જ કે મારા ભીતરમાં ત્વચા નીચે એક નાનું હૃદય ધડકયા કરે છે, કદાચ તેની તરફ ધ્યાન નહીં ગયું હોય કેમ?'

'ના...ના...એવું નથી સ્નેહાજી...'

'સ્નેહાજી,' શબ્દ તમને બોલવામાં અઘરો અને લાંબો નથી લાગતો?

'એટલે આપ કહેવા શું માંગો છો? હું કંઇ જ સમજી શકતો નથી!'

'મને લાગે છે, તમે જેને અપમાન ગણો છો તેની શરૂઆત મારા તરફથી જ કરવી પડશે કેમ ભાર્ગવ?'

'તો મને જરાય વાંધો નહીં આવે!'



'અને તમે મને તુંથી બોલાવશો તો મને વાંધો આવશે એમ જ ને?'

'મેં એવું ક્યારે કહ્યું?'

'ઓહ, ઊફ!' સ્નેહાએ જરા ઊંચેથી શ્વાસ લઇને હેઠો મૂકતાં કહ્યું. 'મને ખબર નહીં કે...દિલ્હીના માણસો આટલી નાની વાતને મોટું સ્વરૂપ આપતા હશે!'

'તમે બરાબર સમજ્યા છો!'

સ્નેહા ભાર્ગવના ચહેરા સામે તાકી રહી.

ભાર્ગવના ચહેરા પર ખુશીની લકીરો ખેંચાઇ, વહેલી સવારના ધુમ્મસમાં ઓગળતો જાણે ગુલાબી સૂરજ! અંતરમાં આત્મીયતા ટહુકી ઊઠી. કોઇક નજીકનાએ સંબોધ્યો હોય તેવી આત્મીયતા સ્ફુરી રહી હતી. આનંદના અતિરેકમાં આજ સુધી ગંભીર રહેતા ભાર્ગવનું મન મજાકના ચકડોળે ચડ્યું અને તે પણ...

'કવિઓ આટલો સુંદર કટાક્ષ પણ કરી શકે છે, કેમ સ્નેહા?' આજે પહેલી વાર ભાર્ગવના મુખે સ્નેહા શબ્દ સાંભળી આત્મવિભોર બની ગઇ. તે ભાર્ગવની સામે તાકતી જ રહી. હં...અ...તો કેમ આવવું થયું?

'મન શાંત થઇને બેસતું નથી, જ્યારથી આપને જોયા છે ત્યારથી....'

'સાચું કહું, તો મને પણ તને જોયા વગર એક દિવસ પણ પસાર થતો નથી....'

થોડીક ક્ષણો બન્ને વચ્ચે મૌન છવાઇ ગયું.

'ભાર્ગવ, હું તમને લેવા માટે આવી છું...'

'કેમ સ્મિતા આજે કૉલેજ નથી આવી?'

'આવી હતી. પણ એની બહેનપણીઓ સાથે પીકનીકમાં ગઇ...ક્લાસમાં મારું કહેવાય એવું કોઇ જ ન હોતું. એકલું એકલું લાગતું હતું એટલે આ તરફ આવી, તમને ક્લાસમાં ન જોયા એટલે!'

'ઓહ તું રડે છે સ્નેહા?' ભાર્ગવે, સ્નેહાની નજીક સરકતાં કહ્યું.

'ના, આ તો હર્ષના આંસુ છે...તમને જોઇને...ખુશીનાં આંસુ...'

'શિવ હજી પણ ના આવ્યો...'

'આવતા જ હશે. ત્યાં સુધી તમે તૈયાર થઇ જાવ.'

ભાર્ગવે તો હજી બ્રશ જ કર્યું હતું, એટલે તે બાથરૂમ તરફ ગયો...

સ્નેહા એકલી પડી...તે ઊભી થઇને આજુબાજુ જોવા લાગી. તો તેની નજર કાગળોની બાંધેલી થોકડી તરફ પડી...તે તરફ જઇને તેણે તે થોકડી ઉપાડી તો....ભાર્ગવની થીસીસનાં કેટલાંક પાનાંની મેન્યુસ્ક્રીપ્ટ હતી...' સ્વાતંત્ર્યોક્તર ગુજરાતી નવલકથામાં પ્રણય નિરૂપણ' તે વાંચવા લાગી અને એટલી બધી તલ્લીન થઇ ગઇ કે તેને સમયનું પણ ભાન ન રહ્યું...કારણ કે ભાર્ગવની શૈલી અન્ય કરતાં જુદી પડતી હતી.

'સ્નેહાજી, આપને માટે લાઇટ પીણું લઇ આવ્યો.'





શિવાલકરે માઝા મેંગોની બોટલ ખોલતાં ખોલતાં કહ્યું.

'વ્હીસ્કી બ્રાન્ડ તો નથી ને?' સ્નેહાએ કટાક્ષ સ્વરે કહ્યું, સ્નેહા ખીલી ઊઠી.

'ના બહેનજી....ગઇ કાલથી જ છોડી દીધી છે...'

'કેમ?'

'ભાર્ગવની આગળ મારું કંઇ જ ચાલતું નથી. જીવનમાં મારી અંગત કહી શકાય એવી બે જ ચીજ છે. એક રેખાની યાદ અને ભાર્ગવનો સાથ...' શિવાલકરની આંખો ભીની ભીની થઇ ગઇ.

સ્નેહાને લાગ્યું કે તેને યાદ કરાવવું જોઇતું ન હતું, 'માફ કરજો શિવ... મારે તમને આડકતરી રીતે પણ યાદ કરાવવું જોઇતું ન હતું...'

'ખેર! ભાર્ગવ ક્યાં ગયો, તમને એકલાં મૂકીને?' આશ્ચર્ય મિશ્રિત સ્વરે શિવાલકરે કહ્યું.

'સ્નાન કરવા ગયા છે.'

'કેમ, આજે બહેનજીને જોઇને?!'

'શિવ, તમે મને બહેન કહી...?!'

'કેમ, ના કહું?'

'ના, કહો...પણ...'

'સ્નેહા....મારે કોઇ બહેન નથી...મને એક બહેન મળી ગઇ...બહેન, થશોને?'

સ્નેહાની આંખમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં. એને કોઇ

ભાઇ નહોતો. 'શિવ, ખરેખર તમે મારા ભાઇ બની શકશો?'

'બહેન ભાઈનો સંબંધ એકબીજાને કહેવાથી બંધાતો નથી. અંતરની ખરી લાગણી હોઠ પર આવે છે ત્યારે જ ભાઇ બહેનનો સંબંધ ટકે છે. ધર્મની બહેન કે ધર્મનો બાઇ તો સમાજને છેતરવાનો સહેલો ઉપાય છે. આપણા યુવકો ભાઈબહેનના પવિત્ર સંબંધને કલંક લગાડે છે. હું તેવી નિમ્નકક્ષાનો નથી. તમે તો મારા જેવા પંથ ભૂલેલાને સાચા માર્ગ પર લઇ આવ્યાં છો અને સાચા માર્ગ પર તો બહેન જ લઇ આવે ને તું અને ભાર્ગવ ન હોત તો આજે કદાચ હું તમારી વચ્ચે જ ન હોત...!'

'એવું ન બોલો શિવ, તમારે ભાર્ગવને માટે પણ જીવવું પડશે. એનો નજીકનો સાથી, હમદર્દ, સહારો તો તમે જ છો!'

ભાર્ગવ ટર્કીશ રૂમાલ વડે ભીના વાળ લૂછતો લૂછતો રૂમમાં પ્રવેશ્યો ત્યારે શિવ અને સ્નેહા ખડખડાટ હસી રહ્યાં હતાં. આજે પહેલી જ વાર શિવને આટલો મુક્તમને હસતો જોયો, તેને તેમાં ભાગ પડાવવાનું ઉચિત ન લાગ્યું. તે રૂમના બારણા આગળ થોભી ગયો...

'શિવ, વચન આપ કે તું હવે જિંદગીમાં ક્યારેય ડ્રીંક નહીં કરે?'

'એ વચન તો હું ભાર્ગવને આપી ચૂકયો છું.' હસતાં હસતાં શિવાલકરે કહ્યું.

'સ્નેહા, શું વચન માંગે છે? હવે શિવ ક્યારેય ડ્રીંક નહીં કરે...!'

'કરીશ...તરસ લાગે ડ્રીંક કરવું ય પડે...!'





'એટલે...?' ભાર્ગવ સમજી ન શક્યો.

'કેમ? તરસ લાગે તો ડ્રીંક ના કરવું પડે?'

'તારું તો ખસી ગયું છે કે શું?'

'ના ઠેકાણે છે, આઇ મીન વોટર' પાણીનો ગ્લાસ હાથમાં પકડીને શિવાલકરે ચાળો કર્યો. ત્રણે ખડખડાટ હસી ઊઠ્યાં.

'ચાલો હવે તૈયાર થઈ જાવ...? આજે મારી બર્થડે છે, એટલે હું તમને લેવા આવી છું? અત્યારે તમારા બન્નેની વચ્ચે ઊજવવાની છે અને સાંજે સગાંસંબંધી મિત્રો વચ્ચે...' સ્નેહાએ હસતાં હસતાં કહ્યું.

'તો ક્યારની બોલતી કેમ નથી?' એમ કહીને ભાર્ગવ હસવા લાગ્યો.

'ઓ...હો!...વાત હવે 'તું' અને 'તારી' સુધી આવી ગઇ છે ને કાંઇ?!' શિવાલ કરે હસતાં હસતાં કહ્યું.

સ્નેહાએ ભાર્ગવ સામે જોયું અને મહોરી ઊઠી. ભાર્ગવ પણ ખીલી ઊઠ્યો. ભાર્ગવ તૈયાર થઇ ગયો.

'ચાલ શિવ, તારી બહેનનો બર્થડે છે તૈયાર થઇ જા...' ભાર્ગવે શિવાલકરની સામે જોઇને કહ્યું.

'ભાર્ગવ તું જા, મારી તબિયત સવારથી જ ઠીક નથી.'

'કેમ શું થઇ ગયું?' સ્નેહાએ શિવાલકરની સામે જોઇને કહ્યું.

'કંઇ જ નહીં, ગઇ રાતથી જ ચેન પડતું નથી.'

'ચાલને? જરા મનને હળવાશ મળશે.'

'ભાર્ગવ તું જા, રેખાની યાદ તાજી થશે તો રુઝાયેલો ઘા ફરીથી તાજો થઇ જશે. મને ડર છે.' અને આમેય શિવાલકર જાહેર પાર્ટીઓમાં ભાગ લેતો નહોતો. રેખાના અવસાન પછી.

'તું એકલો એકલો શું કરીશ?'

'તારી થીસીસનાં મેન્યુક્રીપ્ટ ફેર કરીશ.'

'તને ઠીક લાગે એમ કર...'

'શિવ, મારી બર્થડે અને તું ન આવે તો...સારું પણ સાંજે તો તું જરૂરથી આવજે અત્યારે અમે બન્ને ક્યાંક જઇ આવીએ.'

'બ્હેન, તું જા એક દિવસ હું જરૂર આવીશ.'

'વચન?'

'વચન, માંડવો મ્હોરી ઊઠશે ત્યારે ભાઇની ખોટ નહીં પડવા દઉં!' શિવાલકરની આંખમાં દરિયો ધસી આવ્યો પણ તેણે બે પાંપણ વચ્ચે જ અટકાવી દીધો.

'સ્નેહા, ચાલ એને એકલો જ રહેવા દે, વધુ આગ્રહ કરીશું તો તે મનથી ભાંગી પડશે.' ત્યારે સ્નેહા નીચું જોઇ રહી હતી અને આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. તેણે મોં પાછું વાળી લીધું જેથી શિવાલકરને ખ્યાલ ન આવે તે રીતે સાડીના પાલવ વડે આંસુ લૂછી લીધાં. તેને શિવની ગઇ કાલની વાત યાદ આવી ગઇ. આજે તે કંઇક હળવાશ અનુભવતો હોય તેમ જણાયું. એટલે સ્નેહાએ વધુ આગ્રહ ન કર્યો.

ભાર્ગવ અને સ્નેહા હૉસ્ટેલનાં પગથિયાં ઊતરી ગયાં ત્યારે હૉસ્ટેલની સામે જ ઇમ્પોર્ટેડ કાર ઊભી હતી. સ્નેહાએ કારનું બારણું



ખોલ્યું. સ્નેહા અને ભાર્ગવ અંદર બેસી ગયાં. સ્નેહા સ્ટીયરીંગ આગળ બેસી ગઇ અને કાર સ્ટાર્ટ કરી.

સ્નેહા કાર ચાલવાતાં ચલાવતાં નજીક બેઠેલા ભાર્ગવના વિચારો કરવા લાગી. એના મનના ખૂણાની પીડાને પોતાના સ્મિતથી દૂર કરતાં ભાર્ગવનો ચહેરો હસી રહ્યો હતો. ચહેરાને અથડાતી સવારની ભીનીભીની સ્પર્શ મૂલાયમ હવા એને ગમતી હતી. માથા પરના વાળ એ ભીની ભીની લહેરથી ઊડતા હતા અને ક્યારેક ક્યારેક ભાર્ગવને કહી દેવાનું મન થયું, 'તારા ચહેરાની ઉદાસીની પાછળ દર્દ સ્પષ્ટ દેખાઇ આવે છે, એ દર્દને હું સમજી શકું છું, પરંતુ મારા હૃદયનું દર્દ કોઇ સમજી શકતું નથી. કેવી રીતે કહું કે તું મને ખૂબ ગમે છે? કેવી રીતે કહું કે ટ્રેઇનમાં વિતાવેલી એક એક ક્ષણ મને તારા તરફ ખેંચી લાવી છે. એ પછીની દરેક ક્ષણ તને જોવા માટે હૃદય ઝંખી રહ્યું છે. કેવી રીતે કહું કે, મારી ઝંખના જ આજ તારી પાસે લઇ આવી છે. મારા હૃદયની ઝંખના જ મારાં પગલાંને હૉસ્ટેલ સુધી ઘસડી લાવી છે.'

હું એ બધું નહીં કહી શકું, કદાચ તને ન ગમે, ભાર્ગવ હું તને પ્રેમ કરું છુ, એટલે જ તો હું તારી નજીક આવતાં ડરું છું અને એટલે જ તારી આંખો મને ઝંખે છે અને કહે છે, સ્નેહા મારી પાસે આવ, હું તને ચાહું છું, મારું હૃદય તને ઝંખે છે. મન થાય છે કે તારી છાતીએ માથું મુકીને કહી દઉં કે તારી આંખોની ઝંખના ખોટી નથી. એ જ તો તારો પ્રેમ છે. હું કેટલાય જન્મોથી તારા પ્રેમની તરસી છું, ધરતીની જેમ કે જે આકાશની સામે પોતાની તરસ છીપવવા માટે તાકી રહી છે. હું વર્ષોથી આકાશમાં તરતાં વાદળોને જોતી રહી છું,પરંતુ કોઇ જ વાદળું વરસ્યું નથી, પાણીનું એક ટીપું

પણ મારી તરસ ન છીપાવી શક્યું.

'સ્નેહા....' ભાર્ગવ મોટેથી બોલી ઊઠ્યો. સામે પૂર ઝડપે ટ્રક આવી રહી હતી. ભાર્ગવે સ્ટીયરીંગ પકડીને સ્હેજ ન મરડ્યું હોત તો કાર ટ્રક સાથે અથડાઇ પડત, 'સ્નેહા, ભાનમાં છે કે નહીં!' કાર જરા વ્યવસ્થિત ચલાવને!'

બ્રેક મારીને સ્નેહાએ કારને રોકી લીધી અને તે ભાર્ગવના ખોળામાં જાણે બેભાન થઇ ગઇ હોય તેમ પડી. ભાર્ગવે સ્નેહાનું બાવડું પકડીને તેને બેઠી કરી ત્યારે સ્નેહા રડી રહી હતી. તેના વાળની લટો મોં પર વાદળની જેમ છવાઇ ગઇ હતી. ભાર્ગવ તેની સામે જોતો જ રહ્યો, અને સ્નેહાની પીઠ પર હાથ પસવારતો રહ્યો, 'શું થાય છે, સ્નેહા?'

'ભાર્ગવ, મારા જીવનમાં તમે વસંત બનીને આવ્યા છો અને હું ગુલમહોરનાં પુષ્પો જેમ ખીલી રહી છું. મને શંકા છે કે કદાચ તમે મને છોડી તો નહીં દો ને?'

'સ્નેહા, તું મારા શ્વાસમાં રજનીગંધાની મહેક જેમ શ્વસી રહી છે, અને ઉચ્છ્વાસમાં ચંપાના ફૂલની જેમ ખીલી રહી છે.'

'સ્નેહા, ગાડી રોડ સાઇડે લઇ લે... સ્થળ ઘણું જ સુંદર છે. ચાલ જરા માઇન્ડ ફ્રેશ થઇ જશે...'

સ્નેહાએ ગાડી સ્ટાર્ટ કરીને રોડની સાઇડ ઉપર કરી દીધી અને કારનું બારણું ખોલીને ઊતરી ગઇ. ભાર્ગવ પણ તેને અનુસર્યો. બન્ને એકબીજાના હાથમાં હાથ પકડીને ચાલવા લાગ્યાં. નજીક જ સાંઢણીના ઢેકા જેવી ટેકરી નજરે પડી, 'ચાલ ભાર્ગવ આપણે આ ટેકરી પર જઇને બેસીએ...'



'સ્નેહા, તને સૂરજ ગમે છે?'

'તને ધરતી ગમે છે?'

'સૂરજની આગ તને દઝાડતી નથી?'

'ધરતીની ભીનાશ તને ભીંજવતી નથી?'

'તને આકાશ ગમે છે?'

'એમાં રમતી વાદળી તને ગમે છે?'

'આકાશની વિશાળતામાં તને સમાઇ જવાનું ગમે છે?'

'વાદળીની ઝરમર ઝરમર વર્ષામાં તને ભીંજાવાનું ગમે છે?'

'સ્નેહા, મને ધરતી ગમે છે, ધરતીની ભીનાશ મારા રોમ રોમને બીંજવે છે.'

'ભાર્ગવ, મને સૂરજ ગમે છે, સૂરજનું એક એક કિરણ મારામાં સપ્તરંગી ધનુષ રચે છે અને એ મેઘધનુષ્યના રેલાના રંગો તારી યાદ બનીને રંગે છે મને.'

'સ્નેહા, વાદળી તો મારા રોમરોમને પરિપ્લાવીત કરે છે. કોયલના ટહુકાની જેમ મારા હૃદયમાં પડઘાતી જાય છે.'

'ભાર્ગવ. મને આકાશની વિશાળ બાહુઓમાં સમાઇ જવાનું મન થયું છે.' સ્નેહાએ બાહુઓ ફેલાવતાં કહ્યું. 'આકાશ.'

'મને સૂરજ દઝાડે છે.'

'મને વાદળી ભીંજવે છે.'

'ભીંજાઇ જા ભાર્ગવ, સ્નેહા તારી છે...સ્નેહા...તારી છે.'

'સ્નેહા...'ભાર્ગવે પોતાના બાહુઓ ફેલાવીને સ્નેહાને જકડી લીધી. સ્નેહા પણ ભાર્ગવની છાતી પર માથું મૂકીને વાદળીની જેમ વરસી પડી, ઓળઘોળ થઈને.'

'સ્નેહા...'

'હં...અ...'

'રડે છે?'

'ના ભાર્ગવ, આજે તો મનસાગર હિલ્લોળે ચડ્યો છે...એની ભરતીની છાલકો મારા મનકિનારાને ભીંજવી જાય છે, અને જળશિકરોથી મારું હૃદય જળમય બની ગયું છે.'

'સ્નેહા, સૂરજ કેવો મલકી રહ્યો છે?'

'ભાર્ગવ, જો સૂરજ વાદળીમાં સમાઇ ગયો...'

'ના વાદળી...'

'તું ખોટું બોલે છે...'

'ભાર્ગવ, વાદળી સૂરજને ભીંજવે છે.'

અને આકાશમાં કાળાં ડીબાંગ વાદળો ધસી આવ્યાં, પવન જોરદાર ફૂંકાવા લાગ્યો...

'ભાર્ગવ તોફાન આવી રહ્યુ છે...'

'ના, તોફાનની હજી તો શરૂઆત છે...'

'ભાર્ગવ, તને વાદળી ગમે છે ને?'



'હા, અને વીજળી પણ...'

'વીજળી તો ભયંકર હોય છે?'

'પણ એની રોનક તો આહ્લાદક હોય છે...'

'વીજળી જેની પર પડે...'

'તેનો નાશ નહીં, પણ નવસર્જન થાય...' ભાર્ગવે સ્નેહાની વાત વચ્ચેથી જ કાપતાં કહ્યું. ધીરે ધીરે વાદળો ભાર્ગવ અને સ્નેહાની ઉપર આવી ગયાં... ત્યારે સૂરજની ટશરોથી બન્નેના ચહેરાઓ સોનેરી રંગે ચમકતા હતા. સ્નેહાનું રૂપ પણ નીખરી રહ્યું હતું. સાગર અને નદીનું મિલન થયું હોય તેમ લાગતું હતું.

'સ્નેહા, તને ભીંજાવાનું ગમે છે?'

'મને વરસાદમાં ભીંજાવાનું ગમે છે એટલું જ નહીં પણ વરસતા વરસાદના પૂરમાં તણાવાનું પણ ગમે છે...'

ઝરમર ઝરમર વરસાદ વરસવો શરૂ થયો...ત્યારે મેઘધનુષ્યની સપ્તરંગી રેખાઓ આકાશમાં તણાઇ હતી અર્ધચાપે.

'સ્નેહા, ચાલ આપણે કારમાં જઇને બેસી જઇએ...'

'કેમ, વરસતા વરસાદમાં ભીંજાવું નથી?'

'ભીંજાવું તો છે, પણ બીજાં કપડાં નથી એટલે...'

'હત્ તારીની, કપડાંની ચિંતા કરે છે?' સ્નેહાએ ભાર્ગવનો હાથ ઝાલીને પોતાની તરફ ખેંચ્યો...ભાર્ગ પણ તેની તરફ ખેંચાયો... એટલે તરત જ સ્નેહાએ હાથ છોડી દીધો...ભાર્ગવ પડી ગયો અને ટેકરી પરથી ગબડવા લાગ્યો...સ્નેહા દોડી...અને ભાર્ગવનો હાથ

ઝાલી લીધો એટલે ભાર્ગવે સૂતાં સૂતાં જ સ્નેહાનો હાથ ઝાલીને પોતાની તરફ ખેંચી. સ્નેહા કોઇ પણ પ્રતિકાર વગર જ ભાર્ગવ તરફ ખેંચાઇ. એક જોરદાર આંચકા સાથે સ્નેહાને ભાર્ગવે ખેંચી. એટલે સ્નેહા તેની સમીપ આવી પટકાઇ પડી.

'તું તો સાવ જંગલી છે?'

'પણ સિંહ છું ને?'

'સિંહ આટલો બધો આવેગી ન હોય!'

'સિંહણને જોઇને આવેગ થઇ પણ જાય!'

'સિંહણને જોઇને તો સિંહ પ્રેમ કરે...'

'તે હું પણ તને પ્રેમ જ કરું છું ને!' મારી પ્રેમ કરવાની આ મૌલિક રીત છે.'

'એટલે...?'

'એટલે...કંઇ જ નહીં.' ભાર્ગવ કંઇ જ ઉત્તર ન આપી શક્યો. તેણે જાતે અનુભવ્યું કે બોલવામાં કંઇક કાચું કપાઇ ગયું છે, 'પણ હું તને પ્રેમ કરુ છું, અહીં સુધી' ગળા ઉપર હાથ મૂકીને તે બોલ્યો.

'તું મને પ્રેમ કરે છે? મને ચાહે છે! ખરેખર ભાર્ગવ, તું મને ચાહે છે?' આશ્ચર્યચકિત મુદ્રામાં ભાર્ગવની આંખોની સામે એકીટસે તાકી રહેતાં સ્નેહાએ કહ્યું.

'સ્નેહા, હું તને ઝંખું છું...કંઇ કેટલાય યુગોથી...આપણે મળ્યાં એ તો સંજોગ છે, પણ...' ભાર્ગવે સ્નેહાની બિલકુલ નજીક આવતાં કહ્યું ત્યારે સ્નેહાએ ભાર્ગવના ગાલ ઉપર હળવું બચકું ભરી



લીધું અને ઊભી થઇને દોડવા લાગી. ભાર્ગવ પણ ઊભો થઇને સ્નેહાને પકડવા દોડવા લાગ્યો. બન્નેના હૃદયમાં પ્રેમસાગર હિલ્લોળા લેતો ઊછળી રહ્યો હતો, ત્યારે વરસાદ પણ જોરદાર રીતે વરસી રહ્યો હતો...મેઘ અને વીજળીનું મિલન થયું હતું, મેઘ ગર્જી રહ્યો હતો. વીજળી ચમકી રહી હતી. કવિ કુલગુરૂ 'કાલિદાસ'ના 'મેઘદૂત'ના 'અષાઢસ્ય પ્રથમ દિવસે' જ મિલનનું ઘોડાપુર ઉમટ્યું હતું.

'સ્નેહા, ચાલ તને શરદી થઇ જશે, આપણે કારમાં જઇને બેસી જઇએ...'

'શરદી તો શું, કાલે મોત પણ આવે તો પણ મને વાંધો નથી. આજે તો તારી સાથે, તારામય થઇને પલળવું છે, તારામાં ઓળઘોળ થઇને ભીંજાઇ જવું છે, આવો ભીનો ભીનો સ્નિગ્ધ દિવસ આપણા જીવનમાં ફરી ક્યારે આવવાનો છે? આજે તો મન ભરીને પલળવું છે. તારો સાથ એટલે ભાર્ગવ, શરદી તો શું મોત પણ નજીક આવવાની હિંમત ન કરે!' સ્નેહાએ ભાર્ગવને વળગીને તેને જોરદાર ભીંસમાં લઇને તેને પોતાની છાતીસરસી દબાવીને તેના બે હોઠ પોતાના હોઠ સાથે જડી દીધા, કંઇક કેટલીક પળો સુધી આમ ભાર્ગવ અને સ્નેહા એકબીજાને વળગી રહ્યાં...વર્ષારાણી અને મેઘ બન્નેની ઉપર જળપુષ્પની વર્ષા કરી રહ્યાં હતાં. ત્યારે પૃથ્વી સહિત આખી સૃષ્ટિ જળપલ્લવિત થઇને ખીલી રહી હતી.

સ્નેહા ભાર્ગવનો હાથ ઝાલીને કાર તરફ ગઇ...ત્યારે કાર પાસેથી જ પાણી વહી રહ્યું હતું. સ્નેહાએ પોતાનાં ભીંજાયેલાં કપડાં ઊંચાં પકડીને કારના બારણા નજીક પહોંચી એનાં અર્ધખુલીત સ્તન, જળની આભાથી ચમકતી એની શ્વેત ત્વચા,સદ્યસ્ફૂર્ત દુર્વાંકુરોની રજત રુંવાટી ઉપર ઝરી ચૂકેલા મેઘનું ઓજસ. ભાર્ગવ

આ રજતવર્ણી શ્વેત શ્વેત સિક્તવસ્ત્રો જળપરીને આંખોથી પીતો જ રહ્યો...પીતો જ રહ્યો...ભાર્ગવે સ્નેહાને પોતાની નજીક ખેંચીને એક દીર્ઘ ચુંબન ચોડી દીધું. જાણે બારેમેઘની ઘુંટ ગટગટાવતો હોય તેમ અને પ્રિયજનને તંબૂળ હોઠે બત્રીસ કોઠે જળના ઝમરખ દીવા થયા. ટહુરવ ભીંજ્યા હોઠે ટહુકાવન ખીલી ઊઠ્યું.

'સ્નેહા,' સ્નેહાની હડપચી પકડીને ભાર્ગવે કહ્યું –

'આખમાં વાદળ બની જલભર થવાનું મન થયું.
એ રીતે સંબંધમાં ઝરમર થવાનું મન થયું.'

સ્નેહાએ 'સાની' મિસરામાં જવાબ આપ્યો.

'ભાર્ગવ,' સ્નેહાએ પણ ભાર્ગવના હોઠદ્વય પાસે પોતાના હોઠ લઈ જઈને –

'હુંફ લઈ આવ્યાં હતાં, આસવ બનીને આંખમાં,
સ્હેજમાં જળવત્ બની છલબલ થવાનું મન થયું.'

અને ભાર્ગવે પણ એનો જવાબ આપતાં કહ્યું.

'સ્નેહા, ખરેખર તું તો જળપરી જેવી લાગે છે?' સ્નેહા શરમથી નીચું જોઈને પોતાના કપડાં નીચોવવા લાગી.

આ સિક્તવસ્ત્રા સુંદરીને ભાર્ગવ અનિમેષ નજરે જોતો જ રહ્યો, 'ભાર્ગવ શું જોઈ રહ્યો છે?'

'સ્વપ્ન સુંદરીને!' જે આજે આંખોની સામે જ ચાક્ષુષ થઈ છે...

'નજર લાગી જશે તો...'

'સ્વપ્નસુંદરીની નજર મને લાગી છે!'



કારનું બારણું ખોલીને ભાર્ગવ બેસી ગયો અને બારણું બંધ કરી દીધું...સ્નેહાએ ખોલવાનો પ્રયત્ન કર્યો...ભાર્ગવે અંદરથી લોક કરી દીધું. ભીંજાતી સ્નેહાને ભાર્ગવ અતૂટ નજરે જોતો રહ્યો. કાચ ઊતારીને તે બોલ્યો, 'સ્નેહા તને ભીંજાવાનું ગમે છે ને?'

'ભાર્ગવ, ભીંજાવાનું ગમે છે, પણ તારી સાથે, તારામાં ઓતપ્રોત થઈને, તારામાં ઓગળી જઈને, તારામય થઈને ભીંજાવાનું મને ગમે છે. એકલા એકલા નહીં! ભાર્ગવ, બારણું ખોલ, મને ઠંડી લાગે છે!' અને ભાર્ગવે કારનું બારણું ખોલી, સ્નેહાનો હાથ પકડીને ખેંચી લીધી. સ્નેહા, ભાર્ગવના ખોળામાં જઈને પડી...

'સ્નેહા, તારાં ભીંજાયેલાં કપડાં નીચોવી નાંખ...'

'મને શરમ આવે છે.'

'આંખો બંધ કરી દઉં છું...બસ!'

'પણ તું ઝીણી નજરે જોઈ લે તો?'

'તને વિશ્વાસ નથી, તો...તારી સાડીનો છેડો મારી આંખે બાંધી દે...'

સ્નેહાએ પોતાની સાડીનો એક છેડો કાઢીને ભાર્ગવની આંખે બાંધી દીધો...અને ભાર્ગવની આંખો સામે પોતાની હથેળી ધરીને કહેવા લાગી, 'બોલ, ભાર્ગવ, કેટલી આંગળીઓ તને દેખાય છે?'

ભાર્ગવે પાટા પર હાથ રાખીને બીજો હાથ સ્નેહાની સામે ધરીને ગઝલનો એક શેઅર છેડવા લાગ્યો –

'લાવ તારો હાથ મારા હાથમાં

હસ્તરેખાઓ બદલતા હોય તો!'

'અં...હ...અ!' સ્નેહાએ 'ના'માં ડોકું ધુણાવતાં ધુણાવતાં કહ્યું.

'સ્નેહાએ ફરીથી કસીને સાડીનો છેડો બાંદી દીધો જેથી સહેજ પણ દેખાય નહીં...અને પોતાના શરીર ઉપરથી સાડી દૂર કરીને સાડીને નીચોવવા લાગી. રસ્તા ઉપર વરસાદને કારણે અવર જવર પણ લગભગ નહીંવત્ હતી. તેણે બ્લાઉઝનાં બટન કાઢ્યાં અને બ્લાઉઝ કાઢીને નીચોવી દીધો...ભાર્ગવે ધીરે રહીને પાટો આંખો પરથી ઊંચો કર્યો અને સ્નેહાને ચોર નજરે જોવા લાગ્યો. તેને લાગ્યું કે તે સ્વપ્ન જુએ છે કે સત્ય? તેની જિંદગીમાં આવું છલકતું રૂપ જોયું નહોતું. ભાર્ગવની નજર સ્નેહાની હરિયાળી ધરતી પરથી ઉન્નતભ્રુ ટેકરીઓ પર આવીને અટકી, જાણે સોનેરી પહાડોનાં કથ્થાઈ શૃંગો ઝળહળવા લાગ્યાં અને બે શૃંગોની વચ્ચે વહેવા લાગ્યાં ઝરણાં, ઝરણાંની ઝાંઝરી શ્વાસોમાં રણઝણવા લાગી. તે વિચારવા લાગ્યો.' 'મારી મૌનવત્ ક્ષણોને તું વાચા આપ, નહીં તો હું મારું અસ્તિત્વ ખોઇ બેસીશ. બે પાંપણ વચ્ચે મારાં અતઃસ્તલનાં કમાડ ઊઘડી ગયાં છે. મારાં રોમરોમમાં હરણાં દોડી રહ્યાં છે. મનજળ ઊછળી ઊછળીને આલિંગે મને, હવે 'તું અને હું, હું અને તું એકમેકનાં થઇને રહીએ...'

સ્નેહા વધુ ચાલાક નીકળી, 'ભાર્ગવ, છૂપી રીતે જોવું એ પાપ છે.'

'હું તારી સામે તો છું, પછી છૂપી રીતે જોઉં છું.' એ કેવી રીતે કહેવાય?





'તું જુએ છે એ રીત બરાબર નથી.'

'તો પછી, તું કહે તો પાટો છોડી નાખું!'

'ભાર્ગવ, તારી લુચ્ચાઇની હદ થાય છે.'

'મારે તો તારા હુકમ પ્રમાણે કરવાનું છે પછી એમાં લુચ્ચાઇ ક્યાં આવી?' ભાર્ગવે મશ્કરીના સ્વરમાં હસતાં હસતાં કહ્યું.

'બસ હવે બહુ ફિલોસોફર ન બન?' કહી સ્નેહાએ પોતાનાં ભીનાં કપડાં ફરીથી પહેરી લીધાં...સાડી તો પછી પહેરીશ એમ વિચાર કરીને તે વૃક્ષના થડ પાસે હળવેથી જતી રહી અને બેસી ગઇ...ભાર્ગવ સ્નેહાના રૂપથી ધરાયો નહોતો. તેણે ફરીથી પાટો ઊંચો કર્યો અને જોવા લાગ્યો...તો સ્નેહા સામે નહોતી. તેણે ઉતાવળે ઉતાવળે પાટો આંખ ઉપરથી દૂર કરી કારનું બારણું ખોલીને નીચે ઊતર્યો, આજુબાજુ જોયું તો ક્યાંય સ્નેહા ન દેખાઇ. તેણે બૂમ પાડી, 'સ્નેહા...આ...આ...આ...' આજુબાજુની ટેકરીઓમાં તેનો પડઘો પડવા લાગ્યો.

તે રોડ ઉપર આવીને જોવા લાગ્યો, આજુબાજુ બધે જ તપાસ કરી પણ સ્નેહાને તે જોઇ ન શક્યો. ઘડીભર તો તેને થયું કે સ્નેહા મશ્કરી કરે છે...એટલે તે ફરીથી કારમાં જઇને બેસી ગયો. લગભગ પંદરેક મિનિટ પસાર થઇ ગઇ તોય સ્નેહા ન આવી...એટલે તેણે ફરીથી બૂમ પાડી, 'સ્નેહા..આ...આ...આ...' ફરીથી ટેકરીઓ ગૂંજી ઊઠી....તે બબડવા લાગ્યો. 'વરસતા વરસાદમાં ક્યાં ગઇ હશે...! આજુબાજુતો ગીચ ઝાડી છે ક્યાં ગઇ હશે...!' એક નાનું છોકરું ખોવાઇ ગયું હોય અને જેવી વ્યથા તેની

માના ચહેરા પર હોય તેવી વ્યથા ભાર્ગવના ચહેરા પર સ્પષ્ટ વર્તાતી હતી...થોડીક ક્ષણો એમ જ પસાર થઇ ગઇ અને સ્નેહાની પહાડોને ચીરતી જોરદાર ચીસ તેને સંભળાઇ. ભાર્ગવ તે તરફ દોડ્યો...ત્યારે સ્નેહા એક વૃક્ષના થડ આગળ બેબાન થઇને ઢળી પડેલી તેને જણાઇ. ભાર્ગવે સ્નેહાને ઊંચકી લીધી અને કાર સુધી લઇ આવ્યો...કારમાં તેને પાછળની સીટ પર સુવાડી દીધી...ભાર્ગવે તેને ઢંઢોળી પણ તેની આંખો ખુલી નહીં. તેણે સ્નેહાનો હાથ પકડીને નાડી ચાલે છે કેમ તે જોયું, 'નાડી તો બરાબર ચાલે છે' તે બબડ્યો. ભાર્ગવે સ્નેહાની છાતી ઉપર પોતાનું મોં લઇ જઇને એક કાન તેની છાતી ઉપર ગોઢવ્યો. હૃદય ધબકતું હતું...તેને લાગ્યું કે સ્નેહાનો શ્વાસોચ્છ્વાસ તો ચાલે છે...એટલે ભાર્ગવને થોડી શાંતિ થઇ, ફરીથી સ્નેહાને ઢંઢોળી પણ તે હોશમાં ન આવી. આથી ભાર્ગવને લાગ્યું કે, સ્નેહાને ગરમીની જરૂર છે...ભાર્ગવે સ્નેહાનો બ્લાઉઝનાં બટન ખોલી નાખ્યાં અને તેની છાતી ઉપર હાથ જોરજોરથી ઘસવા લાગ્યો...સ્નેહાને આ સ્પર્શ ગમાવા લાગ્યો. ભાર્ગવને આંચકો આપવા માટે જ અને ભાર્ગવ તેને ખરેખર ચાહે છે કે તેની ગૌરત્વચાને ચાહે છે તે જાણવા માટે જ તે બેબાનનો ઢોંગ કરતી હતી.

સ્નેહાએ ઝીણી આંખે જોયું તો ભાર્ગવની આંખમાંથી આંસુ તેના ગાલ પર થઇને ઉન્નતભ્રુ ટેકરીઓ ઉપર અભિષેક કરતા હતાં. સ્નેહાને લાગ્યું કે જો તે આંખ નહીં ખોલે તો કદાચ ભાર્ગવ નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડશે.બીજો વિચાર તેને એ આવ્યો કે, 'હજી તડપાવા દે...' અને સ્નેહા હાલ્યાચાલ્યા વગર જ પડી રહી...ભાર્ગવને કાંઇ જ સૂઝતું નહોતું. તે વિચારતો હતો, કોઇ ઝેરી પ્રાણી તેને ડસી ગયું હશે કે શું!' એમ ધારીને તેણે સ્નેહાનો એક પગનો અંગૂઠો ઊંચો કરીને




જોયું...ત્યાં તેને કોઇ દંશ જેવું ન દેખાયું. તો બીજા પગનો અંગૂઠો ઝાલીને પગ ઊંચો કરીને જોયું તો, ત્યારે સ્નેહાનો ચણીયો ઢીંચણથી જરા ઊંચો થઇ ગયો હતો, સ્નેહા વિચારવા લાગી કે જો હમણાં સહેજ વધુ પગ ઊંચો કરશે તો..! અને તેને બેભાનાવસ્થાની રમતમાં પણ તેના ગાલ પર શરમની ટશરો ફૂટલા લાગી...

ભાર્ગવને પણ સ્નેહાના રૂપનો નશો ચડ્યો હતો. ભાર્ગવે પ્રથમ વખત જ આવું અલૌકિક રૂપ જોયું હતું. તેણે જિંદગીમાં ક્યારે નશો નહોતો કર્યો તો'ય તે આ રૂપના નશાથી બહેકી જવાની તૈયારીમાં હતો. ભાર્ગવે સ્નેહાની છાતી ઉપર હાથ મૂક્યો તો તે ધબકી રહી હતી... ભાર્ગવ કંઇ જ અનિચ્છનિય વિચારી શકતો નહોતો કારણ કે તે સ્નેહાને પ્રેમ કરતો હતો, તેના આત્માને પ્રેમ કરતો હતો. તેની ત્વચાને નહીં. તે પોતે માનતો હતો કે શરીર તો તુચ્છ છે, આત્મા જ અમર છે. અને એટલે જ તો તેણે શિવાલકરને કહ્યું હતું કે, 'શિવ, તું રેખાને નહીં પણ રેખાના આત્માને પ્રેમ કરે છે, એનો આત્મા અમર છે. તારા હૃદયમાં એ જડાઇ ગઇ છે.'

એવામાં ભાર્ગવ પોતાનું માથું સ્નેહાની છાતી ઉપર મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. સ્નેહાના શરીરને જોરજોરથી હચમચાવી નાખ્યું. સ્નેહાને લાગ્યું કે, તે વધુ ઢોંગ કરશે તો કદાચ ભાર્ગવ સાનભાન ગુમાવી દેશે અને કદાચ તેનું હૃદય બંધ પડી જાય તો! આ વિચાર આવતાં જ પોતાના બે હાથ ભાર્ગવની પીઠ ઉપર ભીંસ લઇને બોલી ઊઠી...'ભાર્ગવ, શું કરે છે! શરમ નથી આવતી? તું આ રીતે મારી છાતી ઉપર મોં રાખીને...!' સ્નેહા કૃત્રિમ ગુસ્સો કરીને બેઠી થઇ ગઇ, 'મારાં બ્લાઉઝનાં બટન કેમ ખોલ્યાં હતાં?

બોલ? તું મને ચાહતો નથી. મારા સ્થૂળ શરીર સાથે આવી ગંદી ચેષ્ટા કરવાનું તને કેમ સૂઝયું? ભાર્ગવ, આત્માનું મિલન આત્મા સાથે હોય...શરીર સાથે નહીં? મારી બેબાનાવસ્થામાં તે મારા શરીરને ચૂંથી નાંખ્યું છે? હવે ક્યાંયની ના રહી?' એમ કહીને સ્નેહા ઊભી થઇ ગઇ અને પોતાની નીચે પડેલી સાડી તેના શરીર ઊપર વીંટાળી દીધી...તે ગુસ્સો કરીને સ્ટીયરીંગ પર બેસી ગઇ, ત્યારે વરસાદ વરસવો બંધ થઇ ગયો હતો.

'સ્નેહા, મને સાંભળીશ કે તું બોલ્યા જ કરીશ?'

'મારે તારું કંઇ જ સાંભળવું નથી? તારા વિચારો મને પસંદ નથી?' કૃત્રિમ ગુસ્સો હજી પણ સ્નેહાના ચહેરા પર રમતો હતો.

ભાર્ગવ નીચું જોઇ ગયો, 'સ્નેહા, તારી સાડીનો પાલવ ખભા પરથી નીચે સરકી ગયો છે એને જરા સરખો કર!'

સ્નેહા ખડખડાટ હસી પડી...'તને નથી લાગતું કે હું પાગલ થઇ ગઇ છું?'

સ્નેહા હજીયે હસી રહી હતી, 'સ્નેહા, પાગલ થઇ ગઇ કે શું? ભાર્ગવને કહેવાની ઇચ્છા થઇ પણ તે કહી ન શક્યો. માત્ર તેની સામે તે જોઇ રહ્યો...

'શું જોઇ રહ્યો છે?'

'તને!'

'મારામાં શું જોવાનું હવે બાકી રહ્યું છે?'

'સ્નેહા, તારા શબ્દો મને શૂળની જેમ ભોંકાય છે...તું માને છે એવું મેં કંઇ જ કર્યું નથી કે મનમાં વિચાર સદ્ધાં કર્યો





નથી...સ્નેહા...મેં તો તારા આત્મા સાથે પ્રેમ કર્યો છે...તારી આ ગૌર ત્વાચા સાથે નહીં, મ્યુઝિયમમાં મૂકેલી આરસની મૂર્તિ પણ સફેદ હોય છે અને આવું મખમલી શરીર તો...'

'હા,હા, કહેને કે વેશ્યાઓનું ય હોય છે?!'

'સ્નેહા?' ભાર્ગવ ચિત્કારી ઊઠ્યો અને જોરદાર તમાચો સ્નેહાના ગાલ ઉપર ચોડી દીધો. જે ગાલ પર ભાર્ગવના હોઠદ્વયનો મીઠો મીઠો સ્પર્શ હજી થોડીક જ ક્ષણો પર હતો ત્યાં ચચરાટથી ગાલની ગૌર ત્વચા ગુલાબી રંગે રંગાઇ ગઇ. સ્નેહાની મશ્કરી એને જ ભારે પડી ગઇ. તે પોતે પણ જાણતી હતી કે, ભાર્ગવ નિર્દોષ છે...સ્નેહા ગાલ પંપાળવા લાગી, 'ભાર્ગવ, મારી ભૂલ થઇ ગઇ, મારે તારા આત્માને ઠેસ પહોંચાડવી જોઇતી નહોતી!'

એક હાથે સ્નેહાની હડપચી પકડીને અને બીજો હાથ પીઠ પર રાખીને સ્નેહાને પોતા તરફ ખેંચતાં ભાર્ગવે કહ્યું, 'સ્નેહા, કદાચ તને ખોટું લાગ્યું હશે, પણ જે ચીજને હું ચાહું છું. એ ચીજ સોટચના સોના જેટલી ઉત્તમ હોય છે, એ કદી નીમ્ન ન હોઇ શકે.'

સ્નેહા, ભાર્ગવની સામે જ તાકી રહી અને બીજી જ ક્ષણે તે ધ્રુસકે ધ્રુસકે રડતી ભાર્ગવને વળગી પડી, 'ભાર્ગવ તું મને માફ કરી દે, મેં તને ઓળખવામાં ભૂલ કરી...આટલો મહાન તું છે એની પ્રતિતી મને આજે જ થઇ...' એમ કહીને તે ભાર્ગવના ખોળામાં આંસુ વહાવવા લાગી.

ભાર્ગવ કંઇ જ ન બોલ્યો, તે સ્નેહાની પીઠ ઉપર હાથ પસવારવા લાગ્યો...તેણે હડપચી પકડી સ્નેહાને બેઠી કરી ત્યારે પણ સ્નેહા રડી રહી હતી..., 'સ્નેહા, ભૂલ તો મારી થઇ, મારે તને લાફો મારવો નહોતો, પણ તારા શબ્દોએ મને મજબૂર બનાવ્યો,

મને માફ કરી દે...'

સ્નેહા નીચું જોઇ રહી હતી અને મૂકપણે ભાર્ગવને માફી આપી દીધી. મૌનમાં પણ હા હોય છે. માફી આપવા જેવું કોઇ કારણ તો નહોતું જ તેમ છતાં ભાર્ગવનો ચહેરો જાણે કોઇ ગુનો કર્યો હોય તેમ દયામણો જણાતો હતો.

'સ્નેહા, તું આરામ કર, વરસાદમાં ભીંજાઇ ગઇ છે, એટલે તું ડ્રાઇવીંગ કરી નહીં શકે, હું ડ્રાઇવ કરીશ.'

'ભાર્ગવ તને ડ્રાઇવીંગ કરતાં આવડે છે?' સ્નેહાએ ભાર્ગવ સામે જોઇને કહ્યું.

મારો મિત્ર કૉલેજમાં કાર લઇને આવતો હતો, તેની પાસે રહીને ડ્રાઇવીંગ કરતાં જેવું તેવું શીખ્યો છું. તારી નાજુક તબીયત છે, એટલે તું ડ્રાઇવીંગ નહીં કરી શકે. મને થોડીઘણી સમજ પાડી દે એટલે કાર ચલાવતાં આવડી જશે.' ભાર્ગવ સરસ ડ્રાઇવીંગ જાણતો હતો તેમ છતાં ભાર્ગવ સ્નેહા આગળ જૂઠું બોલ્યો, જૂઠું બોલવાનું કારણ માત્ર એ જ હતું કે, સ્નેહા તે અગાઉ જણાવી ચૂક્યો હતો કે તે એક મધ્યમ વર્ગનાં માબાપનો છોકરો છે.

સ્નેહાએ ભાર્ગવને ગિયર પાડતાં અને કલચ દબાવતાં વગેરે પ્રાથમિક રીતો જણાવી દીધી. ભાર્ગવ પણ અજાણ્યો હોય તેમ સ્નેહાની પાસેથી સમજતો હતો.

ભાર્ગવે સ્ટાર્ટર દબાવ્યું એટલે ગાડી સ્ટાર્ટ થઇ. એણે જાણી જોઇને બ્રેક ઉપર પગ રાખીને કલચ ઉપર બીજો પગ દબાવ્યો. સ્નેહા ખડખડાટ હસી પડી, 'મહાશય, બ્રેક ઉપર પગ રાખીને કલચ ન દબાવાય? જુઓ એ...આમ..., એટલું કહેતાં તો ગાડી સ્ટાર્ટ


થઇ.

ભાર્ગવે સ્ટીયરીંગ હાથમાં પકડ્યું અને ગિયર બદલીને તરત જ ગાડી સ્ટાર્ટ કરી...ગાડી ઝડપી ગતિથી દોડવા લાગી.

'ભાર્ગવ, ધીમેથી ચલાવ. હજી તો તને કાર ચલાવતાં આવડતું નથી, કદાચ અકસ્માત થઇ જશે તો?

'સ્નેહા, અકસ્માત તો ક્યારનો થઇ ગયો છે, હવે દર્દીને દવાખાનામાં તાત્કાલિક એડમીટ કરવો પડે તેમ છે, એટલે ઝડપથી ચલાવવી પડશે.' ભાર્ગવે સ્નેહાના ગાલ પર હળવી ટપલી મારતાં ગાડીની ઝડપ ઓર વધારી દીધી. સ્નેહાને ઠંડી લાગતી હતી.

બારીના કાચ ખુલ્લા હતા. ઠંડો પવન સુસવાટા સાથે કારમાં ધસી આવતો હતો અને સ્નેહાના વાળ કાન ગાલ ગળા સાથે રમત કરતા હતા. સ્નેહાએ ધ્રુજારી અનુભવી.

'કાચ બંધ કરીશું?' ભાર્ગવે સ્નેહા તરફ ઝુકતાં કહ્યું.

'ભલે.' સ્નેહાએ એમ કહીને આંખો બંધ થવાથી શરીર પર સીધો ફૂંકાતો પવન અટકી ગયો.

'ઠંડી લાગે છે?' ભાર્ગવે સ્નેહાનો હાથ પોતાના હાથમાં લેતાં લેતાં કહ્યું.

'હા.' સ્નેહાએ ટુંકો જ જવાબ આપ્યો અને ભાર્ગવના ખોળામાં માથું મૂકીને સૂઇ ગઇ. એના ચહેરા ઉપર શરમની લાલી દોડી આવી હોય તેમ આંખો બંધ કરી તે ભાર્ગવની કમર ફરતે બે હાથ વીંટીને ભાર્ગવના ખોળામાં પડી રહી. જાણે કેટલોય થાક લાગ્યો હોય તેમ...! ભાર્ગવ સ્નેહાની આ હિંમતને જોઇ જ રહ્યો. ભાર્ગવને પણ આ ચેષ્ટાઓ ગમતી હતી.

ભાર્ગવ વિચારવા લાગ્યો —

આધુનિક સ્ત્રીઓ પુરુષોનાં બંધનો ફગાવી દેવા તત્પર બનેલી છે ત્યારે સ્નેહા પુરુષના પાશમાં બંધાવાનું શોધે છે. સ્નેહાની અંતરેચ્છા મારાથી અજાણ નહોતી તો પણ સાધુ તો નહોતો જ. સ્નેહા આકર્ષક હતી એટલું જ નહીં, નિખાલસ પણ હતી. સ્નેહા પાસે મને આકર્ષવાના એટલાં બધાં સાધનો છે કે મને પોતાને બચવાની આશા ન હોતી. હું અને સ્નેહા યુવાન હતાં. અમારા હૃદયમાંથી યુવાનીની ભાવનાઓના ફુવારા ઊડતા હતા અને યુવાનીની દિવાની સાથે કોઇક વાર હેવાની ક્યાં નથી આવતી? હું તેનાથી બચી ગયો હતો, એ મારા સંસ્કાર હતા. સ્નેહાને મારા પ્રત્યે મમતા અને આકર્ષણ હતાં. પ્રેમ પણ એટલો જ ભારોભાર હતો. મારા તરફની મમતા અને આકર્ષણમાં તે પાગલ બની ગઇ હતી. પ્રથણ પ્રસંગોમાં મેં તેના વર્તનને લાગણીઓમાં ગણી કાઢેલું પરંતુ વાસ્તવિક તેમ નહોતું. મારા પ્રત્યેના તેના ખેંચાણમાં કંઇક મજબૂત તત્ત્વો તો હતાં જ.

અને હું તેના પ્રત્યે આકર્ષાયો– ખેંચાયો. હર કોઇ યુવાનનું દિલ ખેંચાય છે એમ જ. એમાં કોઇ કારણ મારી પાસે નહીં, પરંતુ મારા એ એ ખેંચાણમાં હવે દૃઢતાનાં તત્ત્વો પ્રવેશતાં હતા. તેનું મુખ્ય કારણ, સ્નેહાનું મારા પ્રત્યેનું અતિ સુંવાળું વર્તન. એની ખીલતી કળી જેવી તસતસતી જવાની, છલી જતું રૂપ અને તેની અઢળક લક્ષ્મીથી હું ક્યારેય ચલીત થયો નથી. અઢળક સંપત્તિનો હું વારસદાર છું. સ્નેહાને કદાચ એની જાણ નથી. સ્નેહાને જણાવવાની પણ હમણાં જરૂર નથી. સ્નેહાનું દિલ ગરીબ યુવક તરફ ઢળ્યું છે. જો તે જાણશે કે હું કરોડપતિ બાપનો બેટો છું તો કદાચ મારા તરફનું એનું



આકર્ષણ ઘટી પણ જાય. અથવા પોતાને થાય કે મેં તેને છેતરી છે.

મારા ત્રાજવા કરતાં પોતે નીચે પલ્લે તોળાવાય તૈયાર હતી. તે માટે તે ગમે તેટલો મોટો ભોગ આપવા પણ તે તત્પર હતી. તેની આ તમન્ના હું પારખી શકતો હતો. તેનું મારા તરફનું આકર્ષણ ક્ષણિક નહોતું એ હવે મને સમજાતું હતું.

સ્નેહાના પ્રવાહની સરિતા વહેતી હોય અને તેમાંથી એકાદ ફાંટો ફૂટ્યો હોય તેમ આજે મને કંઇક લાગતું હોવા છતાં સ્નેહા પાસે આ વસ્તુ ખુલ્લી કરવાની મારી હિંમત નહોતી. આમ છતાં સ્નેહાને મારી માની લઉં તો એમાં ખોટું પણ શું હતું?

સ્નેહા પણ ભાર્ગવના ખોળામાં માથું રાખીને વિચારોમાં લીન હતી.

ભાર્ગવના વિચારો પણ કરારની ગતિ સાથે દોડી રહ્યા હતા. સ્નેહાએ ભાર્ગવની સામે આંખ ખોલીને જોયું અને તે વિચારોમાં ડૂબી ગઇ—

ભાર્ગવના પણ વિચારશૃંખલાના ઢગ ખડકાતા હતા. તેના મગજમાં શબ્દો એક પછી એક ગોઠવાતા હતા.

આવા વિચારોમાં બંન્ને ખોલાયેલાં હતાં ત્યાં જ– કાર એક આંચકા સાથે ઊભી રહી, 'ભાર્ગવ, કાર ચલાવતાં આવડતું નહોતું ને?'

'તારા સ્પર્શની તો એ કરામત છે!'

સ્નેહા મહોરી ઊઠી, અને તે બેઠી થઇ ગઇ...હજી ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો, 'ભાર્ગવ હૉસ્ટેલ આવી ગઇ?'

'હા, હવે તું કાર લઇને જઇ શકશે ને? કે ઘેર સુધી મુકવા આવું?'

'હવે ઠીક છે હું જઇ શકીશ.' સ્નેહાએ છીંક ખાતાં ખાતાં કહ્યું.

ભાર્ગવે સ્નેહાના શરીરને સ્પર્શ કર્યો તો શરીર તપી રહ્યું હતું, 'સ્નેહા, તને તો તાવ આવી રહ્યો છે ને કાંઇ?'

'વરસાદમાં ભીંજાયા પછી એમ જ થાય!'

'તને તો ભીંજાવું ગમતું હતું ને, તો હવે ભોગવ?' ભાર્ગવે મશ્કરી કરતાં કરતાં કહ્યું.

'અચ્છા ભાર્ગવ હું જાઉં છું, સાંજે મારી બર્થડે પાર્ટીમાં તું અને શિવાલકર બંન્ને આવશોને?'

'શક્ય હશે તો હું શિવાલકરને લઇ આવવા માટે પ્રયત્ન કરીશ.'

સ્નેહાએ કાર સ્ટાર્ટ કરી અને કાર ગતિમાં આવી...ભાર્ગવ જતી કારને જોતો જ રહ્યો...કેમ્પસનો દરવાજો છોડ્યો ત્યાં સુધી ભાર્ગવની દૃષ્ટિ લંબાઇ.



## પ્રકરણ : ૧૬

સ્નેહા ઘરે પહોંચી ત્યારે સુધાબહેન બારણામાં જ ઊભાં હતાં. સ્નેહાએ આનંદીત હૃદયે ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે બોગનવેલનાં લાલછાંટવાળાં સફેદ સફેદ પુષ્પોએ સ્નેહા ઉપર વૃષ્ટિ કરી. તેની રોમરોમમાં છલકાયો સુગંધી દરિયો તેનું હરણીશું મન ઠેકડા ભરવા લાગ્યું હતું. જાણે હરણને કસ્તુરીની ભાળ મળી ગઇ હોય, તેમ. જાણે મહેક સુધીનો એક રસ્તો મળી ગયો! તેની ત્વચામાં જ ભરતીનાં મોજાં છાલક મારવા લાગ્યાં. રૂંવે રૂંવે વરસાદ વરસવા લાગ્યો અને હૃદયને પરિપ્લાવિત કરી ભીંજવવા લાગ્યો. ચહુદિશેનાં દ્વાર આજે ખૂલી ગયાં હતાં અને સંધ્યાના ગુલાબી કિરણો તેની આજુબાજુ નૃત્ય કરવા લાગ્યાં. ભાર્ગવ સાથેના સહવાસની ક્ષણોની તસવીર તેના હૃદયમાં અંકિત થઇ ગઇ હતી. પુંકેસરીઓ શ્વાસ તેને પજવવા લાગ્યો ભાર્ગવની યાદે. તેનાં ગિરશૃંગોમાં કંઇક સળવળવા લાગ્યું. જાણે કલરવનો કાફલો અચાનક ક્યાંકથી ઊડી વૃક્ષ પર આવી બેઠો અને વહેવા લાગી ઘોડાપુરે કલરવની નદી બે વૃક્ષની ખીણમાંથી લીલપના દરિયાને મળવા માટે.

'આવી ગઇ બેટા?' સુધાબહેને ચશ્મા લૂછતાં લૂછતાં સ્નેહાની સામે જોઇને કહ્યું, 'આટલી બધી પલળી ક્યાં ગઇ! વરસાદ આવે ત્યારે ગાડીમાં બેસી રહેતી હોય તો? પણ યુવાન છોકરીઓ, વરસાદ વરસે એટલે પલળવાનું મન થાય જ!' આ તારી સિલ્કની સાડી કેટલી ચુંથાઇ ગઇ છે?' સુધાબહેને સ્નેહાની

ઉલટતપાસ લેતાં હોય તેમ એક પછી એક પ્રશ્નોની હારમાળા ખડી કરી દીધી! સ્નેહા ક્યા પ્રશ્નનો જવાબ આપે? સ્નેહાએ માત્ર ‘હા’માં જ જવાબ આપ્યો એ સાથે છીંક પણ.

‘સ્નેહા તને શરદી થઇ ગઇ લાગે છે, અને તેમાંથી ન્યુમોનિયા થઇ જશે તો મહિના સુધી કૉલેજમાંથી છુટ્ટી લેવી પડશે, આજે તારી બર્થડે છે તે પણ ભૂલી ગઇ?’

‘ના મમ્મી, મને યાદ છે. ઘરમાં લગભગ તૈયારીઓ તો થઇ ગઇ છે. તેવું ઘરમાં પ્રવેશ કરતાં જ જોઇ શકાય છે.’ એમ કહીને સ્નેહા બાથરૂમમાં ગઇ. હાથ પગ, મોં ધોઇને તે થોડીક સ્વસ્થ થઇ અને સુધાબહેનને પોતાની બર્થડે પાર્ટીની તૈયારી કરવામાં મદદ કરવા લાગી. સ્મિતા પણ સુધાબહેનને મદદ કરવા લાગી. ‘સ્નેહા તું તારી રૂમમાં થોડો આરામ કર. નર્વસ થઇ જશે તો બર્થડેનો મૂડ માર્યો જશે.’ એમ કહીને સ્મિતાએ સ્નેહાને છૂટ્ટી આપી દીધી.

સ્નેહા પોતાના રૂમમાં ગઇ અને પલંગમાં આડે પડખે થઇ, પછી માત્ર આંખો બંધ કરીને ચત્તી સૂઇ ગઇ. થોડીવાર સુધી આ જ પરિસ્થિતિમાં સૂઇ ગઇ તેના હોઠ પર સ્મિતની લહર ફૂટી અને હોઠ પર પોતાનો જ હાથ મૂકીને ચૂમી લીધો. એ સ્વચુંબનથી જ જાણે લજ્જાઇ ગઇ હોય તેમ બન્ને હથેળીઓમાં મોં છૂપાવી દીધું.

ભાર્ગવ એ બંધ આંખોની પાંપણો પર સ્મૃતિ બનીને છાલક મારવા લાગ્યો. જળભર ભીની ભીની આંખોમાં તે દરિયો થઇને છલકાવા લાગ્યો જાણે કે–

‘રોમ રોમમાં મંજર ફૂટી શમણે લાગે ભાર,’

ભાર્ગવે સ્નેહાને બંધનમાં જકડી લીધી. ‘આ તો તારી કેવી પ્રિત સ્નેહા? ઘડીમાં સાવ પરાઇ બની જાય છે અને ઘડીભરમાં મારી બની જાય છે.’

‘શ્વાસના સૂના વગડે પછી ગળચટું કૈં પામવા મળે,




વેણની પરબ; કંઠની લેખા સૂરને પાલવ મ્હાલવા મળે.’

આ સાંભળીને સ્નેહા ભાર્ગવને વળગી પડીને કહેવા લાગી. ‘હવે ક્યારેય પરાઇ નહીં બનું’ ભાર્ગવની છાતી પર માથું ઢાળી સ્નેહા પ્રેમસ્વરે બોલી,‘તારી છું અને ગમે તેવી પળોમાં પણ તારી જ બની રહીશ.’

‘સ્નેહા....’ભાર્ગવ પણ પ્રેમભાવી બન્યો, ‘આપણા જીવનની પ્રત્યેક વીતેલ પળ પ્રેમ મિલનની હતી. વર્તમાન પળ હૃદયના મિલાપની છે અને પ્રત્યેક આવતી પળ એકાકારનું નવલું નામ હશે.’

‘પ્રેમમાં આસક્તિ ન હોય!’

‘મિલન પ્રત્યે અનાસક્ત રહેવું એ પણ પ્રેમનું એક સાચું સ્વરૂપ છે!’

‘પ્રીતમાં આસક્તિ આવતાં પ્રેમ એક સ્થૂળ ચીજ બની જઇ પોતાનું સત્વ ખોઇ બેસે છે. એમાં જ પ્રેમનો આંતર અહેસાસ પણ ખોવાઇ જાય છે.’

‘તમે પ્રેમી છો એ સાવ નાની વાત છે. પરંતુ જ્યારે કોઇ જ જાતની કામવાસના વિના, અપેક્ષા વિના, આકાંક્ષા વિના પ્રેમને માત્ર પ્રેમથી સ્પર્શી શકો ત્યારે તમારો પ્રેમ દુનિયાની સર્વશ્રેષ્ઠ ચીજ છે’

‘આજની કામના આવતી કાલની વેદના છે.’

‘વેદના...આવતીકાલની!’ અને સ્નેહા ખડખડાટ હસી પડી. તેની ક્વિદંતીમાંથી જાણે અઢળક પારિજાતનાં ફૂલો વેરાઇ ગયાં હોય!

વેદના તો એને રુંએરુંએ ડંખી રહી હતી. એના શરીરમાં વેદનાની શૂળો ભોંકાતી હતી એના હૃદયમાં વેદના તીર બનીને ખૂંપતી હતી. એના લોહીમાં વેદના લય બનીને વહેતી હતી, એની

આંગળીઓમાં વેદના વેઢા બનીને ગણાતી હતી. તો હથેળીમાં વેદના રેખા બનીને મ્હોરી હતી.

સુખ નામના પ્રદેશમાં વેદનાએ નિવાસ કર્યો હતો.

સ્નેહાના હાથ ધીરેધીરે ચહેરા પરથી ખસ્યા, આંખોમાં મસ્તી દેખાઈ અને ગાલમાં સુરખી પ્રસરી રહી. હોઠ સહેજ મલક્યા અને હૃદય થોડું ઊંચકાયું.

એ જ પળે પાછળથી એક ધબ્બો પીઠ પર પડ્યો અને સુખ નામના પ્રદેશમાં વિહારક રતી સ્નેહાનો એ પ્રદેશ કાચ જેમ ખંડિગ કરતોકને તૂટી ગયો, એના ટુકડા ભેગા કરવા જેવી તે નીચે નમી કે તરત જ...બે હાથનો તેના બે ખભાને સ્પર્શ થયો, પાછું વળીને જુએ છે તો ગુણવંતરાય મર્માળુ હસતા ચ્હેરે સ્નેહાના ખભા પકડીને તેના ચહેરા સામુ જોઇ રહ્યા હતા અને હાથનો સહારો આપીને તેને બેઠી કરી.

સામેની ખુરશીમાં બેસતાં જ ગુણવંતરાય હસતાં હસતાં કહેવા લાગ્યા, 'બહુ વાગ્યું બેટા?'

'જાવ, તમારી સાથે તો બોલવું જ નથી!' સ્નેહાએ રિસાઇને મોં ફેરવી લીધું.

'સ્નેહા, રિસાઇ ગઇ?' ગુણવંતરાયે સ્નેહાની હથેળી પોતાની હથેળીમાં લેતાં બીજા હાથે તેનો હાથ પંપાળતાં પંપાળતાં કહ્યું.

'સ્નેહા નહીં બોલે?' ગુણવંતરાયે સ્નેહભર્યા સ્વરે અને આર્દ્રસ્વરે સ્નેહાની સામે જોઇને કહ્યું, 'સ્નેહા... મારી લાડકી...પ્યારી પ્યારી ફૂલપરી...નહીં બોલે? સ્નેહા...પ્લીઝ...'

ગુણવંતરાયે સ્નેહાની હડપચી પકડીને ઊંચે જોવડાવ્યું ત્યારે સ્નેહા આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં.


'સ્નેહા, રડે છે? ખરેખર બહુ વાગી ગયું?'

'પપ્પા, વેદના તમારા એક ધબ્બાની નહીં, પણ પછી આવો પ્રેમ કોણ કરશે?'

'કેમ! પછી એટલે?!' કંઇ જ ન સમજતા હોય તેવો ભાવ ચ્હેરા ઉપર લાવીને ગુણવંતરાય બોલ્યા.

'દિકરીને તો...'

'બસ, બસ હવે ડાહી ના થા, આટલામાં તો તું રડી જાય છે?' અને બંન્ને એક સાથે હસી પડ્યાં ખડખડાટ. આનંદનું એક મોજું હવામાં ગુંજવા લાગ્યું.

અલકાપુરી વિસ્તારમાંના એક વિશાળ બંગલાની મધ્યમાં પાંચ અક્ષરે ચમકી રહ્યું નામ 'ગુલમહોર'નું.

બંગલાના મધ્યખંડના એક વિશાળ એરકંડીશન્ડ હોલમાં ત્રણ ત્રણ ફૂટને સમાંતરે દીપકસ્તંભ ઉપર મીણબત્તીઓ પ્રજ્વળી રહી હતી. બરોબર મધ્યમાં વર્તુળાકાર મંચ તૈયાર કરવામાં આવ્યો હતો. જે સફેદ કપડાથી મઢેલું હતું! મંચ પણ વિશાળ હતો જેથી મોકળાશ પણ એટલી જ હતી. મંચ પાંચેક ફૂટ ઊંચો હતો. મંચ પર જવા માટે ગોળાકારે લાલ મખમલી જાજમથી શોભતાં પગથિયાં હતાં....મંચની બરાબર ઉપર એક સુંદર અને આકર્ષક ઝુમ્મર હતું અને ઝુમ્મરમાં પણ વિવિધરંગી મીણબત્તીઓ પ્રજ્વળી રહી હતી, તેનો પ્રકાશ ઝુમ્મરમાં જડેલા હીરાઓમાંથી પસાર થતો હતો, જેનાથી સપ્તરંગી પ્રકાશ ચારે તરફ ફેલાઇ ગયો હતો. એક મેઘધનુષી આભાસ બંગલાના મધ્યખંડમાં રચાઇ ગયો હતો. હવામાં મધરીમધરી ખુશ્બૂ વહેતી હતી.

મંચનો ચારે બાજુ ગોળાકાર ભાગ સફેદ જુઇ અને મોગરાના પુષ્પોમાંથી બનાવેલી હારમાળાથી શોભતું હતું. વચ્ચે વચ્ચે ગુલાબના ફુલોની રંગછટાથી આખું દશ્ય જાણે સ્વર્ગપરી જેવું

લાગતું હતું.

હૉલના એક ખૂણે વીસ છોકરીઓનું વૃંદ વ્યવસ્થિત રીતે ટોળે વળીને ચૂપચાપ ઊભું હતું! દર્શકોની આંખોનું એ રસકેન્દ્ર હતું! દરેકે ચમકદાર રેશમી સફેદ ફ્રોક પહેર્યું હતું. દરેકના વાળના ગુચ્છામાં મોગરાની કળીઓની વીણી અને તેમાં સફેદ ગુલાબનાં ફુલ શોભતાં હતાં. દરેકના કાનમાં સફેદ મોતીના ઝુમ્મરો અને ડોકમાં સફેદ મોતીની ચળકતી માળાઓ. દરેકના હાથમાં એક મોટો સફેદ રૂમાલ નીચે કંઈક સંતાડેલી ચીજ! દરેકના પગમાં સફેદ સેન્ડલ્સ અને ઘુંટણો સુધી સફેદ મોજાંઓ પહેરેલા હતા! એક નક્કર આયોજન પામેલ કોઈ પ્રોગ્રામનો સંકેત આપતું એ વૃંદ ચુપચાપ ઊભું હતું!

મંચ પર બરાબર વચ્ચેના ભાગમાં કેક તૈયાર હતી! કેકના આયોજનમાં પણ કલાત્મક ઊઠાવ હતો! ત્રણ ટીપોઇ ઉતરતા ક્રમમાં એક બીજી પર ગોઠવવામાં આવી હતી. ત્રણે ટીપોઈનો આગળનો ભાગ સફેદ કાપડની ઝાલરથી ઢંકાયેલો હતો.

ટોચની ટીપોઇ પર કેક હતી એની આજુબાજુ મીણબત્તીઓ પ્રજ્વળી રહી હતી. દરેક મીણબત્તી કાચના પારદર્શક ગ્લાસમાં હતી.

મંચની ચારે તરફ બે દીપક સ્થંભની વચ્ચે વચ્ચે લાલરંગના મખમલી જાજમ ઉપર પુશકવરવાળી લાલ મખમલથી સજ્જ ખુરશીઓ સમાનાંતરે મૂકવામાં આવી હતી. વચ્ચે આડી સમાંતર લાઇનમાં આવવા જવા માટે માર્ગો હતા. શમિયાણો હજુ પચાસ ટકા ખાલી હતો. મહેમાનો આવી રહ્યા હતા. શેઠ ગુણવંતરાય અને શ્રીમતી સુધાદેવીના વિશાળ વ્યાપારી અને સામાજિક સંબંધોના તાંતણે બંધાયેલા માનવીઓનો આ મેળાવડો હતો! શેઠ ગુણવંતરાયના સમય પાબંધીથી પરિચિત છતાં સમયપાલનમાં અનિયમિતતાથી ટેવાયેલા માનવીઓ એરકંડીશન્ડ




હૉલમાં આવવા લાગ્યા. હાથમાં ગુલદસ્તાની મહેક સાથે પોતપોતાનું સ્થાન લેતા હતા.

સ્નેહાની અતૃપ્ત આંખો વારંવાર કોઈના આગમન માટે આતુરતાથી દરવાજા તરફ દોડી જતી હતી. તેના હૃદયમાં હર્ષનું મોજું ફ્રીજ થઇ ગયું હતું. આંખોમાં વાદળિયું આવ્યું હતું અને નસોમાં વહેતું લોહી જાણે બરફ થઇ ગયું હતું. તે માત્ર જાણે આરસની મૂર્તિ બની ગઇ હતી.

પ્રોગ્રામના આજના આયોજનમાં આંતરિક બધી વ્યવસ્થા સુધાદેવીએ કરી હતી. જે માન ઉપજાવે તેવી હતી. બાહ્ય વ્યવસ્થા મહેમાનોને આમંત્રણ આપવાથી માંડીને એમનું સ્વાગત કરવા સુધીની આયોજન પદ્ધતિ શેઠ ગુણવંતરાય દ્વારા નિર્મિત થયેલી હતી. સ્મિતાના ચહેરા પર પણ જાણે આજે વસંત બેઠી રહી હતી અને હૃદયમાં કોયલ ટહુકા કરી રહી હતી. પરંતુ સ્નેહાને તો રસ હતો માત્ર એક જ ચહેરામાં કે જેની આતુરતા શરૂઆતથી જ તેની આંખોમાં આવીને ઠાવકાઈથી બેસી ગઈ હતી.

બરાબર આઠના ટકોરે—

મંચ પરવિદ્યુતવેગી વિવિધરંગી પ્રકાશ ફેંકાવા લાગ્યો...વાતાવરણ સંગીતની ધીમી મીઠી રમ્ય મધુર સુરાવલીઓથી ભરાઇ ગયું.

એ સંગીતના તાલમાં છોકરીઓનું વૃંદ રૂમાલને હવામાં લહેરાવી દીધો અને તેમાંથી સફેદ ગુલાબની પાંખડીઓ હવામાં લહેરાવા લાગી. વાતાવરણમાં સુગંધમય દરિયાની છાલ્લકો વાગવા લાગી.

હવે દરેક છોકરીના હાથમાં નાની ગોળ ખંજરી દેખાતી હતી! ખંજરીઓ વીસ છોકરીઓના હાથમાં તાલબદ્ધ રીતે ખણકી રહી હતી. દરેક ખંજરી એક બે ક્ષણ માટે હવામાં સ્થિર રહેતી

અને એમાં 'વીસ'નો આંકડો દર્શકો જોઇ શકતા હતા...?

છોકરીઓના પગમાં હરણીશી ગતિ અને લચકાતી કમરે મંદ મંદ નૃત્ય કરતી ધીરે ધીરે ગોળ મંચને મીંડું બનાવીને વીસનો આંકડો બનાવતી હતી. સ્નેહા સૌનું અભિવાદન ઝીલતી ઊભી થઇ રહી હતી...

રંગબેરંગી પ્રકાશ, સુરમ્ય સંગીત, તાલબદ્ધ નૃત્ય, 'કેક' પાસે આવી રહેલી સ્નેહા...

લગભગ ભરપૂર બની ગયેલા મધ્યખંડના દર્શકોની આંખો મંચ પર ચોંટી રહી...પરંતુ સ્નેહાની અતૃપ્ત નજર તો વારંવાર દરવાજા તરફ કોઇના આગમનની પ્રતીક્ષા કરતી હતી. હળવું સંગીત હૉલમાં રેલાતું હતું, મીણબત્તીઓના પ્રકાશથી આખું વાતાવરણ પ્રકાશથી ઝળહળતું હતું પરંતુ સ્નેહાની આંખોમાં જાણે અંધારું હતું તે શોધતી હતી પ્રકાશ આપનારની બે આંખોની.

બંગલાની બહારની બાજુ રંગબેરંગી લાઇટોની સીરીઝો દોડતી હતી અને જાણે એક બલ્બની પાછળ બીજો બલ્બ તેને પકડવા માટે દોડતો હતો! ગાર્ડનનાં વૃક્ષો પણ રંગબેરંગી સીરીઝોથી ઝબકી રહી હતી. આખું વાતાવરણ જાણે મુગ્ધકર હતું.

સ્નેહાની આંખો મધ્યખંડમાં પ્રવેશતા ભાર્ગવ અને શિવાલકર પર પડી, મંચ પરથી તે ઝડપી પગલે દોડી અને ભાર્ગવના અને શિવાલકરના હાથમાંથી ગુલદસ્તો અને સાથે આવેલી ભેટો સ્વીકારી લીધી. સ્નેહાના મુખારવિંદ ઉપર ખુશીની લહર લહેરાઇ રહી હતી. તેનામાં ફ્રીજ થયેલું બધું જ વહી રહ્યું હતું. તે આરસની નહીં પણ સાક્ષાત બની ગઇ હતી. તેનામાં જીવસંચાર થઇ ગયો હતો.

સ્નેહા ભાર્ગવનો હાથ પકડીને 'કેક' પાસે લઇ ગઇ...'કેક' કપાઇ રહી હતી...સ્નેહાના હાથે....


મીણબત્તીઓ એક પછી એક બુઝાઇ રહી હતી...સ્નેહાની હળવી હળવી ફૂંકો વડે.

અને વ્યવસ્થિત ગોળાકારમાં ઊભેલી છોકરીઓનું વૃંદ ખંજરીઓનો નવો તાલ પકડી રહ્યું હતું. એ સાથે જ સામૂહિક અવાજ હવામાં રેલાઇ રહ્યો હતો.

'હેપી બર્થડે ટુ યુ...! હેપી બર્થડે ટુ યુ!'

ધ્વનિમુદ્રિત અવાજ, રમ્ય સંગીત, સંગીતના તાલમાં ડોલતી છોકરીઓ, મંચની બિલકુલ આગળ આવીને સૌનું અભિવાદન ઝીલતી, સ્નેહાને દર્શકોની તાળીઓએ વધાવી લીધી. મહેમાનો એક પછી એક આગળ આવીને સ્નેહાના હાથમાં ગુલદસ્તો અને ભેટ ધરવા લાગ્યા. સ્નેહા પણ આવેલ મહેમાનોનું નમસ્તે અને સેકહેન્ડથી અભિવાદન કરતી હતી મહેમાનો સ્નેહાને 'સતં જીવ શરદઃ'ના આશીર્વાદ આપી પોતાનું સ્થાન લેતા હતા. ધ્વનિ મુદ્રિત થયેલ હળવું સંગીત મધ્ય ખંડમાં રેલાતું હતું. મીણબત્તીઓના પ્રકાશથી આખું વાતાવરણ ઝળહળતું હતું.

સ્નેહાએ આજે આછી બ્લ્યુ રંગની રેશમી સાડી સ્લીવલેસ બ્લાઉઝનો સેટ પસંદ કર્યો હતો. સફેદ વસ્ત્ર પરિધાનમાં સજ્જ થયેલી પેલી વીસ છોકરીઓની વચ્ચે સ્નેહા જુદી તરી આવતી હતી! જાણે સફેદ ફૂલોના ઝૂંડ વચ્ચે એક આસમાની મનોહર પુષ્પ ખીલી રહ્યું હોય તેમ સ્નેહાની આગવી રંગછટા ખીલી રહી હતી.

ભાર્ગવની આંખો પણ મહેમાનોના વૃંદમાં ખોવાઇ જતી સ્નેહાને શોધવા માટે દોડાદોડ કરી રહી હતી. આજે સ્નેહાનો જન્મદિવસ હતો. મંચની પાસે પથરાયેલ એક જાજમ પર ભેટ સોગાદોનો ઢગલો થતો હતો.

વેઇટર્સની આવન જાવન વધી ગઇ હતી. ટેબલ પર ભોજનનું મેનું ગોઠવાઇ રહ્યું હતું. મહેમાનો પણ ખુશ હતા.

ખાણીપીણીનો દોર ચાલુ થઇ ગયો હતો મહેમાનોનું અભિવાદન ઝીલતી ઝીલતી સ્નેહા ભાર્ગવ પાસે આવીને તેનો હાથ પકડીને મહેમાનો પાસે લઇ ગઇ કે જ્યાં ગુણવંતરાય અને સુધાબહેન, ઊભાં હતાં!

'પપ્પા આ મારા મિત્ર અને...' સ્નેહાના કંઠમાં શબ્દો અટકી ગયા. ગુણવંતરાય આજે ઘણા જ ખુશ હતા. તેમને વાક્ય પૂરું કરતાં કહ્યું, 'અને મારા મિત્ર સેવંતીલાલનો મોટો પુત્ર ભાર્ગવ! ખરું ને સ્નેહા?' અને ગુણવંતરાય, સુધાબહેન અને મહેમાનોના મુખમાંથી એક સાથે હાસ્યધ્વનિ લહેરાઇ ઊઠ્યો. સ્નેહા અને ભાર્ગવ પણ તેમાં સામેલ થઇને હસવા લાગ્યાં. આખું વાતાવરણ હસ્યધ્વનિના કલરવમાં ડૂબી રહ્યું હતું. જાણે કલરવનું ટોળું મધ્યખંડમાં દોડી આવ્યું હોય!

ધીમે ધીમે મહેમાનો વિખરાવા લાગ્યાં, ભાર્ગવ અને શિવાલકરે જવા માટે સ્નેહાની મંજૂરી માટે સ્નેહાની સામે આંખો માંડી, 'સ્નેહા, હવે અમે જઇએ ઘણું મોડું થઇ ગયું છે?'

'અરે, તમારે મોડું શું અને વહેલું શું? હજી તો પપ્પા મમ્મીને મળ્યા પણ નથી. ઠીક રીતે તેમને મળીને અને તેમની રજા લઇને જઇ શકો છો, મારી રજા લઇને તો ક્યારેય નહીં જઇ શકો?!' સ્નેહાના શબ્દોમાં સંકેતધ્વનિ હતો.

સુધાબહેન નેપકિન વડે હાથ લૂછતાં લૂછતાં આવ્યાં, 'ચાલો હવે અહીં ઊભા ઊભા વાતો જ કરશો કે પછી...!

'જ્યારે યુવાન છોકરાં મળે ત્યારે એમની ભૂખ જોજન દૂર દોડી જાય છે?' ગુણવંતરાયે હસતાં હસતાં કહ્યું.

'અમારે જવાની થોડી ઉતાવળ છે.' ભાર્ગવે નમ્રતાથી કહ્યું.

'અરે, અહીં ભૂખ્યો રહીશ અને સવંતિલાલને કાને વાત જશે તો મને ઠપકો મળશે કે મારા ફૂલ જેવા છોકરાને ભૂખે મારી





નાખ્યો?!' ગુણવંતરાયે ભાર્ગવને ઉદ્દેશીને કહ્યું. 'અને તારે લીધે આ તારો મિત્ર પણ ભૂખ્યો રહેશે...!'

સ્નેહા, વોશ બેઝીનમાં હાથમોં ધોઇને પોતાના મોં ઉપરનો મેકઅપ દૂર કરી દીધો અને સાદાં વસ્ત્રો પરિધાન કરીને ડાઇનીંગ ટેબલ પર ખુરશી ખેંચીને બેસી ગઇ. સ્મિતા પણ સ્નેહાને અનુસરી અને ખુરશી પર સ્નેહાની સામે બેસી ગઇ. સ્નેહાની પાસેની ખુરશી ખાલી હતી. ગુણવંતરાય પણ ભાર્ગવને સાથે લઇ આવ્યા અને હસતાં હસતાં સ્નેહાની સામેની ખુરશી પર બેસી ગયા. ભાર્ગવ થોડો મૂંઝવણમાં પડી ગયો. હવે તેને ક્યાં બેસવું તે વિચારતો હતો ત્યાં જ સ્મિતાએ કહ્યું, 'ભાર્ગવજી બેસી જાવને તમારી ખુરશી તો ખાલી છે' એમ કહીને સ્મિતાએ ભાર્ગવનો હાથ પકડીને સ્નેહાની બાજુની ખુરશીમાં ભાર્ગવને બેસાડી દીધો. શિવાલકર પણ એમ જ ઊભો રહ્યો. ગુણવંતરાયે શિવાલકરને સ્મિતા અને પોતાની વચ્ચે એટલે કે સ્મિતાની સાથેની ખુરશીમાં બેસવા માટે આગ્રહ કર્યો. શિવાલકર સંકોચના ભાવ સાથે સ્મિતાની સાથેની ખુરશી પર બેસી ગયો.

આજે સ્નેહાનો બ્રથ ડે હતો. એટલે સ્નેહા ઘણી જ ખુશ હતી. સ્નેહાએ 'કેક'નો એક ટૂકડો ઊઠાવીને શિવાલકર તરફ ધર્યો. શિવાલકરે હાથથી લેવા પ્રયત્ન કર્યો, 'અંહ...એમ નહીં મોં ખોલો, મોટાભાઇ આજે તમે આવ્યા. એ જ મારા માટે મોટું ભાગ્ય છે?'

શિવાલકરે મોં ખોલ્યું, સ્નેહાએ 'કેક'નો ટુકડો શિવાલકરના મોંમાં મૂકી દીધો.

ભાર્ગવે બીજો એક ટુકડો ઊઠાવ્યો અને સ્નેહાના મુખમાં મૂકી દીધો અને એક ટુકડો સ્મિતાના મુખમાં મૂકી દીધો. ગુણવંતરાય અને સુધાબહેનના ચ્હેરાઉપર આનંદ વર્તાતો હતો.

સ્નેહાએ શિવાલકરની ઓળખાણ આપી અને પોતાના મોટા ભાઇ છે એટલે કે તમારો દીકરો. 'અરે, મારે તો બે દિકરા છે એક ભાર્ગવ અને બીજો શિવ? સેવંતિલાલનો દિકરો એટલે એ

મારો જ દિકરો છે એમ હું તો સમજું છું કેમ ખરું ને ભાર્ગવ?'

ભાર્ગવે સાંકેતિક મુદ્રામાં માત્ર માથું જ હલાવ્યું. શિવ અને સ્મિતાના ચહેરા પર પણ આનંદની લહેર દોડી રહી હતી. બધાંને સુધાબહેને ખૂબ જ આગ્રહ કરી કરીને જમાડ્યાં.

જમવાનું પતી ગયું, એટલે ભાર્ગવે ગુણવંતરાય અને સુધાબહેનની હૉસ્ટેલ પર જવા માટે રજા લીધી. સ્નેહા ઊભી થઇ અને બંનેયને બંગલાના ઝાંપા સુધી મૂકી આવી, 'અરે, તમે...' ડ્રાઇવર આ બંનેયને તું યુનિવર્સીટી કેમ્પસમાં મૂકી આવ?

ભાર્ગવ અને શિવાલકર બન્ને કારમાં બેસીને વિદાય થયા. સ્નેહા એકલી પડી ગઇ...

'અરે! સ્નેહા, જા બેડરૂમમાં જઇને સૂઇ જા. ગઇ રાતનો પણ તને ઊજાગરો છે.' ગુણવંતરાયે ચિંતા વ્યક્ત કરી.

સ્નેહા પોતાના રૂમમાં જઇ એરકન્ડીશનર ચાલુ કરીને અને પંખો ધીમી ગતિ પર મૂકીને આડે પડખે થઇ. હજી તો માંડ આંખ મીંચાઇ ત્યાં જ ગુણવંતરાયે બૂમ પાડી...

'અરે, સ્નેહા?' જો આ કોણ આવ્યું છે?

'જે હોય તે, કહો કે સ્નેહા ઊંઘી ગઇ છે?'

'કોને કહું?'

'ગમે તે હોય કહી દો કે સ્નેહા જાગવાની નથી?'

'કેમ સ્નેહાજી બહુ ઊંઘ આવે છે?'

'એને મારા રૂમમાં મોકલી આપો.' સ્નેહા એ સૂતાં સૂતાં જ જવાબ આપ્યો.

પડદો હટાવીને ધીમેથી દિપ્તી એ રૂમમાં પ્રવેશ કર્યો ત્યારેય સ્નેહા આડે પડખે પડી હતી, આંખો બંધ હતી. દિપ્તીએ


નજીક જઇ સ્નેહાના ગાલ પર હળવેકથી ચૂંટી ખણી લીધી.

'ઓહ, લુચ્ચી સીધી રહેને? આમ ચૂટી ભરવાની?' એમ કહીન સ્નેહા બેઠી થઇ ગઇ અને દિપ્તીના ગાલ ઉપર જોરદાર બચકું ભરવા ગઇ પણ દિપ્તી સતેજ હતી. તેણે સ્નેહાને ધક્કો માર્યો. સ્નેહા પલંગમાં ફસડાઇ પડી.

'દિપ્તી, આખો દિવસ ક્યાં છૂપાઇ જાય છે તે અત્યારે રાત્રે મને હેરાન કરવા આવે છે?'

'મને એમ કે, તું બિમાર છે, એટલે તારી ખબર જોવા માટે આવી.'

'બિમાર પડે તું? તારો દુશ્મન?'

'હું શું કામ પડું?'

'દિદાર તો એવા જ છે!'

'કેમ?'

'બે ત્રણ દિવસથી બિમાર હોય એવું તો તારું વર્તન છે?'

'પ્રેમમાં એવું બન્યા જ કરે.'

'તું, આવી વાત કેમ કર્યા કરે છે?'

'તને જોઉં છું અને પ્રેમ કરવાનું મન થઇ જાય છે. દિલમાં યું...યું...થાય છે.' હાથનો ચાળો કરતાં દિપ્તીએ સ્નેહાના ખભા ઉપર માથું નાખીને, બે હાથ કમર ફરતે નાંખીને, બાઝી પડીને બોલી.

'મારામાં એવું તે શું છે?'

'કેમ કંઇ હોય તો જ એવું થાય?'

'આવી આડ વાતો કેમ કરે છે? તારું ઠેકાણે છે કે નહીં? તું

હવે અહીંથી જવાનું શું લેશે?' સ્નેહાએ કૃત્રિમ ગુસ્સાના ભાવ ચહેરા પર લાવીને દિપ્તીની સામે જોઇને કહ્યું.

'એટલે, તારે મને અહીંથી કાઢવી છે. એમ જ ને? લે આ બેઠી!' એમ કહીને દિપ્તી એ પલંગ પર લંબાવ્યું. સ્નેહા, આવેશમાં આવી ગઇ અને દિપ્તીને વળગી પડી. જોરદાર ભીંસ દીધી એટલે દિપ્તીથી ઝીણી ચીસ પડાઇ ગઇ.

સુધાબહેન, ગુણવંતરાય દોડતાંકને સફાળાં સફાળાં આવ્યાં.

'શું થયું દિપ્તી?' બન્ને એક સાથે બોલી ઊઠ્યાં.

સ્નેહા અને દિપ્તી સફાળાં બેઠાં થઇ ગયાં. સ્નેહાના ચહેરા ઉપર શરમની લાલ લાલ ટશરો ફૂટી રહી હતી, જાણે સવારના સૂરજની ગુલાબી ઝાંય.

'શું થાય? આ તમારી લાડકીને બહુ મોઢે ચઢાવી છે?' દિપ્તી એ હસતાં હસતાં કહ્યું.

'પપ્પા, મને આવીને ગલગલિયાં કરતી હતી એટલે મેં...'

'એટલે એણે મને જોરથી દબાવી અને ગાલ ઉપર...'

'શરમાતીય નથી આવું બોલતાં? સામે પપ્પા ઊભા છે ને?' સ્નેહાએ શરમાતાં શરમાતાં કહ્યું.

'તમે બન્ને છોકરીઓની મસ્તીમાં અમને ગમ ના પડે.' એમ કહીને સુધાબહેન અને ગુણવંતરાય બેઠકરૂમમાં ગયાં.

'દિપ્તી, પ્રેમ થાય ત્યારે શું થાય?'

'મને શી ખબર પડે? મેં થોડો કંઇ પ્રેમ કર્યો છે?'

'તને અનુભવ તો હશેને?'





'પ્રેમનો? ના બાબા ના! એ અનુભવ મને ક્યાંથી હોય?! કેમ કોઇ પુરુષ તારા જીવનમાં આવ્યો છે?'

'હા, દિપ્તી.'

'કોણ?!'

'કહું?'

'કહે.'

'મને શરમ આવે છે. આવી વાત કરતાં.'

'મને વાત કરવામાં શરમ શાની, હું કંઇ થોડી કોઇને કહેવાની હતી?'

'કોઇને પણ ન કહે તો કહું?'

'કોઇનેય નહીં કહું બસ?'

'Promice?'

'Promice' હું તો તને સાથ આપીશ, પણ છોકરો, દેખાવે સ્વભાવે સંસ્કારે સારો હોવો જોઇએ.

'છોકરો તો સરસ છે, આંખને ગમી જાય તેવો, મનમાં વસી જાય તેવો, રોમરોમમાં ઓગળી જાય તેવો, લીલીલીલી મંજર જેવો.'

'બસ, બસ હવે વધુ વર્ણન નથી સાંભળવું કદાચ હું પ્રેમ કરતી થઇ જઇશ તો તું રખડી પડીશ.'

'એ શક્ય નથી.'

'સાચ્ચે જ!'

'હા.'

'અચ્છા નામ તો કહે?'

'કહું?'

'કહે.'

'ભાર્ગવ...'

'કોણ ભાર્ગવ?!' દિપ્તીએ આશ્ચર્યચકિત મુદ્રામાં સ્નેહાના ચહેરાના ભાવને વાંચતી હોય તેમ તેની સામે જોઇને કહ્યું.

'આપણી કૉલેજમાં આપણા ક્લાસમાં આ વર્ષથી જ જોડાયો છે.'

આશ્ચર્યમિશ્રિત ચહેરાના ભાવ સાથે આંખો પહોળી કરીને. દિપ્તી એ જોરદાર ધબ્બો સ્નેહાની પીઠ પર માર્યો.

'મને ડર છે.' સ્નેહાએ દિપ્તી સામે જોઇને કહ્યું.

'કોનો? સમાજનો?'

'ના.'

'પપ્પાનો?'

'ના.'

'મમ્મીનો?'

'ના.'

'તો પછી ડર કોનો છે?'

'પ્રેમનો.'

'સમજ ના પડી.'

'પ્રેમ એક એવો રોગ છે કે જે ધીમે ધીમે પ્રસરે છે અને પછી જ્યારે એ પરિપક્વ થાય છે ત્યારે જ વધુ દુઃખી થવાય છે.



એકબીજાને માટે તડપ, મળવું, છૂટા પડવું, રિસામણાં મણાં મણાં, અને યાદ તો એવી પાછળ પડી જાય અને ક્યારેક એવું ય બને કે–

'યાદ લઇ ચાલ્યાં ચરણ ખાસ્સું હતાં,
બારણે સાંકળ હતી, આંસુ હતાં.'

આવું થાય ત્યારે યાદની સામે આપણે કાચમય થઇને કેટલું ટકી શકીએ, કાચ જેમ તૂટી જઇએ, ટૂકડા થઇ જઇએ પછી... અને એ ટૂકડા વીણીને જોડી તો શકીએ પણ દરેક ટૂકડે યાદ, યાદ,મને યાદ...નવા સ્વરૂપે આપણી સામે પ્રકટી ઊઠે. યાદ તો રામચંદ્ર ભગવાનનું અગનાસ્ત્ર છે યાદ તો એક બાણમાંથી સહસ્ત્ર બાણ થઇને દુશ્મન સામે જાય તેવી છે યાદ આપણી મિત્ર થઇને પણ આવે અને દુશ્મન થઇને, યાદ સર્જન અને વિસર્જન કરી શકે, બોલ દિપ્તી, બોલ યાદ સામે આપણે કેટલું ટકી શકીએ? માની લઇએ કે ભાર્ગવ સિવાય બીજા કોઇ અજાણ્યા સાથે લગ્ન થાય તો શું ભાર્ગવને હું ભૂલી શકવાની હતી? એટલે જ ભાર્ગવ તો મારામાં લીલુંલીલું તૃણ થઇને ફૂટ્યો છે. હું એને મારા જીવનમાંથી ક્યારેય દૂર નહીં કરી શકું. દિપ્તી, ભાર્ગવ વગરનું જીવન હવે હું જીવી શકું તેમ નથી. એટલે જ ભાર્ગવ–

'વાંસળીમાં તું પવન થઇ આવજે,
હોઠ વચ્ચેથી સજન થઇ આવજે'

'અરે! હજી સુધી તમે બન્ને જાગ્યા જ કરો છો?' સુધાબહેને આવીને કહ્યું,'હવે, રાત ઘણી થઇ ગઇ છે બન્ને જણ સૂઇ જાવ?' દિપ્તી, તું પણ અહીં જ સૂઇ જજે.

'ના, આન્ટી હું તો ઘરે જ જઇશ.'

'દિપ્તી?'

'હં!'

'તું ઘરે ન જા...'

'કેમ?'

'મને ઊંઘ નથી આવતી, તું સાથે હોય તો મને ઊંઘ તો આવે!'

'પણ, ઘરે બધાં ચિંતા કરે.'

'પપ્પાને કહું છું, એ તારે ઘરે કહી આવશે.'

'હું જતી રહીશ, આટલી વાતમાં ખાલી...પપ્પાને ડીસ્ટર્બ કરવા?'

'એમાં ડીસ્ટર્બ કરવાની વાત જ ક્યાં છે? ગાડી લઈને કહી આવશે?'

'ઠીક તને યોગ્ય લાગે તેમ કર.' આખરે દિપ્તી એ હા કહી, સ્નેહાની દોલાચલ સ્થિતિ જોઈને તેને પણ એમ લાગ્યું કે, સ્નેહાને રાત્રે એકલી મૂકવી સારી નહીં.

'પ...અ...પ્પા...' સ્નેહાએ બૂમ પાડી.

'શું બેટા!'

'દિપ્તીને ઘરે કહી આવો કે દિપ્તી સવારે આવશે.' સ્નેહાએ સ્મિત કરતાં કહ્યું.



ગુણવંતરાયે ફોન કરીને કહી દીધું.

## પ્રકરણ : ૧૭

લોનની લીલાશ પર ખુલ્લા પગે સવાર સવારમાં સ્નેહાને ફરવાનું ગમતું હતું. ફરતાં ફરતાં ગઈ કાલનો પ્રસંગ તેને યાદ આવવા લાગ્યો, જેના કારણે તે આખી રાત ઊંઘી શકી નહોતી. આખી રાત એણે પડખાં ફેરવતાં ફેરવતાં વિતાવી હતી. જ્યારે ઊંઘ નહોતી આવી ત્યારે એમ લાગતું હતું કે રાત ઘણી લાંબી થઈ ગઈ છે. ઊંઘ ન આવવાનું કારણ ભાર્ગવ હતો.ભાર્ગવનો સ્મિત ઝરતો ચહેરો તેની આંખો સામે આવી જતો.

સવારની સૂરજનો પ્રકાશ ધરતીને પરિપ્લાવીત કરતો નહોતો પણ પૂર્વની લાલી સ્નેહાના મુખને ગુલાબી ઝાંયશું બનાવતું હતું. સ્નેહાની આંખમાં નગર ઊભરાવા લાગ્યું. શાંત નગર હજીયે ઊંઘી રહેલું જણાતું હતું. બંગલાના ફાટક બહાર કાળોતરાની જેમ લંબાયેલી સડક શાંત થઈને પડી હતી. જાણે આખી રાત વધુ ખવાઈ ગયું હોય તેમ. ચોકીદાર હજી પણ બેઠો બેઠો દરવાજા પર જ ઝોકાં ખાતો હતો.

લોનના છેડા સુધી જઈને સ્નેહા પાછી વળી હતી. બંગલાનું માત્ર એક જ બારણું ખુલ્લું હતું, કે જ્યાંથી તે આવી હતી. હજી સુધી કોઈ જ ઊઠ્યું નહોતું. મનની વ્યગ્રતાથી તે વહેલી જાગી ગઈ હતી. લીલી લીલી ઘાસની ઠંડક તેના શરીરમાં ફેલાઈ ગઈ હતી.

પરંતુ એનું હૃદય અશાંતિ અનુભવી રહ્યું હતું.

વિચારતાં વિચારતાં સ્નેહાએ ક્યારે લોન પૂરી કરી અને ક્યારે ગુલાબની ક્યારીઓમાં તે આવી ગઇ તેનું ભાન ન રહ્યું. તેનો પગ કાદવમાં પડતાં જ તે ચમકી તેનો પગ કાદવથી ખરડાયેલો હતો. તેણે પગને વારંવાર લોન ઉપર ઘસ્યો, કાદવ ભીની ભીની લોનમાં પથરાઇ ગયો અને સફેદ સફેદ પગની લાલી લોન ઉપર વેરાતી હોય તેમ લાગ્યું. તેની સાડીના એક છેડાને કોઇએ પકડ્યો. પાછા વળીને જોયું તો, સાડીનો છેડો ગુલાબના છોડના કાંટામાં ફસાયો હતો. તે પાછી વળી અને છેડામાં ભરાયેલી ગુલાબની ડાળીને છોડાવવા જતાં તેની આંગળીમાં કાંટો વાગી ગયો. તેને મોંમાંથી આછો ચિત્કાર નીકળી ગયો. માળી દોડતોકને આવ્યો,

‘ક્યા હુઆ બહેનજી?’

‘કુછ નહીં.’

‘અરે! આપ કે પાંવ તો...’

‘અચ્છા વો પાની કી પાઇપ લા...’ માળી દોડીને પાણીની પાઇપ લઇને સ્નેહાના પગ ઉપર રેડ્યું. જાણે આરસની મૂર્તિના પગ પરથી ઝરણું વહેતું હોય તેવા શ્વેત ગુલાબી પગની લાલી હરણાં જાણે પાણી સાથે વહી જશે તેમ લાગતું હતું.

ઊંડો શ્વાસ લઇને જેવી તે પાછી વળી કે, વરંડામાં એણે કોઇનાં પગલાંનો અવાજ સાંભળ્યો, તેના પગ સ્થિર થઇ ગયા. રેશમી બ્લ્યુ નાઇટ ગાઉનમાં ગુણવંતરાય ઊભા હતા.

ફૂલોનું સ્મિત સ્નેહાના હૃદયમાંથી જતું રહ્યું હતું. આંગળીમાં વાગેલા કાંટાએ પોતાનો જ હાથ દબાવવા મજબૂર બનાવી દીધી હતી.

‘આજ વહેલી કેમ સ્નેહા?’ ગુણવંતરાયે સ્મિત કરતાં કહ્યું.



‘જરા મનને આરામ મળે માટે...’ કહેતાં તો સ્નેહાના શરીરમાંથી ધ્રુજારીનું આછું  લખલખું પસાર થઇ ગયું. પિતાજીના ચહેરા સામે જોયું તો આંખો ઊંઘથી ઘેરાયેલી હતી. પોપચાં ભારે ભારે લાગતાં હતાં.

‘ચાલ, બેટા સામેના હિંચકા પર જઇને બેસીએ, તારું વાંચવાનું કેમ ચાલે છે સ્નેહા?’ ગુણવંતરાયના શબ્દોમાં સ્નિગ્ધતા હતી.

‘ઠીક’ સ્નેહાએ ધીમેથી કહ્યું.

‘તારા રૂમની લાઇટ તો મોડે સુધી સળગતી હતી. બહુ મોડે સુધી ન વાંચ્યા કર. આંખો ખરાબ થઇ જશે.’ કહેતાં કહેતાં તો ગુણવંતરાય સ્નેહાનો હાથ પકડીને હિંચકા પર બેસી ગયા. સ્નેહા પણ ગુણવંતરાયની સાથે બેસીને હિંચવા લાગી.

‘સ્મિતાએ ગઇ કાલે સુધા પાસેથી હજાર રૂપિયા લીધા હતા. નવાં કપડાં સિવડાવવા માટે, તારે જોઇતા નથી?’

‘મારી પાસે જરૂરિયાત જેટલા પડ્યા છે.’ સ્નેહાએ હળવાશથી કહ્યું.

‘જરૂરિયાતની કોઇ સીમા હોતી નથી બેટા? અગર જરૂરિયાતને બંધનમાં બાંધવામાં આવે તો મારા જેવા કેટલાય બેકાર થઇ જાય. હું સહેલાઇથી કહી શકું છું કે, મારી પાસે ઘણા પૈસા છે. તેમ છતાં શું હું તે મેળવવા માટે પ્રયત્ન ન કરું? એ જ તો જીવન છે, મારા માટે તમારા બધાં માટે અને જે મારા નિકટના છે તેમના માટે પણ મારે પૈસા કમાવા પડે છે. તારી પાસે જ કપડાં છે એથીયે સુંદર કપડાં તું સીવડાવી શકે છે. જે તારી પાસે નહીં હોય. સ્મિતા તો ઝઘડો કરીને પણ પોતાની માગણી પૂરી કરે છે, તું તો ક્યારેય માગણી કરતી નથી. અમારે જ વિચારવું પડે છે. તારી

મમ્મી પાસેથી પૈસા લઇ લેજે બેટા?' ગુણવંતરાયના સ્વરમાં સ્નેહ ઊભરાઇ રહ્યો હતો.

સ્નેહાએ કોઇ જ ઉત્તર ન આપ્યો. માથું નીચે રાખીને વિચારતી હતી. પૈસા જ એક એવી ચીજ છે, જેનાથી ધર્મ, ઇજ્જત, આબરૂને ખરીદી શકાય છે. અમીરો પાસે પૈસા છે એટલે એ ખરીદી શકે છે જ્યારે ગરીબો પાસે પૈસા નથી એટલે ખરીદી શકતા નથી અને એમની પાસે ધર્મ, ઇજ્જત, આબરૂ અમીરો કરતાં પણ વધુ હોય છે. એટલે એમને ખરીદવાની પણ જરૂર રહેતી નહીં હોય!

'તેં મારી વાતનો જબાબ ન આપ્યો, બેટા?' ગુણવંતરાય પ્રેમથી બોલ્યા.

'મારે જરૂર નથી.' સ્નેહાએ હસતાં હસતાં કહ્યું.

'ગાંડી.' ગુણવંતરાય હસ્યા, 'સારું, હું તારી મમ્મીને કહીશ કે જ્યારે તું સ્મિતાની સાથે જાય ત્યારે તારા માટે સ્મિતા જેવાં જ કપડાં ખરીદી લે.'

'કબાટમાં નકામાં પડી રહેશે, પિતાજી? આપ તો જાણો છો કે સ્મિતાની અને મારી પસંદગીમાં ઘણો જ ફેર છે. એની અને તારી વિચારસરણીમાં પણ આસમાન જમીન જેટલો ફેર છે.'

'એ તો હું જાણું છું' કહેતાં કહેતાં ગુણવંતરાય હસ્યા, 'ક્યારેક ક્યારેક તને જોઇને લાગે છે કે તું તારી ઉંમર કરતાં અધીક મોટી લાગે છે. તું આખો દિવસ અને રાત કયા વિચારોમાં ખોવાયેલી રહ્યા કરે છે. તારા મનની વાત તું કોઇને પણ નહીં કહે? તારી મમ્મીને તો વાત કરી શકે ને?'

સ્નેહાએ કોઇ જ પ્રત્યુત્તર ન આપ્યો અને બાગમાં પથરાયેલ લીલીલીલી લોન તરફ તે ઢળતી નજરે જોતી જ રહી.


હવાની જોરદાર લહેર તેના વાળ અને સાડી સાથે અડપણું કરીને જતી રહી.

સામેથી બાગનો માળી આવી રહ્યો હતો. નજીક આવતાં જ તે હાથ જોડીને ઊભો રહ્યો. ખુલ્લા પગ, શ્યામ રંગ, શરીર પર બંડી અને ઘુંટણ સુધી મેલું ધોતિયું. કેટલાય દિવસોની વધેલી દાઢીના ખરબચડા વાળ જે અંદર ઊતરી ગયેલા ગાલ પર વધેલા હતા. સફેદ વાળની વચ્ચે ક્યાંક ક્યાંક કાળા વાળ દેખાઇ રહ્યા હતા. સ્નેહા જાણતી હતી કે જ્યારે જ્યારે એને પગારની જરૂર પડતી ત્યારે જ પિતાજીની સામે આવીને ઊભો રહેતો પિતાજી એને મહિને બારસો રૂપિયા પગાર આપતા તેમાંથી તે સાતસો રૂપિયા તે તેના વતનમાં મોકલતો હતો. પોતાના કુટુંબને માટે. જેને મળવા માટે તો વર્ષમાં ભાગ્યે જ એકાદ વખત ગામ જતો, કોઇની બીમારી પર.

'કેમ મોડો ઊઠ્યો?' ગુણવંતરાયે ગુસ્સે થઇને કહ્યું.

'રાત્રે મોડો સૂતો હતો શેઠ.' માળીએ ધ્રુજતા સ્વરે કહ્યું.

'કોઇ કામ કરવા માગતા નથી. આજકાલ બધા હરામનો પગાર ખાય છે. રાત્રે મોડો કેમ સૂઇ ગયો હતો?' ગુણવંતરાય ગુસ્સામાં હતા. એમને એ પણ ખબર ન રહી કે તેમની નજીક સ્નેહા બેઠી છે. 'શું પત્તાં ટિચવા ગયો હતો?'

'નહીં મા બાપ, બે ટંક ખાવાનું મળે એ જ મારું સૌભાગ્ય છે. રાત્રે બહેનજીના કહેવાથી મોડે સુધી સ્ટોરની સફાઇ કરતો હતો.'

'ખોટાં બહાનાં બનાવતાં સારાં આવડે છે? બે ત્રણ કલાક લાગ્યા હતા, સફાઇ કરવામાં? ક્યારીઓમાંથી પાંદડાં ઊઠાવીને બહાર ફેંકી દે અને લોનમાંથી વૃક્ષોનાં પાંદડાં પણ ઊઠાવી લે. હું કેટલાય દિવસોથી જોતો આવ્યો છું કે, આજકાલ તારું ધ્યાન કામ કરવામાં નથી. જો બાગ કેટલો ગંદો દેખાય છે?'

'રાત્રે જોરદાર પવન ફુંકાયો હશે શેઠજી, કાલે સાંજે તો આવું નહોતું. હમણાં જ સાફ કરી દઉં છું.' માળીએ ડરતાં ડરતાં કહ્યું.

સ્નેહાનું ધ્યાન માળી તરફ ગયું. તેના ચહેરા પરથી સ્પષ્ટ જણાઇ આવતું હતું કે તે વહેલો વૃદ્ધ થઇ ગયો હતો. ઘણા લોકો પોતાના કુટુંબનું પુરું કરવા માટે મહેનત મજૂરી કરે છે અને તેમના ચહેરા પર વૃદ્ધત્વ વહેલું આવી જાય છે અને જેઓ આવા લોકોને મજૂરી કરાવે છે તેઓ પણ પૈસા આપીને જાણે ગુલામી કરાવતા હોય તેમ ધમકાવતા હોય છે, તેમની ઉપર જાણે તિરષ્કાર કરતા હોય! તે વિચારતી હતી કે બારસો રૂપિયા તો પિતાજી એક મિનિટમાં વાપરી નાખે છે, જે માળીના આખા મહિનાનો પગાર હોય છે!

આ વિચાર આવતાં જ સ્નેહા ત્યાં વધુ વખત બેસી ન શકી અને ઝડપથી તે વરંડા તરફ જતી હતી ત્યાં જ ગુણવંતરાયનો અવાજ સાંભળીને તે ઊભી રહી ગઇ, 'મારી સાથે ચ્હા નથી પીવી બેટા?' ગુણવંતરાયના સ્વરમાં વ્હાલ હતું. જેટલી કડવાસ, ગુસ્સો, અભિમાન, નફરત ગરીબો પ્રત્યે તેમને હતી તેટલી જ લાગણી સ્વજનો પ્રત્યે વ્યક્ત કરતા.

'મારી ઇચ્છા નથી, પિતાજી' અને સ્નેહા વરંડા તરફ દોડીને પોતાની રૂમમાં જતી રહી જતાં જ પલંગ પર ફસડાઇ પડી. તે ઘણા સમય સુધી રડતી જ રહી. જ્યારે આંસુ રોકાઇ ગયાં ત્યારે તેણે પોતે જ આંસુ લૂછી નાંખ્યાં. આંસુઓ લૂછતાં તેને લાગ્યું કે ભાર્ગવનો ચહેરો બારીની શૂન્યતામાં ઊભરી રહ્યો છે અને હસતાં હસતાં કહી રહ્યો છે કે, સ્નેહા, સ્વપ્નીલ આંખોમાં! ઘરની ચિંતા તું શું કામ કરે છે? આવી જા, સમાઇ જા મારા અંકમાં, તારે ક્યારેય આંસુ વહાવવાં નહીં પડે. જે સ્મિત મારા ચહેરા પર છે એ સ્મિત ક્યારેય નહીં વિલાય. જીવનની કોઇ પણ ક્ષણે તારું દુઃખ મને આપી દે...



'મને વિશ્વાસ નથી.' સ્નેહા તેના કાન પર હાથ રાખીને આંખો બંધ કરી ચીસ પાડી ઊઠી, 'તું પણ એક દિવસ બદલાઇ જઇશ, તું પણ પુરુષ છે, પુરુષ તો માત્ર પીડા જ આપે છે. એ સિવાય આપવા જેવું એની પાસે કંઇ જ નથી. હું મેળવવા ઇચ્છતી નથી. જતો રહે, જતો રહે...અહીંથી?' તે ગાંડાની જેમ ચીસ પાડી ઊઠી.

'સ્નેહા?' સ્નેહાએ આશ્ચર્ય સહ આંખો ખોલી અને પોતાનાં કપડાં સરખાં કરીને તે બેઠી થઇ ગઇ. રૂમના દરવાજા પર જ સુધાબહેન ઊભાં હતાં. નિશ્ચેત ચહેરા ઉપર દુઃખ વર્તાઇ રહ્યું હતું, 'કોને બારીમાંથી કાઢી મૂકતી હતી? રૂમમાં કોઇ જ નથી!' આશ્ચર્ય સાથે સુધાબહેને કહ્યું.

સ્નેહા તેની મમ્મીની સામે જ તાકતી રહી. અને તેના દુઃખદ ચહેરાને જોતી રહી. 'એક દિવસ તું જરૂર પાગલ થઇ જઇશ, તારા મનની વાત મને કેમ નથી કહેતી? કોને જતા રહેવાનું કહેતી હતી?' સુધાબહેને ઉદાસ સ્વરમાં કહ્યું.

'કોઇને નહીં મમ્મી, તેં ખોટું સાંભળ્યું હશે.' સ્નેહાએ આંસુ લૂછતાં લૂછતાં કહ્યું.

'મેં ખોટું સાંભળ્યું નથી, બેટી!' ખોટું તો તું બોલી સહી છે, તારી જાતને છેતરી રહી છે અને મને પણ તું તારી વાત માનવા તૈયારનથી. શું તું તારાં આંસુઓનું સત્ય પણ છૂપાવવા માંગીશ? કહેતાં કહેતાં સુધાબહેન સ્નેહાની નજીક પલંગમાં બેસી ગયાં અને સ્નેહાના માથા પર હાથ રાખીને બોલી ઊઠ્યાં, 'શું દુઃખ છે તારે? હું તારી મા છું, તારા મનનું દુઃખ તું મને નહીં કહે?'

'મને કોઇ જ દુઃખ નથી, મને શું દુઃખ હોઇ શકે?' કહેતાં કહેતાં તો સ્નેહાની આંખો ફરી ભીની ભીની થઇ ગઇ.

'રડી રહી છે એ કહે છે કે કંઇ જ દુઃખ નથી?' સુધાબહેને નિઃશ્વાસ નાખતાં કહ્યું.

‘કેટલાક લોકોને રડવાની ટેવ પડી ગઈ હોય છે મમ્મી! આ ટેવને છોડવાની કોશિશ કરીશ.’

સુધાબહેન ઊભાં થઈ ગયાં. પુત્રીના ચહેરા સામે જોતાં એક નિઃશ્વાસ નાખ્યો, ‘તું મને કંઈ જ કહી શકતી નથી વર્ષો પછી પણ તેં મને કંઈ જ કહ્યું નથી. તું જો કોઈને કહે તો તારા મનનું દુઃખ હળવું થઈ જાય. મન પર બોજો લઈને જીવતાં ક્યારેક જીવવું મુશ્કેલ થઈ પડે છે, ઊભી થા, નાહી લે, વિચાર કે એવી કોઈ મા હશે કે પોતાની પુત્રીની આંખમાં આંસુ જોઈને દુઃખ ન થાય?!’ કહેતાં જ સુધાબહેનની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં, અને ઝડપથી રૂમનો પડદો હટાવીને બહાર નીકળી ગયાં.

સ્નેહા એકલી પડી, તે રૂમના હાલતા પડદાની સળ સામે તાકતી જ રહી...અને ભાર્ગવનો ચહેરો ઊભર્યો...

‘ના...ના...ના...ભાર્ગવ મને હેરાન ન કર, હું તો જળવગરની રેતીમાં તરફડતી માછલી, મને એકલી મૂકી દે... પ્લીઝ!’

‘મારી સામે શું તાકી રહી છે, સ્નેહા?’

‘કંઈ જ નહીં,’ કહેતાં કહેતાં તો સ્નેહાનો ચહેરો શરમથી ઝૂકી ગયો. તે ઊભી થઈ અને પડદાને બારીએથી હટાવી લીધો અને બારી પાસે બેસીને દૂર દૂર સુધી પથરાયેલાં ઘટાટોપ વાદળોમાં તેની નજર કશુંક શોધવા લાગી, તે વિચારવા લાગી અને તેની સામે છલક્યું લીલકાતું, છલકાતું વન. બારી બહાર તેની નજર દોડવા લાગી, નજરે દોડે ત્યાં સુધી લંબાય છે આકાશ અનેઆકાશમાં જળભરશાં ઘટાટોપ વાદળાં, આમ દોડાદોડ તેમ દોડાદોડ કરતાં હળીમળીને આલિંગતાં હોય તેમ એકમેકમાં ઓગળતાં ગેલ ગમ્મત કરતાં દોડી રહ્યાં હતાં. જાણે કળા કરતા મોરના નૃત્યની થરક અને કંઠના ગેહુકથી પહાડોમાં પડઘાય ગહેકાટ અને ઝરમર ઝરમર વરસાદી અશ્વોની હેષાઓ દોડ્યા કરે પૃથ્વી પટે—જળધારામાં



નાહીને ઊભેલાં લીલાંચટ્ટાક વૃક્ષોના પાંદડાની કાચમયલીલા આંખમાં આવીને વસી જાય. પાંદડે પાંદડે ટપકતું પાણી જાણે મઘા મક્ષત્રનું ચળકતું મોતી, હથેડીમાં સચવી રાખવાનું મન થાય, પણ હથેળી બંધ કરીને ખોલતાં જ હસ્તરેખામાંથી નદીની જેમ મોતી ઓગળી જાય અને પાણી બનીને વહી જાય! એવું લાગતું હતું. કે નસીબ આડેથી ખસ્યું પાંદડું પણ પાંદડું એ પાંદડું જ !

લાલ, પીળાં, ભૂરાં સફેદ, ગુલાબી, કેસરી વાદળી પુષ્પોની સપ્તરંગી મેઘધનુષી છાયા લીલ્લેરા પાનમાં લયબદ્ધ ગીતની જેમ ડોલે અને સુગંધનો દરિયો છાલ્લક મારે. આંગણામાં ઊભેલી કેતકીને પીળચટ્ટાં ફૂલ આવ્યાં અને તેમાં લાલચટ્ટક છાંટ, જાણે પ્રથમ વખત રજસ્વલા થયેલી કન્યકાનું પીળચટ્ટું સુંવાળું વાન પહેલા વરસાદથી પરિપ્લાવીત સુગંધમય પૃથ્વીને સોળમું બેઠું, જાણે લીલીછમ્ કુંપળ રે ફૂટી.

વરસતા વરસાદમાં કાગળની હોડી બનાવીને પાણીમાં તરતાં મૂકતાં નાનાં નાનાં બાળકોને જોઉં છું. ત્યારે પરપોટે બેસીને તરવાનું મન થાય, વળી કપડાં કાઢીને નાગાંપુગાં બાળકો ન્હાતાં એકબીજા ઉપર ઉડાઉડ પાણીની ક્રિડા જોઉં છું ત્યારે શૈશવ ઘુંટણીયાં ભરતું દોડી આવે છે. મારામાં અને શિશુકલ હાસ્ય કલકલ નિનાદ કરતું વહી જાય પાણીમાં. બા બૂમો પાડતી જ રહે તેમ છતાં વરસાદી જળરાશીની કુંડળીમાંથી બહાર નીકળવાનું મન જ ન થાય. અને ‘આવરે વરસાદ ઘેબરિયો વરસાદ, ઉની ઉની રોટલી ને કારેલાંનું શાક’ કહીને સતત સતત ન્હાવાની પણ એક મજા આજે પણ આંખોમાં કૈશોરી સ્મૃતિ બનીને બેસી જાય છે. વરસાદ બંધ થતાં જ ભીની ભીની રેતીમાં પગ મૂકી તેની ઉપર રેતી ભેગી કરીને હળવેકથી પગ કાઢી લઈએ તો થઈ જાય નાનકડું સુંદર મજાનું ઘર. પછી તો ફળિયાનાં છોકરાં ભેગાં થાય અને શરૂ થાય ઘરઘર રમવાની રમત. કોઈ ટીખળી છોકરો, છોકરીએ બનાવેલું ઘર ઉપર પગ મૂકીને ઘર તોડી નાંખે ત્યાં છોકરીની આંખમાં દોડી આવે

અશ્રુજળ, જાણે તેનું ખરેખર ઘર ભાંગ્યું હોય! અને ફરિયાદ કરવા દોડી આવે, છોકરાને પૂછીએ તો–

'કેમ ઘર ભાંગ્યું?'

તો કહે–

'તે મારે ઘરે રહેવા નહોતી આવતી એટલે! મારા ઘર પર તો સુંદર મજાની બારીઓ પણ મૂકી છે, પછી મારે ઘરે રહેવા કેમ ન આવે!' બાળકની આંખમાં ન સમજાય તેવું નિર્દોષ આશ્ચર્ય દોડી આવ્યું હોય તેમ આંખો પહોળી, ભ્રમર ઊંચી. હોઠ પહોળા જાણે આખી દુનિયાનું આશ્ચર્ય એની આંખોમાં આવીને ઠાવકાઈથી બેસી ન ગયું હોય!

છોકરાને ક્યાં સમજાવવા બેસીએ કે છોકરીની જાત કોઈની થઈ છે તે તારી થાય....!

દૂર...દૂર...દૂર...સુધી શિસ્તબદ્ધ પથરાયેલી વૃક્ષોની હારમાળા, લીલાંલીલાં વૃક્ષોની લીલી હરિયાળી, આસોપાલવનાં ચમકતાં પર્ણોનું ખડખડાટ હાસ્ય. પક્ષીઓની ધનુષ્યાકારે હારબંધ ઉડાન જાણે પાંખોમાં ઊડ્યું ગગન અને પાણીમાં ઓગળતો સૂર્યનો પીળો પીળો તડકો કાચમય લીલા પ્રસારે જાણે નાનું બાળક સૂર્ય સામે અરીસો ધરીને એરિયું પાડતું હોય તેમ! જળનાભીમાંથી ખીલેલા કમળ પાંખડી પર પડેલાં વરસાદી જળ, જાણે ઝળકે મોતી અને સપ્તરંગી પતંગિયાં આમ ઉડાઉડ તેમ ઊડાઊડ કર્યા કરે, પાંખોમાં ફૂલોની મહેક ભરીને લીલી હરિયાળી દર્ભ વચોવચ ખીલી ઊઠે. સફેદ ફૂલો જાણે પક્ષીઓનાં સફેદ સફેદ ઊડતાં પીછાં.

ઝરમર ઝરમર વરસાદથી માટીનું ઢેફું ઓગળે તેમ સ્નેહા સ્મૃતિ જળમાં ઓગળવા લાગી. લીલાંપીળાં પર્ણ વેરતો બરછટ કાયા લઈને વર્ષોથી આંગણામાં ઊભેલા લીમડાની લીલાશમાં વળગેલી પીળી પીળી અંતરવેલ જેવી ઈચ્છાઓ સ્નેહાની ઝીણી ઝીણી સ્મૃતિ લયશી કીકીમાં ઓગળવા લાગી.



સુધાબહેન ફરી વખત સ્નેહાની રૂમમાં આવ્યાં ત્યારે સ્નેહા બારી પાસે એકીટસે આકાશ તરફ વાદળાંઓની રમતલીલા જોયા કરતી હતી. 'સ્નેહા, તારે કૉલેજ જવું નથી? સ્મિતા ક્યારની તૈયાર થઈને રાહ જુએ છે?લે, આ આવી.' સ્મિતાની સામે જોઈને સુધાબેન બોલ્યાં. સ્મિતા, 'સ્નેહાને કોઈ સ્વપ્નું આવી ગયું લાગે છે? એટલે જ છેલ્લા કેટલાય દિવસથી તે વિચારોમાં જ ખોલાયેલી રહે છે.'

'હા, મમ્મી એવું જ કંઈક છે.' સ્મિતાએ હસતાં હસતાં કહ્યું.

'બેસને ચાંપલી, ડાહી થયા વગર?' એમ કરીને તે રૂમ છોડીને સીધી બાથરૂમમાં જતી રહી. ઝટપટ તૈયાર થઈને સ્મિતાને ખબર ન પડે તે રીતે કારમાં જઈને બેસી ગઈ અને હોર્ન વગાડવા લાગી. સ્મિતા દોડીને જુએ છે તો સ્નેહા સ્ટિયરીંગ ઉપર હાથ રાખીને ગાડી સ્ટાર્ટ કરીને બેઠી હતી.

'અચ્છા, બહેનબા તો આજે ઝટપટ તૈયાર થઈને આવી ગયાં છેને કાંઈ?' એમ કહીને સ્મિતા સ્નેહાની સાથે બેસી ગઈ.

એ દિવસે સ્નેહા જ્યારે સ્મિતાની સાથે કૉલેજ ગઈ ત્યારે આકાશ વાદળોથી આચ્છાદીત હતું. વાદળોની રમત જોઈને એને ફરીથી ભાર્ગવની યાદ ઊભરી આવી. ત્રણ દિવસ સુધી કૉલેજમાં ભાર્ગવ દેખાયો નહીં એ એ ત્રણ દિવસ આકાશ પર વાદળો છવાઈ રહ્યાં હતાં અને સ્નેહાના મન હૃદય પર પણ.

ચોથે દિવસે ભાર્ગવ જ્યારે દેખાયો ત્યારે પણ આકાશ પર વાદળો છવાયેલાં હતા. વરંડામાં ઊભા રહી એણે ભાર્ગવને ધીમેથી એક પગે લગંડાતો કોલેજના દરવાજા તરફ જતો જોયો. સ્નેહાનું હૃદય ધડકવા લાગ્યું. વાદળોને કારણે દિવસનો પ્રકાશ ધુંધળાશમય થઈ ગયો હતો. ભાર્ગવે સફેદ પેન્ટ અને સફેદ શર્ટ પહેર્યાં હતાં.

એના કાળા વાંકડિયા વાળ હવામાં લહેરાઇ રહ્યા હતા. એની નજર સ્મિતા પર પણ પડી. સ્મિતા તેના સહાધ્યાયી વચ્ચે મજાક મશ્કરી કરતી જણાઇ, સ્મિતાને જોતાં જ તે મનોમન વિચારવા લાગી કે કેટલાકના ભાગ્યમાં હાસ્ય હોઠો પર રમે છે. તો કેટલાકના ભાગ્યમાં આંખોમાં આસુનો બરફ જામી ગયો હોય છે.

'મને કારની ચાવી આપ...!' સ્નેહાએ તેની સહાધ્યાયી મિત્રોની સામે જોયા વગર જ સ્મિતાની નજીક જઇને કહ્યું.

સ્મિતાએ તેની બહેનના ચહેરા સામે કંટાળીને જોયું. તેને ખબર હતી કે સ્નેહા ક્યારેય ચાલુ કૉલેજે કારની ચાવી માંગતી નથી. 'ક્યાં જાય છે સ્નેહા?' સ્મિતાએ પોતાનું પર્શ ખોલતાં ખોલતાં કંટાળાનો ભાવ ચહેરા ઉપર લાવીને કહ્યું.

'સ્મિતા, ફરવા જાઉં છું. ક્યારે પાછી ફરું એ કહી શકતી નથી, કૉલેજમાંથી છૂટે ત્યારે કોઇની લીફ્ટ લઇને અથવા તો રિક્ષા કરીને ઘરે જજે.'

'ક્યાં જાય છે સ્નેહા?' સ્મિતાએ ચાવી આપતાં આપતાં ફરીથી સ્નેહાની સામે જોઇને કહ્યું.

'જાણતી નથી કે ક્યાં જાઉં છું.' કહેતાં જ સ્નેહા સ્મિતાના હાથમાંથી ચાવી લઇ લીધી અને ત્યાંથી ઝડપથી પાછી વળી ગઇ. ન તો સ્મિતા તેને કંઇ પૂછી શકી કે એની સામે ઊભેલી છોકરીઓએ પૂછવાનું સાહસ કર્યું!

ચાવી હાથમાં આવતાં જ તે ભાર્ગવને શોધવા લાગી. સ્નેહા ઝડપથી કોલેજના દરવાજા તરફ ગઇ. એની નજર ભાર્ગવને શોધી રહી હતી. ભાર્ગવ એને ક્યાંય જોવા ન મલ્યો. તેમ છતાં તે આગળ વધી. કોલેજના ગાર્ડનમાં પગ મૂક્યો કે એની નજર ગાર્ડનના ખૂણા પર ઊભેલા વૃક્ષની નીચે બેઠેલા ભાર્ગવ ઉપર પડી,કોણ જાણે કેટલોય સમય સ્નેહાએ ત્યાં એકાંતમાં પસાર કર્યો



હતો. એ ક્ષણોનો તેની પાસે ક્યાં સરવાળો ન હતો! સ્નેહાના હૃદયમાં જળઝીલ્લપશી છાલક વાગી જાણે છલક્યો દરિયો.

સ્નેહાના ચહેરા સામે નજર જતાં જ ભાર્ગવ ખીલી ઊઠ્યો.સ્નેહાને ભાર્ગવનો હાસ્યપ્રચૂર ચહેરો ગમવા લાગ્યો. ભાર્ગવ તરફ તે દોડવા લાગી ભીની ભીની હવા તેના ચહેરાને પરિપ્લાવીત કરવા લાગી. તે ઊભો થઈને સ્નેહા તરફ દોડાવા ગયો પણ, તેનાથી દોડી ન શકાયું એટલામાં જ સ્નેહા દોડીને તેની નજીક આવી ગઇ અને ભાર્ગવને સહારો આપ્યો, જો સહારો ન આપ્યો હોત તો ભાર્ગવ જરૂર પડી ગયો હોત!

'તમારા પગને શું થયું છે?' સ્નેહાએ આશ્ચર્યના ભાવ ચહેરા પર લાવીને કહ્યું.

'સ્નેહા, મને એમ હતું કે, તું મને કૉલેજમાં નહીં જુએ એટલે તું જરૂરથી હૉસ્ટેલ પર દોડી આવીશ, મેં ઘણી રાહ જોઇ, પણ આખરે એય નઠારી નીવડી. મને એમ હતું કે તું જરૂર આવશે એ વિચાર માત્ર કોરો ભ્રમ જ નીકળ્યો ઠીક છે. બેસ. માણસ જે ઇચ્છે છે તે ક્યારેક નથી મળતું અને હું જે વિચારું છું તે મને મળતું નથી. એટલા માટે તો જીવનમાં કોઇ વસ્તુની ઇચ્છા કરતાં એ વિચારવું જોઇએ કે નિરાશા જ નસીબમાં આવવાની છે.' ત્યારે પણ ભાર્ગવના હોઠો પર હાસ્ય રમતું હતું.

'તો આપ નિરાશાવાદી છો?' સ્નેહાએ લોન પર બેસતાં બેસતાં કહ્યું.

'એમાં મને કંઇ સમજ પડતી નથી પણ એક વાત જરૂર સમજું છું કે છેલ્લા ત્રણ દિવસથી જેના પદરવને સાંભળવા મારા કાન તડપતા હતા, હૃદય તડપતું હતું આંખો તરસતી હતી, પણ બધું જ ફોક થઇ ગયું! તેમ છતાં કમબખ્ત હૃદય તો ધડકતું જ રહ્યું. લાગે છે કે મારું હૃદય મારા જેવું જ છે. પણ જીવવા ખાતર પણ હૃદય તો ધબક્યા જ કરે ને?'

'તો...તમારી આશા પૂરી થઈ?' સ્નેહાએ હસતાં હસતાં કહ્યું.

'એ જ તો મુસીબત છે. આશા ઠગારી નીકળી સ્નેહા, અને એટલે જ તો આ લીલાલીલા ખૂણામાં આવીને બેઠો છું. તને નથી લાગતું કે ઘણા લોકો બીજાની આંખમાં આંસુ જોઇને હસતા હોય છે?' ભાર્ગવની આંખોમાં ત્યારે પણ હાસ્ય વર્તાઇ રહ્યું હતું.

'મને નથી લાગતું...!' કહેતાં જ સ્નેહા ખડખડાટ હસવા લાગી અને હસતાં હસતાં કહેવા લાગી...'અહીંયાં ક્યાં સુધી બેસવાનો વિચાર છે?'

'અહીંયા બેસીને થોડો સમય હૃદયની ગમગીની, આંકોની ઉદાસી, હોઠોનું જળભીનપ, ત્વચાનું તરડાવું અને શ્વાસનું સંબંધપણું વગેરે વિચારી રહ્યો હતો, તે તારા આવવાથી વિચારો બધા પતંગિયાની પાંખ પર બેસીને ઊડી ગયા અને રહી ગયો માત્ર હું જ! હવે તો અહીંયાંથી ઊઠી હૉસ્ટેલમાં જતો રહીશ. એકલા એકલા મનનેય ક્યાં સુધી મનાવવું? પ્રેમિકાને મનાવી શકાય પણ મન તો એવું અવળચંડુ છે કે તેને તો કેમેય મનાવી શકાતું નથી.' ભાર્ગવ હસતાં હસતાં બોલ્યો, પગની પીડા તો સહન થાય પણ આ મનની પીડાતો શૂળ બનીને ભોંકાય છે. મનની પીડાની તડપ આંખોમાં અંધારું થઇને આવી જાય છે અને આંખોમાં અંધારું દોડી આવે એટલે સ્નેહા, તું બે પાંપણ વચ્ચે કિકીમાં કેદ થઇને જાણે ઊભી હોય અને મારો હાથ પકડીને કહેતી હોય, ચાલ ભાર્ગવ આપણે દોડી જઇએ મનના કિનારે કોઇ મનવટો આપે તે પહેલાં એકમેકમાં ભળી જઇએ. એ તો સમજ્યા સ્નેહા, પણ તું ચાક્ષુમ થાય છે ત્યારે મારા આ વિચારો પતંગિયાની પાંખ પર બેસીને કોઇ અન્ય ફૂલ પર જઇને બેસી જાય છે. આવું કેમ થતું હશે!

'ભાર્ગવ, તમને જોઉં છું ત્યારે મારા મનપતંગિયા ઊડાઊડ કરે છે, તારી લીલીલીલી મનડાળી ઉપર બેસવા માટે અને



તમારામાં ખીલેલાં રંગીન સ્વપ્નાં ફૂલોને ચૂમવા માટે મારા અધરો આતુર થઈને તમારા ઓષ્ઠદ્વય સાથે એક થવા માટે અને શ્વાસોનો છાલક મારતા દરિયામાં તણાઇ જવાનું મન થાય છે.તમને જોઉં છું અને એક શેઅર યાદ આવે છે–'

**'હુંફ લઇ આવ્યા હતા આસવ બનીને આંખમાં,**
**સહેજમાં જળવત્ બની છલકી જવાનું મન થયું.'**
**'વાહ વાહ ખૂબ સરસ...અચ્છા તો યે ભી સૂનો...**

'ઈર્શાદ' સ્નેહાએ ખીલતી કળી જેવું હસતાં હસતાં કહ્યું

**'આમ તો દોડ્યાં હસો, એ શ્વાસના વિશ્વાસમાં,**
**ઝાંઝવાનાં જળ બની તરસી જવાનું મન થયું.'**

'વાહ વાહ, ભાર્ગવ તમે તો સરસ ગઝલનો શોખ કેળવ્યો છે ને?'

'કવયિત્રીના સહવાસમાં આવ્યા પછી, પણ ફૂલેફાલે છે. કુદરતી સૌંદર્યો વચ્ચે જ!'

'તો પછી ક્યાંક ફરવા જવાનું વિચારીએ!'

સ્નેહાએ ગાડી સ્ટાર્ટ કરી અને આજવા સરોવર આવતાં જ બ્રેક મારી.

સ્નેહા અને ભાર્ગવ સરોવરને કિનારે કિનારે હાથમાં હાથ ભીડાવીને ચાલતાં હતાં. સૂરજ પણ સ્નેહાના શરીર સાથે અડપલાં કરતો હતો. સ્નેહા ભાર્ગવની વધુ ને વધુ નજીક ચાલવા લાગી, એટલે ભાર્ગવે હળવેથી સ્નેહાને ધક્કો માર્યો. સ્નેહા ઓ...ઓ... કરતી પાણીમાં પડી. પાણી છીછરું હતું.

હવે સ્નેહાને ચાનક ચઢી, સરોવરજળ એની સાથે અડપલાં કરવા લાગ્યું. સ્નેહાએ જોરદાર હાથથી છાલક મારી અને ભાર્ગવને ભીંજવી દીધો. સ્નેહા ભીને કપડે બહાર આવી. જાણે જળનાભીની

ભીતરથી સ્નાન કરી બહાર આવતી કોઇ ચંપકવર્ણી નવયૌવના સ્નેહાના શરીરે રેશમી પારદર્શક વસ્ત્રો ચોંટી ગયાં હતાં. આ શિક્તવસ્ત્રા સુંદરીને જોઇને ભાર્ગવને ઘેન ચઢ્યું. એ દોડીને સ્નેહાને વળગી પડ્યો. સ્નેહાએ પણ જોરદાર આલિંગન લીધું. રસસમાધિમાં બંન્ને પ્રેમીઓ તરબોળ થઇ ગયાં.

'હાશ...!' સ્નેહાના મોંથી એક ઝીણો સીસકારો નીકળી ગયો.

'કેમ શું થયું!'

'કંઇ જ નહીં!' એમ કહીને સ્નેહાએ ફરીથી ભાર્ગવને વળગીને આશ્લેષમાં લઇ લીધો અને કેટલીયે પળ સુધી આમ ને આમ વળગી રહી, જાણે કોઇ વૃક્ષને વળગેલી વેલ, એકમેકની વચ્ચે ફૂલગુલાબી શ્વાસો પથારાઇ ગયા. બંન્નેના હૃદયમાં સાતે સમુંદર ઉછાળા મારવા લાગ્યા.

ભાર્ગવ પણ સ્નેહાને આશ્લેષમાં લઇને તેની પીઠ, કમર ને ફરતો હાથ લઇને ભીંસ આપવા લાગ્યો. અને હળવે હળવે સ્પર્શતો રહ્યો. સ્નિગ્ધ ત્વચા પર ફરતો આ સ્પર્શ પણ સ્નેહાને ગમવા લાગ્યો. રસસમાધિમાં બન્ને ઓગળી ગયાં. કંઇ કેટલીયે ક્ષણો પસાર થઇ ગઇ.

'ભાર્ગવ, તારા વગર હવે એક ક્ષણ જીવી શકાતું નથી. મન હંમેશાં તને મળવા માટે દોડી આવે છે તારી પાસે જાણે : શ્વાસમાં પણ તું સ્મરણનો સાથ છે, સાવ સૂની પળ તણો આઘાત છે.' રસસમાધિમાં લીન થયેલી સ્નેહાએ ભાર્ગવને વધુ ભીંસ આપતાં કહ્યું.

'સ્નેહા, મને પણ એમ જ થાય છે, તું ચાર દિવસ સુધી મને જોયા વગર તેં તારા મનની હેષાઓની લગામ ખેંચી રાખી અને મને મળવા કે મારી ખબર જોવા પણ ન આવી ત્યારે, કહે સ્નેહા મનનું તો ઠીક પણ આ હૃદયને શું થયું હશે?'


'ભાર્ગવ, એ મારી ભૂલ થઇ ગઇ. આજે નહીં, તો કાલે જરૂર કૉલેજમાં તું આવીશ એવી ધારણામાં ને ધારણામાં જ ચાર દિવસ થઇ ગયા.'

'પણ મને તો એમ લાગ્યું કે પાણીયારેથી જાણે ઊડી ગઇ તરસી સારસી!'

'ના, ભાર્ગવ ના. હું તો તારી જ છું અને તારામય થઇ ગઇ છું. તારા જ વિચારોમાં ખોવાઇ ગઇ.'

રસસમાધિ તૂટી બંન્ને એકબીજાથી અલગ થયાં. ત્યારે આકાશ સાવ સ્વચ્છ હતું અને સરોવર નીતર્યા નીર જેવું શાંત પવન લહેરે કિનારને છાલક મારીને ભીનો કરતું હતું. વારે વારે પાણી કિનારે આવીને પાછું વાળી જતું હતું અને પાણીમાંથી બહાર આવતો સૂર્યનો સહજ કરસ્પર્શને અવકાશમય નીલિમા સ્નેહાના ગાલની ત્વચા સાથે અડપલાં કરતો હતો. સ્નેહાને આ જળલીલા ગમવા લાગી.

ભાર્ગવ અને સ્નેહા સરોવર છોડીને બાગમાં આવ્યાં. ટહુકાએલા વન વચ્ચોવચ્ચ ઓચિંતું કંઇક ખીલી ઊઠ્યું હોય તેમ સ્નેહા હળવે હળવે ખીલવા લાગી. ભાર્ગવની નજર હરિયાળી ધરતી પરની ઉન્નતભ્રુ ટેકરીઓ પર આવીને અટકી. એક હવાની લહેર નૃત્યાંગનાની અદાથી નૃત્યંતી દોડી આવી અને કેટલીક વાળની લટો સ્નેહાના ચહેરા પર વીખરાઇને ઊડવા લાગી. સાડીનો રેશમી પાલવ પણ હવામાં લહેરાવા લાગ્યો.

બન્ને વચ્ચે મૌન સાગર હિલ્લોળા લેવા લાગ્યો અને એકમેકના હૃદયમાં ઘટનાઓ ઘટતી રહી. કોઇ મઘમઘતાં ફૂલો જેવી કોઇ પતંગિયા જેવી. ઘેરી લે છે એકમેકને આંખથી માંડી સમગ્ર સુધી, લીલાલીલા સ્પર્શમુલાયમ ટહુકાઓ દોડ્યા કરે છે, ત્વચામાં તીરાડ પાડીને. ઝાકળભીના પરોઢ જેવું મૌન ઓગળવા

લાગ્યું એકમેકમાં. સ્નેહાના હૃદયમાં શહનાઈઓ ગુંજવા લાગી. અને ભાર્ગવના હૃદયમાં લીલી લાગણીઓના દરિયાનાં મોજાં જાણે કે વારંવાર છાલક મારી મારીને ભીંજવી રહ્યાં હતાં. હૃદયમાં કલકલ કરતું કિલ્લોલી પરોઢ કલરવને ઓઢીને બાગના કુંડામાં ખીલતા ગુલાબના ગુલાબી રંગે રંગાઈને રંગતા હતા. ભાર્ગવ સ્નેહાના ભીતરમાં કંઈક ઝંખ્યા કરતું હતું હળવે હળવે. ત્યારે ભીતરનો દરિયો ઉછાળા મારવા લાગ્યો અને મોજાં પછાડો ખાય ત્યારે હોઠ પરનું મૌન ભીતરે કોલાહલે. એ લિપિને ઉકેલવાનો કોણ પ્રયત્ન કરતું હશે? શબ્દો જાણે આ જળરાશીમાં ઓગળી ગયા ન હોય તેમ કંઠ લગો લગથી હોઠ લગોલગ આવતા જ નહોતા. બન્ને એકબીજાનો હાથ પકડીને સુંદર બગીચાની લીલીલીલી લોન પર હળવે હળવે ચાલતાં હતાં.

સ્નેહા અને ભાર્ગવ ઘટાદાર વૃક્ષોની છાયામાં એક વૃક્ષની આડસે બેઠાં, ભાર્ગવ થોડો આડે પડખે થયો, ત્યારે સ્નેહાએ તેનું માથું પોતાના ખોળામાં લઈને વાળમાં હળવે હળવે અંગુલિસ્પર્શ કરલા લાગી. ભાર્ગવને પણ આથી એક હળવાશ અનુભવાતી હતી. હળવેથી સ્નેહા નીચે નમી અને ભાર્ગવના બે હાથ સ્નેહાના માથા પર મૂકીને સ્નેહાને પોતાના મોં તરફ ખેંચીને ઓષ્ઠદ્વયના ભીનાભીના શ્વાસમાં વધુ વખત ચીટકી રહ્યો.

કંઈ કેટલીય એકાંત પળો એકમેક વચ્ચેથી પસાર થઈ ગઈ. બન્ને પ્રેમી રસસમાધિમાં લીન હતાં. ભાર્ગવનો હાથ પણ સ્નેહાના વાળમાં ફરતો હતો. પવન વારે વારે દોડી આવીને સ્નેહાના વાળ અને કપડાં સાથે અડપલાં કરતો હતો. કેટલીક વણકહેલી વાતો આંખો કરતી હોય છે, જેને કોઈ દિશા નથી કે નથી અંત, ફક્ત હોય છે એકમેકનો સ્નેહ. ઊછળીઊછળીને ફૂટે સરવાણી. એકબીજાના હૃદયમાંથી પ્રેમની. બન્નેના ચહેરા ઉપર ઊગી જાણે પ્રથમ પહોરની લાલી. એકબીજાનાં નેણમાં નભનો નાદ વિસ્તર્યો હોય તેમ ઝાકળ નીતર્યું જળબિંદુ ધરતીમાંથી ફૂટ્યા અંકૂરે એકમેકને



જળવત્ કરે. આલિંગનમાં જાણે આલિંગનનું ફૂટે ગુંજન અને પહાડોમાં મોરની ગહેક જાણે વાયરે વહી જાય, કોયલ ટહુકે વનલીલ્લપશા ચહેરા ઉપર અને ચહેરાઓ પર દોડતા તોખારનો શ્વાસ હણહણી રહ્યો હતો. વેલ પાંગરવાની પળે ભાર્ગવ સ્નેહા એકમેકમાં લીન હતાં.

રસસમાધિ તૂટતાં જ ભાર્ગવ સ્નેહાના પાસમાંથી છૂટ્યો અને સ્નેહાને એક દીર્ઘ આલિંગન આપીને સ્નેહા ભાર્ગવ છુટાં થયાં. બન્ને ઊભાં થયાં અને કાર સુધી આવી ગયાં. બન્ને મૌન રહીને પણ જાણે યુગજુના કોયડા ઊકલી ગયા હોય તેમ બન્નેના ચહેરા ઉપર સંતોષનું આવરણ છવાઈ ગયું હતું.

‘સ્નેહા, આજનો દિવસ કેવો રહ્યો?’ ભાર્ગવે સ્નેહાનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું.

‘સાચ્ચું કહું? ભાર્ગવમય’ અને બન્નેનું એક સાથે ખિલખિલ ખિલખિલ હાસ્ય કિંવદંતીમાંથી વીખરાવા લાગ્યું.

ચાલુ કારમાં પણ એકબીજા સાથેનાં અડપલાં ચાલુ રહ્યાં, ખિલખિલ હાસ્ય સાથે.

## પ્રકરણ : ૧૮

સ્નેહાની કાર 'ગુલમહોર' ના પોર્ટીકોમાં પ્રવેશી ત્યારે બહાર એમ્બ્યુલન્સ વાનને જોઇને સ્નેહાને આશ્ચર્ય તો જરૂર થયું અને નોકરે જ્યારે કારનું બારણું ખોલ્યું અને કહ્યું, 'બહેનજી, શેઠજીનું ડાબુ અંગ રહી ગયું છે, ઑફિસથી આવ્યા અને કારનો દરવાજો ખોલ્યો તો તેમનાથી કારમાંથી ઊતરી ન શકાયું, હાથનો સહારો આપીને ઉતાર્યા ત્યારે જ ખબર પડી કે શેઠજીનું ડાબું પડખું રહી ગયું છે.' નોકરે એક જ શ્વાસમાં બધી જ હકિકત સ્નેહાને કહી સંભળાવી.

સ્નેહા ઘડીભર સ્તબ્ધ થઇ ગઇ. એના વિચારોને જાણે પેરાલિસિસ થઇ ગયો હોય એમ લાગ્યું. જ્યારે તે મકાનમાં પ્રવેશી ત્યારે ભાર્ગવ પણ સાથે જ હતો. ભાર્ગવ પણ મૂઢ દશામાં મૂકાઇ ગયો હતો. સુધાબહેન દુ:ખદ ચહેરે ઊભાં હતાં. ગુણવંતરાયની નજીક જતાં જ તે બાળકની જેમ રડી પડી. કૌંચ વધની કરુણતાએ ઋષિ વાલ્મિકીના હૃદયમાં જેવી વેદના જગાડી હતી તેવી વેદના સ્નેહા અનુભવી રહી હતી. તેની આંખમાંથી આંસુઓ સતત વહેવા લાગ્યાં. ભાર્ગવ તેના ખભે હાથ મૂકીને વારંવાર આશ્વાસન આપતો હતો. ગુણવંતરાયની આંખો સતત સ્નેહાને તાકી રહી હતી જાણે તેમને ઘણું કહેવું હતું પણ તે કહી શકતા ન હોય, તેમ તેમની નજર પરથી જણાતું હતું. ગુણવંતરાયે ભાર્ગવ તરફ જોયું ત્યારે ભાર્ગવની આંખમાં પણ આંસુ હતાં.



આખા ઓરડામાં ફિક્કા હલદ્રપીળા પ્રકાશ જેવી ભય, વિષાદ અને ચેતનાની સ્તબ્ધ અબોધ દીવાલ પર થંભી ગયેલી ચિંતાની છાયા લીંપાઇ ગઇ હતી. જાણે માંદી હવા ઢાળી રહી છે નાસપતિની વાસી ગંધ. આખા ઓરડામાં અકળામણની હવા ધીમો અવેડો લઇને જામી ગઇ છે. દાસદાસી અને આશ્રિતોથી ભર્યા ભાદર્યા ઘરમાં કેવળ વેદનાનો હાહાકાર વ્યાપી ગયો હતો. આંસુને કારણે સુધાબહેનની આંખોનું તેજ ઓસરવા લાગ્યું હતું. જાણે આયના ઉપર વાગી છાલક પાણીની. ઝાંખુપાંખુ આભ ઊતરી આવ્યું. જાણે રાતના જઠરમાં માણસની બધી ઈચ્છા અનિચ્છા તણાઇ જઇને સૂનમૂન સફેદ ધુંધવાતા ભયનું પૂર ચડી આવ્યું હોય!

ભાર્ગવ ગુણવંતરાયની નજીક આવ્યો ગુણવંતરાયે પોતાના જમણા હાથે ભાર્ગવનો જમણો હાથ પકડ્યો અને ગુણવંતરાય નાના બાળકની જેમ રડી પડ્યા. તેમની આંખોનો બંધ જાણે કે તૂટી ગયો હોય તેમ પારદર્શક કાચ જેવાં ઝળઝળિયાનાં આંખ કિનારેથી વહેતાં આંસુ અને એ આંસુને વિંટળાઇ વળ્યું છે. વિષાદી મન.

ભાર્ગવ વારંવાર ગુણવંતરાયને આશ્વાસન આપવા લાગ્યો. ધંધાની બાબતમાં પણ નિશ્ચિંત રહેવા તેમજ ઘરની બાબતમાં પણ નિશ્ચિંત રહેવા જણાવવા લાગ્યો.

ગુણવંતરાયને સ્ટ્રેચરમાં ઊંચકીને એમ્બ્યુલન્સ વાનમાં સૂવાડ્યા ત્યારે, વિષાદનું ટોળું દોડી આવ્યું હોય તેમ દરેકના ચહેરા પર દુ:ખ અને વેદના વર્તાતી હતી.

'મમ્મી, ડોક્ટરને ઘરે બોલાવ્યા હોત તો? નકામી પપ્પાને તકલીફ આપવી?'

'મેં ડૉક્ટર મુનશીને ફોન કર્યો, તો તેઓ તરત જ આવ્યા અને તેમને તપાસ્યા, જરૂરી ઇંજેકશન પણ આપ્યાં છે. પછી જ તેમણે સલાહ આપી કે તેમને ડિસ્પેનસરીમાં લઇ આવો. ત્યાં તેમની થોડા દિવસ સારવાર ચાલુ રાખીએ.' સુધાબહેને સાડીના પાલવ

વડે આંસુ લૂછતાં લૂછતાં કહ્યું.

વાતાવરણ મૃત્યુ કરતાં પણ વધું ગંભીર હતું. સ્નેહાની આંખોના કાજળની લકીરો વચ્ચે આંસુ ભરાઇ આવ્યાં હતાં. સજળ નેત્રોથી તે ગુણવંતરાયની સામે જોતાં જ તેને લાગ્યું કે કફન વગરની કોઇ લાશ હોય!

એમ્બ્યુલન્સ ડૉક્ટર મુનશીના દવાખાના તરફ આગળ વધી ત્યારે વરંડામાં ઊભેલા દરેકની આંખમાં આસું વહેતાં હતાં. દરેકના ચહેરા ઉપર ગમગીની છવાઇ ગઇ હતી. સ્નેહા, સ્મિતા અને સુધાબહેન તો મૂર્તિની જેમ જ ઊભાં હતાં. તેમની સમજમાં કંઇ જ નહોતું આવતું કે ગઇ કાલે હરતા ફરતા ગુણવંતરાયને પેરાલિસિસની ઝાપટ વાગશે!

ભાર્ગવ દરેકને આશ્વાસન આપતો હતો, પરંતુ અંદરથી તે પણ ભાંગી પડ્યો હતો. તેની વેદના હૃદય તોડીને બહાર આવવાની પળે જ સ્નેહા ભાર્ગવને વળગી પડીને નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. સ્મિતાના આંખના બંધ પણ તૂટી ગયા હતા. તે પણ સ્નેહાને વળગીને રડી રહી હતી. શૂળ ભોંકાયાની વેદના કરતાંય વિશેષ વેદના થવા લાગી. જાણે કશુંક ઓછું થયું હોય, કશુંક ખોવાઇ ગયું હોય કે કંઇક ઘટી રહ્યું હોય તેવો ખાલીપો ઓરડામાં આળોટવા લાગ્યો અને ગુણવંતરાયના સ્વજનોમાં પણ જાણે સતત થયા કરતો ઘોંઘાટ એકદમ શમી જાય તેવું ખાલી ખાલી લાગ્યા કરતું હતું. હજાર હજાર વીંછી ડંખ્યાની વેદના થવા લાગી. આખા શરીરને ખાલી ચઢી ગઇ હોય તેમ દરેકના ચહેરા ઉપર સ્તબ્ધતા છવાઇ ગઇ હતી. વહેતી નદીનાં નીર જાણે સૂકાઇ ગયાં હોય અને રેતીની ડમરી વમળ લેતી દોડી રહી હોય તેમ એક વેદનાની ડમરી ભાર્ગવ, સ્નેહા, સ્મિતા અને સુધાબહેનમાં દોડી રહી હતી. જાણે અંદર કશુંક વલોવાઇ રહ્યું હોય તેમ દરેક અનુભવી રહ્યાં હતા.

ભાર્ગવ આશ્વાસન આપતાં આપતાં સ્નેહાને કહેવા લાગ્યો,


'સ્નેહા જરા હોશમાં આવ. આપણે પણ દવાખાનામાં જવાનું છે!' અને સ્નેહાએ આંસુ લૂછી નાંખ્યાં. સ્નેહા, ભાર્ગવ, સ્મિતા અને સુધાબહેન કારમાં ગોઠવાયાં. જ્યારે મુનશીના દવાખાને કાર પહોંચી ત્યારે ડોક્ટર સામે જ ઊભા હતા. એમ્બ્યુલન્સમાંથી ગુણવંતરાયને ઊતારવા માટે ભાર્ગવે સહારો આપ્યો અને તરત જ વોર્ડમાં દાખલ કરી દીધા. ડૉક્ટર મુનશી પણ ખૂબ જ કાળજીપૂર્વક ટ્રીટમેન્ટ કરતા હતા. સાથે સાથે ગુણવંતરાયનાં સગાઓને આશ્વાસન પણ—

'ચિંતા ન કરશો, એક બે દિવસમાં તો ઠીક થઇ જશે, જરા પેરાલિસિસનો એટેક છે. આમ તો સેવિયર હાર્ટ એટેક છે. પણ એમને તાત્કાલિક સારવાર મળવાથી બધું જ ઠીક થઇ જશે. કંઇ જ ચિંતા ન કરશો.' ડોક્ટરે બધાંને આશ્વાસન આપ્યું પણ સ્નેહાનું મન માનતું નહોતું તે જાણતી હતી કે પેરાલિસિસ ક્યારેક જ ઠીક થાય છે. વાતાવરણની ગંભીરતા સમજીને અને સુધાબહેનને હળવાશ મળે એટલે તેણે આંસુ લુછી નાખ્યાં અને એક પછી એક વારાફરતી બધાં ગુણવંતરાયને મળ્યાં. ગુણવંતરાય માત્ર આંખોથી જ વાતો કરતા હતા.

હૉસ્પિટલમાં દરેકના ચહેરા પર શોકની છાયા ફરી વળી હતી. દરેકના ચહેરા ઉપર મૌન છવાયેલું હતું. શબ્દોએ મુખવટો લીધો હોય તેમ દરેકના મોંમાંથી શબ્દો સૂકાઇ ગયા હતા. સુધાબહેનની આંખોમાંથી આંસુ પણ સૂકાઇ ગયાં હતાં. અને આંખો જાણે સૂકી નદીની ઊડતી રેતી જેવી દેખાઇ રહી હતી. ભાર્ગવ પણ ચૂપ હતો. તે પણ અદબ વાળીને શૂન્યમનસ્ક ગુણવંતરાય સામે નજર કરીને માત્ર મૌન સ્થિતિમાં ઊભો હતો. સ્નેહા અને સ્મિતાની સ્થિતિ તો સાવ નાજુક કાચ જેવી થઇ ગઇ હતી.

તૂટ્યા આયનાનાં પ્રતિબિંબ ગણતી હોય તેમ સ્નેહા ભાંગ્યા હૈયે ઊભી હતી. તે હોસ્પિટલની ગેલેરીમાં જઇને ઊભી રહી, મનને જરા શાંતિ મળે તે માટે તેણે રસ્તા પર નજર કરીને

જોયું તો રસ્તા ઉપર કંઇ કેટલાય માણસોની ભીડ દોડતી હતી. તે વિચારવા લાગી કે આટલા બધા માણસો દોડે છે ત્યારે પિતાજીના જ પગની દોડ રોકાઇ ગઇ?

બિમારીનો શ્વાસ લેતાં ગુણવંતરાય, પથારીમાં પડ્યા હતા. જાણે સફેદ ચાદરમાં લપેટાયેલું મૃત્યું! સામે જ ડૉક્ટર મુનશી બેઠા હતા અને એમની નાડી તપાસી રહ્યા હતા. એક તરફ ઊભેલા ભાર્ગવના ચહેરા ઉપર ગુણવંતરાયની સ્વાસ્થ્યની ચિંતા ડોકાતી હતી. એની બાજુમાં ઊભેલી સ્નેહાની આંખોમાં વ્યથા હતી તો સુધાબહેનની આંખોમાં આંસુ હતાં. જાણે અજાણતાં જ શરીર પર સાપ આવી પડે અને માણસ છળી જાય. એમ અચાનક પોતાના પર આવી પડેલી આફતથી સુધાબહેન અવાચક થઇ ગયાં હતાં. એના વજનદાર બોજ નીચે એ દબાતાં હતાં. કપાયેલી ગરોળીની પૂંછડી પેઠે એમનું આંતરમન તરફડતું હતું.

ડૉક્ટરે એક ઈંજેક્શન તૈયાર કર્યું અને ગુણવંતરાયના ડાબા થાપે સોંય ભોંકાઇ, ગુણવંતરાયે કોઇ જ પ્રતિભાવ ન આપ્યો અને ડૉક્ટરે ઈંજેક્શન આપ્યા પછી કહ્યું કે, 'તેમનું ડાબું પડખું કામ કરતું નથી, પણ આપણે સારામાં સારી દવાઓથી ગુણવંતરાયને ફરીથી તંદુરસ્ત સ્વાસ્થ્ય અર્પી શકીશુ. હું પ્રિસ્ક્રીપ્શન લખી આપું છું તે પ્રમાણે જરૂરી દવા લઇ આવજો. સાંજે ફરીથી હું તેમના સ્વાસ્થ્યની તપાસ કરીશ.'

'જી...' ભાર્ગવ પ્રિસ્ક્રીપ્શન લેતાં માત્ર એટલું જ બોલી શક્યો.

ડૉક્ટર ઊભા થયા અને બીજા દર્દીની તપાસ કરવા માટે ગયા. ગુણવંતરાયના દર્દની ઘેરી છાયા ભાર્ગવના હૃદયને હચમચાવી ગયું અને દર્દના ભારથી નમી ગયું હોય તેમ એનું માથું ઝુકી ગયું. સ્નેહા ઉદાસ ચહેરે તેની પાસે જ ઊભી હતી. કોણ કોને આશ્વાસન આપે તેવી પરિસ્થિતિ ઊભી થઇ હતી.





ભાર્ગવ વિચારવા લાગ્યો કે–

લાગણીની સચ્ચાઇ વગર કોઇની પણ વેદનાનું દુઃખ આપણને થતું નથી. જેટલી લાગણીની માત્રા વધારે તેટલું દુઃખ આપણને થાય છે. રોજ સાથે બેસતા ઊઠતા હોઇએ છતાં પણ જો લાગણીનું દ્રાવણ એકબીજામાં ઓગળે નહીં તો દુઃખનું સાયુજ્ય થતું નથી.

ઘરના આંગણામાં જતનથી ઉછરેલું વૃક્ષ, કુંડામાં રોપેલો ફૂલનો છોડ કે બારણામાં રોપેલી વેલને કોઇ ચોપગું ઊખેડીને ફેંકી દે કે ખાઇ જાય ત્યારે આપણને દુઃખ થાય છે કારણ કે આપણે જેને જતનથી ઉછેરતા હોઇએ તેનો નિર્દય રીતે નાશ થતો હોય ત્યારે જરૂર દુઃખ થાય કારણ કે ફૂલ સાથે ફુલપણાનો સંબંધ રચાયો હોય છે. વીસવીસ વર્ષ સુધી પુત્રને ઉછેરીને મોટો કરીએ અને અચાનક જ તેનું અવસાન થાય અને જે વેદના થાય છે, તેવી વેદના ઘરના આંગણામાં રોપેલા વૃક્ષછેદનથી કે ફૂલના છોડને ઉખેડીને કોઇ ફેંકી દે ત્યારે થાય છે, કારણ કે આ છોડ વૃક્ષ પુત્રની સાથે લાગણી નામનું અમૃત ભળેલું હોય છે, લાગણી નામનું સંબંધપણું જોડાયેલું હોય છે.

જો લાગણીનું અમૃતમય ઝરણું ન ફૂટે તો વેદના જ ન થાય અને વેદના ન થાય તો જીવન પણ સાવ શુષ્ક થઇ જાય છે. જીવવાની મજા જ રહેતી નથી. આપણે તો લાગણી સાથે, વેદના સાથે અને એમાં રહેલી સચ્ચાઇ સાથે જીવતા માણસો છીએ.' ભાર્ગવ આમ વિચારતો હતો ત્યાં જ તેની દૃષ્ટિ ગુણવંતરાય ઉપર પડી. ગુણવંતરાય એક લાશની જેમ પલંગમાં દેખાઇ રહ્યા હતા. ગઇકાલનો હસતો ચહેરો આજે સાવ ઉદાસ થઇ ગયો હતો. બાજુમાં બેઠેલાં સુધાબહેન એમના શરીર ઉપર માલીશ કરી રહ્યાં હતાં. ભાર્ગવ નજીક આવ્યો અને સુધાબેન પાસે બેઠો. પુત્રસહજ સ્નેહથી એમણે તેના માથા ઉપર હાથ મૂક્યો – 'મમ્મી.' ભાર્ગવ

કંઇ જ વિચાર્યા વગર બોલી ઊઠ્યો.

ગુણવંતરાયે આંખો ખોલી, બાજુમાં ઊભેલાં સુધાબહેન, ભાર્ગવ અને પલંકની બાજુમાં ઊભેલી સ્નેહા, સ્મિતા અને શિવાલકરની આંખોમાં અને ચહેરા ઉપર સહેજ આનંદની લહર દોડી આવી. ગુણવંતરાયે જમણા હાથથી ઈશારો કર્યો.

ભાર્ગવે પોતાના ખિસ્સામાંથી પેન ગુણવંતરાયના હાથમાં આપી અને લેટરપેડ પણ તેમના પલંગ ઉપર હળવેથી મૂકયું, ગુણવંતરાયે તેમાં લખ્યું, – ‘ભલે મારી વાચા બંધ થઈ, મારું ડાબું પડખું કામ કરતું બંધ થયું પરંતુ, હું જમણા પડખે સ્વસ્થ છું, ભાર્ગવ અને સ્નેહા મારી સાથે જ છે, કોઇ ચિંતા ન કરશો, સૌ સારા વાનાં થશે. ભાર્ગવ, સ્નેહા, સ્મિતા સુધા મારી પડખે છો એટલે હું તો એમ માનું છું કે હું તે શરીરે સંપૂર્ણ સ્વસ્થ છું. જાણે મને કંઇ જ થયું નથી.’ ભાર્ગવના હાથમાં લેટરપેડ આપ્યું, ભાર્ગવે વાંચ્યું. ત્યારે તેનામાં આનંદની લહર દોડી આવી.

ગુણવંતરયે ઈશારો કરી ભાર્ગવને નજીક બોલાવ્યો, ભાર્ગવ નજીક ગયો. ઈશારાથી તેમણે દિલ્હી ફોન કરી સેવંતીલાલ અને પ્રભાબહેનને બોલાવવા જણાવ્યું.

‘ફોન કર્યો છે, કદાચ પ્લેનમાં આવી ગયાં હશે.’

ત્યારે સેવંતિલાલ અને પ્રભાબેન ડૉકટર મુનશીના દવાખાનાનાં પગથિયાં ચડતાં હતાં. કારણ કે ફોન મળતાં તરત જ તેઓ પહેલી ફ્લાઈટમાં જ આવી ગયાં હતાં.

સેવંતીલાલ અને પ્રભાબહેનને જોતાં જ ગુણવંતરાયના ચહેરા ઉપર આનંદની અને સંતોષની લહેર દોડી આવી. એક મિત્રને જોતાં જ તેમનું હૃદય પુલકિત થઇ ગયું. જાણે વર્ષોનું સ્વપ્નું આજે પુરું થયું હોય તેમ તેમના ચહેરા ઉપર સંતોષ હતો. જ્યારે સેવંતીલાલની આંખોમાં વિષાદનાં અશ્રુ જળઝીલ્લપશાં તગતગી


રહ્યાં હતાં અને પ્રભાબહેનની આંખોમાં પણ.

ગુણવંતરાયે ફરીથી ઈશારો કરીને ભાર્ગવને અને સ્નેહાને પોતાની નજીક બોલાવ્યાં, બન્ને સાથે જ ગુણવંતરાયની નજીક આવી ગયાં, ગુણવંતરાયે પોતાના જમણા હાથથી સ્નેહાનો જમણો હાથ પકડ્યો અને ભાર્ગવના હાથમાં મૂક્યો.

વાતાવરણમાં જેટલી ગંભીરતા તરતી હતી તે હળવી થઈ, ભાર્ગવ સ્નેહાના હૃદયમાં સસલાં દોડવા લાગ્યાં હતાં.

ગુણવંતરાયના ચહેરા ઉપર પરમ શાંતિ હતી. મનનો બોજો છેલ્લે છેલ્લે હળવો થઈ ગયો હતો. દરેકના ચહેરા ઉપર દુઃખ મીશ્રિત આનંદ છવાઈ ગયો હતો.